
Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates




Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# નયચક્ર તત્ત્વચર્ચા

અધ્યાત્મ યુગપુરુષ પૂ.કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈની
શ્રી દેવસેન આચાર્ય કૃત નયચક્ર
પાના નં.૩૧ તથા ૩૨ ઉપર થયેલી તત્ત્વચર્ચા

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૩ | ૨૫૩૯ | ૨૦૬૯ | ૨૦૧૩ |

: પ્રકાશન :

પૂ. ‘‘ભાઈશ્રી’’ લાલચંદભાઈ મોદીના ૧૦૪ માં જન્મદિન પ્રસંગે
તા. ૧૮-૬-૨૦૧૩, મંગળવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૧૦૦૦   પડતર કિંમત - રૂા. ૭૫/- (અંદાજીત)   મૂલ્ય - સ્વાધ્યાય

## ‘નયચક્ર તત્ત્વચર્ચા’ નું પ્રાપ્તિ સ્થાન

**રાજકોટ** : શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
‘સ્વીટ હોમ’ જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**રાજકોટ** : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩

**મુંબઈ** : શ્રી શાંતિભાઈ સી. ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

**થાણા** : શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ
વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,
હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪

**કલકત્તા** : શ્રી પ્રકાશભાઈ શાહ
૨૩/૧ બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ, ખાલસા સ્કૂલ સામે, ભવાનીપુર,
કલકત્તા - ૨૦. ટેલી નં. ૦૩૩-૨૪૮૬૮૫૧૮

**બોરીવલી** : શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ - ૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

**સોનગઢ** : ડૉ. મધુરીબેન એસ. નંદુ ‘‘ધ્રુવધામ’’, રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ અને જેકેટ :
**DESIGN SCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧, મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય કલમે....

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ.ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

આ ''નયચક્ર તત્ત્વચર્ચા'' નામનું પુસ્તક જે પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે તેના મૂળ શ્લોકની રચન ''દેવસેનાચાર્ય'' દ્વારા કરવામાં આવેલી છે. આચાર્ય શ્રી દેવસેન વિ.સં. ૯૯૦ માં થઈ ગયેલા અને તેઓશ્રી કુંદકુંદાચાર્ય વિષે તેમના દર્શનસાર ગ્રંથમાં કહે છે કે વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધર સ્વામીના સમવસરણમાં જઈને શ્રી કુંદકુંદાચાર્યે પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાન વડે બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?

એ જ દેવસેનાચાર્ય કૃત આ ''શ્રુતભવન દીપક નયચક્ર''ની રચના થયેલી છે અને પૂ.ભાઈશ્રી લાલચંદભાઈને તે બુક મૂળ સંસ્કૃત પ્રત પ્રાપ્ત થયેલી તેના ઉપરથી તેમણે આ પાનાનો અનુવાદ ડૉ.હુકમચંદજી ભારિલ્લ પાસે કરાવીને આપણી ચાલતી ગુજરાતી ભાષામાં નયચક્ર ઉપર ચર્ચા કરેલી છે. તેમને ખૂબ જ ખેદ થયા કરે છે કે આ નયચક્ર જો ગુરુદેવને આપ્યું હોત ને તેમણે જો આના ઉપર ચર્ચા લીધી હોત તો હજુ ઘણું આમાંથી અધ્યાત્મ નીકળત. આપણી તો ખોલવાની એટલી શક્તિ નથી.

પૂ.ભાઈશ્રી લાલચંદભાઈએ આ પાના નં.૩૧/૩૨ નો અનુવાદ કરાવી તેમના ઉપર સૂક્ષ્માતિસૂક્ષ્મ તત્ત્વચર્ચા કરી છે તેવા ૮ પ્રવચનોનું અક્ષરશઃ અવતરણ કરી આ ''નયચક્ર તત્ત્વચર્ચા''માં સંમીલિત કરવામાં આવ્યું છે. આમાં પૂ.ભાઈશ્રીના હસ્તાક્ષરવાળા સૂત્રો પણ મુકવામાં આવ્યા છે.

પૂ.ભાઈશ્રી લાલચંદભાઈની ૧૦૪ મી જન્મજયંતિના સુઅવસરે ''નયચક્ર તત્ત્વચર્ચા'' નામનું પુસ્તક પ્રકાશિત કરતા સંસ્થા હર્ષ અનુભવે છે. આ પ્રવચનો વીડિયો કેસેટમાંથી અક્ષરશઃ કોમ્પ્યૂટરાઈઝડ લખવાનું કાર્ય શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા - રાજકોટ દ્વારા થયેલ છે અને તેનું પ્રુફરીડીંગનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે. સંસ્થા આ કાર્ય બદલ બંનેનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક પ્રકાશન અર્થે દાનરાશિ રૂા.૫૧,૦૦૦/- સ્વ. સરોજબેન

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

ચંદુલાલ મહેતાના સ્મરણઅર્થે ચેતનભાઈ મહેતા - રાજકોટ પરિવાર દ્વારા આપવામાં આવેલ છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તકનું ડીઝાઈન વર્ક Design Scope ''અમરભાઈ પોપટ'' દ્વારા થયું હોય તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય ''શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ''વાળા ધર્મેશભાઈ શાહ -અમદાવાદ દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૩ મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ તત્ત્વચર્ચા સૌ કોઈ મુમુક્ષુઓ પોતાના જ્ઞાનમાં ધારણ કરી પૂ.'ભાઈશ્રી'નો કહેવાનો આશય સમજીને ત્વરિત મોક્ષમાર્ગમાં પ્રયાણ કરી મોક્ષમાર્ગને વરે તેવી મંગલ ભાવના...

**લી. ટ્રસ્ટી શ્રી,**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ**

## અનુક્રમણિકા


| **પ્રવચન નં.** | **વિડિયો પ્રવચન નં.** | **વિષય** | **પેઈજ નં.** |
|---|---|---|---|
| ૧ | ૫૨૪ | નયચક્ર તત્ત્વચર્ચા | ૪ |
| ૨ | ૫૨૫ | નયચક્ર તત્ત્વચર્ચા | ૧૯ |
| ૩ | ૫૨૬ | નયચક્ર તત્ત્વચર્ચા | ૩૬ |
| ૪ | ૫૨૭ | નયચક્ર તત્ત્વચર્ચા | ૫૫ |
| ૫ | ૫૩૮ | નયચક્ર તત્ત્વચર્ચા | ૭૦ |
| ૬ | ૫૪૦ | નયચક્ર તત્ત્વચર્ચા | ૯૪ |
| ૭ | ૫૪૧ A | નયચક્ર તત્ત્વચર્ચા | ૧૧૩ |
| ૮ | ૫૪૧ B તથા ૫૪૨ | નયચક્ર તત્ત્વચર્ચા | ૧૨૦ |

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ
ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ
- બુંદ બુંદમાં અમૃત
- લંડનના પ્રવચનો ભાગ-૧
- નયચક્ર તત્ત્વચર્ચા

## નયચક્ર તત્ત્વચર્ચા પુસ્તકમાં આવેલ દાનરાશિ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. સરોજબેન ચંદુલાલ મહેતા | રાજકોટ | રૂા.૫૧,૦૦૦ |
| ૨. | ભારતીબેન ભાયાણી | અમેરિકા | રૂા.૨૨,૫૦૦ |
| ૩. | સ્વ. બકુલભાઈ વિનયકાંત લાખાણી<br>હ. પ્રજ્ઞાબેન લાખાણી | રાજકોટ | રૂા. ૨,૫૦૧/- |
| ૪. | સ્વ. કનુભાઈ મણિલાલ પુનાતર<br>હ. ચંદનબેન પુનાતર | રાજકોટ | રૂા.૧,૦૦૧/- |
| ૫. | શાંતાબેન નગીનદાસ વારીયા | બરોડા | રૂા.૧,૦૦૧/- |
| ૬. | મંજુલાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૭. | બા.બ્ર. દર્શનાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | રૂા.૧,૦૦૧/- |
| ૮. | નિર્મલાબેન કિશોરભાઈ શેઠ | રાજકોટ | રૂા.૧,૦૦૧/- |

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This electronic shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai Amarchand Modi's by Shree Kundkund KahanAmrut Prabhavna Mandir Trust, "Sweet Home", Jagnath Plot, Sheri Number 6, Jymkhana Road, Rajkot, India, 360 001.

Our request to you:

1) This electronic version of Nai Chakra – Tattva Churcha is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 08 June 2014 | First electronic version |

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રથમ તું આત્માને જાણ



## ભગવત્ શ્રી કુંદકુંદાચાર્યદેવ

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

**ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે.**
**જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**



**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ**
**દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી**
**કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર**

(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂ. શ્રી કાનજીસ્વામી)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

**સ્વને જાણવાનું છોડીને,**
**પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે.**

ૐ હું જાણનાર છું ૐ

જાણનારો જણાય છે



ખરેખર પર જણાતું નથી

ૐ હું કરનાર નથી ૐ

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.**

(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂ. ‘ભાઈશ્રી’ લાલચંદભાઈ)

Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# श्रुतभवनदीपक नयचक्र

निश्चयनयस्तूपनयरहितोऽभेदानुपचारैकलक्षणमर्थ निश्चिनोतीति निश्चय: । स्याच्छब्दरहितत्वेपि न चास्य निश्चयाभासत्वमुपनयरहितत्वात् ।

कथमुपनयाभावे स्याच्छब्दस्याभाव इति चेत्, स्यात् शब्दप्रधानत्वेनोपनयो हि व्यवहारस्य जनकतवात् यदा तु निश्चयनयेनोपनय: प्रलयं नीयते तदा निश्चय एव प्रकाशते ।

यद्यपि निश्चयनयेनाखंडितैकवस्तुसद्भावस्तथाप्युपनयोपजनितानेक व्यवहारकवलितं वस्तुशुद्ध । यथा राहुबिंबप्रच्छादितं तमोरिबिंब ।

तर्हि किमर्थ व्यवहारोसत्कल्पनानिवृत्यर्थ सद्रत्नत्रयसिध्यर्थ च । सद्रत्नत्रयेण तु परमार्थसिद्धि: ।

स्वभावसिद्धस्य परमार्थस्य कथं तेन सिद्धिरिति वक्तव्यं । सद्रत्नत्रया-त्सर्वथा भेदे निश्चयाभाव: । सर्वथात्वादभेदव्यवहारो माभूदिति । कथंचिद्भेदेन तेन सिद्ध इतिवचनं ।

एवमात्मा यावद्व्यवहारनिश्चयाभ्यां तत्त्वमनुभवति तावत्परोक्षानुभूति: । प्रत्यक्षानुभूतिर्नयपक्षातीता ।

तह्यवं द्वावपि सामान्येन पूज्यतां गतौ । न ह्यवं, व्यवहारस्य पूज्यतरत्वा-न्निश्चयस्य तु पूज्यतमत्वात् ।

ननु प्रमाणलक्षणो योऽसौ व्यवहार: स व्यवहारनिश्चयमनुभय च गृह्णन्नप्य-धिकविषयत्वात्कथं न पूज्यतमो?

नैवं नयपक्षातीतमात्मानं कर्तुमशक्यत्वात् । तद्यथा । निश्चयं गृह्णन्नपि अन्ययोगव्यवच्छेदं न करोतीत्यन्ययोगव्यवच्छेदाभावे व्यवहारलक्षणभावक्रियां निरोद्धुमशक्त: अत एव ज्ञानचैतन्ये स्थापयितुमशक्य एवासावात्मानमिति ।

तथा प्रोच्यते । निश्चयनयस्त्वेकत्वे समुपनीय ज्ञानचैतन्ये संस्थाप्य परमानंदं समुत्पाद्य वीतरागं कृत्वा स्वयं निवर्तमानो नयपक्षातिक्रांतं करोति तमिति पूज्यतम: । अत एव निश्चयनय: परमार्थप्रतिपादकत्वाद् भूतार्थोऽत्रैवाविश्रांतांत-र्दृष्टिर्भवत्यात्मा ।



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી દેવસેન આચાર્ય કૃત નયચક્રના પાના નં ૩૧-૩૨નો અનુવાદ

નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે અને જે અર્થનો નિશ્ચય કરાવે છે તે નિશ્ચયનય છે. સ્યાત્પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી, કારણ કે તે ઉપનયથી રહિત છે.

ઉપનયના અભાવમાં સ્યાત્પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે - સ્યાત્પદની પ્રધાનતાથી ઉપનય વ્યવહારનો જનક છે. જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે. ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે.

જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્ભાવ શુધ્ધ એક અખંડરૂપ છે તો પણ વસ્તુની શુધ્ધતા ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે, જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત (કવલિત) થાય છે.

આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે? અસત્ય કલ્પના નિવૃત્તિ માટે અને સમ્યક્રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે. સમ્યક્રત્નત્રયથી પરમાર્થની સિદ્ધિ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવસિધ્ધ છે તો રત્ન-ત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય છે? તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય. તેથી કથંચિત ભેદથી જ તેની સિદ્ધિ થાય છે એમ આગમમાં કહ્યું છે.

આવી રીતે આત્મા જયાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે એટલે કે તત્ત્વને જાણે છે ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ જ છે. પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતીત છે.

જો એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજયતાને પ્રાપ્ત થાય છે. નહીં એમ નથી, કારણ કે વ્યવહાર પૂજયતર છે અને નિશ્ચય પૂજયતમ છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજય કેમ નથી?

તેના ઉત્તરમાં કહે છે કે તે (પ્રમાણ) આત્માને નયપક્ષાતીત કરવામાં અસમર્થ છે, તેથી તે પૂજયતમ્ નથી તેનો ખુલાસો આ પ્રમાણે છે.

જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે પરંતુ તે અન્યનો (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક (નિષેધક) નથી.

નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે. પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે, અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દે છે એટલે કે નયપક્ષથી પાર કરી દે છે; આ કારણથી પૂજયતમ્ છે.

એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે. તેના અવલંબનથી આત્મા સમ્યક્દ્રષ્ટિ થાય છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં- પર૪

## તા.૧૦/૧૨/૧૯૮૭

નયચક્ર પાનું ૩૧,૩૨ ઉપર અનુવાદ. શ્રી દેવસેનઆચાર્યકૃત નયચક્રનો અનુવાદ. **નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે.** નિશ્ચયનય એનું નામ કહેવાય કે જે ઉપનયથી રહિત હોય. સામાન્ય આત્મા એને કહેવાય કે જે વિશેષથી રહિત છે. શુધ્ધાત્મા એને કહેવાય કે જે પ્રમત્ત અપ્રમત્તથી રહિત છે. એમ નિશ્ચયનય એને કહેવાય કે જે વ્યવહારથી રહિત હોય. વ્યવહારથી સહિત નિશ્ચયનય ન હોય. જો નિશ્ચયનય વ્યવહારથી સહિત હોય તો પ્રમાણનો વિષય થઈ જાય છે. તો નિશ્ચયનય રહેતી નથી પણ પ્રમાણજ્ઞાન થઈ જાય છે. માટે નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. કેમ કે નિશ્ચયનય સ્વઆશ્રિત છે અને ઉપનય પરાશ્રિત છે. નિશ્ચયનયની સાથે રહેનારી નય એને ઉપનય કહેવાય અથવા વ્યવહારનય કહેવાય.

ઉપનય=સમીપ રહેતી. નિશ્ચયની સમીપવર્તી રહેતી, જેમ કે નિશ્ચય મોક્ષમાર્ગની સમીપે રહેતો જે ભાવ તેને વ્યવહાર રત્નત્રયના પરિણામ કહેવામાં આવે છે. નિશ્ચય મોક્ષમાર્ગની સાથે સાથે સમીપવર્તી હોવાથી તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એમ નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે.

હવે કહે છે કે, નિશ્ચયનયથી સાધ્યની સિધ્ધિ થાય છે એ બતાવે છે અને એનો વિષય બતાવે છે. હવે નિશ્ચયનયનો વિષય બતાવે છે. પહેલાં કહી દીધું કે નિશ્ચયનય ઉપનયથી રહિત છે. વ્યવહારનયથી રહિત છે, એનું નામ નિશ્ચયનય. હવે નિશ્ચયનયનો વિષય શું છે એ બતાવે છે. કે નિશ્ચયનયનો વિષય **અભેદ અને અણઉપચાર જેનું લક્ષણ છે.** અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ વસ્તુનો જે સ્વભાવ છે ત્રિકાળ એને જે બતાવનારી નિશ્ચયનય છે. અને બીજું નિશ્ચયનય ઉપચરિત નથી. અણઉપચારીત જેવું સ્વરૂપ છે એવું બતાવે છે. **અભેદ અને અણઉપચાર જેનું લક્ષણ છે**. કેનું?



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચયનયનું. **અને જે અર્થનો નિશ્ચય કરાવે છે.** અર્થનો એટલે પદાર્થનો એટલે પ્રયોજનભૂત વસ્તુનો નિશ્ચય કરાવે છે, તે નિશ્ચયનય છે. નિશ્ચયનય પ્રયોજનની સિદ્ધિમાં હેતુ થાય છે. વ્યવહારનય હેતુ થતો નથી. આ નિશ્ચયનય અર્થનો એટલે કે પદાર્થનો એટલે તત્ત્વનો એટલે પ્રયોજનભૂત વસ્તુનો નિશ્ચય કરાવે છે. તે નિશ્ચયનય છે.

હવે આગળ. **સ્યાત્‌પદથી રહિત હોવા છતાં પણ** એમ કે કથંચિત્, નિશ્ચયનયમાં કથંચિત્ લાગુ પડતું નથી. કથંચિત્ એ પદથી રહિત હોવા છતાં પણ **તેમાં નિશ્ચયાભાસ થતું નથી, કારણ કે તે ઉપનયથી રહિત છે.**

જે પહેલી વાત કરી હતી કે નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. અહીંયા કહે છે કારણ કે તે ઉપનયથી રહિત છે એટલે કે સ્યાત્‌પદથી રહિત. એમાં નિશ્ચયનયનો વિષય જે શુદ્ધાત્મા છે તે સ્યાત્‌શુદ્ધ નથી, સર્વથા શુદ્ધ છે. નિશ્ચયનય જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું બતાવે છે અને એમાં સ્યાત્ લગાવે નહીં, સ્યાત્ લાગે નહીં તોપણ એમાં નિશ્ચયાભાસપણું આવતું નથી. કેમ કે વસ્તુનું સ્વરૂપ એકાંતે શુદ્ધ જ છે. એમાં શુદ્ધમાં સ્યાત્ લગાવવાની જરૂર જ નથી. સ્યાત્ ન લગાડે તોપણ નિશ્ચયાભાસપણું આવતું નથી. કેમ કે નિશ્ચયનય જેવું પદાર્થનું સ્વરૂપ છે, એવું પ્રતિપાદન કરનારી છે. વાત યથાર્થ કરે છે. એટલે એમાં એને નિશ્ચયાભાસપણું લાગતું નથી. એમાં સ્યાત્‌પદની જરૂર નથી અને સ્યાત્ ન લગાડે તોપણ નિશ્ચયાભાસપણું આવતું નથી. અને પ્રયોજનની સિદ્ધિ થાય છે. એમ કહે છે.

(આત્મા સ્યાત્ શુદ્ધ નથી.) સર્વથા શુદ્ધ છે. કથંચિત્ શુદ્ધ નથી. કથંચિત્ ન લગાવ્યું, શુદ્ધ જ કહ્યું. આત્મા શુદ્ધ જ છે. તો કોઈ દોષ નથી. કેમ કે વસ્તુનું સ્વરૂપ એવું જ છે. સ્યાત્ શુદ્ધ નથી. કથંચિત્ શુદ્ધ નથી, સર્વથા શુદ્ધ છે. સર્વથા નિરાવરણ છે. આહા! સર્વથા અચળતા છે. સર્વથા પરિપૂર્ણ છે. તેમાં નિશ્ચયાભાસપણું થતું નથી. **નિશ્ચયાભાસ થતું નથી. કારણ કે તે ઉપનયથી રહિત છે.** નિશ્ચયનય તો જેવો સ્વભાવ છે એવું બતાવનારું છે. અને નિશ્ચયનય વ્યવહારનયથી રહિત છે. નિશ્ચયનયમાં વ્યવહારનયની નાસ્તિ છે. પ્રમાણજ્ઞાનમાં નિશ્ચયનય અને વ્યવહારનયની અસ્તિ છે,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે ભાવ. નિશ્ચયનયમાં વ્યવહારનય નથી. એ તો નાસ્તિ છે.

અહીંયા નયમાં અસ્તિ-નાસ્તિ અનેકાંત ઉતાર્યું. નિશ્ચયનયમાં વ્યવહારનયનો અભાવ છે. એવી નિશ્ચયનય છે, એમ. અને પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાવે છે. અને સ્યાત્ ન લગાવે તોપણ નિશ્ચયાભાસપણું આવતું નથી. કેમ કે આત્મા સ્યાત્ શુદ્ધ નથી. સર્વથા શુદ્ધ છે. આત્મા સર્વથા પરિપૂર્ણ છે. આત્માની વાત ચાલે છે. જે આત્મા છે, જે ઉપાદેય તત્ત્વ છે, જે ગ્રહણ કરવા યોગ્ય છે, જે સર્વજ્ઞ ભગવાને એના જ્ઞાનમાં આત્મા જોયો છે એવો જે આત્મા, એ આત્મા જ્ઞાનમાં સર્વથા નિરાવરણ, સર્વથા પરિપૂર્ણ, સર્વથા શુદ્ધ, એમાં કથંચિત્ નથી. સર્વથા અબદ્ધ છે, સર્વથા મુક્ત છે. કથંચિત્ મુકત અને કથંચિત્ બંધાયેલો એમ નથી. આહાહા!

આ પ્રમાણના પક્ષવાળાનો પક્ષ છૂટી જાય. પ્રમાણના પક્ષવાળાનો પક્ષ છૂટી જાય અને અનુભવ થાય એવી વાત છે. આ પહેલી ત્રણ લીટીમાં તો માલ ભરી દીધો છે. (સર્વથા શુદ્ધ છે એટલે કથંચિત્ કે વ્યવહાર લાગતો નથી એમ ને?) હા. કેમ કે આત્મા છે એ સર્વથા શુદ્ધ જ છે. જેમકે તમે મનુષ્ય છો તો સર્વથા મનુષ્ય જ છો. કથંચિત્ મનુષ્ય અને કથંચિત્ તમે તિર્યંચ એમ તમારું અત્યારે સ્વરૂપ નથી. તમારું સ્વરૂપ અત્યારે એ જ છે. એમ કે તમે શારદાબેન છો તો તમે સર્વથા શારદાબેન જ છો. તમે માલતીબેન નથી. એમાં કથંચિત્ ન લાગુ પડે એમ. કથંચિત્ તમારી સ્ત્રી પર્યાય છે એમ નથી. સર્વથા સ્ત્રી પર્યાય છે. કથંચિત્ સ્ત્રી ને કથંચિત્ પુરુષ એમાં ન લાગે. (એમાં કથંચિત્ લાગે જ નહીં). લાગે જ કયાંથી? છે જ નહીં એવો ધર્મ એમાં.

માટે ત્રિકાળી દ્રવ્ય સામાન્ય અર્થનો નિશ્ચય કરાવે છે એવી જે નિશ્ચયનય સ્યાત્પદથી રહિત છે. છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી. આહાહા! (વસ્તુમાં સ્યાદ્વાદ નથી અને જ્ઞાનમાં પણ સ્યાદ્વાદ નથી.) નથી. નિશ્ચયનય જે છે તેમાં સ્યાદ્વાદ નથી. એ તો પ્રમાણજ્ઞાન થયું તો સ્યાદ્વાદ કથંચિત્ લાગુ પડે છે. પ્રમાણજ્ઞાન જુદી વસ્તુ છે અને નિશ્ચયનય જુદી વસ્તુ છે. પ્રમાણજ્ઞાન નિશ્ચયનય અને વ્યવહારનય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બે થઈને થાય છે. એટલે કથંચિત્ સ્યાદ્વાદ પ્રમાણજ્ઞાનમાં હોય. નિશ્ચયનયમાં ન હોય. નિશ્ચયનયમાં સમ્યક્એકાંત હોય. કેમ કે પદાર્થનું જેવું સ્વરૂપ છે એવું બતાવે છે. નિશ્ચયનય પોતે એમ નહીં કહે કે કથંચિત્ શુધ્ધ ને અશુધ્ધ. નિશ્ચયનય નહીં કહે. (કારણ કે એનો વિષય જ નથી) એક વિષય જેવો શુધ્ધ છે એવો બતાવે છે. **અર્થનો નિશ્ચય કરાવે છે.** જેવો પદાર્થ છે એવા પદાર્થનું પ્રતિપાદન કરાવે છે એમ. (જે પદાર્થને બતાવે છે એને સર્વથા બતાવે છે.) સર્વથા અને જેવું છે એવું બતાવે છે. અભેદ અને અણઉપચાર. નિશ્ચયનય ઉપચારની વાત નથી કરતી. સત્ય વાત કહે છે. વ્યવહારનય ઉપચરિત કથન છે.

(કાલ તો નિરૂપચાર આપી દીધું સાધન. આમાં લખે છે ને? અણઉપચાર.) અણઉપચાર એટલે ઉપચાર નહીં, સાચું. સાચું એમ. જેમ છે તેમ. ઉપચાર એટલે ખોટું. (તોય અભેદમાં શું લેશું?) અભેદ એ ત્રિકાળી સામાન્ય અનંત ગુણાત્મક. એકત્વ વિભકત અનંતગુણથી એકપણું. અભેદ. પર્યાય ન લેવી. કાલે જે વિષય બપોરનો હતો એ જુદો અર્થ હતો. એ અભેદ જ્ઞાયક હતો. એ જ્ઞાયક જ્ઞાયકને જાણવારૂપે પરિણમ્યો એ અભેદ હતો. કાલનું એ જ્ઞેયપ્રધાન કથન હતું. (એ અભેદ થઈ ગયાની વાત હતી આ અભેદ છે એની વાત છે.) અભેદ છે એની વાત છે. આ ત્રિકાળ અભેદ. અભેદના લક્ષે અભેદ થાય છે. આપણે વાત થાય છે ને? અભેદના લક્ષે અભેદ થાય છે. એ કાલ વાત હતી અભેદ થાય છે એની. પરિણામીની વાત હતી. કાલ પરિણામીની વાત હતી. હતું ને? પરિણમે ત્યાં જ્ઞેયાકારરૂપે પરિણમે છે. એટલે પોતે પોતાને જાણવારૂપે પરિણમે છે. આ તો અપરિણામીની વાત છે. સમજી ગયા? હેં? શું કહ્યું? (ફરીથી).

નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. એટલે કે વ્યવહારનયથી રહિત છે. પ્રમાણજ્ઞાન નિશ્ચયનય વ્યવહારનય બેયથી સહિત છે પ્રમાણજ્ઞાન. પણ જયારે નિશ્ચયનયની વાત તમે કરો તો એ વ્યવહારથી રહિત જ હોય તો નિશ્ચયની સિધ્ધિ થાય. (પ્રમાણમાં પણ નિશ્ચય તો હોય ને? પણ તે નિશ્ચય વ્યવહારથી સહિતવાળું



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. પણ આ નિશ્ચય) એ વ્યવહારથી રહિતવાળું છે. હાં. પ્રમાણજ્ઞાન બે ને વિષય કરે છે. નિશ્ચયનય એકને વિષય કરે છે. (પ્રમાણજ્ઞાનમાં પણ નિશ્ચય હોય છે પણ તે વ્યવહાર સાપેક્ષ નિશ્ચય છે.) વ્યવહાર સહિત છે તો તે કથંચિત્ થઈ ગયું. તેમાં આવે છે કથંચિત્ શુધ્ધને કથંચિત્ અશુધ્ધ, કથંચિત્ એક અને કથંચિત્ અનેક. એ પ્રમાણજ્ઞાનમાં કથંચિત્ હોય છે. નિશ્ચયનયની જો વાત કરો તો તેમાં કથંચિત્ નથી, સર્વથા છે.

પ્રમાણજ્ઞાનના વિષયમાં નિશ્ચયનય અને વ્યવહારનય બે સંમીલિત છે, સામેલ છે. તો તેમાં કથંચિત્ લાગુ પડે છે, કે આત્મા પ્રમાણજ્ઞાનથી જુઓ તો કેવો છે? કે કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ. કથંચિત્ બધ્ધ અને કથંચિત્ અબધ્ધ, કથંચિત્ કર્તા અને કથંચિત્ અકર્તા, કથંચિત્ ભોક્તા અને કથંચિત્ અભોક્તા. એ બધા પ્રમાણજ્ઞાનની અંદર બે નય સામીલ છે. પણ જે નિશ્ચયનય છે એ તો વ્યવહારનયથી રહિત છે. એટલે એમાં સ્યાત્પદ ન હોય, કથંચિત્ ન હોય. સર્વથા હોય. (પ્રમાણમાં પ્રયોજનની સિધ્ધિ થતી નથી. આમાં પ્રયોજનની સિધ્ધિ થાય છે.) જુઓ લખે છે ને? **અર્થનો નિશ્ચય કરાવે છે.** પ્રમાણજ્ઞાન પદાર્થનું જ્ઞાન કરાવે છે. અને આમાં પ્રયોજનની સિધ્ધિ કરાવે છે. નિશ્ચયનયમાં પ્રયોજનની સિધ્ધિ થાય છે. પ્રમાણથી કે વ્યવહારથી પ્રયોજનની સિધ્ધિ ન થાય, પદાર્થની સિધ્ધિ થાય. ઉપાદેય વસ્તુ હાથ ન આવે. એમ. (ઉપચારથી નિશ્ચયનય રહિત છે.) ઉપચારથી રહિત છે. અણઉપચાર છે. નિશ્ચયનય ઉપચરિતને સ્વીકાર જ કરતી નથી.

ભઈ, આત્મા ઉપચારથી મનુષ્ય છે. તો કહે નહીં. આત્મા કહેવો અને એને મનુષ્ય કહેવો અને મનુષ્યને ઉપચાર આપવો એ ખોટી વાત છે. એમ છે નહીં. આત્મા તો જ્ઞાયક છે. જ્ઞાયકને ઉપચાર લાગુ ન પડે. નિશ્ચયનયથી જુઓ જ્ઞાયકને તો એમાં ઉપચાર લાગુ નથી પડતો. જ્ઞાયક તો જ્ઞાયક છે. (જેમ સામાન્ય સ્વભાવ વિશેષથી રહિત છે તેમ એ સામાન્યને જાણનારું જ્ઞાન પણ વિશેષને જાણવાવાળા જ્ઞાનથી પણ રહિત છે.) રહિત છે. કેમ કે એ તો પર્યાયાર્થિકનયની આંખ બંધ કરે છે. એ પર્યાયાર્થિકનયનો એનો વિષય જ નથી. નિશ્ચયનય પર્યાયને જાણે જ નહીં. તો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચયનય રહેતી નથી. અને દ્રવ્ય પર્યાય બેને જાણે તોય નિશ્ચયનય રહેતી નથી. તો પ્રમાણજ્ઞાન થઈ જાય છે.

બહુ એકદમ આ જે છે ને એ ઊંચા પ્રકારનું છે. આ છૂપું રતન છે. આ બહાર જ નથી આવ્યું. (આ વાત એવી સ્પષ્ટ કયાંય નથી આવી.) છે જ નહીં. કયાંય છે જ નહીં. (**સ્યાદ્વાદથી રહિત હોવા છતાં પણ નિશ્ચયાભાસ થતું નથી.**) થતું નથી. (નિશ્ચયનય પ્રગટ થઈ જાય છે)ભાઈસાબ! સંસ્કૃત ભણેલાં છે? એમ? તો એ નયચક્ર તેને આપજો. આપ્યું હતું? (આત્મામાં સ્યાદ્વાદ કયાં છે?) નથી. (આત્મામાં નથી અને આત્માને જાણવાવાળા જ્ઞાનમાં સ્યાદ્વાદ નથી) નથી. કહ્યું તું?બરાબર છે તે વિકલ્પ છે. બરાબર છે. (આત્મામાં સ્યાદ્વાદ નથી.) નથી. (શ્રદ્ધામાં પણ નથી હોતું) વ્યવહારનો પક્ષ છૂટી જાય એવી વાત છે. આમાં વ્યવહારનો પક્ષ છૂટી જાય અને પ્રમાણજ્ઞાનનો વિષય વ્યવહાર તે પણ છૂટી જાય. એકલો નિશ્ચય આત્મા રહે. ઉપાદેય તત્ત્વ દૃષ્ટિમાં આવી જાય. (આમાં તો ક્રીમ છે, સમયસારનું દોહન.) દોહન છે.

નિશ્ચયનય એકલા શુદ્ધાત્માને ઉપાદેય કહે છે. અને એને શુદ્ધાત્માને જ આત્મા કહે છે. વ્યવહારનય તો રાગને પણ કથંચિત્ આત્મા કહે છે. તો હવે જે હેય તત્ત્વ છે એને પણ આત્મા કહેતાં એમાં ઉપાદેયની ભ્રાંતિ થાય. પણ આત્મા છે જ નહીં. ઉપચારનું કથન છે, ખોટું કથન છે, જૂઠું કથન છે. રાગી આત્મા છે જ નહીં. આત્મા જ્ઞાનમય છે. તે એક ભાઈને કહ્યું'તું ને? કે જેનાથી પ્રયોજનની સિદ્ધિ થાય એ નય સાચી. તેં કહ્યું'તું, એક વિદ્વાનને, કહેવાતા વિદ્વાન એ વાત. આમાં છે જુઓ.

**નિશ્ચયનય અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે એવા અર્થનો નિશ્ચય કરાવે છે.** જેવું વસ્તુનું સ્વરૂપ છે એવું બતાવનાર નિશ્ચયનય છે. વસ્તુના સ્વરૂપથી જુદું બતાવે એ નિશ્ચયનય ન હોય એ વ્યવહારનય હોય. એટલે ઉલટું બતાવે છે, ખોટું બતાવે છે. અને વ્યવહારનયના વિષયને ઉપાદેય માને છે. બોલો! કેમ કે પ્રમાણમાં વ્યવહારનયનો વિષય સામેલ છે ને? પર્યાય. એ હેય તત્ત્વ છે. અને એ વ્યવહારનય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને આત્મા કહે છે. એટલે કે હેયને આમ આડકતરી રીતે ઉપાદેય બનાવે છે.

એ કથંચિત્ આત્મા છે. તો કથંચિત્ આત્મા છે તો ઉપાદેય છે કે હેય? બોલ? (આત્મા માને અને હેય માને એમ તો બને જ નહીં ને?) હં..... જો તું આત્મા માને છે વ્યવહારનયને કહીએ તો બોલ હેય છે કે ઉપાદેય? તો એ મૌન થઈ જશે. જવાબ નહીં આપે. (ઉપાદેય જ માને છે.) જો ઉપાદેય કહે તો હેય તત્ત્વ બતાવ? જો રાગ આત્મા છે તો બીજો આત્મા કયો છે કે જે ઉપાદેય છે? હેય કહે તો વાત ખલાસ થઈ ગઈ. તો આત્મા નથી રહ્યો. તો વ્યવહારનયનું કથન ખોટું ઠર્યું. એને હેય ઉપાદેયથી સાણસામાં લેવું જોઈએ. એને સાણસા વ્યૂહ બનાવવું જોઈએ. બોલ. આત્મા રાગી છે તો એવો રાગી આત્મા ઉપાદેય છે કે રાગ રહિતનો આત્મા ઉપાદેય છે? એ રાગ રહિત તો કહી શકે નહીં. કેમ કે વ્યવહારનય છે. એ તો સંસારીજીવ તો રાગી જ હોય ને? એમ કહે ઈ. આહા! બિલકુલ જૂઠું કથન કરે છે. (રાગ ઉપાદેય થઈ ગયો) ત્યારે શું? ઉપાદેય.

એટલે વ્યવહારના પક્ષવાળાને રાગ જ ઉપાદેય છે. અને રાગને જ આત્મા માને છે એનાથી ભિન્ન આત્માને માનતો, જાણતો નથી. એનું નામ વ્યવહારનો પક્ષ કહેવાય. (પ્રમાણને આત્મા માને છે એ રાગને જ આત્મા માને છે) રાગને જ આત્મા માને છે. ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્‌ને આત્મા માને છે. તો ઉપાદેય માને છે તો હેય તત્ત્વ એમાં ઉપાદેય આવી ગયું. હેય તત્ત્વ છે તે ઉપાદેય થઈ ગયું. સમજાય છે? (હા, બરાબર છે. ઉત્પાદવ્યય સહિત આત્માને માને છે તો હેય તત્વ ઉપાદેય થઈ ગયું) હં... પર્યાય છે તે તો હેય છે તે ઉપાદેય થઈ ગઈ. એ તો એમાં મિથ્યાત્વનો દોષ લાગ્યો. (મિથ્યાત્વ એને ઉપાદેય થઈ ગયું) હા, મિથ્યાત્વ ઉપાદેય થઈ ગયું. (આપે કહ્યું કે ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્ આત્મા છે તો તે ઉપાદેય છે કે હેય છે?) ઉપાદેય કોણ એમાં?

જો એ કહે ઉત્પાદવ્યયધ્રુવયુકતમસત્ એમાં ઉપાદેય, તો એમાં હેય કોણ? (પકડાઈ ગયો) હં... પકડાઈ ગયો. (એને ભેદજ્ઞાન થઈ જાય) ભેદજ્ઞાન થઈ જાય.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એ ઉપાદેય છે તો હેય કોણ છે?) હેય કોણ છે? બતાવો? કહે શરીર હેય છે, ના, શરીર હેય ન હોય. એ તો ભિન્ન જ્ઞેય છે. જ્ઞેય હોય એમાં હેય ઉપાદેય ન હોય. (હેય ઉપાદેય દ્રવ્ય પર્યાયની વચ્ચે હોય. દ્રવ્ય પર્યાયની બહાર હેય ઉપાદેય ન હોય, (બહુ સરસ. પોઈન્ટસર વાત છે) પોઈન્ટસર વાત છે. ખ્યાલ આવી જાય. (એવી રીતે પકડે છે ભાઈ, અજ્ઞાનીને પકડાઈ જાય, એમ જ પકડાઈ જાય. પર્યાય સહિત આત્માને હેય માને છે કે ઉપાદેય) એનું કામ થઈ જાય સરખી રીતે. (હા, બરાબર છે. પ્રમાણને તું ઉપાદેય માન તો હેય શું છે?) તો હેય બતાવ? (એટલે અટકી જ જાય.ઉત્પાદવ્યય સહિત આત્માને માને છે તો તે રાગને ઉપાદેય માને છે) માની લીધું. ખલાસ! હેય બતાવો! હેય તત્ત્વ છે? કહે કર્મ ને નોકર્મ હેય છે. ખોટી વાત છે. કર્મ નોકર્મ હેય ન હોય. એની સત્તાની બહાર છે. (એને પણ ઓટોમેટીક એમ આવી જાય પરિણામ માત્ર હેય છે.) એમ થઈ જાય હો એને. લાયક જીવ હોય ને લાયક તો એનું કામ થઈ જાય. આવ્યો હોય વાદ-વિવાદ કરવા અને જ્ઞાની થઈને બહાર નીકળે. જ્ઞાની થઈ જાય. થઈ જાય. જિજ્ઞાસા જોઈએ. આત્માર્થી જોઈએ. (પણ આ પ્રશ્ન બહુ સરસ છે.)

કે પ્રમાણજ્ઞાનનો વિષય ઉપાદેય છે તો અમને હેય તત્ત્વ બતાવો? (પણ પ્રમાણની અંદર જ હેય ઉપાદેય હોય) હોય. બહાર હોય કોઈ દિ'? બહાર તો જગતના પદાર્થો જ્ઞેય છે. (અને સામાન્ય આત્માને તો હેય કહી શકાય નહીં. અંદરમાં તો પરિણામ માત્રને હેય કહે છે.) બસ થઈ રહ્યું. અમને હેય તત્ત્વ બતાવી દે બોલ? અમે ઉપાદેયનું તને પૂછતાં નથી. અમે તો, પ્રશ્ન મારો છે કે હેય તત્ત્વ બતાવો. ઉપાદેય કોણ છે (તે) અમે તને પૂછીએ નહીં. તને પકડવા માટે અમે હેય પૂછીએ. હેય તત્ત્વ બતાવ. (એમ કે હેયને હેય જાણશે તો તો ઉપાદેય તત્ત્વ આવી જશે) હં........બસ! તો તો ભેદજ્ઞાન થઈ ગયું. પર્યાયને હેય જાણે તો આત્મા ઉપાદેય થઈ જાય. તો એમાં એને ભેદજ્ઞાન થઈ ગયું. આમ જરાક વિચાર કરે ને તો કામ થઈ જાય. પોઈન્ટ છે. (ઊંચો પોઈન્ટ છે.) હા. બેય પછી ચર્ચા કરજો. કરશે એ તો.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બીજો પારો. કાંઈ નહીં આપણે આના ઉપર ચર્ચા કરવી. આ પણ તત્ત્વ છે. સારી વાત નીકળી. શેમાંથી? કે નિશ્ચયનય છે એ વ્યવહારનયથી જુદી છે. રહિત છે. એનું નામ નિશ્ચયનય છે. જો સહિત કહો તો નિશ્ચયનય ન રહે પ્રમાણ થઈ જાય. (પ્રમાણમાં ને નિશ્ચયમાં એ જ ફેર છે) હં.... પ્રમાણ ને નિશ્ચયમાં ફેર છે. નિશ્ચયનય એનું નામ કે વ્યવહારથી રહિત હોય એનું નામ નિશ્ચયનય. વ્યવહારથી સહિત હોય એ નિશ્ચયનય ન કહેવાય, પ્રમાણ કહેવાય. (લોકોને આ નિશ્ચયની તો ખબર જ નથી.) ખબર જ નથી. કાંઈ ખબર નથી. (વ્યવહારથી રહિત છે તે નિશ્ચયનય છે) હા, હા, એ ખબર નથી. (ઓલી નિશ્ચયનયની ખબર છે કે વ્યવહાર સાપેક્ષ એટલે પ્રમાણની ખબર છે) પ્રમાણની ખબર છે, બસ! (એમાંય અસ્તિ-નાસ્તિથી શરૂઆત કરી.) હા, કરી જુઓ. (નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે.) હા, બોલો. (એટલે નિશ્ચયનયમાં વ્યવહારનો અભાવ છે.) અભાવ છે. બરાબર છે. તો નિશ્ચયનય પ્રગટ થાય છે, સિદ્ધ થાય છે. પ્રમાણમાં બેય છે. પણ નિશ્ચયમાં તો એક જ છે. વ્યવહારથી રહિત ત્યારે નિશ્ચયનય. હા, વ્યવહારથી નિરપેક્ષ.

(પર્યાય માત્રથી નિરપેક્ષ નિશ્ચયનય. કેમ કે ભાઈ, એનો વિષય પણ નિરપેક્ષ છે એટલે એ જાતનું જ્ઞાન પણ નિરપેક્ષ છે.) હા, અભેદ અને અનુપચારને વિષય કરે છે. ભેદ અને ઉપચારને નિશ્ચયનય વિષય કરતું નથી. (અભેદ એટલે અનંતગુણોથી અભેદ) હા, અને ભેદાભેદનેય વિષય નથી કરતું. અભેદને વિષય કરે છે. નિશ્ચયનય અભેદને વિષય કરે છે. ભેદાભેદને નહીં અને ભેદને પણ નહીં. (વ્યવહારને નહીં અને પ્રમાણને નહીં. નિશ્ચયને એકને ઉપાદેય કરે છે) એકોહમ (ભેદને પણ નહીં ભેદાભેદને પણ નહીં અભેદને જ એકલો ગ્રહણ કરે છે.)

બાર હજાર મુનિઓ અહીંથી મોક્ષ પધાર્યા છે. બાર હજાર. મોક્ષે એટલે? સ્વર્ગમાં જઈને મોક્ષ થાય છે. ભદ્રબાહુની સાથે. એ સમીપવર્તી એ કાળના. બાર હજાર મુનિઓ. એ વખતે તો હતા. હજી બસો વર્ષ થયા'તા ને? બાર હજાર મુનિઓ તો હોય સાધારણ વાત છે. હેં? (એ જ ઘૂંટતા હશે એ પણ) આ જ ઘૂંટે આ ભૂમિ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપર. (બધા એ જ ઘૂંટે છે કે નિશ્ચયનય ઉપનયથી રહિત છે.) આહાહા! (આખો મુદ્દો હાથમાં આવ્યો.) મુદ્દો હાથમાં આપ્યો. આ એક વિદ્વાનને પાનું આપ્યું હતું રાજકોટમાં. બહારગામના આવ્યા હતા. મોદી સાહેબને ત્યાં ઉતર્યા હતા. પાનું આપ્યું હતું. ત્રણ ચાર દિ' પછી કીધું, ઓલું વાંચ્યું? મેં વાંચ્યું નથી. વાંચી લેજો બે ત્રણ દિ' પછી પૂછયું કે ઓલુ પાનું લાવો, તો આપી દીધું પાછું. વાંચ્યું, ઠીક છે. ચાંચ ડૂબે નહીં ચાંચ.

વ્યવહારના પક્ષવાળાની આમાં ચાંચ ડૂબે નહીં (વાંચીને મુકી દયે.) મુકી દયે એકકોર. પહેલી ત્રણ લીટી બસ! (હા પણ એ એક લાઈન એવી છે કે અંદર લાઈટ થઈ જાય. આ શું કહે છે કે સ્યાત્‌પદથી રહિત હોવા છતાં પણ નિશ્ચયાભાસ આવતું નથી.) એ મુદ્દાની વાત છે. (સ્યાદ્‌વાદનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી.) નિશ્ચય પ્રાપ્ત થતાં એમ લખે છે. (હું સિદ્ધ છું એમ જાણે તો સિદ્ધ થઈ જાય છે.) હા, સિદ્ધ થઈ જાય છે. આહાહા! સર્વથા સિદ્ધ. (સર્વથા સિદ્ધ છું. કથંચિત્‌ સંસારી હોય એ યાદ ન કરે તોપણ નિશ્ચયાભાસ નથી આવતું) નથી આવતું. ભાઈએ શું કહ્યું ખબર છે? કથંચિત્‌ સંસારી છું એ પડખું યાદ ન કરે અને પહેલાં પડખાંને યાદ કરી ને દૃષ્ટિ કરે તો અનુભવ થઈ જાય. એમ કહ્યું. (હા, પરમ સત્ય વાત છે.) કેમ કે વ્યવહારનયથી રહિત છે અને વ્યવહારનયના વિષયથી રહિત છે. સંસારી તો, વ્યવહારનયનો વિષય થયો એનાથી હું રહિત છું. હું તો આ છું તો પ્રાપ્તિ થઈ જાય. (જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે. પોતે જ કહે છે કે નિશ્ચયનય ઉપનયથી રહિત છે) પોતે જ કહે છે ને? (હા, પોતે જ કહે છે.) ત્યારે? (નિરપેક્ષનયા મિથ્યા)

નિરપેક્ષ નય જ યથાર્થ છે. અજબ ગજબની વાત છે. (તે વ્યવહાર માટે છે. વ્યવહાર છે તે નિશ્ચય નિરપેક્ષ નથી હોતું. નિશ્ચય સાપેક્ષ વ્યવહાર તે પ્રમાણ થઈ ગયું ને? અહીંયા બીજી વાત છે.) અહીંયા ઉપાદેય તત્વ બતાવવું છે. અર્થની પ્રાપ્તિ કરાવવી છે. અહીંયા પ્રમાણ સિદ્ધ નથી કરવું. પદાર્થની સિદ્ધિ નથી કરવી. પ્રયોજનની સિદ્ધિ કરવી છે. પ્રયોજનની સિદ્ધિ પ્રમાણથી ન હોય. એક કલમ ચલાવી **નિશ્ચયનય**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ઉપનયથી રહિત છે.**

હવે નિશ્ચયનયનો વિષય શું કરે છે? અર્થની પ્રસિધ્ધિ. કે એ અભેદ અને અનુપચાર. આહાહા! **અભેદ અને અનુપચાર** બે શબ્દ લગાડયા છે. એવા અર્થની પ્રસિધ્ધિ કરે છે. આહાહા! **અર્થનો નિશ્ચય કરાવે છે. તે નિશ્ચયનય છે.** નિશ્ચયનય કોને કહેવાય? નિ-ધાતુ કાંઈક છે અંદર. (લઈ જાય છે.) અંદરમાં લઈ જાય છે. જેવો સ્વભાવ છે એવા સ્વભાવને બતાવનારી નિશ્ચયનય છે. ચય-નિશ્ચય છે. નિ ધાતુ છે. લઈ જાય છે. દોરી ને અંદરમાં લઈ જાય છે. જેવો સ્વભાવ છે એવા સ્વભાવને બતાવનાર છે. એ જ કહ્યું ને? કે, **અને જે અર્થનો નિશ્ચય કરાવે છે.** અર્થ એટલે જેવો પદાર્થ છે એ પદાર્થનો નિશ્ચય, નિર્ણય, અનુભવ કરાવે છે. તે નિશ્ચયનય છે એમ. (આત્મા શુધ્ધ છે એવો નિર્ણય કરાવે છે.) નિર્ણય કરાવે છે, અનુભવ કરાવે છે એમ. પહેલાં સવિકલ્પમાં નિર્ણય કરાવે છે અને પછી એ વિકલ્પાતીત થઈ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ કરાવી ને નિશ્ચયનય ચાલી જાય છે. પછી કહેશે. સવિકલ્પ નિશ્ચયનય અને નિર્વિકલ્પ નિશ્ચયનય બે.

હું જ્ઞાયક જ છું બસ. આહાહા! કેવળ જાણનાર છું, કેવળ જ્ઞાતા છું, ફકત જ્ઞાતા છું. કથંચિત્ જ્ઞાતા છું એમ નથી. (પહેલાં પારામાં જ કથંચિત્ ઉડાડી દીધું છે) કથંચિત્‌ને ઉડાડયું ત્યારે તો નિશ્ચય પ્રાપ્ત થાય. કથંચિત્‌માં પ્રમાણમાં વહ્યો જાય તો વ્યવહારમાં આવી જાય છે. એમાં અર્થની પ્રાપ્તિ થતી નથી. પ્રયોજનની સિધ્ધિ ન થાય. પંડિત થાય પણ જ્ઞાની ન થાય. પંડિત! મુરખ પંડિત થાય પણ જ્ઞાની ન થાય. પંડિતના બે પ્રકાર છે. જ્ઞાનીને પણ પંડિત કહેવાય. મુરખને પણ પંડિત કહેવાય.

આહા! જંગલમાં રહીને ભાવલિંગી સંતોએ (ગજબ કામ કર્યા છે.) સમયસારની ગાથા અગિયાર, બાર ને એકસો તેતાલીસ એના ઉપર આ બધું રહસ્ય છે. (અને એ જ દેવસેનઆચાર્ય! હે કુંદકુંદઆચાર્ય મુનિ આપ વિદેહક્ષેત્રે ન ગયા હોત તો અમારું શું થાત? એ કુંદકુંદઆચાર્યદેવ આ વાત લાવ્યા છે.) હા, આ દેવસેનઆચાર્યે જ કહ્યું છે. કુંદકુંદભગવાન માટે. બહુમાન આવી ગયું છે. અને એણે સમયસાર વાંચ્યું છે. એટલે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અગિયાર, બાર ને એકસો તેતાલીસ ગાથા ઉપર સીધી જાણે એને ટીકા પણ ન મળી હોય અને સીધી કુંદકુંદભગવાનની ગાથા મળી હોય એવું લાગે છે. એમ પણ બને. અમૃતચંદ્રઆચાર્યની પહેલાં થઇ ગયા હોય અથવા ટીકા થઇ ગઇ હોય અને એના હાથમાં ન આવી હોય અને મૂળ આવ્યું હોય એમ પણ બને. બધું બને.

અગિયારમી ગાથામાં ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે વ્યવહારને આશ્રયે થતો નથી એટલે જે શુધ્ધનય છે એ પદાર્થનું જેવું સ્વરૂપ છે એ બતાવે છે, જે વ્યવહારનો નિષેધ કરે છે એટલે ઉપનયથી રહિત છે. અગિયારમી ગાથા આમાં શરૂ થઇ છે. આમાં અગિયારમી ગાથા શરૂ થઇ છે. (અગિયારમી ગાથાનો ભાવ છે.) ભાવ છે ભાવ અગિયારમી ગાથાનો. (પૂરે પૂરો અગિયારમી ગાથાનો ભાવ છે.) અગિયારમી ગાથાનો ભાવ તેમાં છે. (વ્યવહારનય અભૂતાર્થ ને નિશ્ચયનય ભૂતાર્થ છે.) એટલે નિશ્ચયનય વ્યવહારનયથી રહિત છે અને પદાર્થનો નિશ્ચય કરાવે છે અને અનુભવ કરાવી દયે છે.

ભૂતાર્થને આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. એમ કહેવા માંગે છે. આહા! જેનાથી પ્રયોજનની સિધ્ધિ થાય એ નય છે. બાકી બધી ખરેખર તો બહુ કહીએ તો કુનય છે. એટલે શુધ્ધનય એક જ છે. શુધ્ધનય એક જ છે. કઇ નયથી જોઉં કે આ સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ. આહાહા! (કોઇ બીજી નય જ નથી. કેમ કે વસ્તુ એવી નથી કોઇ.) વસ્તુ એવી બીજી નથી. હં..... (જીવ વસ્તુ શુધ્ધ જ છે.) અનાદિ અનંત નિષ્ક્રિય શુધ્ધ પારિણામિક. એમાં ચાર ભાવ છે નહીં. એકમાં ચારનો અભાવ છે એવી એક વસ્તુ છે. આહાહા! (નય એક જ હોય ને?) તો તો નય એક જ હોય ને? જેવો આત્મા છે એવું જ્ઞાન એવું જ્ઞાન તો એક જ જ્ઞાન હોય ને એક જ પ્રકારનું. કેમ કે આત્મા એક પ્રકારનો તો નય પણ એક પ્રકારની હોય, બે પ્રકાર ન હોય. કેમ કે બે પ્રકાર આત્મામાં નથી. આત્મામાં શુધ્ધ અશુધ્ધ હોય તો બે નય હોય. આત્મા શુધ્ધ અશુધ્ધ નથી. માટે બે નય નથી. આત્મા શુધ્ધ જ છે તો નય પણ એક જ છે. આહાહા! નય એક જ છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માના બે રૂપ નથી. આત્માનું તો એક રૂપ છે. (બે પડખાવાળો આત્મા નથી.) ના રે ના. આત્મા બે પડખાવાળો નથી. એને કોઈ પડખું જ નથી. (શુદ્ધાત્મા એક જ પ્રકારનો છે) બે પ્રકારનો નથી. બે પ્રકારનો હોય તો બે નયની જરૂર પડે. આહાહા! કામ થઈ જાય. (આજે મને પ્રશ્ન બહુ ગમ્યો ભાઈ! પ્રમાણની ઉપાધિ કહે છે તો ધ્યેય લાવ આખું.) એને આત્મા માનતો હોય તો હેય તત્ત્વ બતાવ. (આપોઆપ નયમાં આવી જ જશે.) હં..... આપોઆપ નિશ્ચયનયમાં આવી જ જશે. પ્રયોજનની સિદ્ધિ તો એક નયથી થાય છે. બે નયથી પ્રયોજન સિદ્ધ ન થાય. (નિશ્ચયનયથી જ પ્રયોજનની સિદ્ધિ થાય છે અને નિશ્ચયનયના વિષયથી પ્રયોજનની સિદ્ધિ થાય છે) અગિયારમી ગાથા શરૂ કરી. નિશ્ચયનયમાં વ્યવહારનો અભાવ છે. (ચક્ષુ એક જ છે. આત્મા એક જ છે. જોનાર ચક્ષુ એક જ છે.)

કૈલાસચંદજીએ ઓલું નયચક્ર લખ્યું છે ને? એમાં એમ છે કે આ નયચક્ર માઈ ધવલનું છે ને? માઈ ધવલનું નયચક્ર છે બીજું. પણ એમ કે નયચક્રની શરૂઆત દેવસેનઆચાર્યથી થઈ તેની પહેલાં નયચક્ર નહોતું. નયના પ્રણેતા પહેલાં આ છે. એટલું બધું છે. એના પછી માઈ ધવલ થયા છે. એણે લખ્યું છે. વિસ્તાર કર્યો છે. (માઈ ધવલ આચાર્ય છે?) આચાર્ય હોય કે મુનિ હોય. માઈ ધવલ છે. હશે તો મુનિ. કોઈ શ્રાવક નથી લાગતા. એણે પણ સારો ઘણો વિસ્તાર કર્યો છે, માઈ ધવલે. કહેવું પડશે. ભલે કૈલાસચંદજીનો સ્વર્ગવાસ થઈ ગયો પણ પ્રમાણીકપણે અર્થ કર્યા છે. અને જે આચાર્યભગવાન કહેવા માગે છે એવા અર્થ કર્યા છે.

એ અમે જયપૂરમાં શિબિરમાં સાથે જમવા બેઠા હતા. ત્યારે મેં એમ કહ્યું હતું, કે પંડિતજી આપે જે નયચક્રનો અનુવાદ કર્યો અને અર્થ કર્યા એ બહુ પ્રમાણીક કર્યા છે. (કૈલાસચંદજીએ કહ્યું) બસ! લાલચંદભાઈને કહા પૂરા હો ગયા. (લાલચંદભાઈ કહે એટલે?) એમ કરીને એ બોલ્યા એ ભાવમાં. (ત્યારે ભાવ એવો આવ્યો હોય ને?) એવો આવ્યો. (પ્રમાણીત થઈ ગયું.) પ્રમાણીત થઈ ગયું. આપણને જે લાગ્યું તે કહ્યું છે. કોઈ વધારીને બિલકુલ નહીં. વાંચતો ત્યારે જોતો'તો. આ નયચક્રનો ઉલ્લેખ એણે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થોડોક કર્યો છે. એને પૂરું આમાં મળ્યું નથી. આ નયચક્રનો થોડોક ભાગ મળ્યો છે. એટલે થોડોક ભાગ લીધો છે. શરૂઆતમાં પ્રસ્તાવનામાં આનો થોડોક ભાગ લીધો છે. એ સારું છે. વાંચવા જેવું છે.

બાકી અધ્યાત્મમાં બે નય નિશ્ચયનય અને વ્યવહારનય. એમાં કાર્ય સિદ્ધ થઈ જાય છે. હું તો એમાંથી પણ એ જ વાંચું. ઓલું સમીરૂઢ નય ને આ નય ને એ મારું કામ નહીં. એવંભૂત નયને બધું ભણેલાં. ભણેલાં બધું. સમજી ગયા. પછી પ્રયોજન તો બે માં થાય છે. અભેદને વિષય કરે છે, એક ભેદને. હેં? (આમાં તો બે જ નય છે. એકનો નિષેધ ને એકની અસ્તિ.) અહીં કહે એમ છે નહીં. એટલા માટે નિષેધ કર્યો. (બીજા નંબરે નિષેધથી જ શરૂઆત કરી છે.)

ભૂતાર્થને આશ્રયે જ સમ્યગ્દર્શન થાય. વ્યવહારને આશ્રયે ધર્મની શરૂઆત જ ન થાય. (ત્યાં કહે એનાથી રહિત છે.) રહિત છે. શુદ્ધાત્મા પર્યાય માત્રથી રહિત છે. પર્યાયને વિષય કરનારી વ્યવહારનય એ પર્યાયથી જ રહિત છે. પછી કયાં પ્રશ્ન રહ્યો? આહા! જે જેનાથી ભિન્ન હોય એ એને કરે કયાંથી? પ્રમાણમાંથી નિશ્ચયનય કાઢવો. (એ જ પુરુષાર્થ છે-જિનવચનમાં કુશળ છે.) જિન વચનમાં કુશળ છે. કયાં લખ્યું છે ઈ? (કાર્તિકિયાનુપ્રેક્ષામાં) કાર્તિકિયાનુપ્રેક્ષામાં. ત્યાં એક વખત બતાવ્યું હતું કેમ? (ભાઈસાહેબે બતાવ્યું) ભાઈસાહેબે બતાવ્યું. (પ્રમાણમાંથી જે નય કાઢે છે તે જિનવચનમાં કુશળ છે.) અમારી બુકમાં લખી લેશું. કાર્તિકિયાનુપ્રેક્ષાનો શ્લોક. (શ્લોક યાદ નથી.) શ્લોક યાદ નથી. શ્લોક નંબર જોઈ લેશું. આજે એમાં હું લખી લઉં. બરાબર છે. પ્રમાણમાંથી જે નિશ્ચયનય કાઢે છે તે જિનવચનમાં કુશળ છે.

પ્રમાણજ્ઞાનનો વિષય છે ખરો. પણ એમાંથી.... સામાન્ય વિશેષાત્મક પદાર્થમાંથી ઉપાદેય તત્ત્વ સામાન્યને શોધી લેવું એ કુશળ છે. (આ તો એકદમ સમજાય એવી વાત છે, કે મોસંબીમાંથી રસ કાઢી લે એ કુશળ છે.) કુશળ છે. (આખી મોસંબી ખાય આ તો પશુ છે.) પચે નહીં. તબિયત બગડી જાય. (પણ આખી વસ્તુને પશુ ખાય છે) પશુ ખાય છે, પશુ ખાય છે. હા, એ પશુ ખાય છે. બરાબર છે. આઈડીયા તારો સારો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. (હં આવે છે ને દષ્ટાંત આવે છે. આમ પશુ થયો..... લાડવા ને ઘાસને ભેળસેળ કરીને ખાઈ જાય છે.) હા, જે શેરડી છે એ શેરડીને પશુ ખાઈ જાય. અને મનુષ્ય રસ ચૂસે ને છોતા રાખી દયે.

એમ પ્રમાણને ઉપાદેય માને છે તે (પશુ છે) હેં? આહાહા! (પશુવૃત્તિ છે) પશુદષ્ટિ છે. (એકલો રસ ચૈતન્યરસથી ભરેલો આ સામાન્ય સ્વભાવ જેટલો જ આત્મા છે.) શેરડીમાંથી રસ ચૂસી લ્યે છે એ મનુષ્ય છે. શેરડીને ખાય છે એ તો ઢોર ખાય છે. શેરડીને ખાય હો! (એ બધું ખાઈ જાય) ખાઈ જાય. બધું ખાઈ જાય. (કચરા બચરા બધું ખાઈ જાય) ખાઈ જ જાય ને. (પ્રમાણને ઉપાદેય કરે તે) પશુ છે. (આચાર્ય કહે છે પશુવૃત્તિ છે.) હા, બરાબર છે. (ઘાસ ને લાડવાને ભેળસેળ કરીને ખાય) ભેળસેળ કરીને ખાય એ પશુ છે. (પર્યાયદ્રવ્યને ભેળસેળ કરે તો ખલાસ થઈ ગયું. અરે! ભેદજ્ઞાનની શકિત બિડાઈ જાય ) બિડાઈ જાય. (તો ભેદજ્ઞાન શેમાં કરશે?) શેમાં કરશે ભેદજ્ઞાન? પર્યાયથી સહિત આત્મા માન્યો તો ભેદજ્ઞાન કરવાનું કયાં રહ્યું? હેય કોને કહેશે? હેય તત્ત્વ તો હાથમાં આવ્યું નહીં, તો ઉપાદેય તત્ત્વ તો કયાંથી હાથમાં આવશે? હેય, ઉપાદેય થઈ ગયું.

પણ નવતત્ત્વમાંથી શુદ્ધનયથી શુદ્ધાત્માને તારવવો એ જ છે. નવતત્વથી રહિત શુદ્ધાત્મા ઉપાદેય છે. નવત્ત્વ ઉપાદેય નથી. અને નવતત્ત્વ સાપેક્ષ આત્મા ઉપાદેય નથી. (ખરેખર આત્મા નવતત્વથી સાપેક્ષ છે જ નહીં) હા, રહિત જ છે. (નવતતત્વથી નિરપેક્ષ છે) નિરપેક્ષ છે. જ્ઞાયકભાવ તો પ્રમત્ત અપ્રમત્તથી રહિત જ છે. ચોખ્ખો પાઠ છે પછી શું ? (હા, એમાં એ જ લખેલું છે. પ્રમત્ત અપ્રમત્તથી રહિત અર્થાત પરિણામના ઉપચારથી રહિત છે જ્ઞાયકભાવ) બરાબર છે. (અભેદમાં ગુણભેદથી રહિત એવો અભેદ) બરાબર છે. (ઉપચારમાં પરિણામના ઉપચારથી રહિત છે.) હં, બરાબર છે. અભેદમાં ગુણભેદથી રહિત બરાબર છે. પર્યાયથી રહિત. તેવો અભેદ છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં :-૫૨૫
## તા.૧૦/૧૨/૧૯૮૭

નય ઊભી થાય છે, પ્રગટ થાય છે ત્યાં સુધી વ્યવહારનો પ્રલય થતો નથી. વ્યવહારનો પ્રલય ન થાય ત્યાં સુધી નિશ્ચય પ્રગટ થતો નથી. બહુ ઉપચાર બતાવ્યા. (બહુ સરસ વાત છે.) ઓલું વાકય મને સરખું બેસતું નહોતું. એના પ્રશ્નકારના મગજમાં એમ છે કે, જો સાહેબ તમે વ્યવહારનો અભાવ કરશો, નિશ્ચયનયમાં વ્યવહાર છે જ નહીં. નિશ્ચયનય વ્યવહારથી રહિત છે તો તો સ્યાત્પદ રહેશે નહીં. સ્યાત્પદ નહીં રહે તો જૈનદર્શન નહીં રહે. પૂછનાર એવો છે. કેમ કે એને પહેલાં કહ્યું ને કે, નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. એમાંથી આ પ્રશ્ન એણે ઊભો કર્યો. અને પોતે ને પોતે તો એમાં કહી દીધું છે કે ઉપનયથી રહિત છે છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી. અને નિશ્ચયનો અનુભવ થઈ જાય છે. નિશ્ચયાભાસ નહીં નિશ્ચયનો અનુભવ થાય છે. આહાહા!

(સ્યાત્પદથી રહિત છે એટલે જ નિશ્ચયનય પ્રગટ થાય છે.) હા, પ્રગટ થાય છે. આ તો માલ છે હો! માલ ભર્યો છે. (ખૂબ ભર્યું છે) ખૂબ ભર્યું છે એમ લાગે છે. ઘણો માલ ભર્યો છે. અથવા વિશેષ જણાતું નથી. વિશેષ છે નહીં એટલે જણાતું નથી. સામાન્યમાં વિશેષ છે નહીં માટે જણાતું નથી. આહાહા! સામાન્યમાં વિશેષ ન હોય. સામાન્ય-વિશેષમાં વિશેષ હોય. સામાન્ય-વિશેષમાં સામાન્ય પણ છે અને વિશેષ પણ છે. પણ સામાન્યમાં વિશેષ ન હોય. (કોઈ અલૌકિક દ્રવ્ય દષ્ટિથી વાત છે.) સમયસાર ઉપર કળશ ચડી જાય છે એવું લાગે છે. (બહુ જ અદભૂત વાત) પૂરું થઈ ગયું આ. હવે કરશું ચાલુ? (હા)

શ્રી દેવસેનઆચાર્યકૃત નયચક્ર એનો અનુવાદ. પાનું એકત્રીસ-બત્રીસ. પહેલી ત્રણ લીટી થઈ ગઈ છે ફરીથી વાંચી અને પછી આગળ વધીએ.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે.** આહાહા! રહિત કરજો નહીં, રહિત છે. **અભેદ અને અનુપચાર** એટલે ગુણભેદ પણ તેમાં નથી અને પર્યાય પણ તેમાં નથી. પર્યાયથી રહિત **જેનું લક્ષણ છે. અને જે અર્થનો** એટલે કે પદાર્થનો એટલે કે પ્રયોજનભૂત પદાર્થનો એમ લેવું. પ્રયોજનભૂત અર્થનો **નિશ્ચય કરાવે છે તે નિશ્ચયનય છે.** આગળ.

**સ્યાત્‌પદથી રહિત હોવા છતાં,** આહાહાહા! કથંચિત્ એમાં છે જ નહીં. **સ્યાત્‌પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી. નિશ્ચયાભાસ થતું નથી. કારણ કે તે ઉપનયથી રહિત છે.** નિશ્ચયનય તો પ્રથમથી જ નિશ્ચયનય એનું નામ કે જે ઉપનયથી રહિત હોય. એમ. એટલી વાત આપણે સવારે થઈ ગઈ. હવે આગળ પ્રશ્ન સારો કરે છે, કે ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ થાય છે એમ કોઈ પૂછે તો, એમ. **ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે સ્યાત્‌પદની પ્રધાનતાથી** એટલે કથંચિત્ એવા વાકયની મુખ્યતાથી ઉપનય એટલે નિશ્ચયનયની સાથે રહેલી જે નયો એવો જે વ્યવહાર એનો જનક છે. **ઉપનય વ્યવહારનો જનક છે. જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે. ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે.**

જે સામાન્ય વિશેષાત્મક પદાર્થ છે એમાં સામાન્યને પ્રસિદ્ધ કરનારી નિશ્ચયનય છે. વિશેષને જાણનારી વ્યવહારનય છે. હવે એમાં જો સ્યાત્‌પદ ઉમેરવામાં આવે કે કથંચિત્ આત્મા એક-અનેક, કથંચિત્ નિત્ય-અનિત્ય, કથંચિત્ શુદ્ધ-અશુદ્ધ, કથંચિત્ બદ્ધ-અબદ્ધ એવા પ્રકારનો જો સ્યાદ્‌વાદ કરવામાં આવે તો એમાં અર્થની પ્રાપ્તિ થઈ શકતી નથી. પદાર્થની પ્રાપ્તિ થઈ શકતી નથી. પણ એ પ્રમાણજ્ઞાનના વિષયમાંથી વ્યવહારનયના વિષયનો જયારે નિશ્ચયનય દ્વારા જે વ્યવહારનો નિષેધ કરવામાં આવ્યો છે એ નિશ્ચયનય આશ્રિત-નિશ્ચયનય વડે તું વ્યવહારનો નિષેધ કરજે. એમ ને એમ વ્યવહારનો નિષેધ નહીં થાય. નિશ્ચયનય વડે સ્વઆશ્રિત સામાન્યની સન્મુખ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થતાં વિશેષ તને દેખાશે જ નહીં. આહા! ત્યારે તને અનુભવ થશે.

નિશ્ચયનય દ્વારા, સ્વઆશ્રિત **નિશ્ચયનય દ્વારા ઉપનયનો** એટલે ઉપનયજનિત વ્યવહારનો **પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે.** એટલે કે પર્યાય હોવા છતાં પર્યાય દેખાતી જ નથી. પર્યાયને જાણનારી ચક્ષુ સર્વથા બંધ કરવી એમ. પ્રલય એટલે પર્યાયને જાણનારી ચક્ષુ નય બંધ કરી દેવી જાણવાની. ત્યારે એમ જો કરીશ **ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે.**

શુદ્ધનય વડે જોતાં એક શુદ્ધાત્મા જ પ્રકાશિત થાય છે. નવતત્ત્વો જે વ્યવહારનયનો વિષય, જે જુદા જુદા કાંઈ દેખાતા નથી. અભેદની દ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી તેને વ્યવહારનો પ્રલય કર્યો કહેવામાં આવે છે. આહાહાહા! ત્યારે અનુભવ થાય છે. જયારે વ્યવહારનો નિષેધ કરવામાં આવે છે ત્યારે નિશ્ચયનય પ્રગટ થઈ જાય છે. અને નિશ્ચયનય પ્રગટ થતાં એ નિશ્ચયનય શુદ્ધાત્માને પ્રસિદ્ધ કરે છે. સામાન્યને અવલોકતો અને વિશેષને નહીં અવલોકતો. વિશેષને અવલોકન કરનાર વ્યવહારનય છે. સામાન્યને અવલોકન કરનારી નિશ્ચયનય છે.

હવે કહે છે કે, જો નિશ્ચય પ્રાપ્ત કરવો હોય તો, વિશેષનું અવલોકન બંધ કરી દે. પર્યાયને જાણવાનું સર્વથા બંધ કરી દે. અને જો બંધ કરીશ એટલે વ્યવહારનો પ્રલય થશે તો તરતજ દ્રવ્યાર્થિકનય વડે શુદ્ધાત્માના તને દર્શન થઈ જશે. આહા! એવી નિશ્ચયનય વડે શુદ્ધ દ્રવ્યાર્થિકનય વડે એણે પર્યાયાર્થિકનયનો નિષેધ કર્યો એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન કર્યો 'તો. **ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે**. એટલે કે અભાવ થઈ જશે. જો તમે ઉપનયનો-ઉપનય છે નિશ્ચયનયથી રહિત છે એમ કહેશો તો જૈનદર્શન તો સ્યાદ્‌વાદ છે. કે ભાઈ સ્યાદ્‌વાદમાં તું જઈશ તો વ્યવહારનો જન્મ થશે. કથંચિત્ કહીશ તો વ્યવહારનો જન્મ થઈ જશે. અને સર્વથા કહીશ તો વ્યવહારનો જન્મ નહીં થાય પ્રલય થશે અને નિશ્ચય પ્રાપ્ત થશે. આત્માથી પર્યાય કથંચિત્ ભિન્ન છે કે સર્વથા ભિન્ન છે? જો તું કથંચિત્ ભિન્ન કહીશ તું તો કથંચિત્ અભિન્ન આવી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જશે. કથંચિત્ ભિન્ન કહીશ તો કથંચિત્ અભિન્ન આવશે, તો નિશ્ચયનય પ્રગટ નહીં થાય, વ્યવહારનય પ્રગટ થઈ ગયો. માટે સર્વથા ભિન્ન છે. એ નિયમસારની ઓગણીસમી ગાથામાં કહ્યું છે કે સર્વથા રહિત છે. સર્વથા રહિતના શ્રધ્ધાન જ્ઞાનપૂર્વક કથંચિત્ સહિતનું જ્ઞાનપ્રમાણ થાય. નહિતર પ્રમાણજ્ઞાન પણ નહીં થાય. કેમ કે નય વિના પ્રમાણ કયાંથી થાય? (ન થાય.) રહિતના શ્રધ્ધાન વિના સહિતનું જ્ઞાન થાય નહીં.

તે કહ્યું પછી કાર્તિકેયાનુપ્રેક્ષાના વિચારો આવ્યા કે પ્રમાણજ્ઞાનમાંથી જે નિશ્ચયનયને કાઢે છે તે જિનવચનમાં કુશળ છે. એટલે પ્રમાણનય તો હંમેશા પર્યાયથી સહિત આત્માનું વર્ણન કરે છે. વ્યવહારનય દ્રવ્યને પર્યાયથી સહિત જ કહે છે. એટલે કે વસ્તુ કેવી છે કે દ્રવ્યપર્યાય સ્વરૂપ છે. એમ પ્રમાણજ્ઞાન કહો કે વ્યવહાર કહો. હવે વ્યવહારનય એમ કહે છે અથવા પ્રમાણ એમ કહે છે આત્મા બધ્ધ-અબધ્ધ છે, આત્મા શુધ્ધ-અશુધ્ધ છે, આત્મા નિત્ય-અનિત્ય છે, આત્મા એક-અનેક છે. હવે એ જે પ્રમાણનું વચન આવ્યું એમાંથી જે આત્મા એમ નિશ્ચયનય વડે કાઢે છે કે હું અબધ્ધ છું અને બધ્ધ નથી. હું શુધ્ધ છું અને અશુધ્ધ નથી. હું એક છું અને અનેક નથી. હું સામાન્ય છું અને વિશેષરૂપ નથી. એમ જે કાઢે છે તે પ્રાપ્તિ કરે છે.

હવે વ્યવહારનયના વચનમાં શું ભૂલ થઈ ગઈ કે વ્યવહારનયથી પર્યાયથી સહિત છે એવું જ્ઞાન કરતાં એનું શ્રધ્ધાન પણ કરી લીધું. એવું જયાં જ્ઞાન કરાવે છે કે ઉત્પાદવ્યયથી સહિત આત્મા છે. આત્મા પર્યાયથી સહિત છે એવું જયાં જ્ઞાન કરાવ્યું ત્યાં એનું શ્રધ્ધાન કરી લીધું.

આત્મા પરિણામનો કર્તા છે, વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે પોતાના દ્રવ્યમાં પરિણામ સાથે, એ વ્યવહારનયનું વચન છે. એ જ્ઞાન કર્યું, જ્ઞાન કરવાની સાથે શ્રધ્ધાન કરી લીધું. જયાં જ્ઞાન કરવાનું કહ્યું ત્યાં શ્રધ્ધાન કરી લીધું એ મિથ્યા શ્રધ્ધાન થઈ ગયું. જયાં એમ કહ્યું કે અગ્નિ કોને કહેવામાં આવે કે લાકડાને બાળે તેને અગ્નિ કહેવામાં આવે. જ્ઞાયક કોને કહેવામાં આવે કે પરને જાણે તેને જ્ઞાયક કહેવામાં આવે. હવે એવું જે વચન જાણવારૂપ છે એને માનવારૂપ કરી લીધું. એટલે વ્યવહારના વચનને જાણવા માટે કહ્યું



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનું જ્ઞાન કરવા કહ્યું ત્યાં આણે શ્રદ્ધાન કરી લીધું. આહાહા! એટલે વ્યવહારનું વચન સત્યાર્થ લાગ્યું એમાંથી પ્રમાણમાંથી, વ્યવહારમાંથી વ્યવહારનો નિષેધ કરી ને નિશ્ચય કાઢી શક્યો નહીં. આહાહા!

તત્ત્વાર્થ સૂત્ર પ્રમાણનું વચન અસાધારણ પાંચ ધર્મો છે જીવના. કયા? જીવના પાંચ ભાવો. એ પ્રમાણનું વચન હતું એમાંથી કાઢવું જોઈએ કે પરમપારિણામિક ભાવ સ્વરૂપ આત્મા તે હું અને પ્રગટ થાય છે તે ચાર ભાવો મને પર દ્રવ્ય છે. એમ કાઢવું જોઈએ. એમ કાઢે તો એ ચતુર છે જિનવચનમાં કુશળ છે. જિનવચનમાં કુશળ એટલે હોંશિયાર છે. આહાહા!

સહિતનું જ્ઞાન કરાવ્યું ત્યાં શ્રદ્ધાન ભેગું કરી લીધું. આહાહા! સહિતનું જ્ઞાન એ રહિત કરવા માટે હતું. એ વ્યવહારનય સહિત કહે છે નિશ્ચયનય કહે છે કે ના, ખોટી વાત છે. આત્મા પર્યાયથી રહિત છે તેથી પર્યાયનો કર્તા નથી. બીજો પારો બહુ સારો છે. કે વ્યવહારનો પ્રલય કરવામાં આવે ત્યારે પ્રયોજનની સિધ્ધિ થાય એમ. અહીં તો પ્રયોજનની સિધ્ધિ કરાવવી છે. (કથંચિત્‌માં દ્રવ્યની સિધ્ધિ નથી થતી.) નથી થતી. વ્યવહારનો જન્મ થઈ જાય છે. વ્યવહારનો જન્મ થતાં નિશ્ચયનો નાશ થાય છે. નિશ્ચયનય પ્રગટ જ થતી નથી. વ્યવહારનો પ્રલય કરે ત્યારે નિશ્ચયનય પ્રકાશમાન થાય છે એમ કહે છે.

જો નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે. પ્રગટ થાય છે. આહાહા! શુધ્ધનય વડે એક શુધ્ધાત્મા 'એકો અહમ' એમ જાણવામાં આવે છે ત્યારે નવતત્ત્વના ભેદો કાંઈ દ્રષ્ટિગોચર થતાં નથી. અભેદમાં ભેદ દેખાતો નથી. ત્યારે પ્રયોજનની સિધ્ધિ થાય છે. પછી નવતત્ત્વનું જ્ઞાન થાય છે. થવા યોગ્ય થાય છે બસ. શ્રદ્ધાપૂર્વક જ્ઞાન હોય. આહાહા! શ્રદ્ધાનો નાશ કરે એ જ્ઞાન ન કહેવાય એ અજ્ઞાન કહેવાય. આણે તો વ્યવહારના પ્રેમમાં નિશ્ચયનયનો પ્રલય કર્યો. નિશ્ચયનય વડે વ્યવહારનો પ્રલય કરવો જોઈએ. નિશ્ચયનય વડે વ્યવહારનો પ્રલય કરવો જોઈએ ત્યારે શુધ્ધનય પ્રગટ થાય.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવે શું કર્યું? કે વ્યવહારનય વડે પ્રલય કર્યો. કેનો? નિશ્ચયનયનો. શુધ્ધનયનો પ્રલય એટલે પ્રાપ્ત પ્રગટ ન થઈ. સ્વભાવ તિરોભૂત થયો. સ્વભાવ તિરોભૂત થઈ ગયો ઉલટો. વ્યવહારની રુચિમાં નિશ્ચય પ્રાપ્ત નથી થતો. નિશ્ચયની રુચિમાં એક વાર તો વ્યવહારનો પ્રલય થાય છે અને પછી વ્યવહારનું જ્ઞાન થાય છે. પ્રલય કર્યા પછી જ્ઞાન થાય. પર્યાયાર્થિકનયની ચક્ષુ સર્વથા બંધ કર્યા પછી પર્યાયનું જ્ઞાન થાય, એ સમ્યગ્જ્ઞાન છે.

ત્રીજો પારો. (નિશ્ચયની વાત આવે છે ત્યાં કથંચિત્ લગાવવાથી વ્યવહારનો જન્મ થઈ જાય છે.) કથંચિત્ લગાવો એટલે વ્યવહારનો જન્મ થઈ ગયો. ખલાસ! અને વ્યવહારનો જન્મ થઈ ગયો એટલે નિશ્ચયનયને તિરોભૂત કરીને જન્મ થઈ ગયો. વ્યવહારનું જ્ઞાન થતું નથી. (તિરોભૂત કરી દીધું.) હં.... તેણે તિરોભૂત કરી દીધું. કે આત્મા પરિણમે છે. પર્યાય સાપેક્ષ આત્મા છે. પર્યાયથી રહિત આત્મા હોય કે નહીં? કથંચિત્ એક, કથંચિત્ અનેક, કથંચિત્ શુધ્ધ-અશુધ્ધ, સર્વથા શુધ્ધ નહીં. કથંચિત્ બધ્ધ-અબધ્ધ. અબધ્ધ નહીં બધ્ધ પણ છે. એને એમ લાગે છે કે કથંચિત્ લગાવ્યું ત્યારે તો હું જ્ઞાની થઈ ગયો. હું મોટો વિશારદ થઈ ગયો, વિદ્વાન થઈ ગયો. જૈન દર્શનની સિધ્ધિ કરી. જૈન દર્શન સ્યાદ્વાદરૂપ છે. એકાંતરૂપ નથી. જૈન દર્શન એકાંતરૂપ નથી. આહાહા! સ્યાદ્વાદરૂપ છે. જૈન દર્શન અનેકાંતરૂપ છે, એકાંતરૂપ નથી. આહાહા!

એ પ્રમાણમાંથી નિશ્ચય ન કાઢયું. એ જિનવચનમાં કુશળ નથી. આહાહા! નવતત્ત્વમાંથી શુધ્ધઆત્મા એને ખેંચી લેવો જોઈએ. કાઢવો જોઈએ. છૂપાયેલી આત્મજયોતિને બહાર કાઢવી જોઈએ. આહાહા! છે તો છૂપાયેલો. છે તો અંદર જ. છૂપાયેલો અંદર છે. (એમાં જ છે.) દૂધમાં ઘી છે. પાણીમાં તો ઘી નથી. આહાહા! છે તો શુધ્ધાત્મા નવતત્ત્વમાં. દૂધમાં ઘી છે. નવતત્ત્વ દૂધની જગ્યાએ છે. પણ ઘીની જગ્યાએ નથી. ઘી નથી. દૂધના લાડવા ન થાય. રોટલીમાં ચોપડવા માટે મીઠાભાઈને કહેવામાં આવે ઘી ખલાસ થઈ ગયું છે લઈ આવજો. દૂધ તો સવારમાં આવે છે શું કામ ઘી મંગાવો છો? રોટલી ઉપર દૂધ ચોપડો, ન ચોપડાય. (ખસી ગયું



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ કહે) હા, ખસી ગયું છે, દૂધ ચોપડો, દૂધમાં ઘી છે. તમારું ખસી ગયું છે કહે. ચોપડાય નહીં. આહા! કેમ ચોપડાય નહીં? કે મિશ્ર છે. ભેગું પાણી છે, છાસ છે. આહા! એ કચરો કાઢે ત્યારે ઘી નીકળે. છાસની ખટાશ અને પાણી બેય કાઢે અને એને બાળી નાખે. (પ્રલય કરી દયે.) પ્રલય કરે ત્યારે ઘી નીકળે. આહાહા! (એકલું ઘી ઘી ઘી ઘી) ઘી ઘી ઘી.....છે કે નહીં? (દૂધનો નાશ થઈને ઘી પ્રગટ થાય છે.) પ્રગટ થાય છે. દૂધ રાખીને નહીં. આહાહા!

આ તો જૈન દર્શન છે. અને આ જે છે ને મને તો બહુ ગમે છે. આ તો કોઈ જબરજસ્ત. આહાહા! એવી પ્રયોજનની સિદ્ધિ કરાવે એકત્રીસ-બત્રીસ પાનું તો.....આહાહા! કેટલાય વર્ષ પહેલાં આનો અનુવાદ હું ઝંખતો હતો. ઘણાને પૂછું કે આનું ભાઈ ગુજરાતી તો કરો? તો બિચારા લખી દયે પોતાની બુદ્ધિ પ્રમાણે. સમજી ગયા? પણ સંતોષ થાય નહીં. એક વનેચંદભાઈ હતા. સામાન્ય રીતે સંસ્કૃતના જાણકાર હતા. કોઈ ડીગ્રી કે પાસ થયેલાં નહીં. તો એણે એ અર્થ કરી દીધો એકત્રીસ-બત્રીસ પાનાનો. પછી સુશીલાશ્રી પાસે અર્થ કરાવ્યા. પછી કોઈ વિદ્વાન આવે તો કહું કે આના અર્થ કરો પણ સંતોષ થાય નહીં. ઈ જયારે આણે હુકમચંદજીએ અર્થ કર્યો ત્યારે સંતોષ થઈ ગયો. આ હુકમચંદજીનો અર્થ કરેલો છે. (અનુવાદ) અનુવાદ. આવો અર્થ પછી પુસ્તક જે છપાણું રાકેશને કામ આપ્યું (એમાં પણ) આવો અર્થ નથી કર્યો. આ અર્થ મેં એને મોકલ્યો હતો.

મેં તમને ન કહ્યું કે સંસ્કૃત છે એનો માત્ર અનુવાદ કરે એમાં પણ ઘણો ફેર છે. કેમ કે એક વાકયના અનેક અર્થ નીકળી શકે છે. સંધી જો આગળ પાછળ હોય તો ભાવ પલટાઈ જાય છે. સંસ્કૃતમાં ભાવ જે લખનારને હતો એ ન નીકળે. આહાહા! એમાં કળા હોય એની કુશળતા હોય એની બુદ્ધિ હોય. એની અધ્યાત્મમાં કાંઈક નજર હોય. તો નીકળી શકે. ઘણા નીકળી શકે.

હવે એક ને બે પારા થયા (હવે) ત્રીજો પારો. બરાબરને? (આમાં દૂધનું દષ્ટાત આમાં ધટાવો) આમાં દૂધનું દષ્ટાંત એમ છે કે દૂધ છે, દૂધ લીધું. હવે આમાં સ્યાત્



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘી પણ છે, દૂધ પણ છે અને સ્યાત્ છાસ પણ છે. દહીં નાખો અને મેળવણ કરો તો છાસ પણ એમાંથી નીકળશે જ. તો એ બધું વસ્તુ ઉપાદેય જ છે. કેમ કે સાત રૂપિયે લીટર લીધું છે. રૂપિયા સાત આપ્યા છે. સાત રૂપિયે લીટર દૂધ લીધું છે તો લીધું છે તો દૂધનો ઉપયોગ તો કરવો જોઈએ ને? કહે ના, એ સાત રૂપિયે લીટર લીધું છે એમાંથી જે દસ તોલા ઘી નીકળે એના સાત રૂપિયા છે. આ દૂધના ને પાણીના ને છાસની કિંમત અમે નથી આપી. મોસંબી લીધી એમાં રસની કિંમત છે. છોતાની કિંમત નથી. શેરડીમાં રસની કિંમત છે. છોતાની કિંમત નથી. ફેંકવા જેવા છે.

એમ પ્રમાણજ્ઞાનમાં વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે. દ્રવ્ય ઉપાદેય છે અને પર્યાય હેય છે એમ. આખો જૈન દર્શનનો પ્રાણ એ છે. કે દ્રવ્ય સામાન્ય ઉપાદેય છે અને પર્યાય હેય છે. હેય છે એટલે ત્યાજ્ય છે. તો દૂધમાં પાણી હોય એને બાળી નાખે. બાળી નાખે રહેવા જ ન દયે. હા, પ્રલય. હેં? ત્યારે ઘી પ્રગટ થાય. આહાહા! માખણમાં માખણને પણ બાળે અને માખણમાં કીટાણું કાઢી નાખે.બેન. એ અમારે ઘરે માખણ તાવતા હોય તો ઉપર આમ બધું કાળુ કાળુ નીકળે ને તો એ બધું કાઢી નાખે. એકલું ઘી રાખે. (ઘી મોંઘુ છે દૂધથી) હા, મોંઘુ છે. (ઘીની કિંમત વધારે છે) હા, ઘીની કિંમત વધારે છે. આહા ! એને પ્રયોજન ઘીનું છે. લાડવા ઘીના કરી શકે. એમાં પાણીવાળું દૂધ અને છાસ એના લાડવા-બાડવા કાંઈ થાય નહીં. શારદાબેન મેસુબ બનાવે છે ને? આહાહા! હિંમતનગરવાળા. એ ઘીના બનાવે. કાંઈ દૂધનો મેસુબ ન બને. રાજકોટ આવે, ભાઈ માટે મેસુબ મોકલે. ભાઈને ભાવે છે. આહાહા! કોઈ આવે તો મોકલ્યા કરે. હવે બહુ હજમ થાતો નથી. પેટ ના પાડે છે. (ઘીનો મેસુબ હોય એ ખાવા યોગ્ય હોય. દૂધનો મેસુબ ખાવા યોગ્ય ન હોય.) ખાવા યોગ્ય ન હોય. હેં? (પહેલાં તો થાય જ નહીં) થાય જ નહીં પહેલાં તો. એમાં લોટ શેકાય જ નહીં. ઘીમાં શેકાય. આહાહા! લોપરીમાંથી જાશે. હેં? ગુરુદેવ કહેતા'તા. ઘીમાં લોટ શેકાય પણ પાણીમાં લોટ ન શેકાય.

આ તો નિશ્ચયનય એટલે ઘી છે. આહાહા! એકલો માલામાલ. આનંદ, આનંદ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને આનંદ બીજું કાંઇ નહીં. એમાં દુઃખ બિલકુલ નથી. આહાહા! એમાંથી દુઃખનો બિલકુલ પ્રલય થઇ જાય છે. દુઃખનો નાશ થઇ જાય છે ત્યારે ઉપલબ્ધ આનંદની પ્રાપ્તિ થાય છે. નિશ્ચયનય અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત કરાવીને પછી ચાલી જાય છે. આહાહા! થોડીકવાર ઊભી રહે છે. અંદર ગયો કે નહીં? કે નિશ્ચયના પક્ષમાં ઊભો છે? એ રાહ જુએ છે. નિશ્ચયનય બહુ પ્રમાણીક છે. રાહ જુએ છે. નિશ્ચયના પક્ષમાં આવી ગયો પણ હજી જાતો નથી. પછી ધક્કો મારે. ધક્કો મારે ને અંદર ગયો અને અંદરમાં આનંદ એને આવ્યો એની એને ખબર પડી ગઇ પછી ચાલી જાય. એટલે વિકલ્પ છૂટી જાય. પક્ષાતિક્રાંત થઇ જાય. નિશ્ચયનયનો વિકલ્પ છૂટી જાય. એવી વાત છે આમાં.

સવિકલ્પ નિશ્ચયનય વડે નિર્ણય થાય છે. અનુભવ થતો નથી. અનુભવ થાય ત્યારે નિશ્ચયનય પણ પ્રલય થઇ જાય છે. નિશ્ચયનયનો વિકલ્પ પણ રહેતો નથી. આહા! નયાતિક્રાંત. નયાતિક્રાંત થાય છે. આને પૂછયું. મેં કહ્યું નયોથી પાર એટલે નયમાં તો અનુભવ થાય છે. તો કહે ના, નયથી અનુભવ ન થાય જ્ઞાનથી અનુભવ થાય. એના ભજનમાં આવે છે. નયોસે પાર. (જ્ઞાયક નયોસે પાર) જ્ઞાયક નયોસે પાર. (જ્ઞાયક પરકો નહીં જાનતા.) જ્ઞાયક પરકો નહીં જાનતા. (જ્ઞાયક જ્ઞાયક કોહી જાનતા હૈ) જ્ઞાયક જ્ઞાયક કોહી જાનતા હૈ. (યે દોનો તો નયપક્ષ હૈ) નયપક્ષ હૈ. હં..... આહાહા! જ્ઞાયક નયોસે પાર. પૂછયું મે નયોસે પાર? તો શુદ્ધનયથી તો અનુભવ થાય છે. નયોથી પાર શું કહ્યું? પૂછયું'તું. પૂછયું તો નહોતું પણ એમ અમસ્તુ જરા મોજ કરવા માટે. ના ભાઈ. (જ્ઞાનમાં નય ન હોય) જ્ઞાનમાં નય ન હોય. એ તો ઇન્દ્રિયજ્ઞાનના બધા વિકલ્પાત્મક નયો છે. એ તો નિર્ણય કરવા માટે છે. અનુભવ કરવા માટે નય નથી. આહાહા!

અહીંયા નિશ્ચયનય વિકલ્પાત્મક નય લીધી છે નય. પછી પ્રલય થઇ જાય છે. નીચે. આહા! (સવિકલ્પ નિશ્ચયનય પણ અલૌકિક છે.) અલૌકિક. આહા! પાર થઇ જાય. અહીંયા તો નિશ્ચયનય એવી લીધી છે કે ચાલી જાય ને આનંદની પ્રાપ્તિ કરાવી ને પછી જાય. એવી પ્રમાણીક નય પાછી. (ઘૂંસણવાળી નહીં, ચોખ્ખી)



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રીજો પારો, **જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્ભાવ** એટલે અસ્તિત્વભાવ. સદ્ભાવ એટલે અસ્તિપણું. **શુદ્ધ એક અખંડરૂપ છે.** લ્યો! એ જે કહ્યું'તું ને? અભેદ અને અનુપચાર એવા પદાર્થનો નિશ્ચય કરાવે છે નિશ્ચયનય. એની વાત કરે છે. **નિશ્ચયનયથી વસ્તુનો સદ્ભાવ** એટલે સત્યભાવ, અસ્તિત્વભાવ **શુદ્ધ એક અખંડરૂપ છે.** વસ્તુ તો શુદ્ધ, એક અને અખંડરૂપ છે. **તો પણ વસ્તુની શુદ્ધતા ઉપનયજનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે, જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત (કવલિત) થાય છે.**

દૃષ્ટાંત આપે છે કે જેવી રીતે સૂર્યનો પ્રકાશ છે, સૂર્યનો પ્રકાશ છે. તે સૂર્ય તો પ્રકાશિત જ છે. સૂર્ય આપણે વાત કરી હતી કે વાદળા આડા આવી જાય તો એ પ્રકાશને આવરણ થયું પણ સૂર્યને આવરણ ન થાય. પ્રકાશ ન દેખાય. પણ જયારે એ આવે છે ને સૂર્ય ગ્રહણ, સૂર્ય ગ્રહણ થાય છે. તો એ રાહુ એને આડો આવે છે. આમ આડો. પણ એ તો રાહુ સેંકડો હજારો માઈલ છેટો છે. સૂર્યની પાસે નથી ફરતો. તો તો બળીને ભસ્મ થઈ જાય. હા, બહુ દૂર હોય. પણ એ એવું આડપ કરે કે જયાં એ આડો આવતો હોય તે પ્રદેશમાં અંધારું થાય. બીજા પ્રદેશમાં અંધારું ન થાય. એટલે સૂર્યનો નાશ નથી થયો. છાપામાં આવે છે કે અમુક પ્રદેશમાં, અમુક દેશમાં સૂર્ય ગ્રહણ થશે એનો અર્થ શું કે સૂર્યનો નાશ નથી થયો. પણ જયાં આડું આવ્યું ત્યાં સૂર્ય ગ્રહણ વખતે અંધારું થઈ જાય છે. તો કહે છે કે એને આચ્છાદિત કરે છે. કવલિત કરે છે. સૂર્યના પ્રકાશને એ ઢાંકી દયે છે. આચ્છાદિત કરે છે. સમજી ગયા?

**જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત** રાહુ દ્વારા બિંબનો નાશ નથી થતો. **આચ્છાદિત કવલિત થાય છે**. તેવી રીતે વ્યવહારના પક્ષથી, વ્યવહારના પ્રેમથી આહાહા! **ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા** ભેદરૂપ અનેક વ્યવહાર એમાં ગુણભેદ પણ લેવાય અને પર્યાયનો ભેદ પણ લેવો. બધું લઈ લેવું. વ્યવહાર બધો લઈ લેવો. જનિત ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન એ બધા ભેદરૂપ વ્યવહાર છે. **ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત આચ્છાદિત**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**થાય છે** કે વ્યવહારનયના પ્રેમમાં પડેલો આત્મા એને શુધ્ધાત્માને તિરોભૂત કરી દયે છે. દેખાતો નથી. ઢાંકી દયે છે. જેમ સૂર્યના પ્રકાશને ઢાંકનારો રાહુ છે. તેવી રીતે એમ. જો કે સૂર્ય છે એ તો સૂર્ય જ છે. એમ શુધ્ધાત્મા તો શુધ્ધ એક અખંડરૂપ છે તો પણ, આહાહાહા! બહુ સરસ વાત છે.

આત્મા શુધ્ધ, એક અને અખંડરૂપ તો અનાદિ અનંત છે. એનો નાશ થતો નથી. પણ એ દષ્ટિમાં આવતો નથી. કેમ દષ્ટિમાં આવતો નથી? કે વ્યવહારના પ્રેમમાં પડયો છે. જીવ આવો છે, જીવ આવો છે, જીવનું પહેલું ગુણસ્થાન, જીવનું ચોથું, જીવનું પાંચમું ગુણસ્થાન, જીવ રાગી, જીવ કર્મથી બંધાણો છે. આહાહા! જીવ પરિણમે છે, જીવ કર્તા છે, જીવ ભોકતા છે. એ જે વ્યવહારનયના વચનો એનો પ્રેમ જેને થઈ ગયો એનો જેને પક્ષ થઈ ગયો, અને વ્યવહારની જેને રુચિ થઈ ગઈ એ રુચિવાળો જીવ એને શુધ્ધ આત્મા સદભાવ હોવા છતાં સદભાવ એટલે હોવાપણું, અસ્તિત્વ શુધ્ધ અખંડ એક હોવા છતાં એને એની નજરમાં શુધ્ધાત્મા આવતો નથી. એને તિરોભૂત થઈ ગયો, ઢંકાઈ ગયો, આચ્છાદિત થઈ ગયો. કવલિત થઈ ગયો. વ્યવહારની રુચિમાં નિશ્ચય હોવા છતાં પ્રાપ્ત થતો જ નથી. છે તો ખરો.

**જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદભાવ** એટલે અસ્તિત્વભાવ **શુધ્ધ એક અખંડરૂપ છે.** એમ. શુધ્ધ થાવું નથી એને. એ તો અનાદિ અનંત શુધ્ધ છે. આહા! **તો પણ** વસ્તુ આવી હોવા છતાં પણ જ્ઞાયક તો જ્ઞાયક છે. પણ આમ જ્ઞાયક હોવા છતાં પ્રમત્ત-અપ્રમત્તના પ્રેમમાં પડેલો જીવ, આહા! ઉત્પાદવ્યયના પ્રેમમાં પડેલો જીવ, આહા! ભેદને જોનારો જીવ એને અભેદ દષ્ટિમાં આવતો નથી.

અભેદ છે તો ખરો. પણ કવલિત થઈ ગયો છે વ્યવહારના પક્ષથી, પ્રેમથી, રુચિથી. (ભેદને જોનારને પણ આવતો નથી ને અભેદ પણ છે અને ભેદ પણ છે એમાં પણ આવતો નથી.)આવતો નથી. પ્રમાણનો પક્ષ હોય એને પણ ન આવે અને વ્યવહારના પક્ષવાળાને પણ ન આવે. **તો પણ વસ્તુની શુધ્ધતા** જુઓ, વસ્તુ તો શુધ્ધ છે.

**તો પણ વસ્તુની શુધ્ધતા ઉપનયજનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે.** એનો નાશ તો થતો નથી શુદ્ધનો. ઢંકાઈ જાય છે. રાહુના આડા આવવાથી સૂર્યનો નાશ થતો નથી પણ સૂર્ય દેખાતો નથી. એમ. સૂર્ય આચ્છાદિત થાય છે. દેખાતો નથી. આમ જોઈએ છીએ કે નહીં? તો સૂર્ય ન દેખાય. આહા! એનું રાતાપણું દેખાય. રાહુ દેખાય પણ સૂર્ય ન દેખાય. અંધારું થઈ જાય. મેં જોયેલું છે. સૂર્ય ઉપર જ્યારે સો ટકા આચ્છાદિત થાય છે ત્યારે ઘડીકવાર તો અંધારું થઈ જાય છે. અંધારું એટલે રાતના જેમ આખી રાત પડી જાય એવું નહીં. પણ જે પ્રકાશ હતો એ પ્રકાશ વહ્યો જાય. અંધારા જેવું થઈ જાય. એ નજરે જોયેલું છે. ખાસ ઈરાદાપૂર્વક હું ખ્યાલ રાખતો'તો કે શું થાય છે? ખરેખર અંધારું થઈ જાય છે. થોડીક વાર. (અંધારું જ થાય ને? સૂર્ય ન દેખાય તો) અંધારું જ થાય ને? એમ આત્મા ન દેખાય તો? (અજ્ઞાન જ છે ને?) અજ્ઞાન જ છે. (વ્યવહાર રાહુના સ્થાન પર છે.) વ્યવહાર રાહુના સ્થાન પર છે. આહાહા! (આત્માને ઢાંકી દ્યે છે.) ઢાંકી દ્યે છે. (પર્યાય સહિત, અરે! આ આત્મા પ્રકાશમાન ચૈતન્ય જ્યોત નહીં દેખાય.) અજ્ઞાન ઊભું કર્યું હોય તો દેખાય ક્યાંથી? ઢંકાઈ ગયો. અજ્ઞાનથી ઢંકાઈ જાય છે.

અજ્ઞાન કેમ ઊભું થયું? કે વ્યવહારની રુચિ થઈ માટે, વ્યવહારનો પક્ષ કર્યો માટે. આહાહા! પર્યાયથી કથંચિત્ તો સહિત છે ને? આહા! ગયો દુનિયામાંથી. (રાહુ ઊભો કરી દીધો) રાહુ ઊભો કરી દીધો. આહાહા! પ્રમાણના વચનમાંથી નિશ્ચયનયને જે કાઢે છે તે જિનવચનમાં કુશળ છે. છે તો પ્રમાણમાં છૂપાયેલો. પ્રમાણની બહાર નથી. નવતત્ત્વ જે પ્રમાણજ્ઞાનનો વિષય એમાં જ આત્મા રહેલો છે. (પણ એનાથી અત્યંત જુદો છે.) અત્યંત જુદો છે. કથંચિત્ જુદો છે? (નહીં) કથંચિત્‌માં આવ્યો કે તિરોભૂત રાહુ થઈ ગયો.! કથંચિત્ કર્યું, સ્યાદ્વાદ કર્યું ત્યાં ઉપનયજનિત વ્યવહારનો જનમ થઈ ગયો. આહા! બહુ ઓછા જીવો ભાઈ. (સૂર્ય ગ્રહણ થાય ને એટલે લોકો સ્નાન કરે.) હા, સ્નાન કરી લ્યે. (લોકમાં એવું છે.) હા, લોકમાં એવું છે. (લોકો સૂર્ય ગ્રહણમાં સ્નાન કરી લેતાં) સ્નાન કરી લ્યે.

વ્યવહારની રુચિ જીવને પામવા દેતી નથી બસ. રુચિમાં ફેર છે. નિશ્ચયની



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રુચિથી પ્રાપ્ત થાય છે. વ્યવહારની રુચિથી પ્રાપ્ત થતું નથી. તેને હાથમાં નહીં આવે. વ્યવહારની રુચિવાળો, આહા! વ્યવહારની રુચિ લઈને જશે. આહા! ક્યાં જાશે? ગોથું ખાઈ જશે. અરે! ખોવાઈ જશે. (સ્યાત્‌પદની રુચિ એ વ્યવહારની જ રુચિ છે.) વ્યવહારની. કથંચિત્‌માં ગયો એટલે થઈ રહ્યું. આહા!

અમે આત્માને અશુધ્ધ નથી કહેતાં. અમે આત્માને કથંચિત્ શુધ્ધ ને અશુધ્ધ કહીએ છીએ. બોલો! અહીં વ્યવહારનો જન્મ થઈ ગયો. રાહુ આડો આવ્યો. ભણેલાં શું કહે અમે આત્માને અશુધ્ધ ક્યાં કહીએ છીએ? કથંચિત્ શુધ્ધ અને કથંચિત્ અશુધ્ધ. અમે કથંચિત્ શુધ્ધ કહીએ છીએ અને કથંચિત્ અશુધ્ધ કહીએ છીએ. તમે તો સર્વથા શુધ્ધ કહો છો, નિશ્ચયનયવાળાને ઓલા લોકો એમ કહે. તમે તો સર્વથા શુધ્ધ કહો છો. અમે તો શુધ્ધ અને અશુધ્ધ બેય સ્યાદ્‌વાદ છે. તમે એકાંતમાં વહ્યા ગયા. (અમે અનેકાંતમાં છીએ, પાછા એમ કહે નિશ્ચયનયમાં સ્યાદ્‌વાદનો અભાવ જ છે.) આહાહા! (કઠિન તો છે.) કઠિન તો છે.

ચોથી ગાથામાં આવ્યું ને કે, પરદ્રવ્યથી ભિન્ન. આહાહા! (પરથી જુદા) પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ (સુલભ ના) સુલભ ના. આહાહા! (એકત્વનું સ્વરૂપ બતાવે છે.) પરથી જુદા એટલે પર્યાયથી જુદા. ભેદથી જુદા. ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ચૌદ ગુણસ્થાનથી આત્મા રહિત છે, નવતત્ત્વથી રહિત છે. ભેદથી કેવળ ઉપલબ્ધિ સુલભ ના. આહાહા! બહુ સારું છે. (જ્ઞાન છે તે આત્મા જ છે. રાહુના સ્થાને છે.) રાહુના સ્થાને છે હો! (ગુણભેદ છે તે રાહુના સ્થાને છે.) રાહુના સ્થાને છે. (ગુણભેદમાં અભેદ જ્ઞાયક આત્મા દેખાતો નથી.) દેખાતો નથી, ઢંકાઈ ગયો, તિરોભૂત થઈ ગયો. આહાહા! (ચૈતન્યબિંબ જ્ઞાયકબિંબ આત્મા દેખાતો નથી ગુણભેદમાં.) આહાહા! રાહુ આડો આવ્યો. વ્યવહારનો જન્મ થઈ ગયો. (ગુણભેદમાં આત્મા દેખાતો નથી તો પર્યાયમાં) ક્યાંથી દેખાય?

એક બહિરંગ આત્માર્થીનું લક્ષણ છે. અંદરમાંથી એને ઉલ્લાસ આવે કે આજ મને કાંઈક મળી ગયું. આજ મને કાંઈક પ્રાપ્ત થઈ ગયું. આહા! એ સ્થિતિ છે. (એનાથી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ખબર પડે કે એને કંઈક ભાસ્યું છે) એને ખબર પડે. હવે જેને પ્રાપ્ત થયું હોય એને પણ જો આવું થતું હોય તો જેને હજી પ્રાપ્ત થવું બાકી છે એને તો થાય જ ને એમાં નવાઈ શું? પ્રાપ્ત થઈ ગયેલું હોય એને હર્ષના આંસુ આવી જાય છે. હેં? આહા!

(આવી વાત અરે) બે જીવે કહી એક દેવસેન આચાર્યે કહી અને એક અમારા પિતાશ્રીએ કહી. કે આત્મામાં સ્યાદ્વાદ નથી. લાલચંદ! આત્મામાં સ્યાદ્વાદ નથી. બોલો. હા.હા. (એમ?) હા, હા! લે! આ તો બનેલી (વાત છે.) અમારે તો તત્ત્વ ચર્ચા બહુ થાય ને? લાલચંદ! આત્મામાં સ્યાદ્વાદ નથી હો! આહાહા! (એકલો શુધ્ધ છે આત્મા જેને બહુ તીખી નજર હોય એને) તીખી નજર હોય એ જ નિષેધ કરી શકે છે. સ્યાદ્વાદનો નિષેધ કોણ કરે? (નહીં તો જૈન દર્શનમાં તો સ્યાદ્વાદ છે.) છે. છે. (જૈન દર્શનની નિશાની છે.) નિશાની છે. લક્ષણ છે. (તો પણ) તો પણ. પણ એ સ્યાદ્વાદ નથી ત્યારે સ્યાદ્વાદ પ્રગટ થાય છે. એમ છે. સ્યાદ્વાદ તો પ્રગટ થાય છે. પણ કેને અને કયારે સ્યાદ્વાદનો અભાવ છે એમ કરે ત્યારે નિશ્ચય પ્રગટ થાય તો સમ્યગ્દષ્ટિ થઈ જાય. એકાંતપૂર્વક અનેકાંતનું જ્ઞાન થાય. આહાહા! (સ્યાદ્વાદ પ્રગટ થવાનું રહસ્ય છે.) રહસ્ય છે. સ્યાદ્વાદ તો પ્રગટ થાય જ છે. પણ સ્યાદ્વાદ મારામાં નથી, કથંચિત્ મારામાં નથી. આહાહા! અને શુધ્ધનયથી જયારે શુધ્ધાત્માને જાણ્યો ત્યારે સ્યાદ્વાદ પ્રગટ થઈ જાય છે, સહજપણે.

કથંચિત્નો જન્મ સમ્યક્ એકાંત પછી કથંચિત્ જન્મે છે. કથંચિત્થી સમ્યક્ એકાંતનો જન્મ થતો નથી. સમ્યક્ એકાંત દબાય જાય છે. તિરોભૂત થઈ જાય છે. આહાહા! (કથંચિત્થી સમ્યગ્દર્શન નથી થતું) નથી થતું. સર્વથાથી થાય છે. સર્વથા અકર્તા છું. આહા! સર્વથા જ્ઞાયક જ જણાય છે મને પર જણાતું નથી. સર્વથા અભેદ છું ભેદ મારામાં નથી. આહાહા! ગુણસ્થાન, માર્ગણાસ્થાન મારામાં નથી. (પહેલાં તો સ્યાદ્વાદનો પ્રલય કર પછી સ્યાદ્વાદનું જ્ઞાન થાય છે.) જન્મ થાય છે. સ્યાદ્વાદનો જન્મ થાય છે પણ સ્યાદ્વાદ નથી ત્યારે સ્યાદ્વાદ જન્મી જાય છે. આહા!

સ્યાદ્વાદના પ્રેમમાં સ્યાદ્વાદ જન્મતો નથી. સ્યાદ્વાદ વ્યવહારનયનો વિષય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. પ્રમાણજ્ઞાન છે. વ્યવહારનયનો વિષય છે. એનો પ્રેમ હોય, તો તો એ શુધ્ધાત્માને તિરોભૂત કરે છે. અખંડ એક શુધ્ધાત્મા દૃષ્ટિમાં આવતો નથી. (સ્યાદ્‌વાદનો પ્રેમ શુધ્ધાત્માનો પ્રલય કરે છે.) હા, સ્યાદ્‌વાદ પ્રમાણજ્ઞાનનો વિષય હોવાથી વ્યવહારનયનો વિષય છે. આહા! એ પ્રમાણના સ્યાદ્‌વાદમાંથી કોઈ નિશ્ચયનયનો વિષય કાઢે તે જિનવચનમાં કુશળ છે. આહાહા! તત્ત્વાર્થસૂત્રમાં જીવના અસાધારણ પાંચ ભાવ છે. એમાંથી કોઈ કુશળ કાઢે કે પારિણામિકભાવ તે હું છું અને ચાર ભાવનો મારામાં અભાવ છે. એવો મારો સ્વભાવ. આહાહા! ચાર ભાવની અસ્તિ પણ મારામાં નાસ્તિ. એવી મારી અસ્તિ એનો જે અનુભવ એનું નામ મસ્તિ. આહાહા!

ત્રીજો પારો. **જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્‌ભાવ** એટલે અસ્તિત્વભાવ **શુધ્ધ એક અખંડરૂપ છે.** એ તો છે છે ને છે. એમાં તો કાંઈ ફેર પડતો નથી. કોઈ કાળે. ‘‘સવૈ શુધ્ધા શુધ્ધનયા.’’ સર્વ જીવો શુધ્ધનયથી ત્રણે કાળ શુધ્ધ છે. એમાં તો ફેર નથી. તો પણ એ દેખાતો નથી. કેને? કે વ્યવહારના પક્ષવાળાને, વ્યવહારની રુચિવાળાને એ ભગવાનઆત્મા દૃષ્ટિગોચર થતો નથી. પર્યાય દૃષ્ટિગોચર થાય છે. પર્યાય દૃષ્ટિથી દ્રવ્ય દૃષ્ટિ થતી નથી. આહા! **તો પણ વસ્તુની શુધ્ધતા, આહાહા! ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થઈ જાય છે. જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત (કવલિત) થાય છે.** તેમ. એટલે વ્યવહાર રાહુની જગ્યાએ છે. આહાહા! અંધારું થઈ ગયું અંધારું, અજ્ઞાન ઊભું થઈ ગયું. (અંધારું થઈ ગયું) અંધારું થઈ ગયું. વ્યવહારની રુચિથી અજ્ઞાન ઊભું થયું. અને અજ્ઞાનથી આત્મા તિરોભૂત થાય. અજ્ઞાનમાં આત્મા દેખાય નહીં. કેમ કે પરને આત્મા માનવા માંડયો. દૃષ્ટાંત પણ કેવું સુંદર આપ્યું છે. આહા!

જેમ રાહુથી સૂર્યનો બિંબ આચ્છાદિત થાય છે, ઢંકાય જાય છે. તેમ ભેદના પ્રેમમાં, વ્યવહારના પ્રેમમાં, વ્યવહારની રુચિમાં, આહાહા! શુધ્ધ આત્મા શુધ્ધ એક અખંડ અસ્તિત્વ વિદ્યમાન હોવા છતાં તે વ્યવહારના પ્રેમવાળાને, ભેદના લક્ષવાળાને અભેદ દેખાતો નથી. આહાહા!



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક વાર નિશ્ચયનય વડે વ્યવહારનયનો પ્રલય કરશે ત્યારે વ્યવહારનયનું જ્ઞાન સાચું થાશે. ત્યારે પર્યાયને પર્યાયરૂપ જાણશે. પર્યાયને આત્મારૂપ નહીં જાણે. એનું નામ વ્યવહારનું જ્ઞાન થયું કહેવાય. પહેલાં પર્યાયને આત્મારૂપ માનતો હતો, હવે દ્રવ્યને આત્મા માનવા માંડયો અને પર્યાયનો નિષેધ કર્યો કે પર્યાય તે અનાત્મા છે, મને પરદ્રવ્ય છે. અનુભવ થયા પછી એને પર્યાયનું જ્ઞાન થાય છે. દ્રવ્યના જ્ઞાનની સાથે પર્યાયનું જ્ઞાન થાય એને પણ અનેકાંત કહેવાય. આહાહા! (વ્યવહારના પ્રલયમાં નિશ્ચયનો જન્મ થાય છે.) હા,

ભેદનું લક્ષ રાખે અને વ્યવહાર ઊભો થયો એમાં અભેદ તિરોભૂત થઈ ગયો. દેખાતો નથી ને ભેદ જ દેખાય છે, પર્યાય જ દેખાય છે. સ્વાંગ દેખાય છે એને સ્વભાવ દેખાતો નથી. અને સ્વાંગને જ આત્મા માને છે. સ્વાંગથી રહિત સ્વભાવ દેખાણો નહીં એટલે સ્વાંગ સ્વાંગરૂપે ન દેખાય પણ સ્વાંગ સ્વભાવરૂપે દેખાય. જયારે સ્વાંગથી ભિન્ન આત્મા દેખાય ત્યારે સ્વાંગ સ્વાંગરૂપે જણાય. સ્વભાવરૂપે ન જણાય. રાગ રાગરૂપે જણાય પણ રાગ આત્મા છે એમ ન જણાય. રાગ આત્માનું કર્મ છે એમ ન જણાય. આહા! રાગ જણાય ખરો પણ રાગ પરપણે જણાય.

રાગી તો પુદ્‌ગલ છે, હું નહીં. બહુ પ્રયત્ન માગે છે. મીઠાભાઈ! (પરમ સત્ય) અનાદિકાળનો વ્યવહારનો પક્ષ. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે. આહા! અને જિનવાણીમાં પણ તેને નિશ્ચયનું હસ્તાવલંબ જાણી બહુ કરવામાં આવ્યો છે. 'જ્ઞાન તે આત્મા' આહા! એવો વ્યવહારનો ઉપદેશ નિશ્ચયનું હસ્તાવલંબ જાણી બહુ કરવામાં આવ્યો છે પણ એનું ફળ સંસાર છે. અને પ્રાણીઓ પણ પરસ્પર ઉપદેશ એનો આપે છે. પણ એનું ફળ સંસાર છે. ચાર પ્રકારથી વર્ણન કર્યું છે. આહા! અને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. એનો ઉપદેશ પણ વિરલ છે.

પણ આ સમયસાર શાસ્ત્રમાં મોક્ષનું કારણ જાણી અને એનો ઉપદેશ કરવામાં આવ્યો છે. આહા! અને એનું ફળ મોક્ષ છે. આહાહા! એ ભાવાર્થ બહુ સારો છે. (જ્ઞાનની પર્યાયને જ આત્મા માને છે. જ્ઞાન પ્રગટ થવાથી આત્મામાં શ્રદ્ધાન થવાથી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને પર્યાયરૂપ જાણે છે.) પર્યાયને પર્યાયરૂપ જાણે છે. પર્યાયનો પક્ષ નથી. પર્યાયનું જ્ઞાન છે. પર્યાયનો પક્ષ અજ્ઞાન છે અને પર્યાયનું જ્ઞાન વ્યવહાર છે. દ્રવ્યનું જ્ઞાન નિશ્ચય છે. અને જ્ઞાની નિશ્ચય વ્યવહાર બન્નેનો જ્ઞાતા થઈ ગયો. નિશ્ચય વ્યવહાર તેનો જ્ઞાતા. નયપક્ષ ગ્રહણ કરતો નથી. જેમ છે તેમ જાણ્યા કરે છે. થવા યોગ્ય થાય છે. એમ જાણ્યું, કોણે જાણ્યું? કે આત્માને જાણે છે તેણે.

આત્મા ઉપાદેયપણે જાણ્યો એટલે આ થવા યોગ્ય થાય છે. એટલે એમાં ઉપાદેયની દૃષ્ટિ થતી નથી. સ્વસ્વામી સંબંધ છૂટી ગયો છે. જ્ઞાતા-જ્ઞેયના વ્યવહારનો જન્મ થઈ ગયો છે. સ્વસ્વામી સંબંધ જ્ઞાયકની સાથે થયો ત્યારે પરની સાથે જ્ઞાતા-જ્ઞેયનો વ્યવહાર થયો. (એકદમ બરાબર. આત્માથી જો અભેદ થયો, આત્માથી જો અભિન્ન થયો તે પરિણામને ભિન્નરૂપ જાણે છે.) જાણે છે. આહા! પરિણામમાં અહં થતું નથી. ભિન્ન જાણે છે તો અહં ક્યાંથી થાય ? (અને ભિન્ન છે એટલે એને જાણવું વ્યવહાર છે.) એને જાણવું વ્યવહાર છે. (ભિન્નને જાણવું વ્યવહાર છે.) ભિન્નનું કરવું નથી. ભિન્નનું જાણવું છે બસ. (જે જ્ઞાન મને જાણે છે) એ જ્ઞાન પર્યાયને જાણે છે બસ. જાણે તો જાણો.

બહુ ઊંચા પ્રકારનો સ્વાધ્યાય છે હો! (બહુ ઊંચા પ્રકારનો) બહુ ઊંચો પ્રકાર છે. કેમ કે આ વિષય બહાર આવ્યો જ નથી. આ વિષય શાસ્ત્રમાં રહી ગયો. આ વિષય ગુરુદેવથી બહાર નથી આવ્યો. શાસ્ત્રમાં રહી ગયો છે. એમ. આ તો આપણે આપણી શકિત પ્રમાણે એનું અધ્યયન કરીએ છીએ. બાકી તો ભાવો તો અંદરમાં ઘણા ભર્યા છે. ગુરુદેવ જો ખોલે તો, આહાહા! હલાવી નાખે એકવખત હિંદને. પંડિતોના કાળજા ધ્રુજી ઊઠે. એવું છે આ. મોટા કાશીના પંડિત હોય ને ભણેલાં. આહા! ભણેલાંની ભૂલ છે આ.

આમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ન કરે ને પુણ્યથી ધર્મ ન થાય એ વાત જ નથી આમાં. આ તો ઊંડાણની વાત છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં – પર૬

## તા.૧૧/૧૨/૧૯૮૭

હવે પહેલો, બીજો ને ત્રણ પારા થયા. એમાં ત્રીજા પારામાં એમ વાત આવી કે વ્યવહારનય છે તે નિશ્ચયનયના વિષયને આચ્છાદિત કરે છે. તિરોભૂત કરે છે. જેમ સૂર્યના બિંબને રાહુ આચ્છાદિત કરે છે તેમ. એટલે એ તો વ્યવહારનો પ્રલય કરો ત્યારે નિશ્ચયની પ્રાપ્તિ થાય. કેમ કે વ્યવહાર તો આચ્છાદિત કરે છે. ઉપર વાત આવી ને કે આચ્છાદિત કરે છે. તેમાંથી હવે પ્રશ્ન આવ્યો.

**આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી,** તો પછી એટલે વ્યવહાર જો આચ્છાદિત કરતો હોય તો. **તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે?** પ્રશ્ન સમજાણો ને? કે જો વ્યવહાર છે તે નિશ્ચયને ઢાંકી દયે છે, આચ્છાદિત કરે છે. તો પછી વ્યવહારની વાત કરવાનું કારણ શું? પ્રયોજન શું? આવશ્યક શું ? જરૂર શું? શા માટે વ્યવહારની વાત કરો છો? કેમ કે નિશ્ચય રત્નત્રયના પરિણામ પોતે વ્યવહાર છે.વ્યવહારનો તમે પ્રલય કરો તો નિશ્ચય પ્રાપ્ત થાય. એટલે કે મોક્ષમાર્ગ પ્રગટ થાય. હેં? તો એય પણ વ્યવહાર થયો. તો એ વ્યવહારની આવશ્યકતા શું છે? તો સાંભળ.

**અસત્ય કલ્પના નિવૃત્તિ માટે,** એટલે વ્યવહાર રત્નત્રય તે મોક્ષનો માર્ગ છે એવી જે તમે મિથ્યાત્વની કલ્પનામાં ચડી ગયા છો એને, એનો નાશ એ માટે કરીએ પરિહાર માટે. નિયમસારમાં નહીં? (હા, ત્રીજી ગાથામાં) ત્રીજી ગાથામાં છે ને? સાર શબ્દ યોજેલ છે, કેમ કે વ્યવહારનો પરિહાર કરવો છે. એમ. (વિપરીતનો પરિહાર) વિપરીતના પરિહાર અર્થે સાર શબ્દ જોડવામાં આવ્યો છે. એમાં એમ કહે છે, અસત્ય કલ્પના નિવૃત્તિ માટે. એટલે વ્યવહાર રત્નત્રયથી મોક્ષ થશે એવી જે કલ્પનાએ જીવ ચડી ગયા છે તો એની નિવૃત્તિ માટે એક. અને એની નિવૃત્તિ માટે અને **સમ્યક્ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે.**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમાં બે અર્થ કર્યા કે વ્યવહારનો નિષેધ કરી સ્વઆશ્રિત નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય. પર્યાય છે એટલે એ પણ છે તો વ્યવહાર જ. (પણ એ વ્યવહાર અસત્ય કલ્પનાથી નિવૃત્તિ કરે છે.) નિવૃત્તિ કરે છે. એટલા માટે આવશ્યક છે. એમ જવાબ આપ્યો.

ઓલો વ્યવહાર છે એ તો આચ્છાદિત કરતો હતો. (આચ્છાદિત કરે છે.) અને આ તો આત્માને પ્રગટ કરે છે, પરમાર્થને. શું કહ્યું? (ઓલો તો આચ્છાદિત કરે છે.) ઓલો વ્યવહાર જે હતો એ વ્યવહારના પ્રેમમાં, રુચિમાં પડી ગયો હતો એ વ્યવહાર તો આચ્છાદિત કરતો હતો. પણ એ વ્યવહારનો જયારે પ્રલય કર્યો ત્યારે તો અનુભવ થયો. તો એ વ્યવહાર રત્નત્રય જે છે એની શું જરૂર છે? કે એ અસત્યની કલ્પનાનો પરિહાર કરે છે અને સત્ય મોક્ષમાર્ગ પ્રગટ કરે છે. માટે એ આવશ્યક છે. જરૂરનું છે એમ. કેમ કે પાછું કહેશે કે એ નિશ્ચય રત્નત્રય પરમાર્થની સિધ્ધિ કરે છે. આખું આમ લાઈન છે.

**અસત્ય કલ્પના નિવૃત્તિ માટે** એક. **અને સમ્યક્ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિધ્ધિ માટે, વ્યવહાર આવશ્યક છે.** આહાહા! મોક્ષમાર્ગ એ પણ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ પણ પર્યાય હોવાને કારણે તેને પરમાત્મા સદ્ભૂત વ્યવહાર કહે છે. બરાબર? સમ્યક્ રત્નત્રયથી, હવે લ્યો! લાઈન કલીયર કરે છે. સમ્યક્ રત્નત્રયથી પરમાર્થની સિધ્ધિ થાય છે. પરમાર્થ એટલે શુધ્ધઆત્માને બતાવે છે. નિશ્ચય રત્નત્રય છે એ શુધ્ધઆત્માને પ્રસિધ્ધ કરે છે. પરમાર્થની સિધ્ધિ કરે છે એમ. માટે આવશ્યક છે એમ. શું કહ્યું?

એક તો અસત્યની કલ્પનાની નિવૃત્તિ. વ્યવહાર આવશ્યક શા માટે? જો આચ્છાદિત હોય તો. તો એ આચ્છાદિત વ્યવહાર જુદો હતો. આ વ્યવહારેય જુદો છે. આ વ્યવહાર પરમાર્થની પ્રસિધ્ધિ કરે છે. ઓલો અશુધ્ધ વ્યવહાર આચ્છાદિત કરતો હતો. (વ્યવહાર રત્નત્રયના પરિણામથી આત્મા આચ્છાદિત થતો તો ) વ્યવહારના બે પ્રકાર. એક અસદભૂત વ્યવહાર અને એક સદભૂત વ્યવહાર. સદભૂત વ્યવહાર અસદભૂત વ્યવહારની નાસ્તિ-નિષેધ કરે છે. પરિહાર કરે છે. સમજી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયા? અને નિશ્ચય રત્નત્રયનના પરિણામ એ સદભૂત છે વ્યવહાર. પણ તે પરમાર્થની પ્રસિદ્ધિ કરે છે. અને ઓલો પરમાર્થને ઢાંકતો હતો.

ઓલો પરમાર્થને આચ્છાદિત કરતો હતો. પરાશ્રિત વ્યવહાર. અને આ સ્વઆશ્રિત વ્યવહાર છે. (ઓલો અસદભૂત વ્યવહાર હતો એ આત્માને ઢાંકી દેતો હતો.) ઢાંકી દેતો હતો. અને એનો જયારે તમે પ્રલય કર્યો, નાશ કર્યો ત્યારે નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થયા સ્વઆશ્રિત. હવે એ છે પર્યાય. પર્યાય છે એટલે વ્યવહાર. એ વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનયનો વિષય નથી. તો કહે છે કે વ્યવહારની શું આવશ્યકતા છે? કે આ આવશ્યકતા છે સાંભળ. એક તો અસત્યની કલ્પના છૂટી જાય એક. અને બીજું નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય બે. અને પરમાર્થની સિદ્ધિ કરે. એટલે પરમાર્થને બતાવે.

ઓલો વ્યવહાર રત્નત્રય ઢાંકતો હતો. નિશ્ચય રત્નત્રય આત્માને પ્રસિદ્ધ કરે છે. શાસ્ત્રજ્ઞાન આત્માને ઢાંકતું હતું. આત્મજ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે છે. શું કહ્યું? શાસ્ત્રજ્ઞાન, ઈન્દ્રિયજ્ઞાન (આત્માને) આચ્છાદિત કરતું હતું, તેનો કર્યો પ્રલય. બરાબર? ત્યારે નવું એક જ્ઞાન પ્રગટ થયું. એ જ્ઞાને કેને પ્રસિદ્ધ કર્યો? આત્માને. હવે એ છે તો વ્યવહાર, પર્યાય. (આત્મજ્ઞાનની પર્યાય છે તે વ્યવહાર છે.) એ વ્યવહાર છે. (અને તે આત્મજ્ઞાનની પર્યાય ઈન્દ્રિયજ્ઞાનનો તો પરિહાર જ કરે છે.) પરિહાર જ કરે છે. (અને આત્માને પ્રસિદ્ધ કરે છે.) આત્માને પ્રસિદ્ધ કરે છે માટે આવશ્યક છે એમ. (એણે બે કામ કર્યા.) બે કામ કર્યા. (અશુદ્ધ પર્યાયનો નિષધ કર્યો) નિષેધ કર્યો. અને આત્માને પ્રસિદ્ધ કર્યો. બે કામ કર્યા. એમ.

એટલે ઓલી મિથ્યા કલ્પના હતી વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં શુભભાવ કરતાં-કરતાં એ નીકળી ગયું બસ. બે કામ કર્યા એણે. અસત્યનો પરિહાર કર્યો અને પરમાર્થને પ્રસિદ્ધ કર્યો. સેટીકામાં આવે છે ને કે આત્મા પરને જાણે છે. એ તો આત્માનો નાશ થઈ જાય છે. ત્યારે આત્મા આત્માને જાણે છે એય વ્યવહાર છે. એ આત્મા જ્ઞાયક તો જ્ઞાયક છે. એ પર્યાય પ્રગટ થઈ એણે કેને પ્રસિદ્ધ કર્યો? જ્ઞાયકને.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રસિદ્ધ કરે છે તો પર્યાય જ. ભલે આત્મા થઈને પણ ભેદ અપેક્ષાએ તો પર્યાય પ્રસિદ્ધ કરે છે ને? અતીન્દ્રિયજ્ઞાન અથવા સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન છે પર્યાય, પ્રસિદ્ધ કેને કરે છે? (આત્માને) બસ. માટે આવશ્યક છે. આવશ્યક છે એટલે હોય છે એમ. એ જરૂરનું એટલું એ કથન પણ મર્યાદિત એ રીતે છે એમ. (કેમ કે આત્મા તો આત્માને પ્રસિદ્ધ કરતો નથી.) કરતો નથી. (પર્યાય જ આત્માને પ્રસિદ્ધ કરે છે.) બસ.

એટલે એણે બે કામ કર્યા, આત્માને પ્રસિદ્ધ કર્યો અને વ્યવહાર રત્નત્રયનો નિષેધ કર્યો. કે જે આત્માને આચ્છાદિત અનાદિથી કરતો હતો. આત્માને આચ્છાદિત કરતો હતો, ઢાંકતો હતો. તે રાહુની સમાન હતો. આહા! તે રાહુ નથી. નિશ્ચય રત્નત્રય રાહુ નથી. આત્મા સૂર્ય છે અને તે સૂર્યનું કિરણ છે. સૂર્યના પ્રકાશે પ્રકાશકને પ્રસિદ્ધ કર્યો. તે માટે વ્યવહાર બરાબર છે. હેં! કેવી સુંદર વાત છે. હેં? લોજીકથી બતાવે છે. (પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત)

**એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ,**
**પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત.**

એ આ. આ વ્યવહાર પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. છે નિશ્ચય રત્નત્રયના પરિણામ પણ છે પર્યાય. પર્યાય પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. માટે તે વ્યવહાર સમંત. ઓલો વ્યવહાર અસમંત. પરાશ્રિત અસદ્‌ભૂત વ્યવહાર અસમંત અને સદ્‌ભૂત વ્યવહાર સમંત. કેમ કે એણે બે કામ કર્યા. એક રાગનો નિષેધ કર્યો અને એક આત્માને પ્રસિદ્ધ કર્યો. આહાહા!

વિશેષ સ્પષ્ટીકરણ થાય છે. આ વખતે. હેં? થાય છે ને? આ તો નવું નવું આવ્યા જ કરે, આવ્યા જ કરે. આહા! (ભંડાર છે) ભંડાર છે. એ વ્યવહાર સમંત એકસેપ્ટ કર્યો છે તે આ. પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. પરમાર્થને ઢાંકે તે વ્યવહાર ન હોય. પરમાર્થનો ઘાતક તેને વ્યવહાર ન કહેવાય. પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. આહાહા! (વ્યવહાર રત્નત્રયના પરિણામ આત્માને ઢાંકે છે) સમ્યક્ રત્નત્રયથી પરમાર્થની સિદ્ધિ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે. કહ્યું ને? ઓલો નિષેધ ને પરમાર્થની (સિદ્ધિ) શુદ્ધાત્માને પ્રસિદ્ધ કર્યો. બસ. એટલો જવાબ આપ્યો.

**હવે, અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિદ્ધ છે.** એ તો અનાદિ અનંત શુદ્ધ છે. એની પ્રસિદ્ધિ માટે વળી આ વ્યવહારની શું જરૂર છે? (પોતાથી જ પ્રસિદ્ધ છે અને પોતાથી જ.....) પોતાથી, પોતાથી સ્વયં સિદ્ધ પરમાત્મા. સ્વભાવ સિદ્ધ છે એમ. અનાદિ અનંત સહજ સિદ્ધ છે. તો રત્નત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય? હેં! કેવો પ્રશ્ન છે? (સ્વભાવથી જ શુદ્ધ છે પછી શુદ્ધ કરવાની શું જરૂર છે?) તમે એમ કહો કે પર્યાય પણ શુદ્ધ થાય ત્યારે શુદ્ધ થાય તેમ તો છે નહીં. એ તો સ્વભાવથી શુદ્ધ છે. પર્યાય શુદ્ધ હો કે ન હો. પર્યાય શુદ્ધ થાય ત્યારે એની સિદ્ધિ છે? એ તો નિરપેક્ષ વસ્તુ છે એ તો સાપેક્ષ ક્યાં છે?

નિશ્ચય રત્નત્રયની પર્યાય પ્રગટ થાય ત્યારે જ પરમાર્થની સિદ્ધિ થાય? તો કહે ના, એમ નથી. એ તો પહેલેથી જ છે. તો પછી આની શું જરૂર પડી? (પ્રશ્ન બરાબર મૂક્યો છે?) પ્રશ્ન બરાબર મૂક્યો છે. (પરમાર્થ તો સ્વઆશ્રિત છે) તો પછી રત્નત્રય થઈને જ સિદ્ધિ થાય. પરથી સ્વની સિદ્ધિ થાય એમ કેમ બને? હેં? (ગજબ છે) ગજબ છે. અને વ્યવહાર કહેવો ને પાછી એ વ્યવહારથી નિશ્ચયની સિદ્ધિ. એ શું? એ તો સ્વભાવ થઈ જશે. એને નિશ્ચય રત્નત્રયની જરૂર નથી. કહે સાંભળ ભાઈ! ઉતાવળો થા મા. આહા!

**અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિદ્ધ છે. તો રત્નત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય છે? તેના ઉત્તરમાં કહે છે કે જો** સાંભળ હવે. પરમાર્થની સિદ્ધિ કરવાનું કારણ હવે. **તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને** એટલે કે શુદ્ધાત્માને **રત્નત્રયથી** એટલે નિશ્ચય મોક્ષમાર્ગથી સર્વથા ભિન્ન, શુદ્ધ પર્યાયને **સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય.** એટલે પરમાર્થનો જ અભાવ થઈ જાય. **અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય.** કેમ કે પર્યાય પોતે જો દ્રવ્ય થઈ જાય તો ભેદરૂપ વ્યવહાર રહેતો નથી.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સદ્ભૂત વ્યવહાર હો! નિશ્ચય રત્નત્રયના પરિણામ. ઓલી વાત કાઢી નાખી. શું કહ્યું?

એના ઉત્તરમાં કહે છે કે પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે, દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન છે. પણ જ્ઞાન અપેક્ષાએ સર્વથા ભિન્ન માનવામાં આવે તો? કહે છે કે દ્રવ્ય પર્યાય વિના હોય જ નહીં માટે દ્રવ્યનો જ નાશ થાય. દ્રવ્યનું અસ્તિત્વ જ ન રહે. જિનાગમમાં દ્રવ્ય પર્યાય જોડકું પરસ્પર સાપેક્ષ છે.

પર્યાયને સર્વથા ભિન્ન તું માન. આહાહા! સમ્યગ્દર્શનથી સર્વથા ભિન્ન માન તું, તો દ્રવ્યનો જ નાશ થાય. દ્રવ્ય ન રહે. કેમ કે દ્રવ્ય પર્યાય વિના ન હોય. પર્યાય દ્રવ્ય વિના ન હોય. પરસ્પર સાપેક્ષ જોડકું છે એમ. દૃષ્ટિના વિષયની વાત નથી. જ્ઞાનની વાત ચાલે છે. (કેમ કે હવે કથંચિત્‌ની વાત કરે છે ને?) કરે છે ને? એટલે આ જ્ઞાન પ્રધાન કથન છે. (જ્ઞાનની સિદ્ધિની વાત કરે છે.) દ્રવ્યની સિદ્ધિ કરે છે. (દ્રવ્યની સિદ્ધિ તો પર્યાયમાં હોય છે) અને પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. તો તો તું અન્યમતિ થઈ ગયો. તો તો સાંખ્યમત કહે છે તેવો તું થઈ ગયો. એવું નથી. હેં?

(જૈન દર્શનમાં આપ કહો છો ને બે વાત. એક શુદ્ધાત્માનું યથાર્થ સ્વરૂપ પણ બતાવે છે અને તેના અનુભવની યથાર્થ વિધિ પણ બતાવે છે.) વિધિ બતાવે છે.(બન્ને વાત સાથે સાથે છે) બે વાત જ કરવા જેવી છે. સમજવા જેવી છે, વિચારવા જેવી બે વાત છે. (એકદમ સાચી વાત છે.) ત્રીજી વાતનું આપણે શું કામ છે? (એ રીતે આત્માનો અનુભવ થાય. કથંચિત્‌માં આવે છે ત્યારે અનુભવ થાય છે.) સર્વથા ભિન્ન છે એ દૃષ્ટિના વિષયમાં બરાબર પણ કથંચિત્ અભિન્નમાં આવે ત્યારે અનુભવ થાય. સર્વથા ભિન્નમાં અનુભવ ન થાય. દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન, જ્ઞાન અપેક્ષાએ કથંચિત્ અભિન્ન એ તો પહેલેથી આવી ગયું.

ત્યાં તો દૃષ્ટિનો વિષય આપી દીધો. હવે જ્ઞાનનો વિષય શરૂ થયો. (દૃષ્ટિપૂર્વક આવું જ જ્ઞાન થાય છે.) થાય છે. (અભિન્ન તેથી પહેલું અભિન્ન લીધું. ધ્યેયપૂર્વક જ્ઞેય) સર્વથા જો ભિન્ન માનીશ તો દ્રવ્યનો નાશ થઈ જાશે અને સર્વથા અભિન્ન માનીશ તો નિશ્ચય મોક્ષમાર્ગનો નાશ થશે. કેમ કે તે આત્મા, તે તો એને આત્મા બનાવી દીધો.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(પર્યાય ધ્રુવ થઈ જાશે.) હા, પર્યાય ધ્રુવ થઈ જાશે તો મોક્ષમાર્ગ ક્યાં રહ્યો? મોક્ષ નહીં થાય. પર્યાયને અનિત્ય રાખ દ્રવ્યને નિત્ય રાખ. એટલે કથંચિત્ ભિન્ન અભિન્ન છે એ વાત બરાબર છે. એમ. અહીં સર્વથાનો નિષેધ કરે છે. (ઉપર કથંચિત્‌નો નિષેધ કર્યો) હા..... કથંચિત્‌નો નિષેધ કર્યો અહીં સર્વથાનો નિષેધ કર્યો. (કથંચિત્‌નો નિષેધ કર્યો તો ત્યાં દૃષ્ટિનો નિશ્ચય દીધો. સર્વથાનો નિષેધ કર્યો તો જ્ઞાનનો નિશ્ચય દીધો.) હા..... જ્ઞાનનો વિષય આવી ગયો. જ્ઞાનનો વિષય પલટી ગયો. (પર્યાયનો નિશ્ચય અહીં બતાવવો છે. ધ્યેયપૂર્વક જ્ઞેય એમાં પૂરો લીધો.) બસ ધ્યેયપૂર્વક જ્ઞેય બસ એ જ વાત છે. (બહુ સરસ, બહુ માલ ભર્યો છે.) માલ ભર્યો છે હો, ઘણો માલ ભર્યો છે. ઊંડપ છે. ઊંડપ છે ઊંડપ.

આમાં એકાંત જો ખેંચાઈ ગયો ને તો આ અર્થ ન કરી શકે. કહે ઈ તો ભિન્ન તો છે? ભિન્ન જો કહું તો દ્રવ્યનો નાશ છે એ તો આવતું નથી ઉલટું મને દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. ભિન્ન કહું સર્વથા તો બંધ ને મોક્ષથી સર્વથા ભિન્ન છું એમાં તો અનુભવ થાય છે. અને અહીંયા કહે છે સર્વથા ભિન્ન કર તો દ્રવ્યનો નાશ થઈ જાશે, આત્મા નહીં રહે. આ કહે છે એ બરાબર છે. (અનુભવ થાય છે ત્યારે પર્યાય ભિન્ન્ન રહે છે કે અભિન્ન રહે છે) અભિન્ન રહે છે. (કથંચિત્ અભિન્ન થાય છે) કથંચિત્ અભિન્ન થાય છે.

એટલે ધ્યેયપૂર્વક જે જ્ઞેય છે ને એ માલ છે. (માલ છે) માલ છે. માલ છે એમાં (પણ માલ છે એ એકદમ સાચી વાત છે ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે) થઈ જાય. એ કહે છે. (એ કહે છે) એ કહે છે. કેમ કે નિશ્ચય રત્નત્રય તો પ્રગટ થઈ ગયા. હેં? એ તો થઈ ગયું. હવે એ છે એ ભિન્ન્ન કે અભિન્ન? સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન? એ પ્રશ્ન આપણે ઊભો થયો એમ.

**તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને** એટલે દ્રવ્યને **પરમાર્થને** એટલે દ્રવ્યને **રત્નત્રયથી સર્વથા** કથંચિત્ ભિન્ન કહે તો વાંધો નથી. કથંચિત્ ભિન્ન કહે તો અમને મંજુર છે. પણ જો **સર્વથા ભિન્ન** તું માન, **માનવામાં આવે તો નિશ્ચયનો** એટલે કે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માનો **અભાવ થઈ જાય.** નિશ્ચયનો એટલે નિશ્ચયનયના વિષયનો. નિશ્ચયનય શબ્દ નથી. નિશ્ચયનો એટલે નિશ્ચયનયનો વિષય શુદ્ધાત્મા એનો અભાવ થઈ જાય. એ એક વાત કરી. સર્વથા ભિન્ન માનવામાં આવે તો, સર્વથા ભિન્ન માનવામાં આવે તો આત્મા નહીં રહે. અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો, આહાહા! કથંચિત્ અભિન્ન માનવામાં આવે તો તો બરાબર. પણ **સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય.** આહાહા! તો ઉત્પાદ ઉત્પાદમાં નહીં રહે, ઉત્પાદ ધ્રુવ થઈ જશે. કહે છે કથંચિત્ ભેદથી, જુઓ! આવ્યું કથંચિત્. ત્યાં પહેલાં કથંચિત્‌ને કાઢયું હતું. હવે કથંચિત્‌ને સ્થાપ્યું. હેં? શું કીધું? (કાઢીને જ સ્થપાય) હા, કાઢીને જ સ્થાપ્યું. (કાઢીને જ સ્થપાય છે) કાઢીને જ સ્થપાય છે. બરાબર. (પહેલાં તો કથંચિત્‌નો પ્રલય થયો પછી કથંચિત્ પ્રગટ થાય છે.) હા, પ્રગટ થાય છે. (એ આમ જાણે છે કથંચિત્) થાય જ છે. થાય જ છે. કથંચિત્‌નું જ્ઞાન આવ્યા વગર રહેતું નથી. **તેથી કથંચિત્ ભેદથી** એટલે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એમ. **તેની સિદ્ધિ થાય છે.** એમ.

ઉપર કહ્યું હતું ને? કે **અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિદ્ધ છે તો રત્નત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય છે?** કે રત્નત્રયથી જ કથંચિત્ ભિન્ન અભિન્નથી પરમાર્થની સિદ્ધિ થાય છે એમ. આત્માની સિદ્ધિ થાય છે. **તેમ આગમમાં કહ્યું છે.** લ્યો! એમાં આગમની સાક્ષી આપી. કથંચિત્ ભિન્ન અભિન્નથી આત્માની સિદ્ધિ થાય છે.

સર્વથા ભિન્ન ને સર્વથા અભિન્ન. આહા! સર્વથા ભિન્નથી આત્માનો નાશ થાય અને સર્વથા અભિન્નથી રત્નત્રય રહેતા નથી. રત્નત્રય કથંચિત્ અભિન્ન છે અને રત્નત્રય છે તે કથંચિત્ ભિન્ન છે. સર્વથા આત્માથી ભિન્ન નથી. પરિણામીથી પરિણામ કથંચિત્ ભિન્ન અભિન્ન છે. અપરિણામીથી સર્વથા પરિણામ ભિન્ન છે. પણ પરિણામીથી ? અપરિણામીની અપેક્ષાએ સર્વથા ભિન્ન છે. પણ જયારે આત્મા પરિણમે છે ત્યારે કથંચિત્ ભિન્ન અભિન્ન છે. અપરિણામી દષ્ટિનો વિષય છે અને પરિણામી જ્ઞાનનો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિષય થઈ ગયો, પ્રમાણનો. પ્રમાણમાં કથંચિત્ ભિન્ન અભિન્ન હોય. (પરિણામીમાં બે લાગે) પરિણામીમાં બે લાગે.

રત્નત્રયરૂપે પરિણમી ગયો ને? ત્યારે પ્રશ્ન ઉઠયો કે ભિન્ન છે કે અભિન્ન? કથંચિત્ ભિન્ન અભિન્ન. (એટલે પરિણામી છે તે કથંચિત્ છે.) પરિણામી છે તે કથંચિત્ ભિન્ન અભિન્નનો સ્વીકાર કરે છે. અપરિણામી નહીં. (અપરિણામી તો સર્વથા ભિન્ન છે.) સર્વથા ભિન્ન છે. (તો પરિણામીમાં કથંચિત્ ભિન્ન અભિન્ન હોય છે.) પરિણામીમાં લાગુ પડે છે બસ આ વાત છે. (કથંચિત્ પરિણામી છે અને કથંચિત્ અપરિણામી છે.) હા, એમ. આત્મા અપરિણામી પણ છે અને પરિણામી પણ છે. અપરિણામીમાં સ્યાદ્વાદ નથી. (એ તો પહેલાં આવી ગયું) પહેલાં આવી ગયું. (હવે જ્ઞાનમાં પરિણામી પણ કથંચિત્ અને અપરિણામી પણ કથંચિત્ છે.) હં... (પરિણામથી સાપેક્ષ જુઓ, પરિણામથી અભિન્ન જુઓ તો પરિણામી છે.)

નહીં, હવે જો પરિણામીમાં આવ્યો તો પરિણામીની વાત ચાલે છે. જો પરિણામી દ્રવ્ય થઈ ગયું, પરિણામી દ્રવ્ય થઈ ગયું તો પરિણામ ઉત્પન્ન થયા તે પરિણામ દ્રવ્યથી સર્વથા ભિન્ન છે કે કથંચિત્ ભિન્ન છે? (કથંચિત્ ભિન્ન અભિન્ન) હં... એમ કહ્યું. પરિણામી દ્રવ્યની અંદર વાત ચાલે છે. અપરિણામી તો રહી ગયો. ધ્યેયને અત્યારે અલગ રાખો. ધ્યેયના આશ્રયથી જો ધ્યાન થયું અને ધ્યાતા થયો. તો ધ્યાતા દ્રવ્ય છે તે પર્યાયથી, રત્નત્રયથી ભિન્ન છે કે અભિન્ન? સર્વથા ભિન્ન છે કે કથંચિત્ ભિન્ન છે? કથંચિત્ ભિન્ન છે કે સર્વથા ભિન્ન છે? તે વાત ચાલે છે.

(ધ્યાતાની વાત, બરાબર છે.) ધ્યાતા થયા પછીની આ વાત છે. ધ્યેયમાં તો ઉપર બધું કાઢી નાખ્યું. એમાં તો કથંચિત્ નથી. પણ જયારે સમ્યગ્દર્શન થાય છે ને બેન! ત્યારે જ કથંચિત્ તો લાગુ પડે છે. સાધકને કથંચિત્ લાગુ પડે છે. નિશ્ચય રત્નત્રય પ્રગટ થયા એને લાગુ પાડયું. વ્યવહાર રત્નત્રયનો તો પરિહાર કર્યો એ તો આત્માના પરિણામ જ નથી. પણ જે આત્માથી જ આત્માના પરિણામ થયા એ આત્માથી ભિન્ન કે અભિન્ન? (કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન) હં.... એમ. પ્રશ્ન એ છે. સમજાણું?



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણામી દ્રવ્યની વાત છે.

નિશ્ચય રત્નત્રયરૂપે આત્મા પરિણમે છે તો એ પરિણામ સ્વઆશ્રિત પરિણામ થયા એ આત્માથી આત્મદ્રવ્યથી સર્વથા જો ભિન્ન માનવામાં આવે તો આત્માનો નાશ થશે. આત્મા રહ્યો નહીં. કેમ કે આત્મા પરિણામી છે. પરિણામ વિનાનો આત્મા ન હોય. લે! આ તો જે વિષય ચાલતો હોય તે વિષયથી સમજવું. અત્યારે અપરિણામી છે એ ડીપોઝીટ રાખો. (કોના વકીલ છે તે સમજી લ્યો.) હં.... સંતોના. (જ્ઞાનના વકીલની વાત છે) આ જ્ઞાનપ્રધાન કથન છે. અત્યારે જ્ઞાનની વકીલાત હં...... અત્યારે દૃષ્ટિની વકીલાત જ્ઞાન નથી કરતું. (આમ તો કથંચિત્ લાગે જ્ઞાનનો વિષય ચાલે તો) જ્ઞાન અત્યારે ગ્રીપ લ્યે છે જ્ઞાનની. પ્રમાણ જ્ઞાનની, પરિણામી દ્રવ્યની. આહાહા!

એટલે વાત એમ છે કે થોડોક જો મધ્યસ્થ થાય તો સમજાય એવું છે. કેમ કે આમાં જો આવ્યું કે સર્વથા ભિન્ન છે એ વાત અમારી શ્રદ્ધામાં છે તે તો સાચી છે. આમાં કેમ એનો નકાર કરે છે? આમાં તો નિષેધ કર્યો છે જુઓ. જો સર્વથા ભિન્ન માનીશ તું, તો આત્માનો નાશ થશે. તો ઓલો દૃષ્ટિના પક્ષવાળો કહે છે સર્વથા ભિન્ન થાય તો દૃષ્ટિ પ્રાપ્ત થાય. આ કહે સર્વથા ભિન્ન માનીશ તો આત્માનો નાશ થશે તો દૃષ્ટિ કયાંથી તને પ્રગટ થશે? માટે તું જ્ઞાનપ્રધાન કથનથી જો તો કથંચિત્ ભિન્ન અભિન્ન છે. દૃષ્ટિ પ્રધાન કથનથી જો તો સર્વથા ભિન્ન તારી વાત સાચી છે.

પણ સર્વથા ભિન્નનું ફળ શું આવ્યું? કથંચિત્ ભિન્ન અભિન્ન. સર્વથા ભિન્નની વાત સાચી છે. એ વાત તારી રાખીને અમે કહીએ છીએ. પણ હવે બીજું પડખું જો તું. નહિંતર એકાંતનો દોષ લાગશે. એ જે સીંતેર માણસોએ ભૂલ ખાધી'તી ને? ત્યાં ઘાટકોપરમાં તે આ. સર્વથા ભિન્નમાં ચડી ગયા. સર્વથા ભિન્ન દૃષ્ટિના વિષયમાં બરાબર જ છે. આ ચીમનભાઈએ પણ ભૂલ ખાધી હતી. ચીમનભાઈને મેં ચેતાવ્યા. શાંતિભાઈ ઝવેરીના બાપાને. ન સમજયા તે. દ્રવ્ય દૃષ્ટિ પ્રકાશ વાંચીને મસ્તી ચડી ગઈ.

હવે આવી વાત કરે કે પર્યાય દ્રવ્યને અડતી નથી. પ્રવચનસારમાં અલીંગગ્રહણના વીસ બોલમાં. દ્રવ્યને પર્યાય અડતી નથી. અને છેલ્લા બોલમાં કહે કે પર્યાય તે આત્મા



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. હવે કેવી રીતે સમજે ? બોલો! પર્યાય, તે પર્યાય કેવી લીધી ખબર છે? અભેદ નહીં સામાન્યને ન અડે એવી. સામાન્યથી અનન્ય થાય એ તો આત્મા છે. પણ વીસમા બોલમાં શું કહ્યું ખબર છે? કે સામાન્યને નહીં આલિંગીત કરતી એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. લે હવે શું કરવું? બેન સમજાણું? બરાબર છે ને. (જેમ છે એમ જાણવું) જેમ છે એમ જાણવું જોઈએ. સંતોની પાછળ પાછળ ચાલવું. સંતોથી આગળ હળી (દોટ) ન મૂકવી. સંતોને સાથે રાખવા સાધનામાં. આત્માની સાધનામાં સંતોને સાથે રાખવા. જે અપેક્ષાએ કહેતા હોય તે અપેક્ષાએ સમજતાં જ્ઞાન નિર્મળ થઈ જાય છે. લાભ થાય છે. નુકસાન નથી થતું. (એમાં એમ કીધું કે જો પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય છે. એટલે સર્વથા ભિન્ન માનવું નહીં એટલે કથંચિત્ અભિન્ન માને ત્યારે જ નિશ્ચયનો અનુભવ થાય છે.) અનુભવ થાય છે. (એ નિશ્ચયનો અનુભવ થાય છે ત્યારે જ નિશ્ચયની પ્રસિદ્ધિ થાય છે.) પ્રસિદ્ધિ થાય છે. ત્યારે આત્માની પ્રસિદ્ધિ થાય છે.

(આપ કહો છો ને કે પર્યાયને અડવા જ ન દે તો આત્માનો અનુભવ કેવી રીતે થાય?) કેવી રીતે થાય? એમ નથી. (આપ હાથનું દૃષ્ટાંત આપો છો ને?) આપું છું ને. (પાણીને દૂર રાખે તો જલન કેવી રીતે મટશે? દૂર દૂર રાખે તો જલન નહીં મટે.) નહીં મટે. (કેવી સરસ વાત છે. હાથ પણ છે હાથમાં જલન છે, બરફની પાટ પણ છે.) તે પાટ અને હાથ બે અલગ રહી ગયા અને જલન નીકળી ગઈ. શું કહ્યું? (પાટ અને હાથ અલગ રહી ગયા.) અલગ રહી ગયા અને જલન નીકળી ગઈ. પર્યાય રહી ગઈ અને દ્રવ્ય રહી ગયું. અને આકુળતા (મટી ગઈ) લે, હવે એ તને ફાયદો થયો. ક્યાં પર્યાયનો નાશ થયો ને ક્યાં દ્રવ્યનો નાશ થયો? બેય રહ્યા. બેય રહ્યા. ઉપાધિ, આકુળતા નીકળી ગઈ. તને આનંદ આવશે લે! હાથ મૂક્યો અહીંયા (બરફની પાટ ઉપર) ત્યાં હાથ છે તે બરફરૂપ થઈ ગયો? અને બરફ હાથરૂપ થઈ ગયો? તો હાથ મૂકવાથી ફાયદો શું થયો ખબર છે? આકુળતાનું જલન નીકળી ગયું.

કહે સાહેબ અમારો હાથ બરફરૂપ થઈ જશે તો? કહે નહીં થાય સાંભળ. પર્યાય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્યરૂપ નહીં થાય. આ પર્યાય વચ્ચે આકુળતા નીકળી જશે તને લાભ થશે. (તું હાથ રાખીને તો જો) જો. (જ્યાં સુધી દૂર રહ્યો ત્યાં સુધી કલ્પના આપે છે. તું હાથ રાખીને જો જરા.) હાથ રાખીને જો. કે બળતરા ગઈ કે નહીં? અને બળતરા ગઈ તો હાથનો નાશ થઈ ગયો કે રહી ગયો? હાથ તો રહી જશે. ઉત્પાદ તો રહી જશે. ઉત્પાદની ઉપાધિ નીકળી ગઈ. ઉત્પાદ ને ધ્રુવ તો રહ્યા. ઉત્પાદ ઉત્પાદરૂપ છે અને ધ્રુવ તો ધ્રુવરૂપ છે. જલન નીકળી ગઈ ને, બીજું શું નીકળ્યું? હાથનો અભાવ થયો? બરફનો અભાવ થયો? (દૃષ્ટાંતમાં પણ રહસ્ય છે.) આ દૃષ્ટાંત આપ્યો ત્યાં તો બધા ઠંડાગાર થઈ ગયા હો! આહાહા! વાત સાચી છે. આપણે ભૂલાવામાં પડી ગયા હતા. આપણે હાથને આમ દૂર જ રાખતા હતા. અને બળે છે, બળે છે, બળતરા, બળતરા, બળતરા. હવે બળતરા દૂર કરવી છે. એ તો બધાનું કામ છે અને હાથને દૂર રાખે છે. ભગવાન શીતળ સ્વભાવી આત્મા છે. અડવા દેતો નથી હાથને. પર્યાય સર્વથા ભિન્ન, સર્વથા ભિન્ન. અરે! સર્વથા ભિન્નપૂર્વક કથંચિત્ અભિન્નમાં આવ તો અનુભવ થશે લે. કથંચિત્ અભેદ વિના અનુભવ ન થાય. અમેય કથંચિત્ લગાડીએ છીએને? ક્યાં અમે સર્વથા કહીએ છીએ. (અરે! સર્વથા તો કહેવાય જ નહીંને?) હં... અમે કથંચિત્ કહીએ છીએ તું અમારી વાત તો સાંભળ ભલા ભાઈ? જલન નીકળી ગઈ હાથ રહી ગયો ને બરફ રહી ગયો. એટલે દ્રવ્ય રહી ગયું ધ્રુવ અને ઉત્પાદ રહી ગયો. ઉત્પાદની ઉપાધિ નીકળી ગઈ. (સંસાર નીકળી ગયો) સંસાર ગયો. આહાહા!

ચાલતી વાતથી થોડી ઉલટી (વાત) છે આ. ચાલતી વાત જો દૃષ્ટિના વિષયના જોરે ચડી ગઈ હોય તેને આ ઘડીકમાં બેસે નહીં. (જાહેરમાં સાહેબ આ જ લેવા જેવું છે.બધો માલ છે ને. ને એમાં થોડું આમ જુદા પ્રકારથી બધું છે.) જુદા પ્રકારથી છે. (ત્રણસો વીસ ગાથામાં આ વિષય લીધો છે અભિન્નનો, પર્યાયથી અભિન્ન. એમાં દ્રવ્યનો નાશ થાય છે. એમાં એમ કીધું કે જો પર્યાયથી દ્રવ્ય અભિન્ન હોય) સર્વથા અભિન્ન થાય તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય એમ. (આમાં મોક્ષમાર્ગનો નાશ થાય) આમાં મોક્ષમાર્ગનો નાશ થાય એમ. ઓમાં દ્રવ્યનો નાશ થાય, આમાં મોક્ષ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માર્ગનો નાશ થાય.

અહીંયા શું કહે છે સર્વથા ભિન્નમાં, તો જે ઉત્પાદ ભિન્ન છે એ તો રહ્યો નહીં. ઉત્પાદ પાછો દૂર થઈ ગયો તો મોક્ષમાર્ગ નથી રહેતો એમ અહીંયા કહે છે. અહીંયા મોક્ષમાર્ગનો નાશ થાય છે. ઓમાં દ્રવ્યનો નાશ થાય છે. એટલો ફેર છે બેમાં. (અહીંયા કહે છે કે સર્વથા ભિન્ન માને તો દ્રવ્યનો નાશ થાય) દ્રવ્યનો નાશ થાય. અને ઓમાં સર્વથા જો ભિન્ન માને ત્યારે દ્રવ્યની પ્રાપ્તિ થાય. એમાં બેયમાં ફેર છે ને? ત્યારે? છે ને? (ત્યાં દૃષ્ટિની મુખ્યતા) અહીંયા જ્ઞાનની મુખ્યતા છે. વાત એટલી જ છે.

દૃષ્ટિની મુખ્યતામાં સર્વથા ભિન્ન લેવું અને જ્ઞાનની વાત આવે ત્યારે કથંચિત્ ભિન્ન અભિન્ન લઈ લેવું. આ સ્યાદ્‌વાદનો જન્મ થયો. સ્યાદ્‌વાદનો જન્મ થાય છે એ જ્ઞાન આમ જાણે છે એમ. અનુભવ જ્ઞાન છે આ. આ ભાવશ્રુત જ્ઞાન છે. ત્યારે ભાવશ્રુત જ્ઞાનમાં આમ જણાણું એ શાસ્ત્રમાં લખ્યું છે. (આપે જયપૂરમાં લીધું હતું સર્વથા અભિન્ન માને તો ગુણસ્થાનની સિદ્ધિ નથી થતી.) ખલાસ થઈ ગયું. (મોક્ષની સિદ્ધિ નથી થતી.) નહીં, કાંઈ મોક્ષની સિદ્ધિ કયાં થાય? આત્મા જ ન રહ્યો. (સર્વથા અભિન્ન માને તો) હા, સર્વથા. (સર્વથાની વાત કરું છું ને? સર્વથા અભિન્નની) સર્વથા જો પર્યાયને અભિન્ન માને તો ગુણસ્થાનની પરિપાટી ન રહે. એમ. (વ્યવહારનો અભાવ થઈ ગયો. ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ ગયો) હા, આહાહા!

સંતોની કોઈ વાત છે ઉંડપ? હેં? ઉંડપ. (આપની કોઈ સમજાવવાની રીત છે! હાથ રહી જાય હાથની જલન મટી જાય) એમાં કોઈ ના પાડી શકશે? કોઈ કહે કે હાથ બળી ગયો, બરફ ઉપર મૂકયો હાથ ખલાસ થઈ ગયો. એમ હોય કોઈ દિ'? (જલન ખલાસ થઈ ગયું) જલન ખલાસ થઈ ગયું. (અભિન્ન થાય છે કથંચિત્ તો ભિન્ન તો તેમાં કાયમ રહે છે) કાયમ રહે છે. (સર્વથા એક નથી થતા) નહીં એકમેક કયાં છે? બરફનો હાથ ન થાય અને હાથનો બરફ ન થાય. ધ્રુવ ઉત્પાદ ન થાય અને ઉત્પાદરૂપ કાંઈ ધ્રુવ ન રહ્યું. જેમ છે તેમ છે. બે ધર્મો એના. (હું ઉત્પાવ્યયધ્રુવ છું એમ અનુભવ કરે તો બધું એને સમજાય જાય.) સમજાય જાય. થોડુંક મધ્યસ્થ થઈને એણે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દૃષ્ટિપૂર્વક જ્ઞાનમાં આવવું પડશે. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે એ જ્ઞેય થાય છે એનો નિષેધ ન કરાય. (નહીં કરાય. આ ધ્યેયપૂર્વક જ્ઞેયની વાત તો ગજબ છે.) ધ્રુવનું ધ્યાન કરતાં ઉત્પાદવ્યય-ધ્રુવનું જ્ઞાન થાય છે. (જ્ઞાન થાય છે હા) એમ અમે કહીએ છીએ. ત્યારે? એની શ્રદ્ધા થાય છે એમ અમે કયાં કહીએ છીએ? (દૃષ્ટિના પક્ષવાળાનું માન ગળી જાય છે અને જ્ઞાનના પક્ષમાં ચડી જાય તેનું પણ માન ગળી જાય છે.) માન ગળી જાય છે. (મધ્યસ્થ થઈ જાય છે.) મધ્યસ્થ થઈ જાય છે. અનુભવ થઈ જાય છે બસ. આ બધું સમજે તો અનુભવ જ થાય ને? પક્ષાતિક્રાંત થઈ જાય છે. (કોઈ એમ કહે કે લાલુભાઈ પર્યાયને માનતા જ નથી. અરે! પર્યાયને માને છે જો તો ખરા તું?) અમારા ઉપર આક્ષેપ છે ને? આક્ષેપ છે પર્યાયને ઉડાડે છે, પર્યાયને માનતા નથી. હોય, હોય તો હોય. (આ પર્યાયને સ્થાપી) પર્યાયને કેવી સ્થાપી? ત્યારે? (અનુભવ થઈ જાય એવી) એવી.

શ્રીમદનો ટુકડો સરસ છે.

'જયાં જયાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,<br>ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન તેહ.'

આત્માર્થીનું કામ ત્યાં જે રીતે કહ્યું હોય અપેક્ષાથી તે અપેક્ષા પોતાના જ્ઞાનમાં લઈ લેવી જોઈએ કે અહીંયા શું અપેક્ષાથી કથન કરે છે, શું અહીંયા સિદ્ધ કરવું છે. બસ. એ અવળ ચવળ પારો છે એટલે જરા સમજવા જેવો છે આ.

**પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે,** આહાહા! **તો નિશ્ચયનો અભાવ થઈ જાય. અને સર્વથા અભિન્ન માનવામાં આવે** સર્વથા ભિન્ન ને સર્વથા અભિન્ન. એનો પરિહાર. (સર્વથાનો પરિહાર) સર્વથાનો પરિહાર કરે છે. કથંચિત્ સ્થાપે છે. **અને સર્વથા અભિન્ન માનવામાં આવે** ઉત્પાદવ્યયધ્રુવ એક જ છે. ઉત્પાદવ્યયધ્રુવ બીજા નથી. બે નથી. બે સત્ નથી. એક સત્ છે. તો તો ભૂલ થાય છે તારી. બે સત્ છે. સાંભળ. **સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય.** નિશ્ચય રત્નત્રયનો અભાવ થઈ જાય. **તેથી**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કથંચિત્ ભેદથી** કથંચિત્ ભેદ અભેદથી **તેની સિદ્ધિ થાય છે.** કેની? પરમાર્થની. આહાહા! **એમ આગમમાં કહ્યું છે.** કથંચિત્થી સિદ્ધિ થાય છે. (કથંચિત્ એક સત્તા છે અને કથંચિત્ બે સત્તા છે) હા, એમ. બરાબર. (એનાથી પરમાર્થની સિદ્ધિ થાય છે.) સિદ્ધિ થાય છે.

થઈ ગયો ટાઈમ કે લેવું છે? છે ને ટાઈમ? લઈએ ચાલો. (આપને થાક લાગે તો...) ના, મને કાંઈ વાંધો નથી. બરોબર છે. આજે જરા ભાઈએ નાસ્તો વધારે ખવડાવ્યો છે એટલે સારું છે. હેં? કાંઈ વાંધો નહીં. કાંઈ વાંધો નહીં. એ તો હળવી વાતો થાય તો ઉતરી જાય ને? ઘડીએ ઘડીએ બંધ થોડું થાય? આવી રીતે એનું કાંઈ ધ્યાન રહેતું નથી. આ ઉતરે છે કે નહીં એનું ધ્યાન ન રહે.

આવી રીતે આત્મા જ્યાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે એટલે કે તત્ત્વને જાણે છે, ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ જ છે. પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતિક્રાંત છે. હવે ટોટલ મારે છે. ઉપરની બધી વાત જે કરી સ્યાદ્વાદ નથી, પછી કહે સ્યાદ્વાદ છે. કથંચિત્ આમ તેમ. એ બધું જે અમે સમજાવ્યું એ બધું વિકલ્પાત્મક ભૂમિકામાં છે. એ પરોક્ષ અનુભવ છે તમને. તમે નિર્ણયમાં આવ્યા. એમ કહે છે. સમજાણું? તમે આ બધો વિચાર કર્યો તેમાં તમારો નિર્ણય થયો. પણ તેમાં પક્ષાતિક્રાંત ન થવાય. પછી પક્ષાતિક્રાંત થાય. જો હવે એ વાત કરે છે.

**આવી રીતે આત્મા જયાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા** વ્યવહાર દ્વારા અને નિશ્ચય દ્વારા, પર્યાય દ્વારા અને દ્રવ્ય દ્વારા, સર્વથા ભિન્ન, કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન એ બધા પડખા તમે જોયા જાણ્યા એના દ્વારા **તત્ત્વનો અનુભવ કરે છે.** અનુભવ કરે છે **એટલે તત્ત્વને** જેમ છે તેમ **જાણે છે.** આ પરોક્ષ અનુભવ છે. (એટલે?) આ નિર્વિકલ્પ અનુભવ નથી. ઉપરની બધી વાત જે અમે અત્યાર સુધી કહી, ચૂકતે. એ જેમ છે તેમ જો તમે જાણો તો તત્ત્વનો પરોક્ષ અનુભવ સાચો થયો. અનુભવ એટલે પરોક્ષ જ્ઞાન તમને થયું. હજી પ્રત્યક્ષ જ્ઞાન નહીં.

આનાથી ઉપરમાંથી જો તમે આઘુ પાછું કરશો તો પરોક્ષ અનુભવ ખોટો છે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તમારો. (પરોક્ષેય નથી) હં... પરોક્ષેય નથી. (ઉપર દષ્ટિનો વિષય બતાવ્યો) પછી જ્ઞાનનો વિષય બતાવ્યો, તમે બેય સ્વીકાર કરજો ભાઈ! બેય છે તેમ જાણજો. હવે જાણ્યા પછી એ જાણવામાં તો પક્ષ આવી ગયો, વિકલ્પ છે. વિકલ્પાત્મક જ્ઞાનમાં તમે આ લીધું. એમ. એમાં સાધ્યની સિધ્ધિ નથી. આગળ વધવાનું છે હવે એમ.

**આવી રીતે આત્મા જયાં સુધી,** આત્મા એટલે હજી સ્વભાવની સન્મુખ છે. સમ્યકની સન્મુખવાળો જીવ લીધો છે. એવો જીવ. સમજી ગયા? (હજી પક્ષમાં છે) હજી પક્ષમાં છે. પક્ષાતિક્રાંત થયો નથી. નિર્ણયની ભૂમિકા છે. **વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે.** એટલે નિર્ણય કરે છે. સમજી ગયા? અનુભવ એટલે નિર્ણય કરે છે. **એટલે કે તત્વને જેમ છે તેમ જાણે છે.** ત્યાં સુધી હં..ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે. **ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ જ છે.** આહાહા! **પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતિક્રાંત છે.** આહા!

બદ્ધ-અબદ્ધ, કર્તા-અકર્તાના બધા વિચારો કર્યા, નિર્ણય કર્યો. એ નયપક્ષ છે હજી એમ. તમે અનુમાનથી બરાબર છે એમ જાણ્યું. દષ્ટિનો વિષય, જ્ઞાનનો વિષય, ભિન્ન-અભિન્ન, કથંચિત્ એ બધું તમે લીધું એ બરાબર છે. પણ એ બધી પરોક્ષ અનુભૂતિ છે. એટલે સવિકલ્પ ભેદજ્ઞાન. એને સવિકલ્પ ભેદજ્ઞાન. પ્રત્યક્ષ અનુભૂતિ તો નયપક્ષથી એટલે વિકલ્પ માત્ર છૂટવા જોઈએ. આ બધા વિકલ્પથી તમે નિર્ણય કર્યો. વિકલ્પથી નિર્ણય કર્યો, એમ નિર્ણય કર્યો. પણ અનુભવના કાળમાં નિર્ણય છૂટે ત્યારે પ્રત્યક્ષ અનુભૂતિ કહેવાય. પક્ષાતિક્રાંત. (જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ નિર્ણયમાં લ્યે છે....) હા, નિર્ણયમાં લ્યે છે. વિચારકોટિમાં લીધો. બરાબર એના જ્ઞાનમાં બેસાડયું કે આ દષ્ટિનો વિષય, આ જ્ઞાનનો વિષય, આ અનુભવ, કથંચિત્ ભિન્ન-અભિન્ન એ રીતે બધા પડખા એણે ખ્યાલમાં ઈ લીધા.

હવે પ્રશ્ન થાય છે કે વ્યવહાર ને નિશ્ચય, વ્યવહારનય અને નિશ્ચયનય દ્વારા તત્ત્વનો અનુભવ ને નિર્ણય કરે છે. તો પછી **જો એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજયતાને પ્રાપ્ત થાય છે.** તો બેય પૂજય થઈ ગયું. **નહીં એમ નથી.**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કારણ કે વ્યવહાર પૂજ્યતર છે.** વ્યવહાર એટલે નિશ્ચય રત્નત્રયના પરિણામ હો? હં. એ પૂજ્યતર છે અને નિશ્ચય પૂજ્યતમ છે. આહાહા!

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે. એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી?** તમે એકલા નિશ્ચય રત્નત્રયના પરિણામને પૂજ્યતર કહ્યું અને એકલા નિશ્ચયને પૂજ્યતમ કહ્યું. તો મારો પ્રશ્ન થાય છે કે વ્યવહાર ને નિશ્ચય તથા અનુભય બે માંથી કાંઈ નહીં એવું એમ. બે માંથી કાંઈ નહીં એવો અનુભવ. ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે. પ્રમાણજ્ઞાન જેનું લક્ષણ છે. જે બેયને ગ્રહણ કરે છે. એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી? પ્રમાણ પૂજ્ય કેમ નથી?

તમે નિશ્ચય રત્નત્રયને પૂજ્યતર કહ્યું, નિશ્ચયને પૂજ્યતમ કહ્યું, તો બેયને ગ્રહણ કરનારો જે વ્યવહાર એ પૂજ્યતમ કેમ નથી? પૂજવા યોગ્ય કેમ નથી? બે નો આશ્રય કેમ ન કરવો? એકનો આશ્રય કરતાં પૂજ્યતમ છે. આશ્રયભૂત તત્ત્વ પૂજ્યતમ છે. અને આશ્રયથી પરિણતિ પ્રગટ થઈ તે પૂજ્યતર છે. તો બેય પ્રમાણ કેમ પૂજાવા યોગ્ય નથી? એનો બેયનો આશ્રય કેમ નહીં? એકનો આશ્રય અને એકના આશ્રયથી થયેલું ફળ. ફળ આવે તે પૂજ્યતર છે અને જેના આશ્રયે થાય છે તે પૂજ્યતમ છે. તો બેયને ગ્રહણ કરે તેવું આ પ્રમાણજ્ઞાન. બેયનો આશ્રય કેમ ન કરવો? એકનો કેમ આશ્રય કરવો? આ એક પ્રશ્ન થયો. એનો ઉત્તર હવે આવશે. (પ્રશ્ન પણ સારો કરે છે) નિશ્ચય અને વ્યવહાર બેય કેમ ગ્રહણ ન કરવું? કે એમાં ગ્રહણ ન કરવું, કેમ કે એમાં હેય તત્ત્વ બતાવ્યું અમને. તો એમાં પ્રમાણ પૂજ્ય કરી લઈએ. તો બતાવ હેય તત્ત્વ? તો તું બેયને પૂજ્ય કહીશ તો હેય તત્ત્વ રહેશે નહીં.

એમ કહેશે કે એ પૂજ્ય નથી. કેમ કે એમાં વ્યવહારનો નિષેધ આવતો નથી. કેમ કે ઓલું જે એ કહ્યું'તુંને પરોક્ષ અનુભૂતિ એમાં વિકલ્પ છે ને? વિકલ્પ છે ને? એનો નિષેધ નથી આવતો એટલે પક્ષાતિક્રાંત નથી થાતો. છે લેશું હવે. છે અવળ-ચવળ જરા.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(વિકલ્પમાં કોનો નિષેધ નથી આવતો) નિર્ણયનો વિકલ્પ કર્યો ને? નિર્ણયનો વિકલ્પ કર્યો તે ક્રિયા. (ક્રિયા છે.) હા, ક્રિયા છે. તેમાં નિષેધ નથી આવતો. પ્રમાણજ્ઞાનમાં તો બધું આવી જાય છે. અસદ્ભૂત વ્યવહાર અને સદભૂત વ્યવહાર અને નિશ્ચય બધું આવી જાય છે. તે વ્યવહાર, નિશ્ચય અને અનુભય બેય સિવાયનું બધુંય. બધુંય આવી જાય છે, તો એવો પ્રમાણ પૂજ્ય કેમ નથી? આગમ પદ્ધતિ, અધ્યાત્મ પદ્ધતિ અને પરમઅધ્યાત્મ એ ત્રણેય લઈ લ્યો! પ્રમાણજ્ઞાનમાં તો બધું છે. (નિષેધ નથી આવતો) એમાં ક્રિયાનો નિષેધ નથી. વ્યવહાર ક્રિયાનો નિષેધ નથી. એટલે અસદ્ભૂત વ્યવહાર જે છે. પરાશ્રિત વ્યવહાર તેનો નિષેધ નથી આવતો માટે પૂજ્ય નથી.

(પણ તેમાં તો સદભૂત વ્યવહાર લીધો છે ને?) એમાં સદભૂત વ્યવહાર લીધો પણ એમાં કીધું ને કે, આ તો બધું તમે નિર્ણય કર્યો છે. તમે પક્ષાતિક્રાંત ક્યાં થયા છો? (નહીં એનો પ્રયત્ન એવો છે કે જો વ્યવહાર પૂજ્યતર તમે બતાવ્યો અને પૂજ્યતમ નિશ્ચય એ બન્ને પ્રમાણને અમે પૂજ્ય માનીએ તો તેમાં શું દોષ છે?) બેય અનુભય સાથે લીધા સાથે. એ સિવાય એમાં બીજો પણ વ્યવહાર આવી જાય. (એમ?) હા, હેં? (અનુભયમાં એ લેવું?) હા, બે સિવાય બીજું. અન-ઉભય, બે સિવાય તેનો અંદર વ્યવહાર આવી જાય છે. (તે પણ લેવાનું છે) લેવાનું છે. એટલા માટે એમાં કહે છે કે વ્યવહારનો નિષેધક નથી, ક્રિયાનો નિષેધક નથી શુભભાવની ક્રિયા.

એ જવાબ આપશે. અન-ઉભય એ બે સિવાય બીજો પણ અંદરમાં વ્યવહાર છે. હં....જવાબ કાઢો જવાબમાં નીકળશે. જવાબમાં એ નીકળશે. આમેય પણ એ બેને વ્યવહાર પ્રમાણ કહે તો પણ ઉપાદેય નથી. એ ઉપાદેય નથી. જવાબ આપી શકાય. (કેમ કે પર્યાય સહિત દ્રવ્ય થઈ ગયું તો તે ઉપાદેય નથી.) ઉપાદેય નથી, આશ્રય કરવા યોગ્ય નથી. જવાબ આપી શકાય. પણ એવો જવાબ ન આપ્યો. એની ક્રિયાના નિષેધનો જવાબ આપશે. (અનઉભય કીધુંને?) અનઉભય કીધું, હં..બે સિવાય બીજું. અન-ઉભય એક ઉભય એટલે બે. બે સિવાય બીજું પણ વ્યવહાર છે અંદર અસદ્ભૂત વ્યવહાર એમ. (અનઉભય નિશ્ચય અને વ્યવહાર



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપરાંત) બેય ઉપરાંત બીજો પણ વ્યવહાર છે. (ક્રિયા) બીજી ક્રિયા હા, એ પણ પ્રમાણમાં ગર્ભિત છે. (પ્રમાણમાં બધું આવી જાય) હા, પ્રમાણમાં બધું આવી જાય. (બાદ ન કરાય) હં.. બાદ ન કરાય.પાંચે ભાવ જીવના છે. એમ. (અનુભયનો અર્થ કેટલો દૂર છે) હા, દૂર છે. (અનુભય એટલે નિશ્ચય અને નિશ્ચય રત્નત્રયના પરિણામ બે એમ.)

એ તો બેય ઉભય છે. કેમ કે બહુ હોંશિયાર છે. એ તો હોંશિયાર જ હોય ને? આચાર્ય ભગવાન હોંશિયાર જ હોય ને? અને એમાં પાછો ક્રિયાનો નિષેધ કરે છે. એટલે એમાં આવે છે. એમાં નિશ્ચય રત્નત્રયનો નિષેધ નહીં આવે. એ નિશ્ચય રત્નત્રયનો નિષેધ નહીં કરે. એ ક્રિયાનો નિષેધ કયાં કરવો છે? જ્ઞાન ક્રિયા તો સ્વભાવભૂત છે. એ તો નિષેધવામાં આવી નથી. તો નિષેધવામાં શું આવ્યું? ક્રોધાદિ ક્રિયા. (એ ક્રિયાનો નિષેધ લીધો છે.) નિશ્ચય રત્નત્રયનો નિષેધ નથી. (એના ખુલાસામાં ક્રિયાનો નિષેધ છે) હં.... **તેના ઉત્તરમાં કહે છે કે તે (પ્રમાણ) આત્માને નયપક્ષાતિક્રાંત કરવામાં અસમર્થ છે.** નયપક્ષાતિક્રાંત એટલે વિકલ્પ. તમે પ્રમાણના પડખે રહેશો અને પ્રમાણ પૂજ્ય માનશો, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ ઉપાદેય માનશો તો વિકલ્પ નહીં તૂટે. **જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે.** હેં? **પરંતુ તે અન્યનો એટલે (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક (નિષેધક) નથી.** નિષેધક નથી.

**નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી.** વ્યવહારરૂપ ક્રિયા જે છે ને? શુભભાવની. **તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે.** આહાહા! એ આવશે. છે બધી વાતો ગૂઢ. (નિશ્ચયનય એક સમર્થ છે.) ઓલા સર્વથા ભિન્ન ને સર્વથા અભિન્નનો ખુલાસો તેણે સારો કર્યો. ત્યાં કથંચિત્ સ્યાદ્વાદ લગાડયું. દષ્ટિપૂર્વક જ્ઞાન થાય છે ને એમાં. (એમાં કથંચિત્...) એમાં કથંચિત્..... એ સમ્યગ્જ્ઞાનનું વિશેષણ છે, લક્ષણ છે. (કથંચિત્ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે.) સ્યાદ્વાદ અનુભવ જ્ઞાનને કહેવાય.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં :- ૫૨૭
## તા.૧૨/૧૨/૮૭

ખરેખર આ (નયચક્ર પાના નં-૩૧,૩૨) એવું પત્ર છે કે જીવને નિશ્ચયનો પક્ષ આવી જાય. વ્યવહારનો પક્ષ છૂટી જાય. અને પછી પક્ષાતિક્રાંત થઈ જાય. એટલું બધું છે આમાં. (શરૂઆતથી અંત સુધીની વાત છે...) અને નિશ્ચયના બે ભેદ કર્યા છે. એક આત્મા છે એ પૂજયતમ છે. પણ નિશ્ચયનય પૂજયતમ છે. એ એવી રીતે પૂજયતમ છે કે પક્ષાતિક્રાંત કરાવીને ચાલી જાય છે. એવી નિશ્ચયનય છે. હં... ત્યાં સુધીની વાત કરી છે. સવિકલ્પ નિશ્ચયનય. સવિકલ્પ નિશ્ચયનય પણ પૂજય છે.

**કેમ કે નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે.** એમ. (એટલે પૂજયતમ છે) આહા! છેલ્લી લીટીઓમાં એ આવશે. બેન એવું છે, કે જો એક વખત જીવને યથાર્થ નિશ્ચયનયનો પક્ષ આવ્યો યથાર્થ. તો અવશ્ય પક્ષાતિક્રાંત થાય, થાય ને થાય જ.

જે મોક્ષમાર્ગ પ્રકાશકમાં એમ કહ્યું કે આ સત્‌ના સંસ્કાર એને આ ભવમાં જ પ્રાપ્ત થાય અને કાં આ ભવમાં ન થાય તો એ સંસ્કારથી ભવિષ્યના ભવમાં પણ પ્રાપ્તિ થાય. એવી પરંપરા એમણે એક કહી. ગુરુદેવે પણ કહ્યું સત્‌ના ઊંડા સંસ્કાર હશે તો આ ભવમાં નહીં પામે તો સ્વર્ગમાં જઈને પણ પામશે. સમજી ગયા? પછીના ભવમાં પણ પામશે. ઈ વાત એક છે અને આ એક વાત બીજા પ્રકારની છે.

આ વાત તો આ જ ભવમાં અને વધારેમાં વધારે છ મહિના. છ મહિનાથી કાળ લંબાય નહીં. છ મહિના તો કોઈક ને જ. બાકી પાંચ દિ', પંદર દિ', અંતર્મુહૂર્ત અને ચાર દિ' કાં અઠવાડીયું પંદર દિ' મહિનો બે મહિના વધારે લંબાય નહીં. અવશ્ય સમ્યગ્દર્શન થાય. એવો એક નિશ્ચયનો પક્ષ આવે છે. એ પક્ષાતિક્રાંત કરાવીને જ જંપે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પક્ષાતિક્રાંત જ કરાવે. છેલ્લે હમણાં આવશે.

એટલે નિશ્ચયના બે પ્રકાર છે. એક નિર્વિકલ્પ અને એક સવિકલ્પ. સવિકલ્પ એ પક્ષ વખતે સવિકલ્પ હોય છે. અનુભવ વખતે નિર્વિકલ્પ શુધ્ધનય નિર્વિકલ્પ નિશ્ચય થઈ જાય છે. એ આખી આની લાઈન જુદી છે. બહુ સારું છે. જુઓ ક્યાં સુધી આવ્યા? હા, એ બરાબર છે. ફરીથી પ્રશ્ન.

**જો એમ છે તો નિશ્ચય ને વ્યવહાર બન્ને સમાન પૂજ્યતાને પ્રાપ્ત થાય છે. તો કહે નહીં એમ નથી**. સમાનપણે બેય પૂજ્યતાને પ્રાપ્ત થતું નથી. **કારણ કે વ્યવહાર પૂજ્યતર છે.** એટલે પ્રગટ કરવા માટે ઉપાદેય છે. વ્યવહાર એટલે નિશ્ચય રત્નત્રયના પરિણામ. સમજી ગયા? પ્રગટ કરવા માટે ઉપાદેય છે. ઉપાદેય કહો કે પૂજ્યતર કહો. અને નિશ્ચય પૂજ્યતમ છે. નિશ્ચય પૂજ્યતમ છે.

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે** હવે એક નવો પ્રશ્ન ઉત્પન્ન કરે છે. આ બે વાત તો અમે સાંભળી. બે વાત તો બરાબર છે. હવે એક એમાંથી અમને ત્રીજો પ્રશ્ન થાય છે **કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય** અન-ઉભય આ બે સિવાય બીજું. અન-ઉભય આ બે સિવાય બીજું પણ **ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે.** જેમકે શુધ્ધતા, આત્મા અનેક છે, અનિત્ય છે, આત્મા અશુધ્ધ છે. કેમ કે અશુધ્ધતા પણ એ ધર્મ છે. આત્માનો એ ધર્મ છે. શુધ્ધતા અને અશુધ્ધતા એ પણ બે ધર્મો છે. એવા ધર્મોને પણ ગ્રહણ કરે છે. કારણ કે વ્યવહાર રત્નત્રય પણ છે એ જીવના પરિણામ છે. નિશ્ચય મોક્ષમાર્ગ નથી પણ વ્યવહાર મોક્ષમાર્ગ છે. એમ અનેક પ્રકારે બીજા વ્યવહારો પણ ગ્રહણ કરે છે પ્રમાણ. આખું પ્રમાણ. આગમ પ્રમાણ. ચાર ભાવ છે. પાંચેય ભાવ જીવના છે તો ઉદય ભાવ પણ જીવનો છે. એમ પ્રમાણ ગ્રહણ કરે છે. કેમ કે એ પ્રમાણનું વાક્ય છે, તત્ત્વાર્થસૂત્રનું. એ ગ્રહણ કરે છે કે, જીવના અસાધારણ ભાવ છે. તો એ મિથ્યાત્વ આદિ ભાવો પણ એમાં આવી જાય. સમજી ગયા?

તો કહે છે કે એ એમ નથી. પ્રમાણ પૂજ્ય નથી. એવું પ્રમાણ પૂજ્ય નથી. જેમાં



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધું સમાવેશ પામી જાય એવું પ્રમાણ પૂજ્ય નથી. **અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી?** પ્રમાણને પોતે વ્યવહાર તો કહ્યો. (હા) પ્રશ્નકારે પ્રમાણને વ્યવહાર તો કહી દીધો. નિશ્ચય તો નથી. એટલું તો બરાબર છે. પણ પૂજ્ય કેમ નથી? એ પ્રશ્ન આવ્યો. **તેના ઉત્તરમાં કહે છે કે તે પ્રમાણ, કારણ કે તે એટલે પ્રમાણ, આત્માને નયપક્ષાતિત કરવામાં અસમર્થ છે.** કેમ કે તેમાં હેય ઉપાદેય આવતું નથી. તેમાં એ નિષેધ કરવાની તાકાત નથી. અશુધ્ધતા મારી નથી, કર્મથી બંધાયેલો છું એ અભૂતાર્થ ને અસત્યાર્થ છે. અશુધ્ધ નિશ્ચયનયે આત્મા રાગને કરે છે એ બધા વ્યવહારનયના કથન છે. અશુધ્ધ નિશ્ચયનયે આત્મા રાગનો કર્તા છે એ આવે છે, એ કહે છે કે એ બધો વ્યવહાર પૂજ્ય નથી. (પૂજ્ય હોય) તો તો આખું ખલાસ થઈ જાય. અસમર્થ છે, તેથી તે પૂજ્યતમ નથી. તેનો ખુલાસો આ પ્રમાણે છે.

હવે ખુલાસો કરે છે કેમ પૂજ્યતમ નથી? જેમાં વ્યવહાર બધો સમાઈ જાય એવું પ્રમાણ ઉપાદેય કેમ નથી? પૂજ્ય નથી એટલે ઉપાદેય નથી. એને કેમ આત્મા ન માનવો? એમ. એને આત્માપણે શ્રદધામાં કેમ ન લેવો? એમ. કે એને આત્મા અને શ્રદધામાં લઈશ તો અનુભવ નહીં થાય. એમ. એ કહેશે.

**જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે,** શુદધઆત્માને તો ગ્રહણ કરે છે, ભૂતાર્થને તો ગ્રહણ કરે છે. **પરંતુ તે અન્યનો (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક નથી.** એ બેય ચીજ કહી. નિષેધક નથી. નિષેધ કરવાની તાકાત પ્રમાણમાં નથી, નયમાં છે. નિષેધ કરવાની શકિત પ્રમાણમાં નથી. પ્રમાણમાં 'છે' કહે જીવ શુદધ પણ છે, અશુદધ પણ છે. 'ભી' પ્રમાણ ભી કહે અને નિશ્ચય 'હી' કહે. નિશ્ચય હી કહે ત્યારે બીજાનો નિષેધ થઈ જાય. હા, નિશ્ચય 'હી' કહે. નિશ્ચય કહે શુદધ જ છે અને અશુદધ નથી તો એ નિશ્ચયનય વ્યવચ્છેદક થઈ ગયો. નિષેધ કરી નાખ્યો એણે.

અને પ્રમાણ તો શુદધ પણ છે અશુદધ પણ છે, એક પણ છે અનેક પણ છે,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બદ્ધ પણ છે અબદ્ધ પણ છે, કર્તા પણ છે અકર્તા પણ છે, મોહી છે નિર્મોહી છે. એ બધું ગ્રહણ કરી લ્યે. (એનો વિષય વધારે છે તો પણ તે પૂજ્ય નથી) પૂજ્ય નથી. વધારે વિષય છે તો પણ. તે કચરો ભેગો ભેળવે છે. એમ. (કચરાને ભેળવે છે) કચરાને ભેળવે છે. (ચર્ચામાં એ વાત આવી અમે એક વાર ગયા હતા. રાત્રે ચર્ચા ચાલતી હતી તો એ ચર્ચા ચાલતી હતી એક બહેને કહ્યું, તે લોકો કહે છે કે પ્રમાણનો વિષય વધારે છે એટલે પ્રમાણ પૂજ્ય છે. નયનો વિષય તો એક અંશ છે. તો તે પૂજ્ય નથી.) દલીલ કરે છે. (હા, દલીલ કરે છે. એનો વિષય તો આખો આત્મા છે) આત્મા છે. (અને વધારે છે નય કરતાં તો પણ પ્રમાણ પૂજ્ય નથી) નથી. હા, બરાબર છે, વાત સાચી છે.

એટલે આ સોનગઢનો જે અત્યારે ગુરુદેવથી, ગુરુદેવને જૂઠા પાડવાવાળો વિષય ઉત્પન્ન થયો છે. ઈ પૂજ્ય કહે છે. પ્રમાણ પૂજ્ય છે. પ્રમાણ પૂજ્ય છે ઈ એમ કહે છે. સમજી ગયા? અને પ્રમાણમાં તો બધું આવી જાય. નિશ્ચય રત્નત્રયના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ, શુદ્ધાત્મા બધું આવી જાય. ઈ પૂજ્ય છે. પ્રમાણ પૂજ્ય છે. નિશ્ચયનય પૂજ્ય નથી. કેમ કે એક અંશને ગ્રહણ કરે છે. આ આખા અંશીને ગ્રહણ કરે છે. એ ચર્ચાઓ હજી અત્યારેય બધી ચાલે છે. જોરથી ચાલે છે. સમજી ગયા ? એટલે આખી લાઈન ફેર છે બહુ. ગુરુદેવથી આખી લાઈન જુદી છે.

એટલે ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્‌સત્‌્ય આત્મા છે એમ સિદ્ધ કરવા માગે છે. એ પૂજ્ય છે, આશ્રય કરવા યોગ્ય છે, શ્રદ્ધાનો વિષય છે. ઉત્પાદવ્યયથી રહિત ધ્રુવ આત્મા એકલો શ્રદ્ધાનો વિષય નથી. એટલે આખો બહુ મોટો ફેર પડી ગયો છે. (મોટો ફેર પડી ગયો છે) આહાહા! એ ઋષભદેવ ભગવાનની હાજરીમાં, આહાહા! ત્રણસો ત્રેસઠ મત કાઢ્યા પાખંડી. અત્યારે એ પ્રમાણે પાખંડ ચાલે છે. પાખંડ જ છે. (પાખંડ જ ને? સ્વરૂપથી વિપરીત) અને ગુરુદેવથી વિરૂદ્ધ પીસ્તાલીસ વર્ષના પ્રવચન પછી વિરૂદ્ધ! ભલે (વિડિયો) ઉતરે સારું. બિલકુલ ઊંધે રસ્તે છે. આહાહા!

(આમાં કેટલું સ્પષ્ટ છે ભાઈ!) સ્પષ્ટ છે. આમાં નિશ્ચય રત્નત્રય લીધું,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુધ્ધાત્મા પણ લીધો, પણ અનુભય એટલે બીજોય કચરો ભેગો ભેળવે છે. જેમકે મેં તત્ત્વાર્થસૂત્રનો દાખલો ન આપ્યો? કે પાંચે ભાવ અસાધારણ જીવના છે. જીવતત્ત્વ છે. (સ્વતત્ત્વમ્) સ્વતત્ત્વમ્ બોલો! સ્વતત્ત્વમ્ એમ. પરતત્ત્વમ્ નહીં. સ્વતત્ત્વમ્ આટલો પાઠ છે. હવે એમાં ઔદયિકભાવ આવી ગયા. ઔદયિકભાવમાં મિથ્યાત્વ, અવ્રત, કષાય ને યોગ ચારેય ભાવ આવી ગયા. સમજી ગયા? તો એ પ્રમાણજ્ઞાનનો વિષય કેમ પૂજ્ય નથી? તો કહે ના, એ પ્રમાણજ્ઞાન એ મિથ્યાત્વને અને શુભાશુભભાવ તે આત્મા નથી તેનો વ્યવચ્છેદ કરવા એની તાકાત નથી. એ આત્મા જ કહેશે. નિશ્ચયનય કહે છે કે એ અનાત્મા છે. નિશ્ચયનય કહે છે કે પુદગલના પરિણામ છે. નિશ્ચયનય કહે છે કે પર દ્રવ્ય છે. એ નિશ્ચયનયની તાકાત છે વ્યવચ્છેદ કરવાની. અને વિધિ નિષેધ વિના સમ્યગ્દ્ર્શન થાય નહીં. કોઈ કાળે. પ્રમાણમાં વિધિ નિષેધ કરવાની તાકાત નથી. એ બધું આત્મા આત્મા જ પોકાર કરે છે.

જીવતત્ત્વમ્ (સ્વતત્ત્વમ્) સ્વતત્ત્વમ્ બોલો! પરતત્ત્વને પણ સ્વતત્ત્વ કહે. પદાર્થની સિધ્ધિ બીજી છે, પ્રયોજનની સિધ્ધિ બીજી છે. તત્ત્વાર્થસૂત્રે પદાર્થની સિધ્ધિ કરી છે. શુધ્ધાશુધ્ધ પર્યાયનો પિંડ તે આત્મા. એ વાત વ્યાજબી જ છે. પણ એમાં સાધ્યની સિધ્ધિ નથી. એમાં આત્માની અનુભૂતિ ન થાય. આત્માની અનુભૂતિ શુધ્ધનય વડે થાય. કે જે વ્યવહારનો નિષેધક છે. (જેને સ્વતત્ત્વમ્ કહ્યું તે મિથ્યાત્વી પરતત્ત્વમ્ કહે) હા, ત્યારે પરતત્ત્વમ્ કહે છે. મોટો ફેર છે. (પ્રમાણમાંથી નિશ્ચય કાઢવું જોઈએ)

શેરડીમાં કૂચાય છે અને રસ પણ છે તે પ્રમાણનો વિષય છે. બોલો! એ ઢોર ખાય છે તો મનુષ્યે પણ એ પ્રમાણે ખાવું? કે નહીં એમાં રસ ચૂસી લેવો અને છોતા નાખી દેવા. એ નયમાં આવી ગયો. ઓલો શેરડીનો સાઠો છે એ પ્રમાણનો વિષય છે. જેમ મુસંબી છે તેનો રસ અને કૂચા બેય ભેગું છે પ્રમાણનો વિષય. તો રસ ગ્રાહ્ય છે અને કૂચા ત્યાજય છે. એ તાકાત નયમાં છે. (રસ એટલી જ મોસંબી છે) હા, એટલી જ મોસંબી છે. બાકી મોસંબી જ નથી. કચરો છે. ઉપચારથી મોસંબી છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખરેખર મોસંબી નથી. (મોસંબીનો કચરો છે એ) એ કચરો છે. ફેંકી દેવા જેવો. ઘરમાંય રખાય નહીં. બીજું કામેય નહીં આવે એમાં. સંધ્યા! (જી, પ્રભુ) મોટા ભાગના જીવ પ્રમાણથી બહાર છે. મોટા ભાગના જીવ તો પ્રમાણથી બહાર. થોડા ગણ્યા ગાંઠયા (જીવ) પ્રમાણમાં આવે છે. ગણ્યા ગાંઠયા પ્રમાણજ્ઞાનમાં આવે છે. અને પ્રમાણજ્ઞાનમાં અટકી જાય અને એમાંથી, આહા! પ્રમાણજ્ઞાનમાંથી જિનવચનમાંથી નિશ્ચયનય જે કાઢે એ તો જિનવચનમાં કુશળ છે. જિનવચનમાં કુશળ છે તેને શુધ્ધાત્માની પ્રાપ્તિ થાય, થાય ને થાય જ. એ કુશળ છે. આહાહા! એ કાર્તિકેયાનુપ્રેક્ષાનું વચન બરાબર છે. ન્યાય આપી દીધો.

**તેના ઉત્તરમાં કહે છે કે તે (પ્રમાણ) આત્માને નયપક્ષાતિક્રાંત કરવામાં અસમર્થ છે, તેથી તે પૂજયતમ નથી તેનો ખુલાસો આ પ્રમાણે છે. જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે પરંતુ તે અન્યનો એટલે (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક (નિષેધક) નથી. નિષેધક નથી.**

**નિષેધકપણાનો અભાવ હોવાથી** પ્રમાણમાં, પ્રમાણની તાકાત નથી કે એનો નિષેધ કરે. કેમ કે એક વખત સ્વતત્ત્વમ્ કહી દ્યે. પછી તે પરતત્ત્વમ્ કેમ કહે? (એ ના કહે) એ ન કહે. બીજી નય ઊભી થાય તે કહે. (નિશ્ચયનય કહે) નિશ્ચયનય કહી દ્યે.

**નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી.** જુઓ. શુભાશુભની ક્રિયાને પ્રમાણ રોકી શકતો નથી. કેમ કે તે શુભાશુભભાવને સ્વતત્ત્વમ્ કહે તેને કેમ રોકી શકે? હેય કેમ કહે? હેય ન કહે ત્યાં સુધી તો આત્મા ઉપાદેય થાય નહીં.

**તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે.** આહા! પ્રમાણજ્ઞાનના પક્ષવાળાને સમ્યગ્દર્શન થાય જ નહીં. (બરાબર) પ્રમાણ કહો કે વ્યવહાર કહો. એ વ્યવહારનો પક્ષ છે પ્રમાણ. એ વિદ્વાનનો વ્યવહાર છે. વિદ્વાનનો વ્યવહાર પ્રમાણ છે. અને સામાન્ય જીવનો વ્યવહાર શુભભાવથી–પુણ્યથી ધર્મ થાય.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ સામાન્ય જીવ, ઓલો પ્રમાણ. 'ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્' 'સત્દ્રવ્યલક્ષણમ્' 'ગુણપર્યાયિવતદ્રવ્યમ્' એ વિદ્વાનો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેયને પ્રમાણને, પ્રમાણરૂપ વ્યવહારમાં અટકયા છે બધાય. નહીં. આત્માનો અનુભવ એને બિલકુલ નહીં થાય.

એના માટે તો ત્રણ ત્રણ મહિના સુધી વ્યાખ્યાનો આપ્યા. ઉત્પાદવ્યયધ્રુવ-યુકતમ્સત્ તે ઉપાદેય છે એવું આત્મધર્મમાં આવ્યું. અને એક ભાઈ ગુરુદેવ પાસે ગયા અને કહ્યું આત્મધર્મમાં આમ આવ્યું છે. હેં? આહાહા! ત્રણ મહિના સુધી વ્યાખ્યાન ! ગુરુદેવે વ્યાખ્યાન આપ્યા કે આ ખોટું છાપ્યું છે બિલકુલ. એનું છાપું બંધ કરાવ્યું એની પાસેથી લઈ લીધું. હરિભાઈ એ છાપતા હતા. હરિભાઈએ આ છાપી નાખ્યું. (આત્મધર્મમાં?) આત્મધર્મમાં. (ઓહો!) હા. (દષ્ટિના વિષયમાં પર્યાય સહિતનું દ્રવ્ય દષ્ટિનો વિષય છે એમ લખ્યું.) (અરે! ગુરુદેવની સામે?) હા, સામે. (ઓહો! ઘણી તાકાત! હિંમત કહેવાય) હવે ગુરુદેવની હાજરીમાં બેન આમ થાતું'તું તો હવે એની ગેરહાજરીમાં અત્યારે કોઈ કહી શકે તેમ છે નહીં.

આ બધી ખબર પડી એટલે તો મારું લોહી તપી ગયું. પીસ્તાલીસ વર્ષની મહેનત ઉપર પાણી ફેરવ્યું. એટલે અજ્ઞાનમાં શું થાય અને શું ન થાય એ કાંઈ.....બસ મર્યાદા વિનાનું બધું છે. પોતાની શ્રદ્ધા પોતાને મુબારક છે. પણ ગુરુદેવ આમ કહેતા'તા તે બરાબર નથી ને અમે કહીએ છીએ તે બરાબર છે, અને એ વ્યાકરણ જાણતા નહોતા ને. આહા! એ બધું કહે છે. હા, હા. (એ આત્માને તો જાણતા હતા ને?) એટલે કાંઈ વાતમાં માલ નથી. અંધારું થઈ ગયું છે. (સાવ અંધારું) તત્ત્વનું અંધારું. આ તો બે વખત ગુરુદેવની ટેઈપ છે એટલે ત્યાંના જીવોનું જીવન ટકી શકે છે. સોનગઢમાં રહેનારા કહે છે કે અમને બે વખત ગુરુદેવની ટેઈપ મળે છે એટલે અમને સંતોષ છે. એટલું જીવન છે. બાકી બહારમાં કાંઈ છે નહીં. ઉલટી વિપરીતતા છે. ત્યાં રહેનારા કહે છે.

**નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સમ્યગ્દર્શનમાં, અનુભવમાં**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્થાપિત કરવાને અસમર્થ છે.** પરંતુ હવે. હવે કહે છે. પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને, જુઓ પ્રમાણમાં અનેકત્વ હતું. પ્રમાણ છે તે અનેકત્વને સ્વીકારે છે. અને નિશ્ચયનય એકત્વને લાવીને, આહાહા! એકત્વ-વિભકત, ઓને વિભકત કરીને એકત્વને એકપણાને લાવીને એક જ્ઞાયકભાવ બસ. પ્રમત્ત-અપ્રમત્તથી રહિત. આહાહા! એ પ્રમત્ત-અપ્રમત્ત બેયને પ્રમાણજ્ઞાન ગ્રહણ કરે છે. એકલા અપ્રમત્તને નહીં. બેયને ગ્રહણ કરે છે. હં... તો આ કહે છે કે બેયને નહીં. એકત્વ એક જ્ઞાયકભાવ ઉપાદેય છે બસ. નિશ્ચયનય એમ કહે છે. (ક્રિયા માત્રનો નિષેધ) ક્રિયા માત્રનો. (નિષ્ક્રિયનું ગ્રહણ) એકલો નિષ્ક્રિયનું ગ્રહણ કરે છે. એકત્વને લાવીને એકપણાને. એકપણું તો જ્ઞાયક છે. પ્રમત્ત-અપ્રમત્ત તો વ્યવહારનો વિષય છે. એનો નિષેધ કરે છે કે નહીં પ્રમત્ત-અપ્રમત્ત આત્મા નથી. એ આત્માનો કર્તા નથી. **લાવીને આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને** આહાહાહા! અનુભવ પ્રગટ થઈ જાય છે.

**જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી** બોલો! કેટલા શબ્દો મુકયા છે. જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને એક, પરમાનંદ ઉત્પન્ન કરી બે અને વીતરાગ બનાવી, વીતરાગ બનાવ્યા પછી જાય એ. ત્યાં સુધી એ ઉંબરે ઊભી રહે. આપણે ઘરમાં ન જાય ને ત્યાં સુધી એ ત્યાંથી હટે નહીં નિશ્ચયનય. વિકલ્પાત્મક જે યથાર્થ નિર્ણય થયો ને? તે વિકલ્પ ત્યાં સુધી તૂટતો નથી. આ અંદર જાય છે કે નહીં તે જુએ છે. જેવા આપણે અંદર ગયા, નિર્વિકલ્પ ધ્યાનમાં વહ્યા ગયા, (ત્યાં ચાલી જાય.) અનુભવ કરાવીને જાય. એવી એ પ્રમાણિક છે. (વીતરાગ બનાવીને જાય) **વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે.** લ્યો? પોતે જ ચાલી જાય છે. હવે મારું કાંઈ કામ નથી. મારું કામ અહીં સુધી હતું બસ. આહા!

ચક્રવર્તીને મળવા જાવું હોય તો એના પટાવાળા હોય, સેક્રેટરી પટાવાળા એની રજા લઈને જવાય. અંદરથી ચક્રવર્તીની રાજાની રજા મળી જાય તો જયાં બેઠા છે ત્યાં સુધી આપણને મૂકવા આવે ઠેઠ. ડોર સુધી. આપણે અંદર જાય ને પછી એ ચાલ્યો જાય. એમ નિશ્ચયનય જે યથાર્થ નિર્ણય કર્યો છે એ એવો નિર્ણય છે કે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિર્વિકલ્પ ધ્યાનમાં આવ્યા પછી જ એનો અભાવ થાય. ત્યાં સુધી વિકલ્પની પરિણતિ ચાલુ રહે છે. (પક્ષાતિક્રાંત બનાવી ને ચાલી જાય) ચાલી જાય. પક્ષાતિક્રાંત કરાવી ને ચાલી જાય છે. આહાહા! એ નિશ્ચયનય છે. (ઔપકારિક) ઔપકારિક.

અને આટલો એ બુદ્ધિપૂર્વક નિર્ણય કરી શકાય છે. ઓલું તો એકાએક છે. ઓલું એકાએક છે. નિર્ણય તો પાકો થઈ શકે છે. હું અકર્તા જ છું, શુદ્ધ જ છું, જ્ઞાયક જ છું. પર્યાય માત્ર મારામાં નથી. આહાહા! (ખરેખર તો નિર્ણયમાં જ પુરુષાર્થ છે. એમાં શું પુરુષાર્થ?) એ તો સહજ જ થઈ જાય છે. ત્રણ વિષય મૂકયા. જ્ઞાનચેતનાને સ્થાપી, પરમાનંદ ઉત્પન્ન કરી, વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે. પોતે ચાલી જાય છે એટલે વિકલ્પ ચાલ્યો ગયો. હેં? નિર્ણયનો જે વિકલ્પ હતો યથાર્થ વિકલ્પ હતો તે ચાલ્યો જાય છે. (નિશ્ચયનયનો વિકલ્પ ચાલુ જ રહે છે નિર્વિકલ્પ નિશ્ચય તો પ્રગટ થઈ જાય છે) નિશ્ચય નિર્વિકલ્પ થઈ ગયો. બસ. સવિકલ્પ નિશ્ચયનય ગઈ. **અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દયે છે.** આહાહા!

એ પ્રમાણમાં પક્ષાતિક્રાંત કરવાની તાકાત નથી. એ તો સ્વતત્ત્વમ્ કહે. આહાહા! **કરી દયે છે એટલે કે નયપક્ષથી પાર કરી દયે છે.** પક્ષાતિક્રાંત એટલે શું? નયના વિકલ્પથી પાર કરી દ્યે છે. આહાહા! એ આત્મા સમયથી પ્રતિબધ્ધ થઈ જાય છે. આ કારણથી પૂજયતમ્ છે.લ્યો! (પૂજયતમ જ થવું જોઈએ) હા, પૂજયતમ્ જ થવું જોઈએ. આહાહા! જે આત્માનો અનુભવ કરે ને એ ચાલી જાય.

એટલા માટે, નહીંતર આમ આશ્રય કરવા માટે તો પૂજયતમ્ દ્રવ્ય છે. આશ્રય કરવા માટે. પણ આ જે નિશ્ચયનય છે એ આશ્રયના વિષય સુધી પહોંચાડી દયે છે. એટલે એને ખ્યાલમાં આવી જાય છે. એ અપેક્ષાએ તેને પણ પૂજયતમ કહે છે. (અહીંયા તો નિશ્ચય અને પ્રમાણની વચ્ચે ડીફરન્સની વાત છે) ડીફરન્સની વાત છે. (તે પૂજયતમ છે કે આ પૂજયતમ છે?) આ પૂજયતમ છે બસ. ભેદ એટલો જ છે. આ પૂજયતમ છે. પક્ષાતિક્રાંત કરાવે છે. (પ્રમાણ પક્ષાતિક્રાંત નથી કરાવી શકતું) નથી કરાવી શકતું. બરાબર છે. (પ્રમાણનો નિષેધ કરે અને નિશ્ચયનય પ્રગટ કરે) પ્રગટ કરે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(ત્યારે પક્ષાતિક્રાંત થઈ જાય છે) થઈ જાય છે. ત્યાં સુધી પક્ષાતિક્રાંત નથી થાતું. માટે પૂજ્યતમ છે. (અને છેલ્લો વિકલ્પ એને નિશ્ચયનયનો જ હોય છે) હા, એમ જ હોય છે. (શુધ્ધાત્માનો જ વિચાર હોય છે) બીજો કોઈ વિચાર હોતો જ નથી. છેલ્લે એ છે. એટલે જ નિર્ણયના જોરે જ એ અંદર જાય છે. નિર્ણયના જોરે જ એ અંદર ચાલ્યો જાય છે. એ જુદી જ જાતનું છે બળ. એટલા માટે નિશ્ચયનય (જુદી જાતનું છે એટલે?) જુદી જાતનું એટલે વચનાતીત. બીજું શું?

**એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી,** જુઓ સમયસારમાં આવે છે કે વ્યવહાર છે એ પરમાર્થનો પ્રતિપાદક. અહીંયા કહે છે કે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી. સમયસાર કહે છે કે જ્ઞાન તે આત્મા. આ કહે છે કે જ્ઞાયક તે આત્મા. સમયસાર શું કહે છે કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. ગુણભેદને, ગુણભેદ દ્વારા અભેદને સમજાવે છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. છતાં વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. એ તો સમયસારમાં કહી દીધું. અહીંયા જુદું કહે છે. જ્ઞાયક તે આત્મા, શુધ્ધ તે આત્મા. આત્મા ત્રિકાળ શુધ્ધ છે. દ્રવ્યનયથી જોતાં આત્મા ત્રિકાળ શુધ્ધ છે, અશુધ્ધ થયો જ નથી. આત્મા અકર્તા જ છે. કર્તા છે જ નહીં. એમ. **એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે.** એટલે ભૂતાર્થને બતાવે છે માટે ભૂતાર્થ ને સત્યાર્થ પણ છે. **તેના અવલંબનથી** એટલે તેના સહારાથી **આત્મા સમ્યક્દૃષ્ટિ થાય છે.** આહાહા! પ્રમાણના સહારાથી સમયક્દૃષ્ટિ થતો નથી. પણ નિશ્ચયનયના સહારાથી અવલંબનથી સમ્યક્દૃષ્ટિ થાય છે. (સાંભળેલું કે પ્રમાણથી પંડિત થાય પણ જ્ઞાની ન થાય) જ્ઞાની આમ થાય નિશ્ચયનયથી. એકદમ બરાબર છે.

આ શું અગિયાર ગાથા, બાર ગાથા અને એકસો તેતાલીસ ગાથા આ પક્ષાતિક્રાંત સુધી લઈ ગયા. આ પક્ષાતિક્રાંતની ગાથા છે. સ્વતત્વમ્ કહે પછી એમાંથી નીકળવું બહુ મુશ્કેલ છે. એ પ્રમાણમાંથી જે નિશ્ચયનય કાઢે તે જિનવચનમાં કુશળ છે. લ્યો. તત્ત્વાર્થસૂત્રમાંથી સમયસાર કાઢે શુધ્ધાત્મા. એમાં જ છુપાયેલો છે. નવતત્ત્વમાં જ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધાત્મા છુપાયેલો છે. નવતત્ત્વરૂપે પરિણમે તે આત્મા છે એ પ્રમાણજ્ઞાનનો વિષય છે. એનો આશ્રય કરવા યોગ્ય નથી. (આશ્રય કરવા યોગ્ય નથી પણ જ્ઞાન કરવા યોગ્ય તો છે ને?) ના રે ના. એનું જ્ઞાન કરવાથી જ્ઞાન નહીં થાય. એ પરદ્રવ્ય છે.

આત્માનું જ્ઞાન ને આત્માનું શ્રદ્ધાન ને આત્માનું આચરણ, બસ! એ નવતત્ત્વથી ભિન્ન છે તે. તેરમી ગાથામાં પણ એ કહ્યું નવતત્ત્વથી ભિન્ન. ભૂતાર્થનયથી નવમાંથી એક જુદો કાઢયો. એનું નામ આત્મખ્યાતિ અનુભૂતિ. પછી નવતત્વ છે એને જાણે છે બસ. આ બધી યોગ્યતા ઉપર જ આખી વાત ગઈ. આટલા વર્ષનું જે પ્રવચન આપ્યું, કેમ સમજયા નહીં? યોગ્યતા બસ. આના ઉપરથી નક્કી થાય છે કે તીર્થંકરની સભામાંથી કોરો કેમ નીકળ્યો? આ એક નમુનો. યોગ્યતા બસ. આહાહા!

અરે તત્ત્વના થોડા જાણકાર છે ગુરુદેવના પક્ષવાળા એ પણ ઉહાપોહ કરતા નથી, ત્યાં રહેનારા. કોઈ ને કોઈ કારણવસાત થાબડભાણા કરે. દુઃખ થાય છે પણ શું થાય? નિષેધ કરવાનો, હેયઉપાદેય કરે નહીં. આમ પણ છે, આમ પણ છે, આમ પણ છે. આત્મા આવો પણ છે, આવો પણ છે. (નિશ્ચયની વાતને ગ્રહણ તો કરે છે શુદ્ધ તો છે એમ તો ગ્રહણ કરે છે પણ અશુદ્ધ છે એનો નકાર કરતો નથી.) નકાર કરતો નથી. અશુદ્ધનય ગ્રહણ કરે છે. હં.... ત્યારે નિશ્ચયનય અશુદ્ધનો નિષેધ કરે છે. (નિશ્ચયનયનું વાચ્ય જ વ્યવહારનો નિષેધક છે) નિષેધક છે. હં... એનું વાચ્ય જ એ છે. એનો ધર્મ જ એ છે. એ ધર્મ બજાવે છે. એનાથી રહેવાય જ નહીં. નિષેધ કરે. (જેવી વસ્તુ છે તેવું નિરૂપણ કરે અને વ્યવહારનો નિષેધ કરે.) નિષેધ કરે. (બે કામ છે.) બે કામ છે.

એ છપ્પન ગાથામાં તું કહે છે ને એ જ શબ્દો છે. હા, નિશ્ચયનય યથાર્થ જેવું વસ્તુનું સ્વરૂપ છે. એવું પ્રતિપાદન કરે અને વ્યવહારનો નિષેધ કરે. બે શબ્દો છે. લાવોને સમયસાર. આપણે સ્વાધ્યાય કરીએ. બે વાત એમાં છે. તે કરી એ જ. પદાર્થનું જેવું સ્વરૂપ છે એવું પ્રતિપાદન કરે અને વ્યવહારનો નિષેધ કરે. એમ. એ બે વાત એણે કરી છે. વાંચો તમે વાંચો. અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી કેવળ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક, આહાહા! કેવળ એક જીવના સ્વાભાવિકભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરાપણ બીજાનો નથી કહેતો. નિષેધ કરે છે. આહાહા! બે વાત એને કરી. (બહુ સરસ) ત્યારે?

માટે વર્ણથી માંડીને ગુણસ્થાન સુધી જે ભાવો છે, એ વ્યવહારનયથી જીવના છે અને નિશ્ચયનયથી જીવના નથી. એવું ભગવાનનું સ્યાદ્‌વાદવાળું કથન યોગ્ય છે. આહાહા ! 'છે નથી' છે કહી નિશ્ચયનય નિષેધ કરે કે નથી. નિષેધ કરાવવા માટે જ્ઞાન કરાવે. (નિષેધ કરાવવા માટે! હં..નિષેધ કરાવવા માટે જ્ઞાન કરાવે) જ્ઞાન તો કરાવે. (એક વખત પૂછયું કે તે જીવ નથી તો તેનું આચાર્યએ વર્ણન કેમ કર્યું?) કેમ કર્યું? (તે જીવ નથી એમ કહેવા માટે લીધું છે) કહેવા માટે લીધું છે. (અનંતકાળથી તેને જ જીવ માનીને બેઠો છે) માનીને બેઠો છે. (જીવ મિથ્યાદષ્ટિ, જીવ સમ્યક્‌દષ્ટિ, જીવ તેરમા ગુણસ્થાન, જીવ ચૌદમા ગુણસ્થાન, આનું છઠ્ઠું સાતમું ગુણસ્થાન એમ સર્વથા માનીને બેઠો છે) માનીને બેઠો છે. (એટલા માટે જીવ નથી નિષેધ કરવા માટે, નિષેધ કરવા માટે વર્ણન કર્યું છે) બરાબર છે. (નિષેધથી નિશ્ચયને બળ મળે છે) બરાબર છે. (પ્રમાણ જેવું છે તેવું જાણે નિશ્ચય નિષેધ કરે એક સમયમાં) ખલાસ! અને વાતું કરવા દયે અનેક પ્રકારે વાતું કરે. નિશ્ચયનય બેઠો બેઠો સાંભળ્યા કરે. ખલાસ!

એવો બનાવ પણ બનેલો કે દસ પંદર વર્ષથી કેસ ચાલતા હતા. કેસો, નીચલી કોર્ટમાં, ઉપલી કોર્ટમાં, હાઈ કોર્ટમાં પછી છેલ્લે તો સુપ્રીમ કોર્ટમાં જાય. દિલ્હીની કોર્ટમાં કેસ જાય. વર્ષોથી ચાલતા હોય અને બેય થાકે નહીં. સમજી ગયા? જાય. પછી ઓલાને વિચાર આવ્યો કે એવો વકીલ આપણે રાખવો. સુપ્રીમ કોર્ટમાં જાજી દલીલો કે દિવસો સુધી કેસ ન ચાલે. અને માત્ર એક દલીલ કરીને બેસી જાય. દલીલ ભલે કલાક, બે કલાક, ત્રણ કલાક ચાલે કે ચાર કલાક ચાલે આઠ કલાક ચાલે દલીલ. પછી વકીલ બેસી જાય એને સાંભળવાનું કે કહેવાનું ન હોય પછી તો એનો ફેંસલો જ સીધો આવે.

છેલ્લા બે વકીલ પંદર વર્ષ કેસ ચાલ્યા હોય તેમાં સુપ્રીમ કોર્ટના બે વકીલ આવે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક ઓલા પક્ષનો અને એક આ પક્ષનો. સમજી ગયા? એ બેયના પક્ષવાળો બે કલાક, ચાર કલાક, છ કલાક, આઠ કલાક દલીલ કરે છે. દલીલ કરીને બેસી જાય. એ જજ બેયની દલીલ સાંભળી લ્યે. જે આખો પંદર વર્ષથી કેસ તો ચાલ્યો હોય એ કેસના પોઈન્ટોય ઓલા મૂકતા હોય કે અમને જજે આ ફેંસલો અમારી ફેવરમાં આપ્યો છે. એમ તે પોઈન્ટ મૂકતા હોય. એ બધું દલીલ કરીને બેસી જાય. અને જજમેન્ટ એ પછી આપી દ્યે. એ બેયની દલીલ સાંભળી જજમેન્ટ આપે.

એમાં ચાલતા ચાલતા સુપ્રીમ કોર્ટમાં કેસ ગયો. તો એક મોટો વકીલ રાખ્યો. મોટો વકીલ રાખ્યો કે ભઈ સુપ્રીમ કોર્ટની દલીલના મારા પચાસ હજાર રૂપિયા છે. મોટી રકમ હોય એની. પચાસ હજાર રૂપિયા, એક દિવસના જ. એક દિવસના ને એક દલીલના એક કેસ પૂરતા જ. (અચ્છા!) હા. પછી એણે કહ્યું પચાસ હજાર નહીં તમારા એકાવન હજાર, મને કબુલ છે. ત્યારે વકીલ કહે છે કે તમને પચાસ હજાર કબુલ છે પણ હું પાંચ કલાક પણ દલીલ કરીશ અને હું પાંચ મિનિટમાં પણ દલીલ કરીને બેસી જાઈશ. પછી તમે મને એમ કહો કે તમે પાંચ મિનિટમાં દલીલ કરીને બેસી ગયા એટલે પચાસ હજાર નથી આપતો તો નહીં ચાલે. હું તો ખાલી દલીલ કરવાના, કલાક ઉપર મારો ચાર્જ નથી. આ કેસની દલીલનો ચાર્જ. સાંભળી લ્યો તમે પૂરી વાતને. આ કેસની આટલો કલાક દલીલ ચલાવી એમ નહીં. આ કેસની દલીલ કરીને હું આટલી તમારી ફી લઈશ. તો ઓલા વકીલે આઠ કલાક દલીલ કરી. અને આ પાંચ મિનિટ ઊભો થઈને, ફાઈવ મિનિટ હો? દલીલ કરીને બેસી ગયો. કેસ જીતી ગયો.

ઓલા આપણને કોઈકે અમેરીકાનું નહોતું કીધું? હથોડો મારવાના અને સ્ક્રુ બેસાડવાના એવું કાંઈક કહ્યું હતું ને? (મશીન ખરાબ થઈ ગયું હતું તો દસ હજાર રૂપિયાનું મશીન હતું.) હા, મશીન હતું. (તેના કારીગરને ત્યાંથી બોલાવ્યો) બોલાવ્યો. (અહીંયાના કારીગરે બહુ જ જોયું પણ ન થયું તો ત્યાંથી આવ્યો તેણે એક હથોડો મારી દીધો. બસ મશીન ચાલવા લાગ્યું તો તેણે દસ હજાર રૂપિયા માગ્યા, સરખું કરવા માટે. આટલા પૈસા કેમ લ્યો છો? તમે તો હથોડો જ માર્યો છે બીજું શું કર્યું છે? નહીં,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હથોડા મારવાનો તો એક રૂપિયો જ થયો પણ નવ રૂપિયા તો ક્યાં મારવાનો છે તેના) હા, કોઈકે કહ્યું હતું. (પંકજભાઈએ કહ્યું હતું) પંકજભાઈએ કહ્યું હતું. (સો રૂપિયા હથોડા મારવાના છે અને નૌ હજાર નૌસો રૂપિયા તો હથોડો ક્યાં મારવાનો છે તેના છે) પાંચ મિનિટ દલીલ કરી.

આ એક વ્યવહાર નહીં અનેક પ્રકારની વાત કરવા માંડયો. ઓલો નિશ્ચયનયે સાંભળ્યા કર્યું. સમજી ગયા? ઓણે ઊભો થઈને નિષેધ કર્યો, હથોડો (વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે) અભૂતાર્થ છે જાવ. વ્યવહારનય સઘળોય અભૂતાર્થ, જાવ ભાગી જાવ! નિશ્ચયનય એક જ ભૂતાર્થ છે. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. જાવ કુંદકુંદભગવાને સુપ્રીમ કોર્ટમાંથી આવી ને આ ફેંસલો કર્યો છે. (હા, બરાબર. કેસ જીતી ગયા) કેસ જીતી ગયા. (ઝઘડો ખતમ થઈ ગયો) ઝઘડો ખતમ થઈ ગયો. સંસાર ગયો. (આઠ કલાકની દલીલ હતી તે હારી ગયા અને પાંચ મિનિટની દલીલ હતી તે જીતી ગયા) જીતી ગયા. એને આખા કેસની ખબર હતી કે આમાં પાંચ દસ મિનિટથી વધારે મને ટાઈમ લાગશે નહીં. એટલો એને કોન્ફીડન્સ. (વિશ્વાસ) એટલે એણે પહેલેથી શરત કરી કે, શેઠ! હું પાંચ મિનિટ દલીલ કરું ને પાંચ કલાકેય કરું. મારો કલાકનો ચાર્જ નથી. એક કેસની દલીલના મારા પચાસ હજાર રૂપિયા છે. કેટલાકે તો એ પાંચ મિનિટ દલીલ કરીને બેસી ગયા તો કેટલાકને એમ કે શું થયું? કે આ આવડો મોટો વકીલ (એને કાંઈ આવડતું નથી. મુર્ખા તો એમ બોલે)

વ્યવહારનય લાંબી લાંબી વાત કરે. નિશ્ચયનય સ્વઆશ્રયે ધર્મ થાય. બસ ! ખલાસ થઈ ગયું. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય. કારણ કે નવતત્ત્વનું શ્રધ્ધાન, છ દ્રવ્યનું જ્ઞાન, આનું આમ, આનું આમ, આનું આમ. નય, નિક્ષેપ, પ્રમાણ. (ઘણી ઘણી લાંબી લાંબી વાત!) ઓલા કહે કે સમર્થ આચાર્યોએ વ્યવહાર દર્શાવ્યો છે દલીલ કરી. પણ નિષેધ કરવા માટે દલીલ કરી) ખલાસ! વ્યવહારનો પક્ષ અનાદિકાળથી છે. હેય-નિષેધક જો તત્ત્વ હાથમાં આવ્યું તો કામ થઈ જાય. એ નજર જોઈએ. નજર જોઈએ બસ. નજરનું કામ છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને નિશ્ચયનય હાથમાં આવ્યા પછી ભલે એને ટાઈમ લાગે પણ એ પામવાનો. અને વ્યવહારના પક્ષવાળો લાંબુ લાંબુ કરીને ભવોના ભવ. (લાંબો થઈ જાવાનો) લાંબો થઈ જાવાનો. લાંબો થઈ જાવાનો.

આત્માનો સ્વભાવ જ્ઞાન ને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. બસ. નિશ્ચયનય કહે એટલું મારું કામ છે. (એમાં બધું આવી ગયું) કામ થઈ જાય એમાં બસ. જ્ઞાનસ્વભાવ આત્માનો નિર્ણય કરીને જ્ઞાનને અંદરમાં વાળો એમ એકસો ચુમાલીસમાં કહ્યું. આટલું જ છે. બસ. કર્તા કર્મ અધિકારનો સાર હો? ટોટલ માર્યો એકસો ચુમાલીસમાં. અને એ ટુ ઝેડ પાછું. પ્રથમ શું અને પછી શું? બે શબ્દ છે. પ્રથમ અને પશ્ચાત. પ્રથમ નિર્ણય કરવો. (પ્રથમ હું જ્ઞાન સ્વભાવી આત્મા છું એવો નિર્ણય કરવો) આ નિર્ણય કરનારો જીવ અંતર્મુખ થાય જ. હું કેવળ જાણનાર છું. એવો જેને નિર્ણય થયો ને તે જાણનાર થઈ જાય.

પ્રથમ શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. પહેલાં જાત્રા કરવા જાવી અને ગુણસ્થાન ભણવા ને આઠ કર્મ ભણવા ને ગોમ્મટસાર વાંચવું ને કાંઈ નહીં. તત્ત્વાર્થસૂત્ર વાંચવું ને કાંઈ નહીં. તત્ત્વાર્થસૂત્ર ન વાંચવું? તો કહે ના. તો શું કરવું? હું જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ નિર્ણય કરવો. આ બધા સુપ્રીમ કોર્ટના વકીલો. હેં? હાઈ કોર્ટના નહીં કાંઈ. (કોઈ એમાં કંઈ વિભાગ આવે જ નહીં) નહીં. નહીં. બિલકુલ. (એમાં પ્રશ્ન જ નહીં) ખલાસ! સુપ્રીમ કોર્ટના બધા જજો (ન્યાયાધીશો). (એની પાસે વધુ ટાઈમ ન હોય) નહીં. ફેંસલો. સમર્થ આચાર્ય થઈ ગયા સમર્થ.





Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં :- ૫૩૮

## તા.૧૪/૦૯/૧૯૮૯

એક દેવસેનઆચાર્ય થઈ ગયા. આજથી લગભગ આઠસો વર્ષ પહેલાં. તેઓશ્રીએ નયચક્ર નામનું પુસ્તક લખ્યું છે. એ નયચક્ર હિન્દીમાં છે. મૂળ સંસ્કૃતમાં છે અને એનો અનુવાદ પણ હિન્દીમાં થયેલો. પરંતુ હિન્દીમાં અનુવાદ મને બહુ ચોખ્ખો ન લાગ્યો એટલે પંડિત હુકમચંદજી પાસે એ પાનાનો અનુવાદ કરાવ્યો છે. અનુવાદ થયાને લગભગ પંદર વર્ષ થઈ ગયા. ગુરુદેવની હાજરીમાં અનુવાદ કરાવ્યો હતો. એ નયચક્રનું પાનું એકત્રીસ બત્રીસ છે. એનો અનુવાદ. શ્રી દેવસેનઆચાર્યકૃત નયચક્રનો અનુવાદ.

**નિશ્ચયનય તો** એટલે જે સ્વઆશ્રિત જ્ઞાનના પરિણામ હોય તેને નિશ્ચયનય કહેવામાં આવે છે. **નિશ્ચયનય તો ઉપનયથી રહિત,** ઉપનય એટલે નિશ્ચયની જોડે સાથે જે રહે તેને ઉપનય કહેવાય. ઉપ એટલે સમીપ. નિશ્ચયનયની સમીપે એક ભેદને જાણનારું જ્ઞાન પ્રગટ થાય તેને ઉપનય કહેવામાં આવે છે. અને એ ઉપનયથી નિશ્ચયનય રહિત છે. નિશ્ચયનય અભેદને વિષય કરે છે ભેદને વિષય કરતી નથી. ભેદને વિષય કરનારી ઉપનય તેનાથી નિશ્ચયનય ભિન્ન છે, રહિત છે. હવે નિશ્ચયનયનો વિષય શું છે? નિશ્ચયનય અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે. એ અભેદને વિષય કરે છે. અને અનુપચાર કોઈ ઉપચરિત વાતને વિષય કરતી નથી. ઓરીજનલ (મૂળ) જે પદાર્થનું સ્વરૂપ હોય તેને જ પ્રતિપાદન કરે તેને નિશ્ચયનય કહેવાય. તેમાં ઉપચાર કામ ન આવે.

**અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે** એટલે નિશ્ચયનયનું. **અને જે**-અને જે એટલે નિશ્ચયનય. **અર્થનો** એટલે પ્રયોજનભૂત પદાર્થનો **નિશ્ચય કરાવે છે** તે નિશ્ચયનય છે. અર્થનો એટલે? પ્રયોજનભૂત અર્થનો, પદાર્થનો, ભાવનો નિશ્ચય કરાવે, નિર્ણય કરાવે. નિર્ણય કરાવે જેવું સ્વરૂપ છે તેવા સ્વરૂપને બતાવે, જણાવે તે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચયનય છે. ઉપર કહ્યું તેનો વિષય અભેદ જ છે. નિશ્ચયનય ભેદને વિષય ન કરે. આગળ.

**સ્યાત્પદથી રહિત હોવા છતાં** જુઓ, આચાર્યભગવાન એમ કહે છે કે આત્મા પરિણામ માત્રથી રહિત છે. કથંચિત્ રહિત અને કથંચિત્ સહિત એમ નથી. એવું સ્યાત્ એમાં નથી. સર્વથા રહિત છે. બીજું નિશ્ચયનય એમ કહે છે કે સર્વથા આત્મા શુદ્ધ છે. કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ એમ નથી. સર્વથા એક છે, સર્વથા અખંડ છે, સર્વથા નિષ્ક્રિય છે, સર્વથા અબદ્ધ છે, સર્વથા મુકત છે. એ નિશ્ચયનય જેવું વસ્તુનું સ્વરૂપ છે એવા અર્થનો નિશ્ચય કરાવે છે. જેવું શુદ્ધાત્માનું સ્વરૂપ છે, ઉપાદેયભૂત તત્ત્વ છે, આશ્રયભૂત તત્ત્વ છે, અહં કરવા યોગ્ય પદાર્થ છે તેવા પદાર્થનો નિશ્ચય કરાવે તેને નિશ્ચયનય કહેવામાં આવે છે. અને એ નિશ્ચયનય સ્યાત્પદથી રહિત હોવા છતાં તેમાં સ્યાત્ લાગુ ન પડે.

શુદ્ધ જ છે. શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે તેવો સ્યાદ્વાદ એમાં નથી. એવા સ્યાદ્વાદનો સ્વભાવમાં અભાવ છે. આત્મામાં એવા સ્યાદ્વાદનો અભાવ છે. આત્મા કથંચિત્ શુદ્ધ હોય અને કથંચિત્ અશુદ્ધ હોય એવું આત્માનું સ્વરૂપ જ નથી. સ્યાત્પદ લગાડવાથી, કથંચિત્ લગાડવાથી વસ્તુ ઢીલી થઈ જાય છે અથવા વિપરીત થાય છે. અથવા સ્યાત્ લગાડવાથી–કારણ કે સ્યાત્ લગાડો એટલે વ્યવહારનો જન્મ થાય છે. અને વ્યવહારનો જન્મ થાય છે તો નિશ્ચયનયનો વિષય તિરોભૂત થાય છે, ઢંકાઈ જાય છે, આચ્છાદિત થાય છે. સ્યાત્ વ્યવહારનો જનક છે, વ્યવહાર રાહુના સ્થાને છે. જેમ સૂર્યની આડે રાહુ આવે તો સૂર્ય દેખાતો નથી. સૂર્ય તો છે. પણ તમારી નજર જો રાહુ ઉપર ગઈ તો સૂર્ય ન દેખાય. અને સૂર્ય ઉપર નજર જાય તો રાહુ દેખાતો નથી. વ્યવહાર દેખાતો નથી. પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ થઈ જાય છે.

વ્યવહાર એટલે પર્યાયને જાણનારું જે જ્ઞાન. આત્મા કથંચિત્ દ્રવ્યરૂપ છે અને કથંચિત્ પર્યાયરૂપ છે એમ નથી. આત્મા સર્વથા દ્રવ્યરૂપ જ છે અને પર્યાયરૂપે છે, સ્યાત્ બેમાં હા પાડે. સ્યાત્ બેમાં હા પાડે. દ્રવ્યરૂપ પણ છે પર્યાયરૂપ પણ છે, એક



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ છે અનેક પણ છે, અભેદ પણ છે અને ભેદ પણ છે. એ એમ નથી. વસ્તુનું સ્વરૂપ જ નથી. એમાં વસ્તુની પ્રાપ્તિ થતી નથી. કેમ કે એ સ્યાત્ લગાડયો એટલે વ્યવહારનો જન્મ થઈ ગયો. વ્યવહારનો જન્મ થઈ ગયો તો નિશ્ચય આચ્છાદિત થઈ ગયો, ઢંકાઈ ગયો. દષ્ટિમાં નહીં આવે. સમજી ગયા?

પ્રથમમાં પ્રથમ સામાન્યને જાણતો વિશેષને નહીં જાણતો, આ એ કહે છે. વિશેષ છે જ નહીં ને? સામાન્યમાં વિશેષની નાસ્તિ છે. પછી જેમાં જેની નાસ્તિ હોય તે આત્માપણે કયાંથી જણાય? જેમાં જેનો અભાવ હોય તે આત્માપણે ન જણાય. માટે સ્યાત્પદનો, આહાહા! **સ્યાત્પદથી રહિત હોવા છતાં** એમ. ભગવાનઆત્મા જે નિશ્ચયનય છે, નિશ્ચયનો જે વિષય છે. એ સ્યાત્પદ એનો એનાથી રહિત હોવા છતાં **પણ તેમાં નિશ્ચયાભાસપણું થતું નથી.** ઉલટું નિશ્ચયનું ભાન થાય છે. સ્યાત્ લગાડતાં નિશ્ચયનું જ્ઞાન થતું નથી. નિશ્ચયનય એટલે નિશ્ચયનયનો વિષય શુદ્ધાત્મા. જેમ શુદ્ધનય અને શુદ્ધનયનો વિષય આત્મા કહે છે ને એમ લેવું. નિશ્ચયનય એટલે શુદ્ધાત્મા એમ લેવું.

**તે નિશ્ચયનય છે. સ્યાત્પદથી રહિત હોવા છતાં પણ** તેમાં કોઈ સ્યાત્ ન લગાડે અને સર્વથા શુદ્ધ છું, સર્વથા પરિપૂર્ણ છું, સર્વથા પરમાત્મા છું, અત્યારે પરમાત્મા છું, અત્યારે પૂર્ણ છું, અત્યારે મોક્ષ સ્વરૂપ છું? હા, અત્યારે મોક્ષ સ્વરૂપ છું. આહાહા! એમ કોઈ સ્યાત્પદ ન લગાડે તો પણ તેને આત્માનો અનુભવ થાય છે એટલે નિશ્ચયાભાસપણું નથી આવતું. નિશ્ચયાભાસપણું કયારે આવે કે આત્માનો અનુભવ ન થાય તો. પણ આત્મા જેવો છે એવો દષ્ટિમાં આવે તો અનુભવ થાય, થાય ને થાય જ. અનુભવ થાય એટલે નિશ્ચયાભાસપણું ન હોય.

અનુભૂતિ થાય, જે રસ્તે અનુભૂતિ થાય એમાં નિશ્ચયાભાસપણું ન હોય. છે ને? તેમાં નિશ્ચયાભાસ થતું નથી. આહા! એકાંત થઈ જશે, નિશ્ચયાભાસ થશે. નથી થતું એમ આચાર્યભગવાન કહે છે. તને અનુભવ થશે. નિશ્ચયાભાસ થતું નથી એમ કહે છે. તને અનુભવ થશે. અનુભવ થાય પછી નિશ્ચયાભાસનો પ્રશ્ન રહેતો નથી. અનુભૂતિ

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ જાય.

**નિશ્ચયાભાસ થતું નથી, કારણ કે તે ઉપનયથી રહિત છે.** શુદ્ધાત્મા વ્યવહારનયના વિષયથી રહિત છે. વ્યવહારનયનો વિષય આત્મામાં છે જ નહીં. વ્યવહારનયનો વિષય ભગવાનઆત્મામાં નથી. ગુણભેદ પણ તેમાં દેખાતો નથી તેમ ઉપચાર પણ તેમાં દેખાતો નથી. કર્મથી બંધાયેલો છે ને આવો છે ને તેવો છે. એવો કોઈ ઉપચાર તેમાં લાગુ પડતો નથી. **અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે અને જે અર્થનો નિશ્ચય કરાવે છે. તેનું નામ નિશ્ચયનય છે.** અને તે સ્યાત્‌પદથી રહિત હોવા છતાં નિશ્ચયાભાસપણું થતું નથી. કારણ કે તે ઉપનય એટલે નિશ્ચયનય સાથે રહેલી સમીપે રહેલી ઉપ એટલે સમીપ. ઉપનય. ઉપ એટલે નિશ્ચયનય મુખ્ય છે. પ્રધાન છે તેની સમીપે રહેલી જે વ્યવહારનય તેનો તેમાં અભાવ છે. પ્રમાણમાં બેનો સદ્‌ભાવ પણ નિશ્ચયનયમાં ઉપનયનો અભાવ. પ્રમાણમાં બેનો સદ્‌ભાવ છે પણ નિશ્ચયનયમાં વ્યવહારનો અભાવ છે.

સ્વપણે છે અને પરપણે નથી. સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા એ બે ભાવ વડે એકનો નિર્ણય થાય છે. સ્વરૂપે સત્તા પરરૂપે અસત્તા. નિશ્ચયનય, સ્વરૂપે સત્તા અસ્તિત્વ અને પરરૂપે અસત્તા. વ્યવહારનય મારામાં છે જ નહીં. નિશ્ચયનયમાં વ્યવહાર નથી. પ્રમાણમાં નિશ્ચય ને વ્યવહાર છે. તેથી પ્રમાણ પૂજ્ય નથી. સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા. નિશ્ચયનય નિશ્ચયનયરૂપે છે અને વ્યવહારનયરૂપે નથી. માટે એક નિશ્ચયનયની સિદ્ધિ થાય છે. કારણ કે તે ઉપનયથી રહિત છે. આહાહા!

વ્યવહારનયનો વિષય જ આત્મા નથી. આત્મા શુદ્ધનયનો જ વિષય છે. જે ઉપાદેય તત્ત્વ છે, જે ગ્રહણ કરવા યોગ્ય છે, જેમાં અહં કરવા યોગ્ય છે, અવલંબન કરવા યોગ્ય છે જેનું અવલંબન લેતાં અનુભૂતિ થાય એમાં વ્યવહારનયનો અભાવ છે. વ્યવહારનયનો વિષય ભેદ અને ઉપચાર છે. વ્યવહારનયનો વિષય ભેદ અને ઉપચાર છે. નિશ્ચયનયનો વિષય અભેદ અને અનુપચાર છે. આત્માનું સ્વરૂપ અભેદ અને અનુપચાર છે. આત્મા ભેદરૂપ નથી ને ઉપચારરૂપ નથી. અને ભેદ અને ઉપચારને વિષય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે તે વ્યવહારનય. વ્યવહારનયનો નિશ્ચયનયમાં અભાવ છે. નિશ્ચયનયમાં અભાવ છે એટલે આત્મામાં અભાવ છે. (એના વિષયનો આત્મામાં અભાવ છે અને એનો નિશ્ચયનયમાં અભાવ છે.) અભાવ છે.

નિશ્ચયનયમાં એનો અભાવ છે. (અને નિશ્ચયનય વ્યવહારથી નિરપેક્ષ છે) હા, નિરપેક્ષ છે. ( અને નિશ્ચયનયમાં વ્યવહારનય નથી) નથી. નહીંતર નિશ્ચયનય સિદ્ધ નહીં થાય. પ્રમાણજ્ઞાનમાં નિશ્ચયવ્યવહાર બેય છે. પણ નિશ્ચયનયમાં વ્યવહાર નથી. પ્રમાણજ્ઞાન અલગ વાત છે. એ તો પદાર્થની સિદ્ધિ કરે છે. નિશ્ચયનય તો અર્થની સિદ્ધિ કરે છે. અર્થ નામ પ્રયોજનભૂત જે ભગવાનઆત્મા એની સિદ્ધિ કરે છે. (એટલે નય ને નયના વિષયમાં બેયમાં સ્યાદ્‌વાદનો અભાવ છે) અભાવ છે. અભાવ છે કેમ કે નય છે તે સ્યાત્‌પદથી રહિત છે. ઉપનયથી રહિત છે.

શુદ્ધનય એક જ છે. આમાં આવ્યું ને? એ આ કહે છે. શુદ્ધનય એક જ છે. કઈ નયથી અમે જાણીએ કે આત્મા સુદૃષ્ટિ અને કુદૃષ્ટિ. તો એમ કરતાં નિશ્ચયાભાસપણું આવે? તો કહે ના આવે. (અરે! દ્રવ્ય દૃષ્ટિ થાય) દ્રવ્ય દૃષ્ટિ થાય અને અનુભવ થઈ જાય. (બરાબર પ્રભુ!) એવા અનુભવજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદભાવ છે. (પછી આવશે) પછી આવશે લીધું છે પોતે. પોતે લીધું છે. (આમાં બે વાત છે અને આપને બે વાત આવી.) એ ભાઈએ હમણાં કહ્યું. આખા પારાનું સંક્ષિપ્તકરણ. (ટાઈટલ છે) ટાઈટલ છે.

આ જયારે વાંચ્યું ને, ત્યારે મને બહુ પ્રમોદ આવ્યો. આહાહા! આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ! તો પણ નિશ્ચયાભાસપણું થાય નહીં. હું શુદ્ધ છું, અભેદ છું, પરિપૂર્ણ છું, અખંડ છું. સંસારી જીવ શુદ્ધ છે? સ્યાત્‌શુદ્ધ કહો. અમે નહીં કહીએ. ઓલો કહે કે નિશ્ચયાભાસ થઈ જશે. તો કહે નહીં થાય. અનુભૂતિ થઈ જશે. (ખુબજ સારી વાત છે. સ્વભાવનું ભાન થઈ જાય) સ્વભાવનું ભાન થઈ જાય. સ્વભાવની તો વાત કરે છે.

દૂધમાં ઝેર ભેળવવાનું તારે કામ શું છે? દૂધ પીને? અમૃત પીને? ભેદ અને



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપચારને શું કામ અંદર સામેલ કરે છે? વસ્તુમાં તો ભેદ અને ઉપચાર છે જ નહીં. આહા! અભેદ, અનુપચાર, અખંડ એક છે પરમાત્મા. એમાં બે પણું નથી. આહાહા! કારણ કે તે ઉપનયથી રહિત છે. **ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે?** ઉપનય જે છે એ વ્યવહારનો જનક. એના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે?

**એમ કોઈ પૂછે તો કહે છે કે,** જુઓ હવે, એ ઉત્તર આપે છે. સરસ ઉત્તર આપે છે. સ્યાત્‌પદની પ્રધાનતાથી સ્યાત્ કથંચિત્ એની પ્રધાનતાથી, મુખ્યતાથી ઉપનય વ્યવહારનો જનક થઈ જાય છે. સ્યાત્ એક, સ્યાત્ અભેદ, સ્યાત્ શુદ્ધ એમ કહેતાં એ તો વ્યવહારનો જનક છે. આહાહા! જ્યારે, એટલે કે એમાં શુદ્ધાત્મા દૃષ્ટિમાં આવતો નથી. દૃષ્ટિ ખસી જાય છે. વ્યવહારનયના વિષય તરફ જો દૃષ્ટિ જાય તો વ્યવહારનયનો જે વિષય છે એ તો આત્મા નથી અને એના ઉપર દૃષ્ટિ રાખે તો અનુભવ થતો નથી. પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! (પ્રમાણના પક્ષવાળાને પર્યાયદૃષ્ટિ જ રહે છે) પર્યાયદૃષ્ટિ રહે છે.

પણ પ્રમાણનો જન્મ નયપૂર્વક જ થાય. તે સમ્યક્ પ્રમાણ છે. ઓલો પ્રમાણનો પક્ષ છે. એમાં તો વ્યવહારનો વ્યવચ્છેદ પ્રમાણ નથી કરતી. એટલે પક્ષાતિક્રાંત થવામાં અસમર્થ છે. બહુ સરસ ખુલાસો છે. આ તો કુદરતી મનેય વિચાર ન આવ્યો કે ગુરુદેવ પાસે આ પાનું મૂક્યું હોત કે સાહેબ આનું વ્યાખ્યાન અમારે સાંભળવું છે. ક્યાંથી તમે આ કાઢ્યું? સાહેબ આ દેવસેન આચાર્યનું છે. તો કહે મને પુસ્તક આપો તો થાય. ખીસ્સામાંથી તરત જ પુસ્તક આપત. લ્યો સાહેબ સંસ્કૃતમાં છે. ઓહો! વાહ! એ તો ખુશ ખુશ થઈ જાત. આહાહા! પણ રહી ગયું. એ રહી ગયું ને સોગાનીજીના બોલ વ્યાખ્યાનમાં લેવડાવવા હતા એ રહી ગયા. બે રહી ગયું. જેમ બહેનશ્રીના બોલ લેવડાવ્યાને? બીજા લોકોએ. એમ મારે પણ લેવડાવવા હતા. લેત. (હા, લેત) લાલભાઈ કહે છે તો આપણે સ્વાધ્યાય કરીએ એમ કહે. પોતાનું મન હોય. સમાજને હારે રાખીને કામ કરે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહાન કુંવર છે ને? કહાન કનૈયો. એ લીલા જુદા પ્રકારની. (કાલે સરસ કહ્યું કહાન લીલાને જે ઓળખે તે ઓળખે. ફોન ન કરો ભાઈ!) ઉપાડયો ટેલીફોન હો એણે. કયાં ટેલીફોન કરો છો? સોનગઢ કરું છું. શું કામ? ગુરુદેવનો વિકલ્પ શાંત થઈ જાય. સાહેબ! આડત્રીસ ગાથામાં. અરે! સાહેબને કહેવાય? (સાહેબને બધી ખબર હોય) બધી ખબર હોય. આમ કહે કે કયાંક છે ખરું પણ કાંઈ ખ્યાલ નથી આવતો. ત્યાં બધાની સામું જોવે કે કોઈ બોલે છે? કાળા ચશ્મા હોયને એટલે ખબર ન પડે કે કોની સામું જુએ છે. સમજ્યા? એવું છે. કાળા ચશ્મા હોય ને? આમ જુએ પણ કોની સામું જુએ છે પ્રેમચંદજી સામે કે આની સામે એ કાંઈ ખબર ન પડે. પોતાને ખબર હોય કે, હં... (ન્યાં બેઠેલા છે એમાં કોઈને કાંઈ ખબર નથી.) એને પાણી માપી લીધું. આહાહા!

નવતત્ત્વનો અત્યંત અભાવ છે એમ કોઈ બોલ્યું. શાસ્ત્રમાં ભલે ન હોય. પણ સાહેબ નવતત્ત્વનો અભાવ છે એ હકીકત છે શાસ્ત્રમાં વાંચેલું છે મને યાદ નથી સાહેબ! આ રીતે કોઈ બોલે. (આપ કહો છો તો શાસ્ત્રની જરૂર નથી) બરાબર છે. (કંઈક આવે છે પણ ખબર નથી કે કયાં આવે છે?) એવું ભારે મોઢું રાખીને હો? કયાંક આવે છે ખરું. નવતત્ત્વનો અત્યંત અભાવ છે. વાત શાસ્ત્રમાં છે પણ યાદ નથી આવતી. (એને યાદ ન હોય એવું બને?) બને કોઈ દિ'? મૂળ વાત. (પરીક્ષા કરે છે) પરીક્ષા, પરીક્ષા. લોકોની પરીક્ષા લઈ લ્યે. કોઈક વખત શિષ્યોની પરીક્ષા લઈ લ્યે કેટલામાં છે બધા. બાબુભાઈ કહે બહુ વિકલ્પ ઊઠે છે. શેનો? નવતત્ત્વનો અત્યંત અભાવ છે તે કયાંય મળતું નથી. મેં કીધું આપ આડત્રીસમી ગાથા જુઓ, આહાહા! આ તો આમાં છે. ટેલીફોન ઉપાડયો કયાં કરો છો ટેલીફોન? સોનગઢ જોડાવું છું. એટલે હિંમતભાઈને ઓલા હિંમતભાઈ જોબાળીયા છે ને તેનો ટેલીફોન નંબર એને જરાક કહી દઉં કે ગુરુદેવને કહી દ્યે કે આમાં છે આડત્રીસમી ગાથામાં. અરે ભાઈ! ફોન જોડોમાં.

આ દૃષ્ટિનો વિષય એને કોઈને પૂછવો પડે? હેં? દૃષ્ટિના વિષયના તો માસ્ટર છે. આહાહા! બસ આ વ્યવહારનય ઉપર એકાંત દૃષ્ટિ છે. નિશ્ચયનય ઉપર દૃષ્ટિ જ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાતી નથી. અને કદાચ નિશ્ચયનયની દૃષ્ટિનો પ્રયત્ન કરે તો વ્યવહારનયનું અસ્તિત્વ રાખીને નિશ્ચયનયને જાણવાનો પ્રયત્ન કરે. સમજાણું? કદાચિત નિશ્ચયનય તરફ નજર કરવાનો એનો વિચાર થાય તો પણ વ્યવહારનય ઉપર નજર રાખી એને જીવતી રાખીને ત્યાં નજર કરે. એટલે ત્યાં નજર જાય જ નહીં. (એકદમ સાચી વાત છે) એનો જ્યારે પ્રલય કરે, આહાહા! ત્યારે દૃષ્ટિમાં દ્રવ્ય સામાન્ય આવે અને પર્યાયનો ભેદ દેખાય નહીં. અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહા! નિશ્ચયની દૃષ્ટિ તો અમૃત દૃષ્ટિ છે. અભેદમાં ભેદ દેખાતો નથી. આહાહા! કેમ કે ભેદને પ્રસિદ્ધ કરે છે એ તો વ્યવહારનય છે. વ્યવહારનયના વિષયનો આત્મામાં અભાવ છે. ભેદનો અભાવ છે આત્મામાં. એ તો અભેદ સામાન્ય છે. ગુણભેદ પણ નથી અને પર્યાય ભેદ પણ નથી.

**ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે- સ્યાત્‌પદની પ્રધાનતાથી, મુખ્યતાથી ઉપનય વ્યવહારનયનો જનક છે.** આહા! જ્યાં સ્યાદ્‌વાદની મુખ્યપણે વાત કરી હતી, સ્યાત્ ત્યાં વ્યવહાર ઉત્પન્ન થઈ ગયો. ખલાસ! નિશ્ચયનય ઢંકાઈ ગયો. નિશ્ચય નજરમાં ન આવે, તિરોભૂત થઈ જાય, જ્યારે નિશ્ચયનય દ્વારા, આહાહા! જોજો કેટલું સરસ સુંદર સંકલન કર્યું છે. કે એક વ્યવહારનો જનક છે સ્યાત્‌પદથી. હવે એને રાખવાથી આત્માનો અનુભવ નહીં થાય. **જ્યારે નિશ્ચયનય દ્વારા** સ્વઆશ્રિત નિશ્ચયનય દ્વારા એકલા અભેદ સામાન્ય ટંકોત્કીર્ણ તરફ જોવાની જ્યાં નજર થાય છે ત્યાં **દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે.** પ્ર-વિશેષે કરીને લય દેખાતી જ નથી. (સર્વનાશ) સર્વનાશ. છે જ નહીં દેખાતી નથી ને. આહાહા!

ભેદ દેખાતો નથી. પર્યાયનો ભેદેય દેખાતો નથી, ઉપયોગ લક્ષણ દેખાતું નથી અને જ્ઞાનગુણનો ભેદ પણ દેખાતો નથી. ઉપયોગ લક્ષણ એ પણ વ્યવહારનયનો વિષય છે. અને જ્ઞાનગુણ સહજ ગુણભેદ આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એ પણ વ્યવહારનયનો વિષય છે. એને પ્રલય કરાવી દેવામાં આવે છે. ત્રણ ગુણભેદ પણ દેખાતા નથી અને ઉપયોગ લક્ષણ પણ દેખાતું નથી. એકલું દ્રવ્ય જણાય છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા! લક્ષ જણાય છે ત્યારે લક્ષણ અને લક્ષ અભેદ થઈને જણાય જાય છે. એટલે ઓલો ભેદ નથી દેખાતો. ભેદ દેખાય તો લક્ષ નથી દેખાતું.

બહુ ઊંચું છે. એવો આમાં માલ ભર્યો છે! વ્યવહારનયનો પ્રલય શબ્દ વાપર્યો છે ને? હવે પ્રલય કરે ત્યારે એક નિશ્ચયનય શુધ્ધનય દેખાય છે. એટલે શુધ્ધનયનો વિષય શુધ્ધાત્મા એના દર્શન થાય છે. અભેદમાં ભેદ દેખાતો નથી. આપણે વાત આવે છે ને? અભેદમાં, અભેદની દષ્ટિમાં ભેદ દેખાતો નથી. ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. આહાહા! કેમ કે ભેદના લક્ષે અભેદ નહોતો દેખાતો. તિરોભૂત થઈ જાતો'તો, ઢંકાઈ જાતો'તો. રાહુ છે. આહાહા! વ્યવહારનય રાહુ છે. રાહુના સ્થાને કહેશે. આહા!

આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે એમ જે દેખાય છે તે રાહુ આડો આવી ગયો, અભેદના દર્શન ન થાય. અહીંયા ભેદની જ વાત કરી છે, રાગની વાત તો આમાં લીધી જ નથી. ઉપરમાં જુઓ ભેદ ને અનુપચાર બે જ કહ્યું છે. અભેદને અનુપચાર નિશ્ચયનયનું લક્ષણ બાંધ્યું છે. અભેદ અને અનુપચાર.

**જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે ત્યારે એક 'એક' નિશ્ચયનય જ 'જ' પ્રકાશિત થાય છે.** બે નહીં એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે. વ્યવહાર અસ્ત થયો તો સંસારનો અસ્ત થયો. આવ્યું'તું કે નહીં? વ્યવહારનો અસ્ત થયો તો સંસારનો અસ્ત થઈ ગયો. ખલાસ! મોક્ષમાર્ગનો ઉદય થયો તો બંધ માર્ગ અસ્ત થઈ ગયો. જયારે એક નિશ્ચયનય જ સમ્યક્ એકાંત. પ્રકાશિત થાય છે.

'આત્મ સ્વભાવમ્ પરભાવમ્ ભિન્નમ્' આત્માનો સ્વભાવ શુધ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. આ ઈ. શુધ્ધનય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ઉદયરૂપ થાય છે. વિભાવને પ્રગટ કરતો જ નથી એનો વિષય જ નથી. આહા! જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્‌ભાવ એટલે અસ્તિત્વભાવ સદ્‌ભાવ શુધ્ધ એક અખંડરૂપ છે. જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્‌ભાવ, અસ્તિત્વભાવ, હોવાપણાનો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ શુધ્ધ છે, એક છે અને અખંડરૂપ છે. ચાર વિશેષણ લગાડયા. નિશ્ચયનયથી વસ્તુ કેવી છે? કે એક સત્ છે, શુધ્ધ છે, એક છે અને અખંડ છે. તો પણ વસ્તુની શુધ્ધતા, આહાહા! જુઓ ઉંચામાં ઉંચી વાત કરે છે. છે તો આવી વસ્તુ **તો પણ વસ્તુની શુધ્ધતા ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે, જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત (કવલિત) થાય છે.** આહાહા! સૂર્ય હોવા છતાં સૂર્ય દેખાતો નથી. સૂર્યનો અભાવ નથી પણ સૂર્યના જોવાની આડે રાહુ આડો આવી ગયો તો એનો જે પ્રકાશ છે એ પ્રકાશ દ્વારા સૂર્ય દેખાતો હતો એ પ્રકાશને આડે વાદળા આવી ગયા કે એવું આવી ગયું ગ્રહણ થઈ જાય તો સૂર્ય દેખાતો નથી.

એમ વસ્તુનો સતરૂપ એક અખંડ શુધ્ધભાવ છે. એક છે, ટંકોત્કીર્ણ છે, શુધ્ધ છે. આત્મા શુધ્ધ જ છે. પણ એ અનાદિથી અજ્ઞાનીને શુધ્ધ નથી દેખાતો. કેમ? કે એની નજર ભેદ અને વ્યવહાર ઉપર અનાદિથી નજર પડી છે. એટલે વસ્તુ દેખાતી નથી. સૂર્ય દેખાતો નથી. એટલે વ્યવહાર રાહુના સ્થાને છે. વ્યવહારની રુચિ, વ્યવહારનો પ્રેમ એ આત્માનો અનુભવ થવા નહીં દયે. પણ આત્મા ભલે એ વ્યવહારનો પક્ષ હોય તો પણ આત્મા તેના સ્વરૂપને છોડતો નથી. સતરૂપ છે, શુધ્ધ છે, એક છે અને અખંડ જ છે. આહાહા! આચ્છાદિત થઈ જાય છે. દેખાતો નથી. (દેખાતો નથી) દેખાતો નથી. છે ખરો આત્મા. (છે એટલે તો આચ્છાદિત થાય છે) હં..તેનો નાશ ન થાય.

સૂર્યનો નાશ ન થયો સૂર્ય દેખાતો નથી. રાહુ આડો આવી ગયો. ગ્રહણ થઈ ગયું ગ્રહણ. ગ્રહણ થઈ ગયું અંધારું થઈ ગયું. આહા! (આચ્છાદિત કરે છે એટલે તિરોભાવ પણ લઈ શકાય ને?) આચ્છાદિત કરે છે. તિરોભાવ લઈ શકાય. જેવી રીતે સૂર્યનો બિંબ સૂર્યના બિંબને રાહુ આચ્છાદિત કરે છે. સૂર્યના બિંબનો અભાવ ન થાય. એ તો જેવો છે એવો છે. વ્યવહારનયનો નિષેધ નથી આવતો. વ્યવહારનય દ્વારા આત્માનો અનુભવ થાય જ નહીં. બિલકુલ વિષય જ નથી. એનો વિષય ભેદ અને ઉપચાર છે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને વિષય કરે છે.

નિશ્ચયનય તો અભેદ અને અનુપચાર છે. આહાહા! સ્વ આશ્રિત નિશ્ચયનય ભેદ આશ્રિત વ્યવહાર. પરાશ્રિત વ્યવહાર ન લેતાં ભેદ આશ્રિત લીધો. સમજી ગયા? અધ્યાત્મની આ પદ્ધતિ લીધી. કેમ કે રાગ તો એનો ભેદ જ નથી. જ્ઞાનગુણ એનો ભેદ છે અને ઉપયોગ પણ એનો પર્યાય ભેદ છે. ભેદ લીધો. અભેદના ભેદને વ્યવહાર લીધો. સદ્દભૂત વ્યવહાર. ઈ કહેશે કે સદ્દભૂત વ્યવહારની શું જરૂર છે? અસત્યની કલ્પનાને છોડાવે છે. એટલે આવશ્યક છે. એટલે જ્ઞાન તે આત્મા એટલું કરે છે. રાગ તે આત્મા એનો પ્રતિચ્છેદ કરે છે. સદ્દભૂતવ્યવહાર અસદ્દભૂત વ્યવહારનો નિષેધ કરે છે. એટલું એનામાં છે. (અસત્ય કલ્પના) હા, અસત્ય કલ્પનાની નિવૃત્તિ છે. આહાહા! કેટલો માલ ભર્યો છે. (કેટલું બધું ભર્યું છે) હા. આચ્છાદિત થાય છે. જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત થાય છે.

**આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે?** જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, જાણે તે આત્મા એની જરૂર શું છે? જો વ્યવહારનય નિશ્ચયનયના વિષયને આચ્છાદિત કરે અને તમે તો ત્યાં સુધી આગળ લઈ ગયા કે વ્યવહારનય તો રાહુના સ્થાને છે. આ શું? આટલું બધું? રાહુ? આહાહા! એવો શિષ્યનો પ્રશ્ન છે.

કેટલી અંદર ગોઠવણી કરી છે? માલ ભર્યો છે. આહાહા! ઉપયોગ આત્માનું લક્ષણ છે. આત્માનું લક્ષણ કહ્યું ત્યાં ભેદ થઈ ગયો. ત્યાં ભેદ થઈ ગયો. આહાહા! પર્યાય ઉપર નજર ગઈ. દ્રવ્યદૃષ્ટિ ન થઈ. લક્ષણ તો વ્યવહારનયનો વિષય છે ને. અહીંયા એ લીધું છે ભેદ. અહીંયા ભેદ જ લેવો છે. ગુણભેદ અને પર્યાયભેદ. બેય ભેદ જ લેવા છે. રાગને તો યાદ જ નથી કર્યો.

**આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે?** વ્યવહારનયનું પ્રતિપાદન શાસ્ત્રમાં શા માટે આવે છે? જો રાહુના સ્થાને હોય તો, કાંઈ આત્માને મદદ ન કરતું હોય તો, (આડો આવતો હોય તો) આડો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવતો હોય તો, નુકસાન કરતો હોય તો એના કથનની જરૂર શું પડી છે? કહે સાંભળ! આહાહા! **અસત્ય કલ્પના નિવૃત્તિ માટે અને સમ્યક્ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે. સમ્યક્ રત્નત્રયથી પરમાર્થની સિદ્ધિ થાય છે.** આહાહા!

આ વ્યવહાર રત્નત્રયનો નિશ્ચય રત્નત્રય નિષેધ કરે છે. સદભૂત વ્યવહાર અસદભૂત વ્યવહારનો નિષેધ કરે છે. અસત્ય કલ્પના, સત્ય કલ્પના નથી ખોટું છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે. વ્યવહાર મોક્ષમાર્ગ માર્ગ જ નથી. એમ કરીને સદભૂત વ્યવહાર અસદભૂત વ્યવહારનો નિષેધ કરે છે એટલી એનામાં શકિત છે. પણ નિશ્ચયનય એનાથી પ્રાપ્ત નથી થતી એમ. એનાથી નજર નિશ્ચયનય ઉપર ન જાય. આમાં આવશે હજી. આમાં આવશે. પરમાર્થનય છે ને? **અસત્ય કલ્પના નિવૃત્તિ માટે અને સમ્યક્ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે** એમ કહ્યું. વ્યવહાર આવશ્યક છે. હવે એ વ્યવહાર આવશ્યક છે એટલા માટે એ સદભૂત વ્યવહાર પરમાર્થને સિદ્ધ કરે છે.

**સમ્યક્ રત્નત્રયથી પરમાર્થની સિદ્ધિ થાય છે.** (સમ્યક્ રત્નત્રય સ્વરૂપ વસ્તુ પોતે વ્યવહારનયનો વિષય છે) સમ્યક્ રત્નત્રય જે છે એ વ્યવહારનયનો વિષય છે. પણ જયારે એ પરમાર્થની સિદ્ધિ કરે છે. કેમ કે એ પરમાર્થને પ્રતિપાદિત કરે છે. છેલ્લે પણ આવશે. એનું કારણ કે નિશ્ચયનયથી જે શુદ્ધાત્મા દષ્ટિમાં આવ્યો તે નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થયા તો એ નિશ્ચય રત્નત્રયના પરિણામ પરમાર્થની પ્રસિધિ કરે છે. એનાથી કથંચિત્ અભિન્ન છે એ. માટે એને પ્રસિદ્ધ કરે છે.

એના ઉપર નજર રાખવાની નથી. નજર તો ત્રિકાળી ઉપર. પણ નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થયા એ પરમાર્થને બતાવે છે, સિદ્ધિ કરે છે કે આ આત્મા છે. શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે શુદ્ધની પ્રસિદ્ધિ કરે છે. એમ. એટલા માટે એ આવશ્યક છે. પણ જે ઓલો ખોટો વ્યવહાર છે તે તો પરમાર્થને બતાવતો જ નથી. એ અસદભૂત વ્યવહારનો તો નિષેધ કરે છે. સદભૂત વ્યવહાર, અસદ્ભૂતનો નિષેધ કરે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે અને પરમાર્થને બતાવે છે. બસ એટલું. એટલા માટે આવશ્યક છે એટલું (વ્યવહાર તરીકે સમ્યક્‌રત્નત્રયના પરિણામ એય વ્યવહારરૂપે છે) હા, એય વ્યવહાર છે. (અને એ વ્યવહાર પરમાર્થની પ્રસિદ્ધિ કરે છે) અને પૂજયતર છે. પૂજયતમ નથી. એ હમણા કહેશે. સમજી ગયા? શાંતિથી સમજે તો થાય. આહાહા!

આખર તો શુદ્ધાત્માના દર્શન કરાવવા છે ને? તો શુદ્ધાત્માના દર્શન કોણ કરે? કે નિશ્ચય રત્નત્રયના પરિણામ. તો નિશ્ચય રત્નત્રયના પરિણામે રાગને પ્રસિદ્ધ કર્યો? છ દ્રવ્યને પ્રસિદ્ધ કર્યા? કોને પ્રસિદ્ધ કરે છે એ? શુદ્ધાત્માને. પરમાર્થને એ પ્રસિદ્ધ કરે છે. માટે તે આવશ્યક છે. જરૂરનું છે. જાણેલો પ્રયોજનવાન બસ એટલું છે. છે એ બરાબર છે. એ કાંઈ ઉપાદેય નથી. ઉપાદેય તો ત્રિકાળી દ્રવ્ય છે. પણ એનો આશ્રય લીધો અને નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થયા મોક્ષમાર્ગના તો એણે પરમાર્થને પ્રસિદ્ધ કર્યો. ઓલું નથી આવતું? કે શુદ્ધનય કહો, અનુભૂતિ કહો કે આત્મા કહો એક જ છે. કેમકે શુદ્ધનયે આત્માને પ્રસિદ્ધ કર્યો તો આત્માનું જ્ઞાન છે, તો જ્ઞાન તે આત્મા છે. આત્માનું શ્રદ્ધાન તે શ્રદ્ધાન પણ આત્મા છે. એ પરમાર્થને પ્રસિદ્ધ કરે છે.

**સમ્યક્‌રત્નત્રયથી પરમાર્થની સિદ્ધિ થાય છે. આહાહા! અહીં પ્રશ્ન થાય છે કે આહા!** જુઓ! પ્રશ્ન ઉપર પ્રશ્ન! કેટલું એનું વિશાળ જ્ઞાન હશે. હેં! લોકોને જે પ્રશ્ન ઉઠે તે પ્રશ્ન પોતે મૂકે છે. **અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો એટલે કે ત્રિકાળી દ્રવ્ય તો સ્વભાવ સિદ્ધ છે.** વળી એને સમ્યક્ રત્નત્રય પ્રસિદ્ધ કરે. એ તો સ્વભાવથી સિદ્ધ છે. કોઈ પ્રસિદ્ધ કરે કે ન કરે. એ તો છે, છે ને છે. (વ્યવહારની જરૂર શું પડી?) શું જરૂર પડી? હં..... અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિદ્ધ છે તો રત્નત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય છે? વસ્તુ અનાદિ અનંત છે જ્ઞાયકભાવ. હવે એને પ્રસિદ્ધ કરવા માટે તમે આ વ્યવહારને સિદ્ધ કર્યો? એ તો પહેલેથી જ છે. (પરમાર્થને સિદ્ધ કરવો એ જ વ્યવહાર છે)

જે પરમાર્થને પ્રસિદ્ધ કરે છે એ જ વ્યવહાર સાચો છે એમ. (પણ પરમાર્થ તો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વયંસિદ્ધ છે એને વ્યવહારને સિદ્ધ કરવાની જરૂર શું પડી?) ઈ જ કહેશે જુઓ એનો જવાબ આપે છે. કે તું જો એકાંતે એ નિશ્ચય રત્નત્રયના પરિણામ સર્વથા ભિન્ન છે એમ માનતો હો તો આત્મજ્ઞાન થયું તો આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ આવે છે. આ આત્મજ્ઞાન થયું છે. સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ આત્મજ્ઞાન થયું છે. આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદની સિદ્ધિ છે. આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ, આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ. છે બેન. કેમ બેન? (સ્યાદ્‌વાદનું અવતરણ કરે) અવતરણ હં... અનુભવ થઈ ગયો કે નહીં? નિશ્ચય રત્નત્રય પ્રગટ થયું. ત્યાર પછી સ્યાદ્‌વાદ છે. હવે નિશ્ચય રત્નત્રય પ્રગટ થાય ત્યારે સ્યાદ્‌વાદ ઊભો થાય છે તો પણ આ બધું પરોક્ષ અનુભૂતિ છે તને, એ તો હજી સમજાવે છે. આહાહા!

**અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિદ્ધ છે તો પછી રત્નત્રયથી તેની સિદ્ધિ કેવી રીતે થાય છે?** આહા! જ્ઞાન પ્રગટ થાય ત્યારે પરમાર્થ સ્વભાવ જણાય. તો જ્ઞાન પ્રગટ કરવાની જરૂર શું છે? એ તો વ્યવહારનયનો વિષય છે. એમ નથી. આત્મજ્ઞાન પ્રગટ થાય એમાં સ્યાદ્‌વાદ છે એમ અહીં સિદ્ધ કરે છે. આત્મજ્ઞાન પ્રગટ થયું ને? રત્નત્રયમાં આત્મજ્ઞાન થયું કે નહીં? તો આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે. આત્મામાં અભાવ છે. (એ પહેલા સિદ્ધ કર્યું?) એ તો પહેલાં સિદ્ધ કર્યું. (બે વાત એકસ્ટ્રા ઓર્ડીનરી સિદ્ધ કરે છે) એકસ્ટ્રા ઓર્ડીનરી હો? (બન્ને, બન્ને વાત) બન્ને વાત.

એ કુદરતી અહીંયા વાત થઈ'તી. આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે. પછી તો એ ચાલતું જ હોય છે. થોડીકવાર પછી મોટરમાં બેઠા. મોટરમાં સંધ્યાબેન આવ્યા, બેઠા. સંધ્યા! આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે પણ આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદનો સદ્‌ભાવ છે. બસ! એને ખુબ ધૂન ચડી ગઈ. ઠેઠ ઘોલન ખૂબ ઉપડ્યું. મસ્તી ચડે એવી વાત છે. જુઓ રત્નત્રય પ્રગટ થયું તો જ્ઞાન પ્રગટ થયું કે નહીં? તો અહીં જે જ્ઞાન પ્રગટ થયું એ કથંચિત્‌ની સિદ્ધિ કરે છે. (જ્ઞાનમાં કથંચિત્) જ્ઞાનમાં કથંચિત્ છે આવ્યું કે નહીં? અનુભવ પછી. સાહેબ આવ્યું, આવ્યું.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદ હોય આત્મામાં નહીં. આત્માનું જ્ઞાન થયું રત્નત્રયનું જ્ઞાન તે જ્ઞાન એમ જાણે છે કે આ શ્રુતજ્ઞાનની પર્યાય છે એ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. એમ કહે છે અને ન્યાય આપશે. કે જો સર્વથા ભિન્નમાં શ્રુતજ્ઞાનને આત્માથી શ્રુતજ્ઞાન જેણે પરમાર્થની સિદ્ધિ કરી એવા અતીન્દ્રિયજ્ઞાનને સર્વથા જો ભિન્ન માનીશ તો પરમાર્થનો નાશ થશે, આત્મા જ નહીં રહે. કેમ કે આત્માને પ્રસિદ્ધ કરનાર તો જ્ઞાન છે. આહાહા! માટે કથંચિત્ અભિન્ન છે. સર્વથા અભિન્ન નથી. એમ કહેશે જુઓ. અને સર્વથા અભિન્ન હોય તો શું દોષ આવે એ પણ કહેશે.

આખો સ્યાદ્વાદ શરૂ થયો. (સ્યાદ્વાદનું અવતરણ થાય છે.) અવતરણ થાય છે સ્યાદ્વાદનું. સ્યાદ્વાદ આત્મજ્ઞાનમાં હોય આત્મજ્ઞાનની સિદ્ધિ કરી પછી. નિશ્ચય રત્નત્રય પ્રગટયું, આત્મજ્ઞાન પ્રગટ થયું પછી જ્ઞાન જાણે છે કથંચિત્ ભિન્ન-અભિન્ન. આહાહા! કોઈ નય દુભાય નહીં. આત્માનું ભાન ને જ્ઞાન થઈ જાય. અને મોક્ષમાર્ગમાં પરિણત થઈને મોક્ષ થઈ જાય. આહા! બેન કહે છે એમ આમાં માલ ઘણો ભર્યો છે. આપણી તો શકિત નથી, બાકી આમાં માલ બહુ ભર્યો છે. ગુરુદેવ જો આમાંથી કાઢે તો બહુ કાઢી શકે. આ પાનું લઈ જાય ન્યાં બીજું શું? (લઈ જાવ) હું લઈ જાવ હારે. આનો ખુલાસો કરો.

એ (ગુરુદેવ) તો કરે તરત જ. ન્યાં કેમ લાલભાઈ યાદ ન કર્યું? સાહેબ! ભૂલી ગયો. માફ કરો. હવે અત્યારે સમજાવો. એ તો થાવાનું છે. ચર્ચા તો ન્યાં થાવાની છે. (સાથે જવાનું છે) હા, સાથે જવાનું છે. ટપાલ લઈને આવ્યો છું આચાર્યભગવાનની. એમ? બહુ સરસ! હા લાવો. (જો ચર્ચા શરૂ થાય તો અમને પણ લઈ જાજો) હા, આવો જરૂર. થોડા ટાઈમ પછી ન્યાં તમારે આવવાનું જ છે. આહાહા! પચાસ વર્ષની વય પછી.

**ઓહોહો! આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે? અસત્ય કલ્પના નિવૃત્તિ માટે અને સમ્યક્રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે.** બરાબર? **હવે**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવ સિધ્ધ છે.** જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જ્ઞાયકની પ્રસિધ્ધિ માટે જ્ઞાનની શું જરૂર છે? એમ. તો રત્નત્રયથી તેની એટલે પરમાર્થની એટલે શુધ્ધાત્માની સિધ્ધિ કેવી રીતે થાય છે? સ્વયંસિધ્ધ હોય એની સિધ્ધિ માટે બીજા જ્ઞાનની શું જરૂર છે? શ્રુતજ્ઞાનની. એમ પ્રશ્ન કરે છે. આહાહા!

વળી તમે તો કહી ગયા છો કે આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે. અભેદ અને અનુપચાર છે. ભેદ તો એમાં છે નહીં. ભેદથી અભેદની સિધ્ધિ શા માટે કરો છો? એમ. આહાહા! (એ તારો પક્ષ બોલે છે) સાંભળ સાંભળ! આહા! તને અનુભવ નથી એટલે. તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને એટલે કે ત્રિકાળી દ્રવ્યને રત્નત્રયથી એટલે શ્રુતજ્ઞાનથી અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય પ્રગટી એનાથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો, આહાહા! સર્વથા ભિન્નથી તો અનુભૂતિ થઈ અને જ્ઞાન પ્રગટ થયું ત્યારે કથંચિત્ અભિન્ન. આ શું? આહાહા! અદભૂત વાત!

**અહીં તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય.** નિશ્ચયનયનો અભાવ થઈ જાય એટલે ભગવાનઆત્માનો નાશ થાય. અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો કે શ્રુતજ્ઞાન પ્રગટ થયું તેનાથી સર્વથા આત્મા અભિન્ન છે એમ માનવામાં આવે એટલે કે દ્રવ્ય થઈ જાય પર્યાય પોતે દ્રવ્ય થઈ જાય તો? કોઈકે એમ કીધું. સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય તો નિશ્ચય મોક્ષમાર્ગનો અભાવ થઈ જાય. અભિન્ન થાય તો. (અભિન્ન માને છે તો મોક્ષમાર્ગનો લોપ થાય) હા, (અને ભિન્ન માને તો ભગવાનઆત્માનો લોપ થાય) આત્માનો નાશ થાય. ઓલા કરતાં બેય જુદા પ્રકારના છે. જુદા પ્રકારના છે. જુદી ટાઈપ છે. સમજી ગયા?

ઓમાં એમ છે કે જો સર્વથા અભિન્ન માનવામાં આવે તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. અહીંયા કહે છે કે જો સર્વથા અભિન્ન માનવામાં આવે, માર્ગનો અભાવ થાય મોક્ષમાર્ગ પોતે દ્રવ્ય થઈ જાય તો મોક્ષમાર્ગ રહેતો નથી તો મોક્ષ કોઈનો ન થાય. પર્યાય દ્રવ્ય ન થાય એમ કહે છે. (પર્યાય દ્રવ્ય ન થાય એમ કહે છે) પર્યાય દ્રવ્ય ન



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય એમ કહે છે આ. બેન. પર્યાય પોતે દ્રવ્ય ન થાય. (પર્યાયને જો સર્વથા અભિન્ન માને અભિન્ન તો એ જ વ્યવહારનો લોપ કરે છે) લોપ કર્યો એણે. એણે વ્યવહારનો લોપ કર્યો. મોક્ષમાર્ગની પર્યાય વ્યવહારરૂપ છે. અભિન્ન માને છે એણે મોક્ષમાર્ગ માન્યો નહીં. એ તો દ્રવ્ય થઈ ગયું. આહાહા! દ્રવ્ય થઈ ગયું તો ક્રિયા મોક્ષમાર્ગની તો પર્યાયમાં થાય છે. પર્યાય નિષ્ક્રિય ન થાય, દ્રવ્ય નિષ્ક્રિય છે.

જુદા પ્રકારનું, જુદી ટાઈપની વાત કરી. એમ કહે કે દ્રવ્યને પર્યાય તો અભેદ જ છે. તમે શા માટે ભેદ કરો છો? અભેદ જ છે પછી એમાં ભેદ કરવાનો પ્રશ્ન જ નથી. એમ એક પંડિત કહેતા'તા. ચાલે છે. તો કહે છે કે જો સર્વથા અભેદ હોય, આહાહા! તો ભેદરૂપ વ્યવહાર એટલે કે મોક્ષમાર્ગનો જ અભાવ થશે. પર્યાય દ્રવ્ય થઈ ગઈ, દ્રવ્ય થઈ ગઈ તો દ્રવ્ય તો નિષ્ક્રિય છે. તો પછી શુદ્ધિની વૃદ્ધિ શેમાં થાશે? શુદ્ધિની વૃદ્ધિ થતાં થતાં મોક્ષ થાય એ તો કાંઈ રહેતું નથી. માટે સર્વથા અભિન્ન નથી. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન.

સર્વથા ભિન્ન માન તો દ્રવ્યની સિદ્ધિ કોણ કરશે? ભિન્ન ભિન્નની સિદ્ધિ નહીં કરે. કથંચિત્ અભિન્ન સર્વથા ભિન્નની (દ્રવ્યની) સિદ્ધિ કરશે. અને સર્વથા અભિન્ન માનીશ તો મોક્ષમાર્ગેય નહીં રહે. આહાહા! અદભૂત વાત છે! બે વાત તદ્દ્ન સુંદર રીતે સમજાવે છે. આ અભેદના પક્ષવાળાને કહે છે. પર્યાય ને દ્રવ્ય અભેદ છે. એવો એક પક્ષ છે. સમજી ગયા? એવો એક પક્ષ છે. એક જીવ હતો ત્યાં સોનગઢમાં ભેદ ન કરો. દ્રવ્ય ને પર્યાય અભેદ જ છે. એની સામે કહે છે કે, તું સર્વથા અભેદમાં ગયો છો તારી ભૂલ થાય છે. નિશ્ચય રત્નત્રયના પરિણામ તે વ્યવહારનયનો વિષય છે એ રહેતો નથી. તો પ્રમાણજ્ઞાન રહેતું નથી. બે દ્રવ્યને જાણનારું જ્ઞાન કયાં રહ્યું? પર્યાય તો દ્રવ્ય થઈ ગઈ. તો દ્રવ્ય ને પર્યાય એને જાણનારું પ્રમાણજ્ઞાન ન રહ્યું.

પ્રમાણજ્ઞાન બેને જુદું જાણે છે. પ્રમાણજ્ઞાન દ્રવ્યને દ્રવ્યરૂપ અને પરિણામને પરિણામ જાણે છે. મુદ્દાની વાત છે. સાધારણ વાત નથી. બહુ ગંભીર ટીકા છે. ઘણી ગંભીર ટીકા છે. પર્યાયને દ્રવ્યથી અભિન્ન માન તો પ્રમાણજ્ઞાનનો જે વિષય યુગપદ્



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્ય પર્યાય બેય એ તો ન રહ્યો? તો પ્રમાણજ્ઞાન ન રહ્યું તો જ્ઞાન જ ન રહ્યું. એમ કહે છે કે જો સર્વથા અભિન્ન માન તો પર્યાય પોતે દ્રવ્ય થઈ ગઈ. તો પ્રમાણજ્ઞાન નયપૂર્વક જે થાય છે દ્રવ્યને દ્રવ્યરૂપ અને પર્યાયને પર્યાયરૂપ (જાણે છે તે રહ્યું નહીં) તે રહ્યું નહીં. (જ્ઞાનમાં વિષયનો અભાવ થઈ ગયો) અભાવ થઈ ગયો. (દ્રવ્ય પર્યાયને જાણવાવાળું જ્ઞાન જ ન રહ્યું) ન રહ્યું. આહાહા!

અભેદ જે છે દ્રવ્યપર્યાય એની એકતા છે દ્રવ્ય ઉપાદેય અને પર્યાય હેય શા માટે કહો છો? એમ કહે છે. કે દ્રવ્ય ઉપાદેય અને પર્યાય હેય? દ્રવ્ય પર્યાય તો અભેદ જ છે. ભેદ શા માટે કરો છો? એમ અમારે એક ભાઈ સાથે ચર્ચા થઈ હતી. અમે કહ્યું હેય ઉપાદેય રહેતું નથી. હેય ઉપાદેયનું શું કામ છે વસ્તુ અભેદ જ છે બસ. દ્રવ્યપર્યાય સ્વરૂપ જ વસ્તુ છે. ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્‌સત્ એ જ સત્ છે. આ કહે બેય સત્. જો બેય સત્ નહીં માન તો મોક્ષમાર્ગનો અભાવ થશે. સત્ બેય કાયમ રહે છે. કાયમ બે સત્. દ્રવ્ય ને પર્યાય બે સત્ યુગપદ કાયમ રહે છે.

હવે જો એ સતરૂપ પર્યાય જે છે ક્ષણિક ઉપાદાન એને ત્રિકાળી ઉપાદાન તરીકે અભેદ કરી નાખ સર્વથા તો મોક્ષમાર્ગનો નાશ થઈ જાય. પ્રમાણજ્ઞાન રહેતું નથી. ઘણો મોટો દોષ આવશે. માટે કથંચિત્ અભેદ અને કથંચિત્ ભેદ બેય બરાબર છે. આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદ છે. આહાહા! (આત્મજ્ઞાનમાં જ કથંચિત્ ભિન્ન-અભિન્ન જણાય છે) જણાય છે એ જ કહે છે. આહાહા! (કથંચિત્ ભિન્ન-અભિન્ન છે) છે એ વસ્તુનું સ્વરૂપ જ છે. (માટે આત્મજ્ઞાનમાં જેવું છે એવું જણાય છે) એવું જણાય છે. એમ. એનું નામ સમ્યક્જ્ઞાન છે. કથંચિત્ ભિન્ન-અભિન્ન. સર્વથા ભિન્ન પર્યાય નથી. સર્વથા અભિન્ન પણ નથી. દ્રવ્યથી પર્યાય થાય જ નહીં.

સર્વથા અભેદ માનતા દોષ આવી જાય. મોક્ષમાર્ગ રહેશે નહીં. અને સર્વથા ભિન્ન માને, દ્રવ્ય અહીં અને પર્યાય ત્યાં તો આનંદ નહીં આવે. (ભગવાનઆત્માનો નાશ થાય) ભગવાનઆત્માનો નાશ થશે. કેમ કે ભગવાનઆત્માને પ્રસિદ્ધ કરનાર આ પર્યાયને તો આ પૂર્વમાં રાખી અને પશ્ચિમમાં રાખ્યું દ્રવ્ય. ક્ષણિક અભેદ તો લીધું નહીં.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કથંચિત્ અભેદ ન લીધું. સર્વથા ભિન્ન ઈ શબ્દ છે કથંચિત્ ભિન્ન હોય તો દોષ નથી. સર્વથા ભિન્નથી પરમાર્થનો નાશ થશે.

(એટલે કથંચિત્ અભેદમાં જ ધ્યેયની સિદ્ધિ થાય છે. જ્ઞેયમાં ધ્યેયની સિદ્ધિ થાય છે) હં.....સુરક્ષિત રહી જાય છે. નહીંતર ધ્યાન અને ધ્યેય બેય ક્યાં રહ્યા? આહાહા! ધ્યાનને ધ્યેયરૂપ માની લીધું. ધ્યાન ધ્યેયરૂપ ક્યાંથી થાય? ધ્યાન ધ્યાનરૂપ, ધ્યેય ધ્યેયરૂપ, ત્યારે સાધ્યની સિદ્ધિ થાય. મોક્ષમાર્ગ ને મોક્ષ. (કથંચિત્ અભિન્નમાં દ્રવ્યની સિદ્ધિ કથંચિત્ ભિન્નમાં મોક્ષમાર્ગની સિદ્ધિ) હા, સર્વથા ભિન્નમાં દ્રવ્યનો નાશ અને સર્વથા અભિન્નમાં પર્યાયનો નાશ. ઉલટા. બરાબર છે.

કેમ કે પર્યાય જો દ્રવ્ય થઈ જાય તો બીજા સમયે શુદ્ધિની વૃદ્ધિ ક્યાં રહી? (જે પર્યાય પ્રગટ થઈ તે થઈ મોક્ષમાર્ગ પછી મોક્ષ જ ન થાય) ના, મોક્ષ ક્યાંથી થાય? (તો તો ગુણસ્થાન જ ન બને) ગુણસ્થાન ન બને. આત્મજ્ઞાનમાં સ્યાદ્‌વાદ છે. હા, કથંચિત્ ભિન્ન અભિન્ન એવું જ્ઞાન થાય છે. **ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય તેથી કથંચિત્ ભેદથી જ તેની સિદ્ધિ થાય છે એમ આગમમાં કહ્યું છે.** કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ, પર્યાય કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન છે. એમ.

**આવી રીતે આત્મા જ્યાં સુધી** લ્યો! આ બધું તમે જે અનુભવ પહેલાં લેશન કર્યું. આવું છે એવું તમારા જ્ઞાનમાં સ્થાપ્યું, જાણ્યું, માન્યું, તો આવી રીતે આત્મા જ્યાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે એટલે કે તત્ત્વને જાણે છે, ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ જ છે. પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતિત છે. આહા! એમાં નિશ્ચયનય, વ્યવહારનય, ભિન્ન, અભિન્ન કાંઈ નથી. આ પરોક્ષજ્ઞાનમાં અભ્યાસ કરતાં આવું બધું તું જાણી લે બસ.

**જો એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજયતાને પ્રાપ્ત થાય છે.** આહાહા! લ્યો! જો આ એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજયતાને પ્રાપ્ત થાય છે. **નહીં એમ નથી, કારણ કે વ્યવહાર પૂજયતર છે** વ્યવહાર કયો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખબર છે ને? નિશ્ચય રત્નત્રયના પરિણામ. એ પૂજયતર છે **અને નિશ્ચય પૂજયતમ છે.** નિશ્ચય એટલે દ્રવ્ય, ન્યાં એમ લેવું. વ્યવહાર રત્નત્રય સદભૂત. નિશ્ચય પૂજયતમ છે.

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય** એ બેય નિશ્ચય પણ નહીં અને વ્યવહાર પણ નહીં. અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજય કેમ નથી?

જો કે હવે નિશ્ચયનય અને વ્યવહારનય બેય જુદા જુદા નામ છે. પણ એનું નામ નિશ્ચયનય પણ નહીં અને એનું નામ વ્યવહારનય પણ નહીં. અનુભય બેમાંથી કોઈ નહીં. એવું જે પ્રમાણજ્ઞાન, પ્રમાણજ્ઞાન આવ્યું ને? એમાં નય શબ્દ ન આવ્યો. નયના શબ્દનો પ્રયોગ કર તો બે દેખાશે. અને નયના શબ્દનો પ્રયોગ ન કર અનુભય બેમાંથી કોઈ નહીં તો પ્રમાણજ્ઞાન કહેવાય. પ્રમાણજ્ઞાન. હવે એ એમ કહે છે કે પ્રમાણજ્ઞાન. જુઓ આગળ. નહીં એમ નથી, કારણ કે વ્યવહાર પૂજયતર છે અને નિશ્ચય પૂજયતમ છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજય કેમ નથી?

એ પણ વ્યવહાર. નિશ્ચયનય અને વ્યવહારનય બેય સમાઈ જાય એવું જે પ્રમાણજ્ઞાન, એ પ્રમાણજ્ઞાન પણ વ્યવહાર થઈ ગયો. દ્રવ્ય ને પર્યાયને બેયને વિષય કરે એવું જે પ્રમાણજ્ઞાન એ વ્યવહાર થઈ ગયો, નિશ્ચય ન રહ્યો. કેમ કે નિશ્ચયનય તો વ્યવહારનો વ્યવચ્છેદ કરે છે. પ્રમાણ વ્યવચ્છેદ કરતો નથી. બહુ સુંદર ટીકા છે. બહુ સુંદર ટીકા છે. આહાહા! પ્રમાણ પૂજય નથી. એ વાંચીને ગુરુદેવ બહુ ખુશી થયા'તા. આટલું આવ્યું'તું, જૈન તત્ત્વ મિમાંસામાં થોડો ભાગ આનો. આખો ભાગ એની પાસે પુસ્તક જ નહોતું બિચારા પાસે. ફૂલચંદ સિધ્ધાંત શાસ્ત્રી મને મળ્યા'તા. મેં આનો અનુવાદ ચેક કરાવ્યો હતો. ત્યારે મને કહે આ પુસ્તક તમારી પાસે કયાંથી આવ્યું? મારી પાસે તો છે. મારે તો આટલું થોડુંક આવ્યું'તું. કે પ્રમાણ પૂજય નથી. એટલો ભાગ આવ્યો'તો. મેં છપાવી દીધો. ગુરુદેવ બહુ ખુશ થયા. પ્રમાણ પૂજય નથી.

દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ ઉપાદેય નથી. પૂજય નથી એટલે ઉપાદેય નથી એમ.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણામી દ્રવ્ય ઉપાદેય નથી. પર્યાય સાપેક્ષ આત્મા ઉપાદેય નથી એમ. (આ વ્યવહારનય અને નિશ્ચયનય બે વિષય અને અનુભય એટલે?) અનુભય એટલે બે નહીં. પ્રમાણ. (બે નહીં પ્રમાણ) પ્રમાણજ્ઞાનમાં ભલે બેય નય સમાણી. પણ પ્રમાણજ્ઞાન એક શબ્દ છે. નિશ્ચયનય એક શબ્દ, વ્યવહારનય એક શબ્દ અને અનુભય. બેમાંથી કોઈ નામ ન લ્યો, બેમાંથી કોઈ નામ ન લ્યો અન-ઉભય. ઉભય એટલે બે. બે નહીં તો ત્રીજું શું? તો કહે પ્રમાણ. ત્રીજું પ્રમાણજ્ઞાન આવ્યું. નામ ફરી ગયું ને? (પ્રમાણ કહો, અભેદ નય કહો?) નહીં. અભેદનય નહીં. નિશ્ચયનય, વ્યવહારનય અને અનુભય. બેમાંથી નિશ્ચયનય, વ્યવહારનય કાંઈ તમે પ્રયોગ ન કરો અને બેયના નામ છોડી દયો. તો જ્ઞાનનું નામ શું? તો કહે પ્રમાણજ્ઞાન.

અનુભય. અન એટલે નહીં, ઉભય એટલે બે. એ બે નું નામ તમે છોડી દયો. તો એ જ્ઞાનની પર્યાયનું નામ પ્રમાણજ્ઞાન છે. પછી પ્રમાણજ્ઞાનમાં અંદર બે વિષય આવી ગયા નિશ્ચયનય અને વ્યવહારનય. પણ નામ બદલી ગયું. નયને બદલે પ્રમાણ થયું. અનુભય કર્યું ને? એટલે એનું નામ પ્રમાણ થઈ ગયું. અનઉભય બેમાંથી કોઈ નામ નહીં બસ.

**એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી? પ્રમાણજ્ઞાન પૂજ્ય કેમ નથી? તેના ઉત્તરમાં કહે છે કે તે (પ્રમાણ) આત્માને નયપક્ષાતિત કરવામાં અસમર્થ છે.** નિશ્ચય રત્નત્રયના પરિણામ કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન. આહા! એવું પ્રમાણજ્ઞાન આત્માને નયપક્ષાતિક્રાંત કરવામાં સમર્થ નથી. આહા! દ્રવ્ય પર્યાય સ્વરૂપ વસ્તુ છે. પ્રમાણ વિષય કરે છે. પ્રમાણ પૂજ્ય નથી. કેમ કે તે વ્યવહારનો વ્યવચ્છેદક નથી. વ્યવહારનો નિષેધક નથી. વ્યવહારનો નિષેધ કરતો નથી. આહાહા! માટે પૂજ્ય નથી.

**તેના ઉત્તરમાં કહે છે કે તે (પ્રમાણ) આત્માને નયપક્ષાતિત કરવામાં અસમર્થ છે, તેથી તે પૂજ્યતમ નથી તેનો ખુલાસો આ પ્રમાણે છે.** બહુ સારો ખુલાસો છે જુઓ. જો કે પ્રમાણ, આહાહા! જુઓ હવે આવ્યું. અનુભય કહ્યું'તું ને? ઈ પ્રમાણમાં બે ભેદ સમાઈ ગયા'તા. પાછી બે ભેદની વાત કરે છે. ગજબ રચના છે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હો! જરા વિદ્વતાથી ભરેલી છે. બહુ આમ શબ્દનો પ્રયોગ આમ આમ આમ આમ અટપટું જરાક છે.

જો કે પ્રમાણ નિશ્ચયનયના વિષયને તો ગ્રહણ કરે છે, દ્રવ્યને તો તે જાણે છે. પ્રમાણજ્ઞાન દ્રવ્યને તો જાણે છે. દ્રવ્યને આત્મા જાણે છે અને પર્યાયને પણ આત્મા જાણે છે. પ્રમાણજ્ઞાન નિશ્ચયનયને તો ગ્રહણ કરે છે. દ્રવ્યને તો આત્મા કહે છે. પણ વ્યવહારનયનો વિષય જે પર્યાય એને પણ આત્મા કહે છે. નિષેધ નથી કરતો કે પર્યાય ઉપાદેય નથી, દ્રવ્ય જ ઉપાદેય છે. (તો તો પછી નય થઈ જાય ને? નિશ્ચયનય થઈ જાય) હં....તો તો નિશ્ચયનયમાં ડૂબૌતી થાય. પ્રમાણમાં અટકેલો એને એને અનુભવ થાય નહીં પ્રમાણના પક્ષવાળાને. આહાહા! ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્, ગુણપર્યાયવત્દ્રવ્યમ્. આહા! ઉપાદેય નથી.

**જો કે પ્રમાણ નિશ્ચયના વિષયને ગ્રહણ કરે છે પરંતુ તે અન્યનો (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક (નિષેધક) નથી.** દ્રવ્યને પણ આત્મા કહે, કથંચિત્ દ્રવ્ય પણ આત્મા, કથંચિત્ શ્રુતજ્ઞાન પણ આત્મા છે. દ્રવ્ય પણ આત્મા અને પર્યાય પણ આત્મા, ધ્રુવ પણ આત્મા અને ઉત્પાદવ્યય પણ આત્મા

ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્ છે. નહીં, ના પાડે છે. પ્રમાણ પૂજ્ય નથી. કેમ કે તે વ્યવહારનો નિષેધક નથી. અને વ્યવહારના નિષેધક વિના નિશ્ચયનય પ્રગટ ન થાય. આ પંડિત થાય પણ જ્ઞાની ન થાય એમ કહે છે. પંડિત થઈ જાય. પ્રમાણના પક્ષવાળો પંડિત થઈ જાય. અજ્ઞાની થાય. આહાહા!

અને **નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી.** હું જ્ઞાનની પર્યાયને કરું છું, જ્ઞાનની પર્યાયને જાણું છું. દ્રવ્યનેય જાણું ને પર્યાયનેય જાણું. એમ! તારો વિષય તો વધી ગયો. દ્રવ્યને જાણે અને પર્યાયને જાણે બેયને જાણે? હા. (વિષય વધી ગયો તોય પૂજ્ય નહીં?) તોય પૂજ્ય નહીં? આહાહા! જ્ઞાનની પર્યાયને કરું છું. આત્મા દ્રવ્યે અકર્તા છે. પણ વ્યવહારે તો જ્ઞાનની પર્યાયનો કર્તા છે. નિશ્ચયે આત્માને જાણું, વ્યવહારે પર્યાયને જાણું. પ્રમાણજ્ઞાન બેયને



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વીકાર કરે છે, કે એમાં પર્યાયદષ્ટિ છૂટતી નથી. આહાહા! .

**નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે.** આહાહા! જુઓ, કેટલો ખુલાસો કર્યો? અસમર્થ છે. **પરંતુ નિશ્ચયનય એકત્વની,** આ એકત્વ-વિભકત આવ્યું. **એકપણાને લાવીને આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે.** આહાહા! **અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દે છે એટલે કે નય પક્ષથી પાર કરી દે છે, આ કારણથી પૂજ્યતમ છે.** કારણ આપ્યું, પૂજયતમ આ કારણે છે.

હવે આગળ. એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે, તેના અવલંબનથી આત્મા સમ્યક્‌દષ્ટિ થાય છે. સરવાળો મારી દીધો. આહા! સમયસારમાં કહ્યું કે, વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. અહીંયા કહે છે કે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. માટે તે પૂજયતમ છે. પક્ષાતિક્રાંત કરાવીને ચાલી જાય છે. ઉપરમાં પણ નિશ્ચયથી વાત કરી હતી. છેડે પણ નિશ્ચય લગાવ્યું. ટોટલ મારી દીધો. નિશ્ચયનય અભેદ ને અનુપચાર છે. અને અર્થનો નિશ્ચય કરાવે છે તેથી નિશ્ચયનય કહેવાય. છેલ્લે કહ્યું કે, નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. આહાહા!

નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે, જ્ઞાયક તે જ આત્મા છે એમ. જ્ઞાન તે આત્મા નહીં. જ્ઞાયક તે આત્મા છે. (નિશ્ચયને પરમાર્થનો પ્રતિપાદક કહે) હા, (જ્ઞાન તે આત્મા તે વ્યવહારનો પ્રતિપાદક છે) જ્ઞાન તે આત્મા, તે વ્યવહારનો પ્રતિપાદક છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા એ તો બિલકુલ અનાર્ય જીવો છે, કાંઈ જાણતા નથી એવા સામાન્ય જીવોને માટે ગુણભેદ કરીને સમજાવે છે. સમજી ગયા? (એક પાનામાં બધું ભરી દીધું છે) બધું. આમાં ઘણો વિસ્તાર છે. આનો તો ઘણો વિસ્તાર છે. આ તો ટૂંકામાં લઈ લીધું અત્યારે. પણ એક એક લીટીનો બહુ વિસ્તાર છે. આ પાનું ત્રણ ચાર દિ' ચાલે એટલું છે. આપણે તો અવારનવાર લઈએ છીએ ને એટલે બધું સમજાય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય. ન સમજાય એવું નથી. આ એક નવિન કીધું સર્વથા ભિન્ન સર્વથા અભિન્ન. આહાહા! વ્યવહારના પક્ષવાળાને પર્યાયથી જે અભેદ માને છે ને એના માટે બહુ સરસ વાત કરી. જો તું અભેદ માનીશ, સમ્યગ્દર્શનની પર્યાય આત્માથી અભેદ આત્મા જ થઈ ગયો એમ જો માનીશ તો મોક્ષમાર્ગનો નાશ થઈ જશે.

એ અનુભૂતિ તે આત્મા છે, સમ્યગ્દર્શન તે આત્મા છે. એમ જે આવે છે ને? તે સર્વથા અભિન્ન નહીં માનતો. એમ અહીં કહેવા માંગે છે. સમયસારમાં અભિન્ન આવશે. સર્વથા ન માનતો, કથંચિત્ માનજે. એવું એણે લખ્યું. સમયસારમાં આવશે. સમ્યગ્દર્શન તે આત્મા છે, અનુભૂતિ તે આત્મા છે. કેટલો દૃષ્ટિનો વિષય સુરક્ષિત રાખી દયે છે. દૃષ્ટિનો વિષય સુરક્ષિત છે એટલે મોક્ષમાર્ગ પણ સુરક્ષિત થઈ ગયો. (દૃષ્ટિનો વિષય સુરક્ષિત છે તેથી મોક્ષમાર્ગ સુરક્ષિત છે.) સુરક્ષિત છે નહિંતર મોક્ષમાર્ગ ન થાત. આહાહા! (કથંચિત્‌માં કાંઈ દોષ આવતો નથી) કથંચિત્ નિર્દોષ કથન છે. પણ કથંચિત્‌નો ઉપયોગ જ્ઞાનમાં મર્યાદિત રાખજે. આહાહા! (પહેલાં નહીં પછી કરજે) પહેલાં નહીં પછી કરજે.

આત્મજ્ઞાન થયા પછી ભેદ અભેદ, કથંચિત્ પછી લીધું. જ્ઞાન પ્રગટ થયું ને ત્યારે એણે કથંચિત્‌નો પ્રયોગ શરૂ કર્યો. પહેલાં તો કથંચિત્‌ને ઉડાડયું. પહેલાં તો પર્યાયથી રહિત છે. (પ્રલય પછી એનું સર્જન થાય) હા, સર્જન થાય. પ્રલય પછી. વ્યવહારનો પ્રલય કરો તો વ્યવહારનો જન્મ થાય. એ શું? (એ તો છે.)





Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં – ૫૪૦

## તા.૦૬/૦૩/૧૯૯૦

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર એનો કર્તા–કર્મ અધિકાર. પૂર્ણાહૂતિ લગભગ છેલ્લા કળશોમાં આવે છે. એમાં અઠાણું નંબરનો શ્લોક બોલો. એનો સ્વાધ્યાય આજે કરવાનો છે.

**(शार्दूलविक्रीडित)**

**कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि**
**द्वन्द्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।**
**ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति-**
**र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथाप्येष किम् ॥ ९८ ॥**

**શ્લોકાર્થ :– કર્તા નક્કી કર્મમાં નથી** આત્મા નક્કી રાગાદિ ભાવકર્મમાં નથી. અને કર્મ છે એટલે કે રાગ છે, ભાવકર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી એટલે કે આત્મામાં નથી. અહીં આત્માને જીવતત્ત્વને કર્તાપણે સંબોધે છે. જ્ઞાનનો કર્તા છે ને એટલે આત્મા જ્ઞાનસ્વભાવી છે. જે જાણે છે તે કરતો નથી. તો આત્મા જાણનાર છે. જાણનાર છે એવો જે કર્તા એટલે જ્ઞાતા, તે નક્કી કર્મમાં એટલે નયોના વિકલ્પમાં રાગમાં, ઇન્દ્રિયજ્ઞાનમાં નથી. અને કર્મ છે રાગાદિ નયોના વિકલ્પ તે પણ નક્કી કર્તામાં નથી. એટલે કે જ્ઞાતામાં નથી. જીવમાં નથી. એટલે જીવ અને પુદ્‌ગલ બેય ન્યારી ન્યારી વસ્તુ છે એમ કહેશે. કર્મ એટલે ભાવકર્મ. ભાવકર્મ એટલે પુદ્‌ગલના પરિણામ જ છે.

**એમ જો બન્નેનો પરસ્પર નિષેધ કરવામાં આવે છે** એટલે બેય જુદા છે. જ્ઞાતા ભિન્ન છે અને રાગ ભિન્ન છે એમ પરસ્પર બેયનો નિષેધ કરવામાં આવે છે. બન્ને જુદા છે એમ કહેવામાં આવે છે **તો કર્તાકર્મની સ્થિતિ શી?** તો આત્મા કર્તા થાય અને નયોના વિકલ્પ આત્માનું કર્મ બની જાય, એમ બનતું નથી. હવે ખુલાસો કરે છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અર્થાત્ જીવ-પુદ્ગલને** ઓલું જે કર્તા લખ્યું'તું એનો અર્થ કર્યો જીવ, અને કર્મ લખ્યું પુદ્ગલ. **જીવ-પુદગલને કર્તાકર્મપણું ન જ હોઈ શકે.** અશક્ય છે એમ. એ છે જ નહીં. વસ્તુનો સ્વભાવ જ એવો છે જ્ઞાતા કે રાગને કોઈ કાળે કરે જ નહીં. કર્તા બનતો જ નથી. કેમ કે કર્તા-કર્મનો અભાવ છે. કર્તા-કર્મ અધિકારમાં આત્માને અકર્તા કહેવો છે. આત્મા રાગનો કર્તા નથી એ નિષેધ કરવો છે.

કર્તા-કર્મ અધિકાર રાગને આત્મા કરે છે એ બતાવવા માટે આ લખ્યું નથી. આત્મા રાગનો અકર્તા છે અને જ્ઞાનનો કર્તા છે. કેમ કે આત્મા જ્ઞાનસ્વભાવી છે. જે જાણે છે તે કરતો નથી. અને કરે છે તે જાણતો નથી. જ્ઞપ્તિ ક્રિયામાં અને કરોતિ ક્રિયામાં ભિન્નતા છે. એમ. એ વાત ચાલી આવે છે ને? એ વાત અનુસંધાન કરે છે આ.

**આ પ્રમાણે જ્ઞાતા,** જુઓ કર્તાનો અર્થ અહીંયા જ્ઞાતા કર્યો. પહેલો કર્તા શબ્દ હતો ને? એનો અર્થ કરે છે. **આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે.** જીવ જીવમાં છે. આસ્રવ આસ્રવમાં છે. ઉપયોગ ઉપયોગમાં છે અને ક્રોધ ક્રોધમાં છે. એમ. એની બે વાત કરી છે ને? ઉપયોગ ઉપયોગમાં છે અને ક્રોધ ક્રોધમાં છે. ઉપયોગમાં ક્રોધાદિ નથી અને ક્રોધાદિમાં ઉપયોગ નથી. એ જ કળશનું અહીંયા રહસ્ય છે એમ. જ્ઞાન છે તે રાગરૂપી અશુદ્ધ કર્મમાં નથી અને અશુદ્ધ રાગાદિ કર્મ જ્ઞાનમાં નથી આવતું. બેય જુદી જુદી વસ્તુ છે.

**આ પ્રમાણે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે.** સદા હંમેશા. એ જ્ઞાન જ્ઞાતાને છોડીને બહાર જાતું જ નથી. રાગમાં જાતું જ નથી, એમ. આત્માનું જ્ઞાન જેમાં આત્મા જણાય છે એવો જે ઉપયોગ એ ઉપયોગ રાગાદિમાં જાતો જ નથી. ઉપયોગ ઉપયોગમાં છે, રાગ રાગમાં છે. **જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે.** એટલે જ્ઞાતા છે તે પોતાનો સ્વભાવ છોડીને કર્તા બનતો નથી.

આ, બેન! જીવતત્ત્વ સંબંધે જીવનું સ્વરૂપ સમજવા જેવું છે પહેલામાં પહેલું. જીવતત્ત્વ સમજે તો નવતત્ત્વ જેમ છે તેમ સમજાય. બાકી પાયાની ભૂલ છે,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જીવતત્ત્વની ભૂલ છે. આહા! આત્મા ત્રણે કાળ જ્ઞાતા જ છે. રાગાદિ કરતો જ નથી. કરતો પ્રતિભાસે છે એ તો એનું અજ્ઞાન છે. વસ્તુ કયાં છે એવી એમ. **જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે. અને કર્મ સદા કર્મમાં જ છે. એવી વસ્તુ સ્થિતિ પ્રગટ છે.** જુઓ પ્રગટ છે આ. ઓલા કળશ જેવું આ લઈ લીધું. સદા. એ લઈ લીધું. કે જ્ઞાન જ્ઞાનમાં છે. ક્રોધ ક્રોધમાં છે એમ. એ વસ્તુની સ્થિતિ છે એમ. જ્ઞાન ક્રોધમાં નથી અને ક્રોધ જ્ઞાનમાં નથી.

જાણનક્રિયામાં મિથ્યાત્વની ચીકાશ નથી ને ચીકાશમાં જ્ઞાન નથી એમ. એ જુદું છે. **એવી વસ્તુ સ્થિતિ પ્રગટ છે.** લ્યો! આ પ્રગટ છે વસ્તુ સ્થિતિ. આવી વસ્તુ છે અનાદિ અનંત. આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. ઉપાદાનમાં જ્ઞાન થાય છે. નિમિત્તમાં રાગ થાય છે. નિમિત્તમાં જ્ઞાન થતું નથી અને ઉપાદાનમાં રાગ થતો નથી. કેમ કે એ જ્ઞાનસ્વભાવી છે ને! આત્મા જ્ઞાનમય છે. રાગમય કયાં થયો છે? **એવી વસ્તુ સ્થિતિ પ્રગટ છે તોપણ,** આહા! એમ કહે છે **અરે!** તોપણ.

**આવી વસ્તુ સ્થિતિ હોવા છતાં પણ નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?** આહાહા! નેપથ્યમાં એટલે કે અંદરમાં ઊંડાણમાં તારા અજ્ઞાનમાં આ આમ કેમ તને ભાસે છે? છે તો પ્રગટ. જ્ઞાન ભિન્ન અને રાગ ભિન્ન. તો તને એક જેવું કેમ લાગે છે? એમ. કેમ ભાસે છે? છે તો નહીં એક. તું માન તોય એક નથી. જેમ દેહ ને આત્મા એક માને છે. આ બધા અજ્ઞાની દેહ ને આત્માને એક જ માને છે. બે તત્ત્વ ભિન્ન છે એમ માનતો નથી.

જીવ ને અજીવ. તો એવી રીતે જીવ તત્ત્વ ને આસ્રવ તત્ત્વ ભિન્ન છે. એક તો નથી. **તો નેપથ્યમાં આ મોહ કેમ અત્યંત જોરથી નાચી રહ્યો છે?** તારા અભિપ્રાયમાં આ કેમ મોહને તું પકડી રાખશ કે હું રાગને કરું છું, રાગ ને જ્ઞાન એક છે. **એમ આચાર્યને ખેદ અને આશ્ચર્ય** બે વાત લખી. એક એને ખેદ થાય છે. સ્વરૂપ તો આવું નથી. વસ્તુ સ્થિતિ તો ભિન્ન ભિન્ન છે. છતાં તને એક લાગે છે **આશ્ચર્ય થાય છે** એમ. આશ્ચર્ય થાય છે કે વસ્તુ સ્થિતિ તો આમ છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અમે પ્રગટ જોઈએ છીએ તારા આત્મામાં જ્ઞાન થાય છે અને પુદ્‌ગલમાં રાગ થાય છે એમ અમે જોઈ રહ્યા છીએ. અને તું કહે છે કે રાગ મારામાં થાય છે. આહાહા! એ તો આશ્ચર્યની વાત છે. ખેદ અને આશ્ચર્ય છે. મૂળમાં રાગ નિમિત્તમાં થાય છે. મૂળમાં ઉપાદાનમાં નથી. ઉપાદાનમાં જ્ઞાન થાય છે. એટલે કે જાણનક્રિયા પ્રગટ થાય છે ઉપયોગ. એ ઉપાદાન છે. સમજી ગયા? ઉપાદાનમાં રાગ ન થાય. ઉપાદાન સ્વશકિત જ્ઞાનસ્વભાવી જે આત્મા છે, જેવું સામાન્ય એવું વિશેષ. જ્ઞાન જ થાય છે. જ્ઞાતા જ છે અને એ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે માટે એ જ્ઞાન અંશ પ્રગટ થાય છે એમ.ચૈતન્ય અનુવિધાયી પરિણામ છે ને ઉપયોગ, એ છે.

**ભાવાર્થ :- કર્મ તો પુદગલ છે.** જોયું? ઓલું **કર્તા નક્કી કર્મમાં નથી. કર્મ છે તે પણ નક્કી કર્તામાં નથી.** એ પહેલી લીટીનો અર્થ કરે છે. **કર્મ તો પુદ્‌ગલ છે.** આહાહા! કર્મ જીવનો વિભાવ છે એમ નથી. કર્મ જીવની વિભાવરૂપ પર્યાય છે એમ નહીં. **કર્મ તો પુદગલ છે તેનો કર્તા જીવને કહેવામાં આવે તે અસત્ય છે.** આહા! આત્મા રાગને કરે છે, તે અસત્ય કથન છે. આહાહા! અજ્ઞાનીનું કથન છે. પાગલ લોકોનું કથન છે. આહા! હેં? બકે છે. આવે છે ને? બકે છે.

તે બન્નેને અત્યંત ભેદ છે. બેન જુઓ! એક ચેતન અને એક જડ, સર્વથા ભિન્ન. ભેદ અને ભિન્નતા છે. જુદાઈ છે. બે દ્રવ્યોની જુદાઈ છે. બે દ્રવ્ય જ જુદા છે ને? **જીવ પુદગલમાં નથી. કર્તા નક્કી કર્મમાં નથી** આવ્યું ને ઉપર? હવે એનો અર્થ કરે છે. જીવ, કર્તા એટલે જીવ. **નક્કી કર્મમાં નથી** એટલે પુદગલમાં નથી એમ. નહીંતર આ અર્થ આમ ન સમજાય. આમ ન સમજાય. કર્તા એટલે કર્તા બુદ્ધિવાળો કર્મમાં નથી શું આ? આત્મા તો જ્ઞાતા છે કર્મમાં તો છે નહીં. પણ અહીંયા આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે, જાણવારૂપે પરિણમે છે, જ્ઞપ્તિક્રિયારૂપે માટે કર્તા કહ્યો. બીજું કાંઈ નહીં.

જીવ પુદગલમાં નથી અને પુદગલ જીવમાં નથી, જુઓ! તો પછી તેમને કર્તાકર્મભાવ કેમ હોઈ શકે? કર્તાકર્મ તો એક દ્રવ્યમાં છે. બે દ્રવ્ય વચ્ચે તો કર્તાકર્મ હોય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહીં. એમ. **માટે જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે. જીવ તો જ્ઞાતા છે તે જ્ઞાતા જ છે. પુદ્ગલકર્મનો કર્તા નથી.** રાગનો કર્તા નથી. ત્રણ કાળમાં એક સમય માત્ર નથી. તેને પ્રતિભાસે છે એ તો તેનું અજ્ઞાન છે. અજ્ઞાનથી ભાસે એ કાંઈ સાચું થોડું હોય એ તો ખોટું હોય. એમ. કમળો થયો હોય આંખમાં (તો) સફેદ કપડું પીળું લાગે. એ કાંઈ એની વાત સાચી છે? ખોટી છે એની વાત. કપડું તો સફેદ જ છે. **અને પુદ્ગલકર્મ છે તે પુદ્ગલ જ છે.** જ્ઞાતા જ્ઞાતા અને પુદ્ગલ પુદ્ગલ જ છે. **જ્ઞાતાનું કર્મ નથી.** (આપ કહો છો ને? જ્ઞાતાનું કોઈ કર્મ નથી હોતું) નથી હોતું. (એ વાત છે) એ વાત. જ્ઞાતાનું કર્મ નથી. આહા! જ્ઞાતાનું કર્મ નથી એટલે જ્ઞાયકનો રાગ નથી. રાગ જ્ઞાયકનો જીવનો ક્યાં છે રાગ?

**આચાર્યે ખેદપૂર્વક કહ્યું છે કે–આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે.** જુઓ બે દ્રવ્યો લીધા. બે દ્રવ્યો લીધા જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય. અભેદ કરી નાખ્યું. કર્મને પુદ્ગલની સાથે અભેદ કરીને (અભેદ જ છે ને?) અભેદ જ છે. અભેદ જ છે. ન્યાં ભેદ દેખાય તો અહીં રાગ દેખાય. એ અભેદ દેખાય તો અહીંયા જ્ઞાનથી આત્મા અભેદ દેખાય. આહા! તો રાગ થવાની ભ્રાંતિ મટી જાય. આપણે ક્યાંક લીધું'તું બહુ સારી રીતે. (દેવલાલીમાં) દેવલાલીમાં.

**આમ પ્રગટ ભિન્ન દ્રવ્યો છે તોપણ હું કર્તા છું.** છે તો ભિન્ન ભિન્ન બે દ્રવ્યો. છતાં **'હું કર્તા છું અને આ પુદ્ગલ મારું કર્મ છે'. એવો અજ્ઞાનીનો આ મોહ અજ્ઞાન કેમ નાચે છે?** અજ્ઞાની અજ્ઞાનભાવે કેમ હજી પરિણમે છે? એમ. વસ્તુ તો ભિન્ન ભિન્ન છે. આત્મા તો જ્ઞાતા છે. પુદ્ગલદ્રવ્ય તેનું કર્મ નથી. અને એનો કર્તા નથી છે તો આમ. અથવા જો મોહ નાચે છે તો ભલે નાચો, તથાપિ વસ્તુ સ્વરૂપ તો જેવું છે તેવું જ છે. આ આખો સુપ્રિમ કોર્ટનો ફેંસલો. આ સુપ્રિમ કોર્ટનો છેલ્લો ફેંસલો આપે છે. માને તો માનો! આત્મા રાગને કરે છે માને તો માનો. વસ્તુ સ્થિતિ એમ નથી. વસ્તુ સ્વરૂપ તો જેવું છે તેવું જ છે.

નવાણુંમો (શ્લોક) બોલો.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(मन्दाक्रान्ता)

**कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव**
**ज्ञानं ज्ञानं भवति च यथा पुद्गल: पुद्लोऽपि ।**
**ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमन्तस्तथौच्चै-**
**श्चिच्छक्तीनां निकरभरतोऽत्यन्तगम्भीरमेतत् ॥ ९९ ॥**

માંગલિક છે ને છેલ્લો છે. **અચળ અચલમ** આવ્યું. અચલમ. ''પરલક્ષ અભાવાત્, ચંચલતા રહિતમ્, અચલમ્ જ્ઞાનમ્'' આ જ્ઞાનનું વિશેષણ છે અચલમ્. દ્રવ્યનું વિશેષણ નથી. ભેદજ્ઞાનથી જ્ઞાનજયોતિ પ્રગટ થઈ એ તો અચલ છે. અને **વ્યકતમ્ વ્યકત** પર્યાય પ્રગટ વ્યકત થઈ **અને ચિત્શકિતઓના (-જ્ઞાનના અવિભાગપરિચ્છેદોના) સમૂહના ભારથી** સામર્થ્યથી એક પર્યાયનો અવિભાગપ્રતિચ્છેદ. એક અવિભાગપ્રતિચ્છેદમાં બીજા અવિભાગપ્રતિચ્છેદની નાસ્તિ. આવ્યું'તું ને આપણે? ત્યાં. હિંમતનગરમાં.

અસ્તિનાસ્તિ અનેકાંતમાં અહીંથી ઉપાડયું'તુ. પછી એક પર્યાયમાં બીજી પર્યાયની નાસ્તિ, ગુણમાં પર્યાયની નાસ્તિ, પર્યાયમાં ગુણની નાસ્તિ. પછી ગુણમાં ગુણની નાસ્તિ એમાં ઘણું એકદમ ઘણું ઝપાટે (હું તો હજી બે જ વાતનો નિર્ણય કરી રહ્યો છું આપ તો બોલ્યે જ જાવ છો. અંદરથી ઉત્સાહ આવે) હા, હા, અંદરથી ઉત્સાહ આવે.

એ વાત છે કે જ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય છે એમાં જ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદો હોય છે સમૂહ. થોડો ઉઘાડ, વધારે ઉઘાડ, વધારે ઉઘાડ, વધારે ઉઘાડ, વધારે ઉઘાડ, વધારે ઉઘાડ એને પ્રતિચ્છેદ કહેવામાં આવે. એના માટે દાખલો એમ આપે છે કે ગાયનું દૂધ, બકરીનું દૂધ, ઘેટાનું, મેંઢાનું દૂધ. મેંઢા હોયને ઓલા ઉનવાળા એનું દૂધ. પછી ઉંટડીનું દૂધ. એવા દૂધના પ્રકારોથી દાખલો આપ્યો. ચીકાશ. દૂધમાં ચીકાશ. ઓછી ચીકાશ, વધારે ચીકાશ, વધારે ચીકાશ એમ. દૂધ તો દૂધ જ છે. પણ એ ચિકાશ એમાં વધતી જાય છે. એમ અવિભાગપ્રતિચ્છેદો પડે છે એના. એવું જ કાંઈક લાગે છે. દાખલો આપ્યો છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદ એમાં બીજો વિભાગ ન થાય એવો એક અંશ લેવો એમ. એવા સંખ્યાત અસંખ્યાત વ્યકત પર્યાય પ્રગટ થઈ વ્યકત. આગળ આવ્યું છે વ્યકત. જે જ્ઞાનની પર્યાય વ્યકત પ્રગટ થઈ, અચલ કહ્યું પછી વ્યક્ત કહ્યું. પર્યાય પ્રગટ થઈ. આત્મા આશ્રયે ભેદજ્ઞાન થયું તો **ચિત્શક્તિઓના** પર્યાયના એટલે **જ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદોના સમૂહના** સામર્થ્યથી સમૂહ કહ્યો'ને. એક અવિભાગપ્રતિચ્છેદ, અસંખ્યાત, સંખ્યાત, અનંત પ્રતિચ્છેદો **સમૂહના ભારથી અત્યંત ગંભીર** આ અવિભાગ પ્રતિચ્છેદ કેવળીના જ્ઞાનમાં આવે છે ખરેખર. એટલે છદ્મસ્થ કોઈ અન્યમતિમાં અવિભાગપ્રતિચ્છેદની વાત કરી શકે જ નહીં. આના ઉપરથી નક્કી થાય છે તમે જ કેવળી છો એમ.

**સમૂહના ભારથી સામર્થ્યથી અત્યંત ગંભીર આ આત્મજયોતિ** લ્યો! આ આત્મજયોતિના બધા વિશેષણ. **અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે** પ્રગટ થઈ ને? પ્રજ્ઞા. આત્મજ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું કે, **આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો** એટલે અજ્ઞાન દશામાં હું કર્તા છું એમ માનતો હતો એમ લેવું. તે હવે કર્તા થતો નથી. કર્તાપણાની માન્યતા છૂટી જાય છે. ભાવકર્મ તો રહી જાય છે. અથવા કેવળજ્ઞાન થાય ત્યારે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મનો અભાવ થઈ જાય છે. માંગલિકનો કળશ છે ને? એટલે ઠેઠ કેવળજ્ઞાનની જયોતિ પ્રગટ થઈ છે. આત્મા અજ્ઞાનમાં કર્તા થતો હતો ભાવકર્મનો. રાગનો તે હવે કર્તા થતો નથી. જ્ઞાનજયોતિ પ્રગટ થઈ. અને **અજ્ઞાનના નિમિત્તે પુદગલ કર્મરૂપ થતું હતું.** જુઓ! પુદગલ રાગરૂપે થતું હતું, પરિણમતું હતું. પુદગલ દ્રવ્યકર્મરૂપે નહીં. પુદગલ દ્રવ્યકર્મરૂપે નહીં પણ રાગરૂપે પરિણમતું હતું.

અહીંયા કર્મ એટલે ભાવકર્મ. અજ્ઞાનના નિમિત્તે પુદગલ જડરૂપે પરિણમતું હતું. દ્રવ્યકર્મરૂપે પરિણમતું હતું. ભાવકર્મરૂપે પરિણમતું હતું રાગરૂપે. **તે કર્મરૂપ થતું નથી.** સામાન્ય વર્ગણા થઈ જાય છે. પુદગલ સામાન્ય વર્ગણા થઈ જાય છે. બેય લેવાય દ્રવ્યકર્મ અને ભાવકર્મ. કારણ કે નિમિત્ત લીધુંને એટલે પુદગલકર્મ દ્રવ્યકર્મ લેવું. ઠીક



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. હેં? (અજ્ઞાનને નિમિત્તમાં લીધું એટલે) અજ્ઞાનને નિમિત્તનું આવી ગયું. અજ્ઞાન ઈ રાગમાં આવી ગયું અને ઓલું દ્રવ્યકર્મમાં. હવે કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી. દ્રવ્યકર્મનો બંધ થતો નથી. **વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને પુદગલ પુદગલરૂપ જ રહે છે.** આહાહા! જુઓ, આ શ્લોક ખીમચંદભાઈ બહુ બોલતા હતા.

**ભાવાર્થઃ- આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે. આત્મા જ્ઞાની થાય ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમે છે.** એટલે ઉત્પાદવ્યય, ઉત્પાદવ્યય જ્ઞાનરૂપે થયા કરે છે. **પુદગલકર્મનો કર્તા થતું નથી.** જ્ઞાન પુદગલકર્મના બંધમાં નિમિત્ત કારણ પણ નથી. જ્ઞાન નિમિત્ત ન હોય, અજ્ઞાન નિમિત્ત હતું. અજ્ઞાન ટળી ગયું જ્ઞાન પ્રગટ થયું. **વળી પુદગલ પુદગલ જ રહે છે, કર્મરૂપે પરિણમતું નથી. આમ યથાર્થ જ્ઞાન થયે બન્ને દ્રવ્યના પરિણામને નિમિત્તનૈમિત્તિકભાવ થતો નથી. આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિને હોય છે.**

આત્મભાન થયા પછી નિમિત્તનૈમિત્તિકરૂપે આત્મા ને પુદગલને નિમિત્તનૈમિત્તિક સંબંધ નથી. જ્ઞાતાજ્ઞેયનો વ્યવહાર છે બસ એટલું જ સવિકલ્પ દશામાં. નિમિત્તનૈમિત્તિક સંબંધ તો ચોથા ગુણસ્થાને ખતમ થઈ જાય છે દૃષ્ટિ અપેક્ષાએ. ઓલું અસ્થિરતાનો એ કાંઈ નહીં. (આપે કહ્યું પુદગલ કર્તા છે જીવ જ્ઞાતા છે નિમિત્તનૈમિત્તિક સંબંધ રહ્યો જ નહીં ને?) રહ્યો જ નહીં ને? રાગને પોતાનો માને તો નિમિત્તનૈમિત્તિક અજ્ઞાન થાય. જ્ઞાન થાય પછી તો જ્ઞાતાજ્ઞેયનો વ્યવહાર છે. બાકી કર્તાકર્મનો (વ્યવહાર) નથી. કેમ કે રાગનોય કર્તા નથી તો નિમિત્તનૈમિત્તિક ક્યાં રહ્યો? રાગનો કર્તા થાય એને નિમિત્તનૈમિત્તિક પરની હારે હોય. રાગને હું કરું છું એમ માને એવું અજ્ઞાન હોય તો પરની હારે નિમિત્તનૈમિત્તિક સંબંધ કહેવાય. પણ આત્મભાન થઈ ગયું એટલે પરની હારે જ્ઞાતાજ્ઞેયનો વ્યવહાર છે. કર્તાકર્મ નથી. કર્તાકર્મ અંદરમાં નથી અને બહારમાં નિમિત્તનૈમિત્તક નથી. કર્તાકર્મ અંદરમાં રાગની હારે છૂટી ગયું. અહીંયા કર્તાકર્મ નથી એટલે બહારમાં નિમિત્તનૈમિત્તિક નથી. અહીંયા કર્તાકર્મ છે ત્યાં સુધી બહારમાં



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિમિત્તનૈમિત્તિક છે. (વાહ! સાચી વાત છે) ખ્યાલ આવ્યો?

સ્વભાવને ભૂલીને રાગ મારો છે, હું કર્તા છું તો રાગની અંદર કર્તાકર્મની પ્રવૃત્તિ થાય છે. તો પરની સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ બની જાય છે. રાગનો કર્તા છૂટી ગયો, હું તો જ્ઞાતા છું. રાગનો કર્તા નથી તો નિમિત્તનૈમિત્તિક કયાં રહ્યું? રાગ નૈમિત્તિક હોય તો કર્મના ઉદયને નિમિત્ત કહેવાય. પણ હવે રાગ જ નથી, તો નિમિત્તનૈમિત્તિક પણ નથી.

એ દિલ્હીમાં લીધું'તું. પરની હારે નિમિત્તનૈમિત્તિક સંબંધ માનવો ત્યાં આત્મા રાગનો કર્તા બની જાય છે. ત્રણવાર પૂછયું ઓલાએ જયકુમારે દિલ્હીમાં. કેટલા વર્ષ પહેલાં પ્રેમચંદજી જયના વોચવાળાને ત્યાં ઉતર્યો હતો ત્યારે ન્યાં વ્યાખ્યાન હતું લાલમંદિરમાં. હા, સતરની સાલ. ઓહો! કેટલા વર્ષ થયા? (વીસ વર્ષ પહેલાં) હા, વીસ વર્ષ પહેલાં. (બાવીસ દિવસ રોકાયા હતા) હા, બાવીસ દિવસ રોકાયા હતા. તો કહ્યું નિમિત્તનૈમિત્તિક સંબંધ પરની હારે નથી. જો નિમિત્તનૈમિત્તિક સંબંધ પરની હારે માનશો તો આત્મા રાગનો કર્તા બની જશે. તો કહે બીજી વાર કહો, બીજી વાર કહો. એને ખ્યાલમાં જ ન આવ્યું. બિલકુલ છેલ્લે સુધી ખ્યાલમાં ન આવ્યું.

એણે કાંઈ વિરોધ ન કર્યો પણ એને મનમાં સમાધાન ન થયું કે અહીંયા પરની હારે નિમિત્તનૈમિત્તિક એમાં અહીંયા અંદરમાં રાગનો કર્તાકર્મ કયાંથી થાય? અરે! પણ પરનું લક્ષ કરે તો રાગ થાય તો રાગનો કર્તા જીવ બની જાય.(હં એમ. એને રાગની કર્તાબુધ્ધિ હોય તો જ ઈ રાગ એમાં નિમિત્ત થાય ને?) નિમિત્ત થાય ને? પરમાં જોડાય તો રાગ થાયને પણ? પરમાં જોડાતો જ નથી નિમિત્તમાં તો નૈમિત્તિક રાગ થાય કયાંથી? પરની હારે નિમિત્તનૈમિત્તિક તો પોતાની હારે કર્તાકર્મ હોય રાગની હારે. (પરની સાથે નિમિત્તનૈમિત્તિક હોય તો પોતાની સાથે કર્તાકર્મ થઈ જાય) કર્તાકર્મ થઈ ગયું. નિમિત્તનું લક્ષ કર્યું તો રાગ થયો. તો રાગરૂપે પરિણમ્યો તો એની કર્તાબુધ્ધિ થઈ ગઈ ને એની? (સ્પષ્ટ છે) પણ નહીં, સમજાણું નહીં એને.

નિમિત્તાધીન દૃષ્ટિ અનંતકાળથી છે. બિચારો તેમની સાથે હતો તે તો ગુજરી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયો ને? પાત્રતા હોય તો જ સમજાય છે. જ્ઞાનીનો યોગ તો અનંતવાર પૂર્વે થયો. એમ આગમ પોકાર કરે છે. પોતે સુલટયો નહીં. નિમિત્ત શું કરે? કથન તો અનેક પ્રકારના આવે.

**આ પ્રમાણે જીવ અને અજીવ કર્તાકર્મનો વેશ છોડીને બહાર નીકળી ગયા.** લ્યો! જીવ કર્તા છે અને રાગ મારું કર્મ છે એ કર્તાકર્મનો સ્વાંગ હતો. એ જ્ઞાતા થયો તો કર્તાકર્મનો સ્વાંગ નીકળી ગયો. કર્તાકર્મનો સ્વાંગ હતો સ્વભાવ નહોતો. (સ્વભાવ તો જ્ઞાતા હતો) સ્વભાવ જ્ઞાતા હતો. (જેમ કોઈ નાટક કરીને નાટક પૂરું થઈ જાય પછી પોતાના મૂળ વેશમાં આવી જાય છે) આવી જાય છે. (અમે પણ નાટક કરતા હતા ત્યારે તો સ્ટેજ ઉપર અમારો ડ્રેસ બદલાવવો પડે છે પછી તો અમારો ઓરીજીનલ ડ્રેસ આવી જાય છે) આવી જાય છે. બસ.

પહેલાં તો એ પાઠ ભજવે તો હું આવો જ છું એમ. રાજા જ છું. એવી શૂરવીરતાથી હા. (પછી જેવું છે એવું જ આવી જાય) સ્વાંગ ઉતરી ગયો. કર્તાકર્મનો સ્વાંગ અજ્ઞાન દશામાં રાગને હું કરું છું એ મારું કર્મ. હું અપ્રતિબુધ્ધ હતો, પ્રતિબુધ્ધ થયો તો સ્વાંગ નીકળી ગયો. હું તો જ્ઞાતા છું.

જેવો જીવતત્ત્વનો સ્વભાવ હતો તેવો દૃષ્ટિમાં આવી ગયો. જીવતત્ત્વ સંબંધે જ ભૂલ છે. જીવ પૂર્ણ છે માને અપૂર્ણ, જીવ શુધ્ધ છે માને અશુધ્ધ, જીવ છે જ્ઞાતા માને કર્તા. આહાહા! અનેક પ્રકારે જીવના સ્વરૂપને વિપરીત માન્યા કરે છે. શાસ્ત્રમાં ઘણા ઉપચારના કથનો આવે. આરોપિત કથન. હેં? (જીવ છે અપરિણામી માને પરિણામી) પરિણામી.

**ભાવાર્થ : જીવ અને અજીવ બન્ને કર્તાકર્મનો વેશ ધારણ કરી એક થઈને રંગભૂમિમાં દાખલ થયા હતા. સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન કે જે યથાર્થ દેખનારું છે તેણે જ્યારે તેમના જુદા જુદા લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી પણ બે છે** જીવ ને અજીવ. અજીવનો જ વિસ્તાર છે આ બધો. છેલ્લે અજીવ જ લીધો. એક જીવ બાકી બધું અજીવ. **તેણે જ્યારે તેમના જુદા**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જુદા લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી પણ બે છે ત્યારે તેઓ વેશ દૂર કરી રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા. બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે કે** જુઓ બહુરૂપી આવ્યું ને? અનેક રૂપ ધારણ કરે, અનેક રૂપ ધારણ કરે બહુરૂપી.

**બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે કે દેખનાર જયાં સુધી ઓળખે નહીં ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે** ઓલો. ટપાલ આપવા આવે, મનીઓર્ડર આપવા આવે, ચાર્ટ આપવા આવે. ઈન્કમટેક્ષનો ઈન્સપેકટર થઈને આવે, તમારી તારીખ છે ઈન્કમટેક્ષમાં હાજર થાવ, એમ કહે. આહાહા! બહુરૂપીનું એવું પ્રવર્તન હોય છે કે દેખનાર જયાં સુધી ઓળખે નહીં ત્યાં સુધી ચેષ્ટા કર્યા કરે, પરંતુ જયારે યથાર્થ ઓળખી લે ત્યારે નિજરૂપ પ્રગટ કરી ચેષ્ટા કરવી છોડી દે. આહાહા! (દૃષ્ટાંત બહુ સારું છે) દૃષ્ટાંત બહુ સારું છે. બહેન! આ નયજ્ઞાનથી જીવ અનેકરૂપે ભાસે છે. નયજ્ઞાનથી કેમ કે આપણે વાત થઈ'તી. કે નય એક એક ધર્મને અંગીકાર કરે છે. ધર્મોનો સમૂહ છે તે દ્રવ્ય છે. અને નયોનો સમૂહ તે પ્રમાણ છે. હવે પ્રમાણપૂર્વક નય શરૂ થાય તો એક એક ધર્મને અંગીકાર કરે. નય છે તે એક વિષય કરે. તો એ જે નયથી ધર્મને જાણે છે તો આખું રૂપ એવું છે એમ માની લ્યે છે. એ ભૂલ થઈ ગઈ એવું રૂપ નથી.

આ આત્મા એકેન્દ્રિયમાં જાય, બે ઈન્દ્રિયમાં, ત્રણ ઈન્દ્રિયમાં, ચાર ઈન્દ્રિયમાં, આહા! વ્યવહારનય. આ ગુણસ્થાન આમ તેમ, આત્મા દુઃખ ભોગવે છે. આત્મા કર્મથી બંધાણો, કર્મનો ઉદય આવે, કર્મમાં આત્મા જોડાય છે. આત્મા જોડાય છે, આત્મા કરે છે, આત્મા આમ, આત્મા આત્મા આત્મા આત્મા જ ચારેકોરથી જીવની જ વાત આવે. જીવ એવો નથી. માટે વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે. મેઈન ચીજ છે. ઓરિજીનલ જીવતત્ત્વનું સ્વરૂપ હાથમાં આવી જાય. જો તમે એને આ વ્યવહારનય છે તો તમને અસત્યાર્થ લાગશે. અંતઃતત્ત્વની વાત કરતાં કોઈ વખતે ગુરુદેવ કહેતાં કે શરીરથી બહાર જેટલું છે ને એટલું બધું બહિર્તત્ત્વ છે. શરીર તે અંતઃતત્ત્વ. પછી શરીર તે બહિર્તત્ત્વ અને આઠ કર્મ તે અંતઃતત્ત્વ. પછી આઠ કર્મ બહિર્તત્ત્વ છે તો રાગ અંતઃતત્ત્વ. પછી વીતરાગભાવ અંતઃતત્ત્વ તો રાગ બહિર્તત્ત્વ. પછી વીતરાગભાવ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બહિર્તત્ત્વ તો જ્ઞાયકભાવ અંતઃતત્ત્વ. એમ એમ કરતાં કરતાં બધું આવે. આહાહા! અનેક પ્રકારના કથનો. અનેક પ્રકારના કથનો.

જો અગિયારમી ગાથા ન લખી હોત તો જિનાગમમાં કહેલો વ્યવહાર જૂઠો છે જીભ ન ઉપડે. કેમ કે સર્વજ્ઞ ભગવાનની વાણીમાં બે નય આવે છે. આહા! આ તો હિંમત આવી જાય. (માર્ગ મળી જાય) માર્ગ મળી જાય.

**જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય બણૈ કરતા સો,**
**તાકરિ બંધન આન તણું ફલ લે સુખ દુઃખ ભવાશ્રમવાસો,**
**જ્ઞાન ભયે કરતા ન બને તબ બંધ ન હોય ખુલૈ પરપાસો,**
**આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો.**

આવ્યું. અકર્તા જ છે બેન! ચારે બાજુ અકર્તા નીકળે છે. આ બોલો ને જરા બોલો ને? રહૈ નિતિ થાસો નિતિ થાસો એટલે? (નિત્ય) નિત્ય એમાં રહે?(આત્મામાં વિલાસ કરે) આત્મામાં રહે. (પછી નિત્ય એમાં જ રહે) થાસો, નિતિ થાસો. એવા થઈ જાશુ એમ. જ્ઞાનમય એમ.

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં કર્તાકર્મનો પ્રરૂપક બીજો અંક સમાપ્ત થયો.**

બીજો અંક આવ્યો. કર્તાકર્મનો સ્વાંગ નીકળી ગયો. રાગનો કર્તા છે એ અજ્ઞાન છે. આત્માજ્ઞાનનો કર્તા છે એ ઉપચાર છે. એને પણ અનુપચાર નહીં માનતો. ઉપચાર જ કર્યો છે. (અનુપચારથી તો અકર્તા જ છે) અકર્તા જ છે. અને ખરેખર અકર્તા દૃષ્ટિમાં આવે છે. એને જ જ્ઞાન પ્રગટ થાય છે. અકર્તા દૃષ્ટિમાં આવે છે. કર્તાબુદ્ધિ જાય છે. અકર્તા એવો જ્ઞાયક દૃષ્ટિમાં આવે છે. આહાહા! (જ્ઞાન પ્રગટ થાય છે) એને જ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન પ્રગટ થાય છે ત્યારે ઉપચારથી કર્તા કહેવાય. એ પણ જયારે નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે ત્યારે નિષેધ કરે છે. આહાહા! ઉપચારથી હું કર્તા નથી. હું તો અકર્તા છું.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફરીથી વ્યવહારનો નિષેધ કરી ને પાછો નિશ્ચયમાં આવ્યો. પરિણામનો જ્ઞાતા છું એ ઉપચારથી છે. ફરીથી જયારે અંદરમાં જાય ત્યારે એ ઉપચારને ઓળંગીને અંદરમાં વહ્યો જાય છે. ઉપચાર પણ, કરવાનો ઉપચાર ને જાણવાનો ઉપચાર બેય ખટકે છે. એ બે સવિકલ્પદશામાં ઉપચાર હોય, નિર્વિકલ્પ ધ્યાનમાં ઉપચાર ન હોય. (અંદર જવા માટે વિધિ તો એક જ છે) એક જ છે. જે અનાદિ મિથ્યાદષ્ટિની વિધિ છે અંદર જાવા માટે, સમ્યક્ પ્રાપ્ત કરવા માટે એ જ, સમ્યક્દષ્ટિને ચારિત્રમાં સ્થિરતા થવા માટે એ જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહીં. આત્મા આશ્રિત છે. એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.

આ શ્રી દેવસેનઆચાર્યકૃત નયચક્રનો અનુવાદ. મૂળ નયચક્રનું પાનું એકત્રીસ, બત્રીસ અનુવાદ. ડોકટર ભારિલ્લજીએ કર્યો છે તે. **જો આ ભેદ છે તે ઉપચાર લક્ષણવાળા પદાર્થ છે.** સિધ્ધાંત છે. **જો આ ભેદ તે ઉપચાર લક્ષણવાળા પદાર્થ છે. તે અપરમાર્થ છે.** અહીંયા ભેદ તે અભેદનો ભેદ સદભૂત વ્યવહાર લેવો અને ઉપચારમાં અસદભૂત વ્યવહાર લેવો. એમ લ્યે છે આમાં. ભેદ છે ને અભેદનો ભેદ એ સદભૂત વ્યવહાર. અને ઉપચાર દેહ તે જીવ છે. કર્મથી બંધાયેલો છે. રાગી જીવ એ બધો અસદભૂત વ્યવહાર. **લક્ષણવાળા પદાર્થ છે તે અપરમાર્થ છે.** ગુણગુણીનો ભેદ કરો તો એ અપરમાર્થ છે.

એ વાસ્તવિક સ્વરૂપ નથી. અને ઉપચાર કરવો કર્મથી બંધાયેલો છે, દેહવાળો છે એ બધો ઉપચાર છે. **તે અપરમાર્થ છે. કેમ કે,** કારણ આપે છે. કેમ અપરમાર્થ છે? **કેમ કે અભેદ અને અનુપચાર લક્ષણવાળા,** ગુણગુણીનો ભેદ ન કરવો એ અભેદ વસ્તુ છે. **અને અનુપચાર** એ ઉપચારવાળું નથી. લક્ષણવાળા પદાર્થનું જ પરમાર્થપણું છે. તેથી વ્યવહારનય પણ અપરમાર્થનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ છે. કારણ આપે છે કે અભૂતાર્થ અને અસત્યાર્થ કેમ છે વ્યવહારનય? તેથી કરીને વ્યવહારનય પણ અપરમાર્થનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ છે. જૂઠું કથન કરે છે.

ભેદ અને ઉપચાર લક્ષણ એનું છે. તેથી ભેદ આવો આત્મા છે, આવો આત્મા



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, આવો આત્મા છે. જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે વગેરે. અથવા મતિજ્ઞાનના ભેદ કરે કેવળજ્ઞાન સુધીના પાંચ ભેદ. એ બધા અભેદના ભેદ. અને પછી ઉપચાર. કર્મથી બંધાયેલો દેહવાળો છે. એ બધા ઉપચારના કથન છે. એ અભૂતાર્થ છે. કથન છે, સાચું નથી. એવું આત્માનું સ્વરૂપ નથી. હવે કહે છે. (એમ પંચાધ્યાયીમાં વ્યવહાર મિથ્યા ઉપદેશનો કરનારો છે માટે મિથ્યા છે) માટે મિથ્યા છે. એમ જ છે. આ જે ભેદ છે ને એ મિથ્યા ઉપદેશ છે. આત્મામાં જ્ઞાન ને દર્શન ને ચારિત્ર નથી આત્મામાં. આત્મા તો જ્ઞાયક અભેદ એકરૂપ છે એમ.

ભેદ કરતાં પણ દૃષ્ટિનો વિષય નથી આવતો દૃષ્ટિમાં અને ગુણગુણીનો ભેદ કરતાં એ જ્ઞેય થતું નથી. ઓમાં શ્રદ્ધા પ્રગટ થતી નથી અને આમાં નિર્વિકલ્પ ધ્યાન આવતું નથી. શુધ્ધ ઉપયોગ થતો નથી એમ. હવે આપણે એક પાનું છપાવ્યું છે એ આપણે લઈએ.

નિશ્ચયનય તો (ભાઈ એમાં એમ લીધું ને કે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે, આમાં એમ કહ્યું ને કે વ્યવહારનય અપરમાર્થનો પ્રતિપાદક હોવાથી અભૂતાર્થ છે. સમયસારમાં આપ લ્યો છો ને વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે) હા, એ બરાબર છે. (હવે એમાં કહે છે કે વ્યવહાર અપરમાર્થનો પ્રતિપાદક છે) બરાબર છે. (એ વિષય થોડો કલીયર કરો ને)

એ વિષય એવો છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે. એમ સમયસારમાં આવ્યું. આમાં એમ કહે છે કે નિશ્ચયનય છે એ પરમાર્થનો પ્રતિપાદક છે. પરમાર્થનો પ્રતિપાદક તો બેય કહે છે પણ એક કહે છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. એક કહે છે કે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે, નિશ્ચયનય. સમજાણું? આ બે વાત છે. છેલ્લે એમ કહ્યું ને?

**જુઓ, નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે. તેના અવલંબનથી આત્મા સમ્યક્દૃષ્ટિ થાય છે.** છેલ્લે કહ્યું ને? **નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી** એટલે નિશ્ચયનય વસ્તુના અભેદ સ્વરૂપને જેમ છે તેમ બતાવતો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોવાથી **ભૂતાર્થ પણ છે.** તેના અવલંબનથી એટલે નિશ્ચયનય વસ્તુ બતાવે છે તેનું અવલંબન. નિશ્ચયનયનું અવલંબન છૂટી જાય. **તેના અવલંબનથી આત્મા સમયક્દૃષ્ટિ થાય છે.** એટલે અભેદના અવલંબનથી સમ્યક્દૃષ્ટિ થાય છે.

એટલે નિશ્ચયનય છે એ પરમાર્થનો પ્રતિપાદક છે. એ અભેદ અને અનુપચાર જ બતાવે છે આત્મા. જ્ઞાયક જ છે. એમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદો નથી. એમ નિશ્ચયનય કહે છે. હવે જે જ્ઞાયકને જાણતો નથી. બિલકુલ અજાણ છે. એવા જીવોને માટે અપ્રતિબુધ્ધને સમજાવવા માટે ગુણગુણીના ભેદથી સમજાવે છે સમયસારમાં. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે તો પણ અવલંબન કરવા યોગ્ય નથી. એટલું જોડી દીધું. આમાં જોડવાની જરૂર નથી. (આમાં તો સીધી વાત છે) સીધી વાત છે. સમજી ગયા? ઓમાં જોડયું છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. તો પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી.

હવે જુઓ, એમાં એવી સરસ વાત છે. વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે. પરમાર્થને એ અંગુલીનિર્દેશ કરે છે, બતાવે છે કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. અથવા તે દ્રવ્યના પરમાર્થને બતાવે છે ગુણગુણીનો ભેદ અને જ્ઞેયને જાણે તે જ્ઞાન છે. એ પણ વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહારનય પરમાર્થને બતાવે છે. પણ એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. જ્ઞેયને જાણે છે માટે આત્માને જ્ઞાયક નામ આપવામાં આવે છે. અનુસરવા યોગ્ય નથી. જેમ જ્ઞાન, દર્શન, ચારિત્રનો ભેદ દૃષ્ટિનો વિષય નથી એમ આ જે પરને જાણે છે તે જ્ઞાન છે તે અનુસરવા યોગ્ય નથી. પરને જાણતો જ નથી. જ્ઞાન તો જ્ઞાનને જ જાણે છે.

આવા બે પ્રકારના દ્રવ્યનો વ્યવહાર અને પર્યાયનો વ્યવહાર. દ્રવ્યને બતાવનારો વ્યવહાર ગુણભેદ અને જ્ઞાનની પર્યાયને બતાવનારો વ્યવહાર જ્ઞેયને જાણે છે માટે આત્માને જાણનાર કહેવામાં આવે છે. એ વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. પ્રતિપાદક કહ્યો. પણ અનુસરવા યોગ્ય નથી. એટલે અભૂતાર્થ છે. વ્યવહાર ઈશારો કરે છે. વ્યવહાર ઈશારો કરે છે પણ વ્યવહાર ભેદ દ્વારા અભેદને બતાવે છે અને નિશ્ચયનય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો સીધો અભેદને બતાવે છે. એટલે નિશ્ચયનય પૂજ્ય છે.

આમાં જે દેવસેનઆચાર્યમાં નિશ્ચયનય પૂજ્ય છે એ નય વિકલ્પાત્મક છે અનુભવ પહેલાં. કેમ? એણે એમ કેમ કહ્યું કે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. કેમ કે નિશ્ચયનય ભેદગ્રાહી નથી અભેદગ્રાહી છે. જ્ઞાયક તે આત્મા, અકર્તા તે આત્મા એમ. પછી જ્ઞાનની પર્યાયમાં કહે તો જ્ઞાનમાં આત્મા જ જણાય છે. (જાણનારો જણાય છે) જાણનારો જ જણાય છે એમ જ્ઞાનની પર્યાયને પણ એ નિશ્ચય કહે.

નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. એ કહે છે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે તો પણ અનુસરવા યોગ્ય નથી. આ કહે છે કે નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે તેથી એના આશ્રયે સમ્યગ્દર્શન થઈ શકે છે. સમજાણું એ તફાવત? શું પ્રેમચંદજી કાંઈ સમજમાં આવ્યું? (બીજી વાર કહો) બીજી વાર કહું. સમયસાર શાસ્ત્રની અંદર આવે છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક છે. એમ નથી કહ્યું કે તમને પરમાર્થનો અનુભવ કરાવશે. એમ નથી કહ્યું, પ્રતિપાદક. આ બીજ છે ને ઝાડ ઉપર જુઓને ઝાડ ઉપર જુઓને તો તમને બીજ દેખાશે. સમજી ગયા? વ્યવહાર પરમાર્થને આમ છેટું રહીને બતાવે છે. તો પણ અનુસરવા યોગ્ય નથી. ઝાડ ઉપર બીજ નથી, બીજ તો આકાશમાં છે. (બીજ તો બીજમાં છે) બીજ તો બીજમાં છે.

તો અહીંયા કહે છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. પરમાર્થના પ્રતિપાદકની અંદર બે ભેદ લીધા છે. એક ગુણગુણીનો ભેદ લીધો અને એક શ્રુતજ્ઞાનનો ભેદ લીધો પર્યાયનો. સાતમી ગાથામાં ગુણભેદ લીધો. દૃષ્ટિના વિષયમાં અભેદમાં ભેદ કર્યો અને જ્ઞેયમાંથી જ્ઞાનનો ભેદ કર્યો. શ્રુતજ્ઞાન તે આત્મા છે. એ નવમી, દસમી ગાથામાં લીધું. બેય વ્યવહાર છે. શ્રુતજ્ઞાન વડે આત્મા જણાય છે માટે શ્રુતજ્ઞાન તે આત્મા છે. અનુભૂતિ તે આત્મા છે. એ જુઓ જ્ઞેયનો ભેદ છે. પણ એ વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે પણ અનુસરવા યોગ્ય નથી. તો શ્રુતજ્ઞાનને આત્મા માનીશમાં. અથવા ગુણને તું આત્મા ગુણી માનીશમાં.

વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે પણ અનુસરવા યોગ્ય નથી. એટલે કે એને



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધાનો વિષય બનાવીશમાં. તેના દ્વારા તારું કામ કરી લે. એને ઓળંગીને અભેદમાં વહ્યો જા. એ તો જાણતો નથી એને તો એમ જ કહેવું પડે બીજું શું થાય? બીજો ઉપાય નથી. અભેદમાં ભેદ કલ્પના કરી ને કહે છે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. એ ગુણભેદનો વ્યવહાર કહ્યો. અને પછી શ્રુતજ્ઞાન તે આત્મા, અનુભૂતિ તે આત્મા એ પર્યાયને આત્મા કહ્યો. એ પણ વ્યવહાર છે. (જ્ઞેયનો અભેદ) જ્ઞેયનો અભેદમાં ભેદ (પડે છે) હા, ઓલો દૃષ્ટિનો વિષય અભેદ એમાં ગુણભેદ. તો પણ વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે તો પણ અનુસરવા યોગ્ય નથી. એટલે એને શ્રદ્ધાનો વિષય બનાવીશમાં એમ.

આ કહે છે કે નિશ્ચયનય જ પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક જ નથી. કેમ કે વ્યવહાર ભેદ અને ઉપચારને જ પ્રસિદ્ધ કરે છે. અભેદને વ્યવહાર બતાવી શકતો નથી. અહીંયા એ લાઈન છે. (ભેદ અને ઉપચાર વસ્તુમાં તો છે નહીં) છે નહીં. વસ્તુ તો અભેદ અને અનુપચાર છે. તો એ તો નિશ્ચયનય જ કહી શકે. પણ એ નિશ્ચયનય પણ વિકલ્પ છે નય. ઓલી વ્યવહારનય પણ વિકલ્પ છે. બેય નય છે. બેયમાં જ્ઞાન નથી કોઈમાં હો! બે માંથી કોઈમાં જ્ઞાન નથી. નિશ્ચયનયમાં પણ જ્ઞાન નથી. કેમ કે નિશ્ચયનય આંગણા સુધી લાવી અનુભવ કરાવી ને ચાલી જાય છે. છતાં પૂજ્ય છે. વ્યવહાર પૂજ્ય નથી. નિશ્ચયનય પૂજ્ય છે. કેમ કે વ્યવહારનય તો ખોટું કથન કરે છે. મિથ્યા ઉપદેશ આપનારી છે માટે મિથ્યા છે. લાવો લાવો ભેગા ભેગું લઈ લઈએ.

વ્યવહારનય મિથ્યા ઉપદેશ આપે છે. સમજી ગયા? પણ બીજો ઉપાય નથી. બિલકુલ જે બિચારો અજાણ્યો છે એને કહે, તદ્દન અજાણ્યો હોય એને શું થાય? એને એમ જ કહેવાય. (છસ્સો અઠયાવીસ ગાથા) છસ્સો અઠયાવીસ ગાથા.

કારણ કે નિશ્ચયથી એટલે ખરેખર વ્યવહારનય પોતે જ મિથ્યા ઉપદેશનો કરવાવાળો છે. હવે વ્યવહારનય મિથ્યા ઉપદેશ કેમ કરે છે? કે જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા તે મિથ્યા ઉપદેશ છે. (એવો આત્મા નથી) નથી. ખોટો



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપદેશ છે. ગુણ તે ગુણી નથી. ગુણ તે ગુણ છે. અને ગુણને જો સાચો આત્મા માને તો અનંત આત્મા થઈ ગયા. અનંત ગુણ છે તો અનંત આત્મા થઈ ગયા. માટે એમ નથી. મિથ્યા ઉપદેશ આપે છે. ગુણને ગુણી કહે છે. એ મિથ્યા ઉપદેશ થયો. અને પછી એ ભેદ ઉપચાર આવ્યો. ભેદ આવ્યો એ ભેદનું કથન છે. પછી ઉપચાર, કે આત્મા રાગી છે, કર્મને બાંધે છે, કર્મને ભોગવે છે. ખોટી વાત છે. મિથ્યા ઉપદેશનો આપનાર છે. દેહ ને આત્મા એક છે, કર્મ ને આત્મા એક છે વગેરે. (રાગને કરે છે) રાગને કરે છે, દુઃખને ભોગવે છે. (રાગને જાણે છે) રાગને જાણે છે. ઉપચાર. (જેવું નથી તેવું તે કહે છે) અસદભૂત વ્યવહાર છે એ.

એક સદભૂત વ્યવહાર અને એક અસદભૂત વ્યવહાર. સદભૂત વ્યવહારમાં ગુણગુણીનો ભેદ સદભૂત વ્યવહાર. અને અસદભૂત વ્યવહાર, ખોટો વ્યવહાર. આત્મા પરને જાણે છે. એ અસદભૂત વ્યવહાર છે. આત્મા પરને જાણે છે એ અસદભૂત વ્યવહાર છે. આત્મા રાગને કરે છે એ અસદભૂત વ્યવહાર છે. જે આત્માનો ભાવ નથી છતાં એને કરે તો અસદભૂત વ્યવહાર. વ્યવહાર બે પ્રકારના છે સદભૂત વ્યવહાર અને અસદભૂત વ્યવહાર. સાચો વ્યવહાર અને ખોટો વ્યવહાર એમ.

અભેદનો ભેદ કરે તો સાચો વ્યવહાર છે. પણ જે અભેદમાં ભેદપણે નથી. એ તો ભિન્ન લક્ષણવાળો છે. ખોટો વ્યવહાર છે. સમજી ગયા? જૂઠો વ્યવહાર. અસદભૂત વ્યવહાર. એમ કહે છે, નિશ્ચયથી એટલે ખરેખર. વ્યવહારનય પોતે જ મિથ્યા ઉપદેશનો આપનારો છે. ઉપદેશ જ એનો જૂઠો છે. તેથી તે મિથ્યા છે. ખોટો ઉપદેશ આપે છે માટે મિથ્યા છે. એટલા માટે તે અહીં પ્રતિષેધ્ય છે. એ પ્રતિષેધ્યનો પ્રકાર એણે પાડ્યો છે. શા માટે પ્રતિષેધ્ય છે? નિષેધ કરવા માટે, ખોટો ઉપદેશ આપે માટે.


વ્યવહારને અભૂતાર્થ ને અસત્યાર્થ કેમ કહ્યો? કે ઉપદેશ જ ખોટો આપે છે એમ. પાણી મેલું થઈ ગયું, પાણી ગરમ થઈ ગયું, અગ્નિ લાકડાને બાળે તે અગ્નિ, પછી ઉષ્ણ તે અગ્નિ. મિથ્યા ઉપદેશ આપે છે બેય ખોટું છે. ખ્યાલ આવ્યો. આ વ્યવહારનય મિથ્યા ઉપદેશને આપે છે. કે ઉષ્ણ તે અગ્નિ કહે ખોટી વાત છે. લાકડાને બાળે તે અગ્નિ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

ખોટી વાત છે. એક સદભૂત વ્યવહાર અને એક અસદભૂત. બેય ખોટા વ્યવહાર છે. (વસ્તુમાં ભેદ નથી)

વસ્તુ લાકડાને બાળતી જ નથી. લાકડાને અડતી નથી તો બાળે કયાંથી? અને ગુણગુણી તો અભેદ એકરસ છે. એમાં ભેદ નથી. માટે એ મિથ્યા ઉપદેશ આપે છે ઈ. લાકડાને બાળે તે અગ્નિ. અસદભૂત વ્યવહાર. ઉષ્ણ તે અગ્નિ સદભૂત વ્યવહાર. બેય વ્યવહાર ખોટા છે. એક ધર્મની અગ્નિ નથી ને? એટલે ઉષ્ણ એક જ ધર્મ કયાં છે અગ્નિમાં? ધર્મી છે. એટલા માટે અહીં પ્રતિષેધ્ય છે. નિષેધ કરવા યોગ્ય છે. અભૂતાર્થ કહ્યો ને? નિષેધ કરવા યોગ્ય છે.



Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં - ૫૪૧ (A)
## તા.૦૭/૦૩/૧૯૯૦

અકર્તા તે આત્મા છે. જ્ઞાતા તે આત્મા છે. નિશ્ચયનય કહે છે. પણ તે કથન સાચું છે. વ્યવહારનય કહે છે કે આત્મા કર્તા છે. (વ્યવહારનયને ખબર જ નથી કે આત્મા કેવો છે?) નિશ્ચયનય તો યથાર્થ સ્વરૂપને બતાવે છે. અકર્તા છે, જ્ઞાતા છે, પરિપૂર્ણ છે, અબદ્ધ છે, મુકત છે, શુદ્ધ છે. જેવું છે એવું પ્રસ્થાપિત કરે છે નિશ્ચયનય. તો પણ, તો પણ, આહાહા! નયને છોડે ત્યારે અનુભવ થાય. આહા! નયથી પૂર્ણ નથી સ્વભાવથી આત્મા પૂર્ણ છે. (નયથી અકર્તા નથી સ્વભાવથી અકર્તા છે) અકર્તા છે. (વિષયોને છોડે પછી સ્વભાવમાં આવે ત્યારે એને અનુભવ થાય છે) ત્યારે એને અનુભવ થયા પછી (ખ્યાલ આવે કે) પૂર્વ કાળમાં આવું હતું. કે આવી રીતે મેં નિશ્ચયનય વડે સ્વરૂપનો વિચાર કર્યો. અને મેં નિર્ણય કર્યો એવો જ અનુભવ થઈ ગયો. એટલે નિશ્ચયનય સાચી છે. અનુભવની છાપ આવી પછી નિશ્ચયનય સાચી છે. અનુભવ ન થાય તો એ નિશ્ચયનય ખોટી છે. સાધ્યની સિદ્ધિ શું થઈ એમાં? કાંઈ ન થઈ. (અનુભવ થયો પછી એ નિશ્ચયનય સાચી કહેવાય)

બાપુ! સમ્યગ્દર્શન થયા પછી એને પૂર્વભૂમિકાનો નિશ્ચયનયનો પક્ષ આવ્યો'તો અને નિશ્ચયનયના પક્ષથી નિર્ણય કર્યો'તો એ પક્ષ છૂટીને અનુભવ થયો પછી એ ખ્યાલ આવ્યો કે આ તો પરોક્ષ અનુભૂતિ તો આવી મને થઈ'તી. એવી જ પ્રત્યક્ષ અનુભૂતિ થઈ. આહાહા!

પરોક્ષપણે આત્માને જે જાણયો એવો જ પ્રત્યક્ષ આત્મા આજે મને જણાણો એમ. એટલે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. એ વાત સાચી છે. એટલે વ્યવહાર તો પહેલેથી છોડવા યોગ્ય છે. વ્યવહાર તો ગૌણ કરીને અભૂતાર્થ કરવા યોગ્ય છે. નિશ્ચયનું કથન સત્યાર્થ છે. એમ જાણવું. (વ્યવહારનય છે તે તો સ્વભાવનો નિર્ણય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ નથી કરાવી શકતી. નિશ્ચયનય સ્વભાવનો નિર્ણય કરાવે છે.) ઉલટું વિપરીત કથન કરે છે. તત્ત્વ જેવું છે તેવું પ્રતિપાદન જ કરતી નથી. મિથ્યા ઉપદેશનો કરવાવાળો છે. પછી ખલાસ થઈ ગયું ને? વ્યવહારનય. (એનો ઉપદેશ જ મિથ્યા છે) મિથ્યા છે. એનો પોર્ટફોલીયો જ એ જાતનો છે. પણ એને પ્રધાન તરીકે નિમ્યો છે એટલે તારે એ બધી જૂઠી વાત કર્યા કરવી. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા. સમજી ગયા? પરને જાણે તે જ્ઞાન, પરને જાણે તે જ્ઞાન. વ્યવહારનયનો પક્ષ તો મારી નાખે છે.

હવે આચાર્યભગવાને તો બરાબર લાલબત્તી ધરી છે. કે વ્યવહારનય દ્વારા પરમાર્થને કહેવામાં આવે છે પણ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી. જ્ઞેયને જાણે છે તે જ્ઞાન એમ વ્યવહારનય કહે પણ એ જ્ઞેયને જાણે છે માટે આત્મા જ્ઞાન છે, જાણનાર છે એમ તું અનુસરીશ નહીં. એમ જ્ઞાન ક્રિયા સ્વભાવભૂત હોવાથી નિષેધવામાં આવી નથી. આત્મા કર્તા છે અને જ્ઞાન આત્માનું કર્મ છે એમ વ્યવહારનય કહેશે પણ અનુસરવા યોગ્ય નથી. આત્મા અકર્તા છે. જ્ઞાનની પર્યાયનો કર્તા જ્ઞાનની પર્યાય છે હું કર્તા નથી.

આણે પણ સમયસારની અગિયાર, બાર અને એકસો તેતાલીસ ગાથા ઉપર જ આ નયચક્રની રચના કરી છે. છતાં પણ એને અગિયાર બારમાં ખબર તો છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. એ તો એણે સમયસારમાં વાંચ્યું છે. આ તો કહે નિશ્ચય જ પરમાર્થનો પ્રતિપાદક છે. એક અપેક્ષાએ ગુરુ શિષ્ય છે. કુંદકુંદભગવાન ગુરુ કહેવાય. સમજી ગયા? એનું બહુમાન બહુ છે દેવસેનઆચાર્યને, તો પણ સ્વતંત્રપણે લખી નાખ્યું. આણે કહ્યું જૂઠો ઉપદેશ આપે છે. ઉપદેશ જ ખોટો. સમયસારમાં કહ્યું વ્યવહારનય બીજાના ભાવને બીજાનો કહે છે. તેથી નિષેધ કરવા યોગ્ય છે. એ જ વાત એણે લીધી છે. સમજી ગયા? (આ અગિયારમી ગાથા જ છે ને?) હા, અગિયારમી ગાથા છે. વ્યવહાર અભૂતાર્થ છે. (અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે) પ્રગટ કરે છે. બરાબર છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વ્યવહારનયના વિષય ઉપર દૃષ્ટિ રાખવાવાળા પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! આત્મામાં રાગ થાય છે ને રાગને કરે છે. આહાહા! અસદ્દભૂત વ્યવહારના પક્ષમાં પડયો છે જીવ. બેન! આત્મા જ્ઞાનને કરે છે એમાંય સાધ્યની સિદ્ધિ થતી નથી. એ અભેદનો ભેદ છે. છતાં નિષેધ કરવા યોગ્ય છે. અસદ્દભૂતનું કથન છે. એ તો સ્થૂળ અજ્ઞાન છે. એ તો ઉઘાડ બિડાઈ જશે. આ ઉઘાડ રહેવાનો નથી. આટલો ઉઘાડેય નહીં રહે. (જે ઉઘાડ એનો વ્યવહારનયના વિષયમાં લાગે એ તો મિથ્યાદૃષ્ટિ છે ને?) છે, ચોખ્ખું લખેલું છે. પછી મિથ્યાદૃષ્ટિનો ઉઘાડ થોડો ટાઈમ છે પછી બિડાઈ જાય. મિથ્યાત્વનો સદ્દભાવ છે એટલે પછી બિડાવાની શરૂઆત થાય.

**ભાવાર્થ :–** વ્યવહારનય વિકલ્પાત્મક હોવાથી મિથ્યા છે એમ નથી. જોયું? કેમ કે નિશ્ચયનયેય વિકલ્પાત્મક છે અને વ્યવહારનયેય વિકલ્પાત્મક છે. તો વિકલ્પાત્મક નય છે માટે તે નિષેધ કરવા યોગ્ય છે એમ નથી. વિકલ્પાત્મક તો બેય છે. નિશ્ચયનય વિકલ્પાત્મક અને વ્યવહારનય પણ વિકલ્પાત્મક. વિકલ્પ છે નયનો માટે બેય નિષેધ કરવા યોગ્ય નથી. પણ એક નય ખોટું પ્રતિપાદન કરે છે માટે નિષેધ કરવા યોગ્ય છે. અને નિશ્ચયનય ઉપાદેય છે કારણ કે તે યથાર્થ પ્રતિપાદન કરે છે. વ્યવહારનય હેય છે અને નિશ્ચયનય? (ઉપાદેય છે) ઉપાદેય એટલે કે તે ખરું વસ્તુનું સ્વરૂપ છે એવું પ્રતિપાદન કરે છે એટલી મર્યાદાથી અમે એને કહીએ છીએ કે ઉપાદેય છે.

સાચું સ્વરૂપ તો કહે છે. (પછી પોતે પણ ચાલી જાય છે ને? રહે છે કયાં?) ચાલી જાય છે. હા. પણ સાચું સ્વરૂપ બતાવે છે. અને એના દ્વારા સાચા સ્વરૂપનો નિર્ણય કરે છે એટલે ચાલી જાય છે. સમજાણું કાંઈ? (ચાલી જાય છે) કયારે? કેમ ચાલી જાય છે ખબર છે એ? સાચું સ્વરૂપ એણે બતાવ્યું, આણે સ્વરૂપ ગ્રહણ કર્યું. અને ગ્રહણ કરીને અનુભવ કર્યો ત્યાં નિશ્ચયનય ચાલી ગઈ. ચાલી ગયા પછી ખબર પડી. ઓહો! આ તો જીવ વસ્તુ ચેતના લક્ષણથી જીવને જાણે છે. જાણનાર જણાય છે એમ જ આવ્યું. અનુભવમાં પણ જાણનાર જણાય ગયો, બોલો.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચયનય કહે છે કે જાણનાર જણાય છે. વ્યવહારનય શું કહે છે? કે પર જણાય છે. સમજાણું આમાં? નિશ્ચયનય એમ કહે છે કે જાણનાર જણાય છે. નિશ્ચયનય કહે છે કે આત્મા અકર્તા છે. વ્યવહારનય કહે છે કે કર્તા છે. બહુ મોટો ફેર છે. (ફેર છે અરે! દિશાનો ફેર છે એકદમ. પરને જાણતું નથી એમાં તો વ્યવહારનો નિષેધ કર્યો એમાં તો મિથ્યાત્વનો નિષેધ કર્યો.) હં.... બેન! આ જયારે પહેલાં વહેલાં મારા હાથમાં આવ્યું ને? ત્યારે મારું ધ્યાન એમાં ખેચાણું, ઓહો! નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે. ઓલો કહે છે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે.

આહા! શું આચાર્યભગવાને કમાલ કરી છે! આખર તો ભાવલિંગી સંત આનંદનું ભોજન કરનારા. કયારે અંદરમાં પ્રવેશી અને અંદર ભગવાનમાંથી ભાવ આવી જાય એવું છે આ. કાંઈ કહી શકાય નહીં. બેન! નિર્વિકલ્પ ધ્યાનમાં જ બધું આવે છે. નવા ન્યાયો, નવી વાતો! અપૂર્વ વાતો! બધો જન્મ એમાંથી થાય છે અંદરમાંથી. એણે સમયસાર તો વાંચેલું છે. અગિયાર, બાર, એકસો તેતાલીસ ગાથા ઉપર તો આ નયચક્ર લખ્યું છે. એને ખબર તો છે કે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. કહે નહીં. પરમાર્થને બતાવે જ નહીં. એની શકિત જ નથી. નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક છે એમ કહ્યું, અનુભવ કરાવે છે એમ નથી કહ્યું. જેવું સ્વરૂપ છે એવું પ્રતિપાદન હજી તો, અને જેવું સ્વરૂપ છે એવું પ્રતિપાદન કર્યું અને ગ્રહણ કર્યું અંદરમાં વહ્યો ગયો ખલાસ! (એનું કામ પૂરું થઈ ગયું) પૂરું થઈ ગયું. બેન! નિશ્ચયનયનો જ પક્ષ આવે છે. નિશ્ચયનય જ પક્ષાતિક્રાંત કરાવે છે. નિર્ણય પણ નિશ્ચયનયમાં જ આવે છે. વ્યવહારનય તો જૂઠું કથન કરે છે.

**વ્યવહારનય વિકલ્પાત્મક હોવાથી મિથ્યા છે એમ નથી. પરંતુ તે મિથ્યા અર્થનું કથન કરવાવાળું હોવાથી મિથ્યા છે.** બોલો! કથન જ જૂઠું કરે છે. દેહ ને આત્મા એક છે. થઈ રહ્યું. તેથી તેને પ્રતિષેધ્ય કહ્યો છે. મિથ્યા ઉપદેશ આપે છે માટે તે નિષેધ કરવા યોગ્ય છે. વિકલ્પાત્મક છે માટે નહીં. વિકલ્પાત્મક તો નિશ્ચયનય પણ છે. એ પ્રશ્ન ઉઠાવ્યો છે. આ તેનો જવાબ છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તથા તેમાં દૃષ્ટિ રાખવાવાળા જીવોને પણ મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. હવે નિશ્ચયનય યથાર્થ છે. જુઓ. નિશ્ચયનય યથાર્થ વ્યવહારનય ખોટું. તથા પોતે જ યથાર્થ અર્થને વિષય કરવાવાળો હોવાથી નિશ્ચયથી જ તે નિશ્ચયનય ઓલો નિશ્ચયથી વ્યવહારનય. આ નિશ્ચયથી જ તે નિશ્ચયનય સમ્યક્ત્વ છે. નિશ્ચયનય સમ્યક્ત્વ છે. કેમ કે તે યથાર્થ વસ્તુને પ્રતિપાદન કરે છે.

અમે તો એમ કહીએ છીએ કે નિશ્ચયનયનું અવલંબન લેનારાને આ આત્મા જ એવો છે એમ ભાસ થાય છે. એટલે અમે એને નૈગમનય કહી દીધી કે સમ્યક્ત્વ થઈ ગયું. આ જે વાત છે ને એ અપૂર્વ વાત છે. શ્રીમદ્દે કહ્યું ને અપૂર્વ અણસાર આવી જાય છે. શાંતાબેનને અઢી પોણાત્રણ મહિના પહેલાં થઈ ગયું'તું આવું. **યથાર્થ અર્થને વિષય કરવાવાળો હોવાથી નિશ્ચયથી તે નિશ્ચયનય સમ્યક્ત્વ છે. વળી તે નિર્વિકલ્પની માફક નિર્વિકલ્પ થયો નથી.** માફક **અને વચન અગોચરની માફક એક સ્વાનુભવ દ્વારા જ ગમ્ય છે.** પોતે જાણી શકે. આ વચનથી કહી શકાય નહીં. વાચ્યાર્થ જેનો એવો છે. અથવા નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખવાવાળો જ સમ્યગ્દૃષ્ટિ ઓલો વ્યવહાર ઉપર દૃષ્ટિ રાખવાવાળો મિથ્યાદૃષ્ટિ.

**આ નિશ્ચય ઉપર દૃષ્ટિ રાખવાવાળો જ સમ્યગ્દૃષ્ટિ અને કાર્યકારી છે. તેથી તે નિશ્ચયનય ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે.** હા. સાચું સ્વરૂપ બતાવે છે. માટે તે અપેક્ષાએ તેને ઉપાદેય કહેવાય છે. ગ્રહણ કરવા યોગ્ય છે એમ. **તેનાથી ભિન્ન વ્યવહાર નયવાદ ગ્રહણ કરવા યોગ્ય નથી.** જુઓ હવે એના ભાવાર્થમાં સારું કર્યું છે. પોતે જ ભૂતાર્થ હોવાથી નિશ્ચયનય સમ્યક્ત્વ છે. અર્થાત સમ્યક્ત્વનો વિષય છે. તથા જે જો કે 'ન એતાવન માત્ર' એ આકારવાળો નિષેધાત્મક વિકલ્પમય માનવામાં આવ્યો છે નિશ્ચયનય પણ, **તો પણ તેમાં ભેદજનક કોઈ પ્રકારનો વિકલ્પ ન થઈ શકવાથી,** અભેદગ્રાહી છે ને એ? **તેને નિર્વિકલ્પ સમાન કહ્યો છે.** અભેદને ગ્રહણ કરે છે માટે નિર્વિકલ્પવત્ કહી દીધો. અભેદગ્રાહી છે. **વળી તે વ્યવહારના નિષેધ સિવાય અન્ય વચન દ્વારા પ્રતિપાદિત ન થઈ**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શકવાથી તેને વચન અગોચર જેવો કહ્યો છે. અને નિશ્ચયનયના વિષયમાં દૃષ્ટિ રાખવાવાળા જ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. એટલા માટે જ માત્ર નિશ્ચયદૃષ્ટિ ઉપાદેય કહેવાય છે પણ વ્યવહારદૃષ્ટિ નહીં.**

**અહીં વિકલ્પ સહિતના નિશ્ચયનયને સમ્યક્ત્વ કહ્યું છે.** મિથ્યાદૃષ્ટિનો વિકલ્પ છે હજી! સમ્યકત્વ થયું નથી. **અને તેના ઉપર દૃષ્ટિ રાખનારને જ સમ્યક્દૃષ્ટિ કહ્યો છે તેનું કારણ શું?** સમ્યક્ત્વ થયું નથી. તેનું કારણ આ છે કે **નિશ્ચયનય ઉપર દૃષ્ટિ રાખનાર થોડા વખતમાં જ બુધ્ધિપૂર્વકના રાગને ટાળી સ્વાનુભૂતિ પ્રગટ કરી શકે.** છ મહિનાની અંદર જ અનુભવ થાય છે. અને ઓલું જે મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે ને કે ઊંડા સંસ્કાર લીધા હોય તો આ ભવે નહીં તો આવતા ભવે એ સંસ્કારની વાત છે. આ વાત જુદી છે. તરત જ (થોડા જ વખતમાં) થોડા વખતમાં. ચિરમ અચિરમ થોડા કાળમાં. આનો ભવ ફરતો નથી. ભવ ફરતો નથી ને ટાઈમેય લાંબો જતો નથી. અનુભવ થઈ જાય છે.

બેયમાં લઈ લેવું. સમજી ગયા? જ્ઞાનની પર્યાયમાંય લઈ લેવું અને દ્રવ્યમાંય લઈ લેવું. દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય બેય લઈ લેવા. (સૂક્ષ્મમાં સુક્ષ્મ સ્પષ્ટીકરણ, વિકલ્પાત્મક છે માટેય નથી અને ઉપદેશ) મિથ્યા છે. માટે એ નિષેધ કરવા યોગ્ય છે. વ્યવહારનયનો નિષેધ શા માટે કરાવે છે? ખોટો ઉપદેશ આપે છે. (નિશ્ચયનય સવિકલ્પ છે છતાં સમ્યક્ત્વ......) સમ્યકત્વ છે. (વિકલ્પાત્મક નિશ્ચયનય પણ સમ્યક્ત્વ છે. તેનું કારણ છે ને?) પરોક્ષ અનુભૂતિ થઈ જાય બસ. (અનુભૂતિ જેવી અનુભૂતિ થઈ જાય છે) હા. બરાબર છે. એને તો ખાત્રી થઈ ચૂકી છે બસ. પછી પરિણતિ ચાલે છે પરિણતિ. જે સમ્યગ્દૃષ્ટિને પરિણતિ હોય ને? એમ એને એક પરિણતિ ચાલે છે. એ પરિણતિનો વ્યય થઈને શુધ્ધોપયોગ થઈ જાય છે.

કોઈને અંતર્મુહૂર્તમાં થાય અનુભવ કોઈને પાંચ, પંદર દિ', મહિનો, બે મહિના લાગે એ જુદી વાત છે. સૌ સૌની યોગ્યતા પ્રમાણે. પણ નિર્ણય યથાર્થ આવે જ છે. એમાં સવાલ જ નથી. (વ્યવહારનય) મિથ્યા ઉપદેશ આપે છે માટે (એનું કારણ કેવું



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જબરજસ્ત આપ્યું છે) કેવું જબરજસ્ત આપ્યું. વિકલ્પ છે માટે નહીં. ખોટો ઉપદેશ આપે છે. વિકલ્પ તો નિશ્ચયનયનો પણ વિકલ્પ જ છે. બીજું કયાં ન્યાં એને અનુભવ થયો છે? (તો પણ એ સમ્યકત્વ છે ને ઓલો મિથ્યા છે) મિથ્યા છે. (બહુ જબરજસ્ત વાત કરી)

પાણી ઠંડુ છે, પાણી ઠંડુ છે નિશ્ચયનય કહે છે એ ઉપદેશ સાચો છે અને વ્યવહારનય કહે પાણી ગરમ છે. બેય પાણીને વિષે પ્રતિપાદન કરે છે. પ્રતિપાદન તો બેય પાણીનું કરે છે. (એક ખોટું કરે છે અને એક સાચું કરે છે એમ જ હોય ને પાણી તો એક જ પ્રકારનું હોય ને? બેય જેમ કહે છે એવું પાણી થોડું છે?) એક કહે પાણી ગરમ છે એક કહે પાણી ઠંડુ છે. એક કહે પાણી મેલું છે એક કહે પાણી સ્વચ્છ છે. એક કહે સ્ફટિકમણી સ્વચ્છ છે. એક કહે કે લાલ છે. (બે વાત સાચી થોડી હોય કાંઈ? એક સાચી હોય ને એક ખોટી હોય) એમ જ હોય. (ઘણીવાર કાંઈ વસ્તુ યથાર્થ નિર્ણય કરનારું નિશ્ચયનયમાં જ આવે તો જ વસ્તુનું યથાર્થ જાણી શકે છે. વ્યવહાર તો કાંઈ બતાવી શકે જ નહીં. બતાવે તો નહીં પણ વિપરીતતાનો આગ્રહ કરાવી દયે) આગ્રહ કરાવે. આહાહા!

હવે વ્યવહારનયને પડખે ચડાય? (ન ચડાય) અનંતકાળ ગયો વ્યવહારનયના પક્ષમાં રહીને. અનંતકાળ ગયો. હેં? અનંતકાળ તો નિગોદમાં ગયો. (વ્યવહારનયના પક્ષમાં) વ્યવહારનયના પક્ષમાં બસ. (પ્રાણીઓને વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી છે. પણ એનું ફળ સંસાર. એ જ વાત કરીને મિથ્યાત્વ છે) એ જ મિથ્યા ઉપદેશ આપે છે. (નયચક્રમાં બહુ હિંમત કરી છે. નિશ્ચયનય છે એ પરમાર્થનો પ્રતિપાદક છે. વ્યવહારનય છે એ પરમાર્થનો પ્રતિપાદક નથી. ઉલટુ ભાઈ તિરોભૂત કરે છે એમાં આવશે ને) આવશે તિરોભૂત કરે છે, આચ્છાદિત કરે છે. એટલે બહુ જબરજસ્ત ટીકા સારી કરી છે. બહુ સારી કરી છે. મસ્તીમાં છે મસ્તીમાં.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં – ૫૪૧ (B) તથા ૫૪૨

## તા.૦૭/૦૩/૧૯૯૦

આ શ્રી દેવસેનઆચાર્યકૃત નયચક્ર છે. એનું મૂળ પાનું એકત્રીસ બત્રીસ એનો અનુવાદ. અનુવાદ કર્તા છે ડોકટર હુકમચંદજી ભારિલ્લ. **નિશ્ચયનય તો** નિશ્ચયનય કોને કહેવાય કે જે સ્વભાવને પ્રસિધ્ધ કરે, સ્વઆશ્રિત હોય એનું નામ નિશ્ચયનય છે. **એ તો ઉપનયથી રહિત,** ઉપનય નિશ્ચયની સમીપે જે ઉત્પન્ન થતી વ્યવહારનય તેનાથી રહિત છે. નિશ્ચયનય વ્યવહારનયથી રહિત છે. હવે નિશ્ચયનયનું લક્ષણ શું? અને એ કોને પ્રસિધ્ધ કરે છે એ બે વાત કહે છે.

નિશ્ચયનયનું લક્ષણ **અભેદ અને અનુપચાર એક જેનું લક્ષણ છે.** એક ઉમેરી દેવો. અભેદ અને અનુપચાર એક જેનું લક્ષણ છે. એ એક શબ્દ ઉમેરી દેવો. અને એ એનું લક્ષણ કહ્યું. હવે એનો વિષય બતાવે છે. ફળ. અને જે અર્થનો નિશ્ચય કરાવે છે. અર્થ એટલે જેવો પદાર્થ છે તેવો નિર્ણય કરાવે છે. એનું નામ નિશ્ચયનય છે. આગળ **સ્યાત્પદથી રહિત હોવા છતાં પણ** એટલે શુધ્ધઆત્મા એવો છે, કે જેમાં સ્યાત્પદ નથી. કથંચિત્પણું એમાં નથી. એવા સ્યાત્પદથી રહિત હોવા છતાં પણ **તેમાં નિશ્ચયાભાસ થતું નથી. કારણ કે તે ઉપનયથી રહિત છે.**

હવે એમ કહ્યું, કારણ કે નિશ્ચયનય છે તે ઉપનયથી રહિત છે. એનો અર્થ કરે છે. એ નિશ્ચયનય એમાં સ્યાત્પદથી રહિત છે. વ્યવહારનયથી રહિત હોવા છતાં પણ **તેમાં** એટલે નિશ્ચયનયથી જે પદાર્થનું સ્વરૂપ બતાવે છે તેમાં નિશ્ચયાભાસપણું થતું નથી. કારણ કે તે ઉપનયથી રહિત છે. તે જ્ઞાયકભાવને જ બતાવે છે નિશ્ચયનય. એટલે વ્યવહારનયનો એમાં અભાવ છે. અને વ્યવહારનયનો અભાવ હોવા છતાં તેમાં સ્યાત્પદ નથી. એમાં સમ્યક્ એકાંત છે. નિશ્ચયનય પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવું બતાવે છે. એટલે એમાં નિશ્ચયાભાસપણું આવતું નથી.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુના સ્વરૂપને જેવું છે તેવું બતાવે છે. એટલે એમાં કોઈ નિશ્ચયાભાસનો દોષ આવતો નથી. યથાર્થ વસ્તુને વિષય કરે છે માટે નિશ્ચયાભાસપણું નથી. કારણ કે, નિશ્ચયાભાસપણું નથી કારણ કે તેમાંય કારણ આપ્યું. તે ઉપનયથી રહિત છે. નહીંતર તો નિશ્ચયાભાસ તો એનું નામ કહેવાય કે ઉપનયથી રહિત નિશ્ચયાભાસ થઈ ગયો. કહે ના. વ્યવહારનયથી રહિત હોવા છતાં તેમાં નિશ્ચયાભાસપણું આવતું નથી એમ. નહીંતર નિશ્ચયાભાસનો અર્થ તો એ છે કે વ્યવહારને ઉડાડે. સમજી ગયા? તો કહે આમાં એવું નથી. કેમ કે અભેદ અને અનુપચાર એક લક્ષણ છે. અને પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાવે છે તેથી તેમાં નિશ્ચયાભાસનો ભય નથી. વસ્તુના સ્વરૂપને બતાવે છે. વ્યવહારનયથી રહિત છે.

હવે જે સ્યાત્‌પદથી રહિત કહ્યું છે ને એનો અર્થ કરશે. ઉપનયના અભાવમાં વ્યવહારનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે? તમે કહ્યું સ્યાદ્‌વાદથી રહિત છે, સ્યાત્‌પદથી રહિત છે. એમ તમે આ કહ્યું તો ઉપનયના અભાવમાં **વ્યવહારનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય. એમ કોઈ પૂછે તો કહે છે કે** વ્યવહારનયનો અભાવ છે. વ્યવહારનયથી તો રહિત છે જે નિશ્ચયનય છે તે. અને ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો એટલે આત્મામાં સ્યાદ્‌વાદનો અભાવ છે. આત્મામાં સ્યાદ્‌વાદ નથી. આત્મામાં શુધ્ધાત્મામાં એક લક્ષણ છે. એમાં સ્યાદ્‌વાદ નથી. કથંચિત્‌ આવો આત્મા અને કથંચિત્‌ આવો આત્મા એમાં બે પડખા નથી. બે પડખા હોય તો નિશ્ચય ને વ્યવહાર હોય. એનું એક જ પડખું છે સામાન્ય. બીજું પડખું જ નથી.

**એટલે એમ કહે છે કે ઉપનયના અભાવમાં સ્યાત્‌પદનો અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે** સાંભળ! સ્યાત્‌પદની મુખ્યતાથી (પ્રધાનતાથી) ઉપનય વ્યવહારનો જનક છે. સ્યાત્‌ કહ્યું ત્યાં વ્યવહારનો જન્મ થઈ ગયો. આત્મા શુધ્ધ છે કે શુધ્ધ જ છે? તો કહે શુધ્ધ જ છે. શુધ્ધ એવ, શુધ્ધ જ છે. તો કહે છે કે શુધ્ધ જ છે તો હવે એમાં સ્યાદ્‌વાદનો અભાવ? હા, એમાં સ્યાદ્‌વાદ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન હોય. કેમ કે 'જ' કહ્યું છે અમે. એટલે એમાં વ્યવહારનયનો અભાવ હોવા છતાં નિશ્ચયાભાસપણું આવતું નથી. જે નિશ્ચયનય કહે છે 'શુદ્ધ જ', 'શુદ્ધ એવ' કહે છે એ વાત બરાબર છે. એમ કહે છે. સ્યાત્‌પદની પ્રધાનતાથી એટલે મુખ્યતાથી સ્યાત્ કહો, સ્યાત્ કહો તો વ્યવહારનો જનક થઈ ગયો. સ્યાત્‌માં વ્યવહારનો જન્મ થાય.

સમ્યક્ એકાંત સિદ્ધ કરવું હોય એમાં પછી સ્યાત્ ન હોય. સ્યાત્ છે એ જ્ઞાનનો વિષય છે. આ તો દૃષ્ટિનો વિષય જે ઉપાદેય છે, આશ્રય કરવા યોગ્ય છે. એ બતાવવું છે. એમાં બીજું પડખું જ નથી. નિશ્ચયનય વ્યવહારથી રહિત છે એમ કહે છે. દ્રવ્ય છે એ પર્યાયથી રહિત છે. (હા, બસ એમ એ જ) દ્રવ્યમાં પર્યાય નથી.

**જયારે નિશ્ચયનય દ્વારા,** લ્યો! આગળ કહે છે. **જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે,** વ્યવહારનયથી રહિત છે એમ કહ્યું પણ માનો કે કદાચ કોઈ વ્યવહારનયની વાત કરે તો વ્યવહારનયથી જોશો તો આત્માની ઉપલબ્ધિ તમને નહીં થાય. વ્યવહારનયનો જે વિષય છે એનો આત્મામાં અભાવ છે. (અભૂતાર્થ છે) જેમ પર્યાયના ભેદો છે એ અભૂતાર્થ છે એમાં નથી. એમ. તો નિશ્ચયનય દ્વારા અભેદનો અનુભવ કરતાં ભેદ દેખાતો નથી. નિશ્ચયનય **દ્વારા ઉપનયનો પ્રલય કરાવી દેવામાં આવે,** ભેદ દેખાતો નથી એમ. એટલે ઉપાદેય તત્ત્વ એક જ દેખાય છે. હેય તત્ત્વ ઉપાદેય તરીકે દેખાતું નથી, હેય તરીકે દેખાતું નથી અને જ્ઞેય તરીકેય દેખાતું નથી. ભેદ પર્યાયનો ભેદ.

અનુભવનો કાળ જયારે આવે છે, ત્યારે આ પર્યાયનો ભેદ છે તે હેય છે એમ ન હોય. તો તો લક્ષ ત્યાં ગયું. આ ઉપાદેય તો નથી પણ હેય પણ નથી. પણ જ્ઞેય તો છે કે નહીં? પણ ઈ કહે નથી. જો એને જ જ્ઞેય બનાવવા જાય તો અભેદ આત્મા જ્ઞેય ન થાય. માટે એનો પ્રલય કરાવી દેવામાં આવે છે. પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરી દે એમ કહે છે. તો જ તને નિશ્ચયની પ્રાપ્તિ થશે. નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય, વિશેષે લય પ્રાપ્ત કરાવી દેવામાં આવે છે. ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે. આહાહા!



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનું લક્ષણ સ્વપ્રકાશક છે. પર પ્રકાશક પણ નહીં અને સ્વપર પ્રકાશક પણ નહીં. પર પ્રકાશક વ્યવહારમાં જાય છે. સ્વપર પ્રકાશક પ્રમાણરૂપ વ્યવહાર થાય છે. આ તો નિશ્ચયનયમાં એકલી જ્ઞાનની પર્યાયનો વિષય એકલો જ્ઞાયક જ છે. જ્ઞાન આત્માને જ જાણે છે પરને નહીં. એમ કહે છે. આહાહા! બહુ અદભૂતથી અદભૂત વાત છે. બેન! છદ્મસ્થનો ઉપયોગ એક સમયે એક આત્મા જ ઉપાદેય, એક જ જ્ઞેય છે. બીજું જ્ઞેય નથી એ વખતે.

**જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદભાવ એટલે હોવાપણું અસ્તિત્વ શુધ્ધ એક અખંડરૂપ છે તો પણ વસ્તુની શુધ્ધતા ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત થાય છે. આચ્છાદિત થાય છે.** છે તો આત્મા ત્રણે કાળ શુધ્ધ, એક, અખંડ, સામાન્ય છે. એમાં બેપણું નથી. શુધ્ધ જ છે. **તો પણ ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા,** જુઓ આમાં ભેદ જ લીધો. ઉપચાર ન લીધો. અભેદનો ભેદ એ વ્યવહાર, એ વ્યવહાર દ્વારા પણ આચ્છાદિત થઈ જાય છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. ગુણભેદથી પણ આત્મા આચ્છાદિત થાય છે. **ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે, જેવી રીતે સૂર્યનો બિંબ રાહુ દ્વારા આચ્છાદિત (કવલિત) થાય છે.** એટલે કે રાહુ આડો આવે છે ત્યારે સૂર્ય તો વિદ્યમાન છે. પણ દેખાતો નથી. એમ કહે છે. સૂર્યનો અભાવ થતો નથી. પણ સૂર્ય ઢંકાઈ જાય છે. વાદળ આડું આવે છે. દેખાતો નથી એમ.

**આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે?** જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, પારિણામિકભાવ લક્ષણવાળો આત્મા એમ શા માટે કહેવામાં આવે છે? **અસત્ય કલ્પના નિવૃત્તિ માટે** સદભૂત વ્યવહાર છે, એ અસદભૂત વ્યવહારનો નિષેધક છે. ભલે સદભૂત વ્યવહાર નિશ્ચયને ઢાંકે છે. અને એના દ્વારા સમજાવાય છે તો પણ તે અસત્ય કલ્પનાનો નિષેધ કરે છે. એટલો તો એનામાં ગુણ છે. જ્ઞાન તે આત્મા એ શેનો નિષેધ કર્યો? કે રાગ તે આત્મા



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. આત્મા રાગી નથી એમ. અસત્ય કલ્પના એ અસત્ય કલ્પના છે. અસદ્ભૂત વ્યવહાર કહો કે અસત્ય કલ્પના કહો. સાવ ખોટું છે. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા એ તો સાચું છે પણ વ્યવહાર છે. એટલે અભેદ એમાં ઢંકાઈ જાય છે.

ઓમાં તો પ્રમાણ જ્ઞાનની બહાર વહ્યો ગયો. અધ્યાત્મ પ્રમાણમાં રાગ નથી આવતો. (હા, નથી આવતો) એ તો પુદ્ગલના પરિણામમાં જાય છે. **અસત્ય કલ્પના નિવૃત્તિ માટે અને સમ્યક્રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિધ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે.** આટલો વ્યવહાર જરૂરનો છે. કે આત્માને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થાય છે એમ. એણે કહ્યુંને? કે જો વ્યવહાર શુધ્ધને આચ્છાદિત કરે છે તો એ વ્યવહારનું તમારે શું કામ છે? તો કહે નહીં એમ નથી. અસત્ય કલ્પનાનો પરિહાર કરે છે અને સમ્યક્ રત્નત્રયની પ્રાપ્તિ કરાવે છે. સિધ્ધિને માટે વ્યવહાર આવશ્યક છે. (એટલે વ્યવહાર રત્નત્રયનો નિષેધ કરે છે અને નિશ્ચય રત્નત્રયને એ વ્યવહાર સ્થાપે છે) સ્થાપે છે હા, સ્થાપે છે.

પર્યાય ઉપર દૃષ્ટિ હોય તો દ્રવ્યને આચ્છાદિત કરે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં જે નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થાય છે. આચ્છાદિત નથી રહેતું પણ પ્રસિદ્ધ કરે છે. શું કહ્યું? પર્યાય ઉપર દૃષ્ટિ હોય તો આચ્છાદિત કરે. પણ દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ, નિશ્ચયરત્નત્રયના પરિણામ પ્રગટ થયા એ આચ્છાદિત નથી કરતું પણ એને પ્રસિદ્ધ કરે છે દ્રવ્યને. વ્યવહાર રત્નત્રય તો પરમાર્થને પ્રસિદ્ધ કરતો જ નથી એની વાત તો દૂર રહો. પણ આ શિષ્યએ પ્રશ્ન કર્યો, કે એ આચ્છાદિત કરે છે તો પછી વ્યવહારનું શું કામ છે? એ વ્યવહાર એટલે શુધ્ધ રત્નત્રયના પરિણામને શિષ્ય પણ લ્યે છે. એને ઉત્તર આપે છે, એને ઉત્તર આપે છે. અસત્ય કલ્પનાનો પરિહાર કરે છે. નિયમસારમાં આવે છે, સાર શબ્દ યોજેલ છે ઈ.

વ્યવહાર રત્નત્રયના પરિણામ જીવના પરિણામ જ નથી. અસત્ય કલ્પનાનો નિષેધ કરે છે કે એ બંધમાર્ગ છે, મોક્ષમાર્ગ નથી. એટલે એનો તો નિષેધ કરે છે બરાબર. અને નિશ્ચય રત્નત્રય એમાં પ્રગટ કરે છે. આત્માને આશ્રયે પ્રગટ થાય છે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ. (બરાબર. એટલે નિશ્ચય રત્નત્રયના પરિણામ પોતે વ્યવહારનયનો વિષય છે) હા, પોતે વ્યવહારનયનો વિષય છે. પણ એ તિરોભૂત નથી કરતું, પરમાર્થને પ્રસિધ્ધ કરે છે. કેમ કે સર્વથા ભિન્ન નથી એ આવશે પછી. બહુ ભાઈ માલ છે આ. નીકળ્યા કરે.

(પર્યાય ઉપર દૃષ્ટિ હોય તો એ દ્રવ્યને તિરોભૂત કરે) તિરોભૂત કરે. પણ દ્રવ્ય દૃષ્ટિવાળાને સમ્યગ્દર્શન પ્રગટ થયું એને તિરોભૂત કરે છે એ? (એ તો દ્રવ્યને પ્રસિધ્ધ કરે છે) હા, પ્રસિધ્ધ કરે છે. સમ્યગ્દર્શન તિરોભૂત નથી કરતું. (પણ સમ્યગ્દર્શન ઉપર નજર હોય તો દ્રવ્યને તિરોભૂત કરે) તો તો સમ્યગ્દર્શન ન હોય. સમ્યગ્દર્શન ઉપર નજર જ નથી.

હવે એ પ્રશ્ન જો આમાંથી નીકળે છે પ્રશ્ન. હવે પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવસિધ્ધ છે. સ્વભાવ સાધ્ય ન લખવું સ્વભાવસિધ્ધ. સ્વભાવ સિધ્ધ લખવું હો? એમાં સ્વભાવ સાધ્ય લખ્યું છે. સ્વભાવસિધ્ધ. સ્વભાવસિધ્ધ છે. હેં? તો રત્નત્રયથી તેની સિધ્ધિ કેવી રીતે થાય? આવ્યું'તું ને કે વ્યવહાર તો આચ્છાદિત કરે છે. તો પછી વ્યવહારનું શું કામ છે? કે વ્યવહાર અસત્ય કલ્પનાનો પરિહાર કરે છે. નિશ્ચય રત્નત્રય પ્રગટ કરીને એ દ્રવ્યને પ્રસિધ્ધ કરે છે. દ્રવ્યને આચ્છાદિત નથી કરતું. (નહીં, સત્‌રત્નત્રય તો પરમાર્થને પ્રસિધ્ધ કરે છે) પરમાર્થને પ્રસિધ્ધ કરે છે એમ. કેમ કે હવે ત્યાં દૃષ્ટિ નથી ને? પર્યાય ઉપર દૃષ્ટિ હોય તો આચ્છાદિત થાય. દ્રવ્ય દૃષ્ટિ કરે છે, સૂર્યને જુએ છે. એને સૂર્યનો પ્રકાશ આચ્છાદિત કરે? કે રાહુને જુએ એને આચ્છાદિત કરે? રાહુને જુએ એને સૂર્ય ન દેખાય. પણ સૂર્યને જોતાં જોતાં સૂર્યની પર્યાય જુએ તો આચ્છાદિત કયાં રહ્યો? એ તો પર્યાય દ્રવ્યને પ્રસિધ્ધ કરે છે.

આજ ન આવ્યું? નિર્મળ પર્યાયમાં આત્મા છે ઈ. સવારે વ્યાખ્યાનમાં આવ્યું'તું. મારા જ્ઞાનમાં આત્મા, મારા દર્શનમાં આત્મા, ચારિત્રમાં આત્મા. અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો, એટલે દ્રવ્ય, ભગવાનઆત્મા સામાન્ય તો સ્વભાવસિધ્ધ છે. તો રત્નત્રયથી તેની સિધ્ધિ કેવી રીતે થાય? એક બાજુ કહો છો કે વ્યવહાર પરમાર્થને



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આચ્છાદિત કરે છે. અને બીજી બાજુ કહો છો કે નિશ્ચય રત્નત્રય પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. તો એ પ્રસિદ્ધ કેવી રીતે થાય? એ તો પ્રસિદ્ધ છે પરમાર્થ તો. આવો. ઠીક આજ બુધવાર છે. એ યાદ ન આવ્યું નહીંતર તો આપણે મોડું શરૂ કરત. આપણે અડધું થઈ ગયું છે. ફરીથી.

**નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે.** એટલે કે સ્વઆશ્રિત નિશ્ચયનય છે તે ભેદઆશ્રિત વ્યવહાર એટલે પરાશ્રિત વ્યવહાર. એ બેયનાથી રહિત છે એને અમે નિશ્ચયનય કહીએ છીએ. આ નિશ્ચયનયની પરિભાષા બાંધી. હવે નિશ્ચયનયનું લક્ષણ બાંધે છે. અને નિશ્ચયનય કોને પ્રસિદ્ધ કરે છે એ બે વાત હવે કહેશે. એમાં હવે પહેલી વાત કરે છે. અભેદ અને અનુપચાર એક એ જેનું લક્ષણ છે. એક. એ લક્ષણ બાંધ્યું નિશ્ચયનયનું. સંસ્કૃતમાં એક છે. (એક આવે છે ને એમાં) એક આવે છે. એ બરાબર છે. એટલે એનું લક્ષણ બાંધ્યું. લક્ષણ શું બાંધ્યું? નિશ્ચયનયનો વિષય અભેદ છે. ભેદ નથી. અને અનુપચાર છે. ઉપચાર નથી. અભેદ અને અનુપચાર ઉપચરિત નહીં. **અને જે અર્થનો નિશ્ચય કરાવે છે.** વ્યવહારનય અર્થનો નિશ્ચય નથી કરાવતો. અન્યથા કથન કરે છે.

**અર્થનો એટલે પદાર્થનો નિશ્ચય કરાવે છે. તે નિશ્ચયનય છે.** ત્રણ વાત આવી. નિશ્ચયનય વ્યવહારથી રહિત છે, નિશ્ચયનયનું લક્ષણ અભેદ અને અનુપચાર છે અને નિશ્ચયનય જેવું સ્વરૂપ છે તેવું પ્રસિદ્ધ કરે છે. ત્રણ વાત આવી. હવે વ્યવહારથી રહિત જે કહ્યું તો તો સ્યાત્‌પદથી એ રહિત થઈ ગયો. તો કહે છે કે એકમાં સ્યાદ્‌વાદ ન હોય બેમાં સ્યાદ્‌વાદ હોય. નિશ્ચયનય એક લક્ષણવાળી છે. **સ્યાત્‌પદથી રહિત હોવા છતાં** એટલે વ્યવહારથી રહિત કહ્યું ને ઉપર, એટલે શિષ્યએ કહ્યું **સ્યાત્‌પદથી રહિત હોવા છતાં પણ તેમાં નિશ્ચયાભાસ થતું નથી.** નિશ્ચયનો આભાસ થતો નથી. નિશ્ચયનો અનુભવ થાય છે. કારણ કે તે ઉપનયથી રહિત છે. પહેલી ત્રણ લીટીનો અર્થ થયો. બીજો પારો.

**ઉપનયના અભાવમાં** એટલે વ્યવહારના અભાવમાં **સ્યાત્‌પદનો અભાવ**



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**કેવી રીતે થાય છે? એમ કોઈ પૂછે તો કહે છે કે** એમ. તમે સ્યાદ્વાદને તો ના પાડી હતી કે આત્મામાં સ્યાદ્વાદ નથી. **અભાવ કેવી રીતે થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે સ્યાત્પદની પ્રધાનતાથી મુખ્યતાથી ઉપનય વ્યવહારનો જનક છે.** જયાં સ્યાત્ કહ્યું ત્યાં વ્યવહારનો જન્મ થઈ ગયો.

જેમકે આત્મા શુદ્ધ છે. તો કહે શુદ્ધ નથી શુદ્ધ જ છે. શુદ્ધ કહે તો કથંચિત્ અશુદ્ધપણું લાગુ પડે. પણ શુદ્ધ જ છે એટલે વ્યવહારનો અભાવ થઈ ગયો. સમજી ગયા? સમ્યક્ એકાંત.

**ઉપનયના અભાવમાં સ્યાત્પદનો અભાવ કેવી રીતે સિદ્ધ થાય છે એમ કોઈ પૂછે તો કહે છે કે સ્યાત્પદની પ્રધાનતાથી મુખ્યતાથી** જયાં સ્યાદ્વાદ તમે કહ્યો ત્યાં વ્યવહાર ઉત્પન્ન થઈ ગયો. અમે તો કહીએ છીએ નિશ્ચયનય છે એ વ્યવહારથી રહિત છે એ તો કહ્યું છે તમને. **જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો વ્યવહારનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે,** કે પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કર એમ. પર્યાયને જાણવાનું તું સર્વથા બંધ કર તો દ્રવ્ય જાણાશે.

**જયારે નિશ્ચયનય દ્વારા ઉપનયનો પ્રલય પ્રાપ્ત કરાવી દેવામાં આવે.** ઉપનય એટલે વ્યવહાર. **ત્યારે એક નિશ્ચયનય જ પ્રકાશિત થાય છે.** ત્યારે એમાં જ્ઞાયક ભગવાનના દર્શન થાય છે. એમાં જ્ઞાયકેય જણાય, દ્રવ્ય પણ જણાય દ્રવ્યાર્થિકનયથી અને દ્રવ્યાર્થિકનયથી પર્યાય પણ જણાય એમ ન હોય. દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય જણાય અને પર્યાય ન જણાય. અને પર્યાયાર્થિકનયથી પર્યાય જણાય અને દ્રવ્ય ન જણાય. પર્યાયાર્થિકનયની આંખ ઉઘાડી હોય તો પર્યાય જ જણાશે દ્રવ્ય નહીં જણાય. અને પર્યાયાર્થિક ચક્ષુ બંધ કરી અને દ્રવ્યાર્થિકનય ઉઘાડીશ તો દ્રવ્ય જ જણાશે. સામાન્યને અવલોકતો વિશેષને નહીં. આ અનુભવનો વિષય બતાવે છે. પછી અનુભવ કેમ થાય એ કહેશે. પછી અનુભવ થયા પછી બે નયોનો જ્ઞાતા થશે. એ પણ કહેશે. આખું સર્વાંગી છે આ. સર્વાંગી છે આખું કાગળમાં. કોઈ દોષ નથી. નિશ્ચયનય પ્રકાશિત થાય છે એ તો કહ્યું ને? અનુભવ થઈ ગયો. સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માના દર્શન થઈ ગયા.

હવે **જો કે નિશ્ચયનયથી** જો કે એમ. **જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદ્‌ભાવ** એટલે અસ્તિત્વભાવ, હોવાપણું શુધ્ધ એક અખંડરૂપ છે. જો કે એમ. આ અનાદિઅનંત વસ્તુ તો આવી જ છે એમ. કોઈ પ્રસિદ્ધ કરે, કોઈ જાણે કે કોઈ ન જાણે. ફુલને કોઈ સુંઘે કે ન સુંઘે ફુલ તો સુગંધિત છે. એમ **જો કે નિશ્ચયનયથી વસ્તુનો સદભાવ શુધ્ધ એક અખંડરૂપ છે તો પણ વસ્તુની શુધ્ધતા** કોને દેખાતી નથી? કહે, વ્યવહારના પક્ષવાળાને દેખાતી નથી. પર્યાય દષ્ટિવાળાને આ શુધ્ધાત્મા નજરમાં આવતો નથી. એમ કહે છે હવે.

**વસ્તુની શુધ્ધતા ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે.** જુઓ આમાં ભેદરૂપ વ્યવહાર લીધો. સમજી ગયા? ઉપચરિત વ્યવહાર ન લીધો. જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ભેદરૂપ વ્યવહાર છે. રાગ તે આત્મા એ અધ્યાત્મમાં છે જ નહીં એ વ્યવહાર જ નથી. એમ. એ સાતમી ગાથામાં લીધું ને? ગુણભેદ. અને નવ દસમાં શ્રુતજ્ઞાન તે આત્મા એમ લીધું ને? ઈ. ગુણભેદનો વ્યવહાર અને પર્યાય આત્માને પ્રસિધ્ધ કર્યા પછી એ પર્યાય એ પણ અભેદનો ભેદ છે. રાગ તો અભેદનો ભેદ જ નથી.

**ઉપનય જનિત ભેદરૂપ અનેક વ્યવહાર દ્વારા એવી રીતે કવલિત (આચ્છાદિત) થાય છે** એટલે જે ભેદ ઉપર લક્ષ કરે તો કવલિત થાય છે. ભેદ ઉપર લક્ષ છૂટી જાય અને અભેદનું લક્ષ કરે તો કવલિત ન થાય. પણ સાચો વ્યવહાર ઉદય થાય. સમજી ગયા?

હવે એનું દષ્ટાંત આપે છે. **જેવી રીતે સૂર્યનું બિંબ રાહુ દ્વારા આચ્છાદિત થાય છે, કવલિત થાય છે** તેવી રીતે. હવે સૂર્યનો બિંબ કોને દેખાતો નથી કે રાહુને જુએ છે તેને સૂર્યનો બિંબ દેખાતો નથી. તો સૂર્ય તો સૂર્ય જ છે. આચ્છાદિત થયો છે ઈ. એનો અભાવ નથી થયો. પણ જયારે સૂર્યને જે દેખે છે એ તો પ્રકાશને દેખે જ છે. એટલે એને એ આચ્છાદિત ન થાય. વ્યવહારના પક્ષવાળાને શુધ્ધતા આચ્છાદિત



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે. વ્યવહારનો પક્ષ છૂટે અને નિશ્ચયનયથી જે આત્માને જાણે છે એ તો આત્માને જાણતા નિશ્ચય રત્નત્રયના પરિણામ પ્રગટ થાય છે. અને એ તો ઉલટું આત્માને પ્રસિદ્ધ કરે છે. આચ્છાદિતને બદલે. સમજાણું ? આચ્છાદિત થાય પણ કેને આચ્છાદિત થાય? કે દ્રવ્યને જોતો નથી અને પર્યાય ઉપર લક્ષ રાખે છે એને આચ્છાદિત થાય છે એમ. એટલે લક્ષ છોડી દેજે તું. વ્યવહારનું લક્ષ છોડજે. વ્યવહાર તો પ્રલય કરવા જેવો છે. એમ. હજી એમાં પ્રશ્ન કરે છે. આવી સ્થિતિમાં પ્રશ્ન થાય છે કે તો પછી વ્યવહારનય શા માટે આવશ્યક છે. આહાહા!

હવે એના બે જવાબ આપે છે. **અસત્ય કલ્પના નિવૃત્તિ માટે** વ્યવહાર રત્નત્રયનો નિષેધ કરે છે નિશ્ચય રત્નત્રય, વ્યવહાર રત્નત્રય બંધમાર્ગ છે એનો નિષેધ કરે છે. અને સમ્યક્ રત્નત્રય એટલે નિશ્ચય રત્નત્રયની સિદ્ધિ માટે વ્યવહાર આવશ્યક છે. એટલે નવો વ્યવહાર પ્રગટ થાય છે એ વ્યવહારનયનો વિષય જાણેલો પ્રયોજનવાન છે એમ. એ આત્માને આચ્છાદિત નથી કરતો. કેમ કે દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ છે એને નિશ્ચય રત્નત્રય પ્રગટ થયો છે. એને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એને આચ્છાદિત ક્યાં છે? અસત્ય કલ્પનાનો પરિહાર કરે છે. અને સમ્યક્ રત્નત્રયની પ્રાપ્તિ કરાવે છે. એટલે જાણેલો પ્રયોજનવાન છે એટલું જ.

સમ્યક્ રત્નત્રયથી જુઓ આવ્યું. સમ્યક્ રત્નત્રય તો દ્રવ્યને પ્રસિદ્ધ કરે છે. તિરોભૂત નથી કરતું. (સમ્યક્ રત્નત્રયથી તો પરમાર્થની સિદ્ધિ થાય છે) સિદ્ધિ થાય છે. આચ્છાદિત નથી કરતો તે. પર્યાય ઉપર જેનું લક્ષ છે એને શુદ્ધતા દેખાતી નથી એટલે એની અપેક્ષાએ આચ્છાદિત કવલિત થઈ ગયો. તો જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે અને નિશ્ચય રત્નત્રય પ્રગટ થઈ ગયું છે એ તો ઉલટું (ખરેખર) પરમાર્થને પ્રસિદ્ધ કરે છે. પ્રકાશ તો સૂર્યને પ્રસિધ કરે છે.

શા માટે વ્યવહાર આવશ્યક છે? એમ જે એણે પ્રશ્ન શિષ્યએ કર્યો કે એ વ્યવહાર પરમાર્થની સિદ્ધિ કરે છે એમ. તો પરમાર્થની સિદ્ધિ કરે છે તો એ ભેદરૂપ છે કે અભેદરૂપ? એ પાછો પ્રશ્ન આવશે હમણાં. એ નિશ્ચય રત્નત્રયના પરિણામ ભિન્ન



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે અભિન્ન? એ પ્રશ્ન ઉપર પ્રશ્ન ચાલ્યો આવે છે. (આખું કળીદિધ છે)આહાહા! એવું ભાઈ ભરતભાઈ! આ તો સોનેથી મઢાવવા જેવું છે. આખું આમ સ્વરૂપ મૂકી દીધું છે. આખર તો ભાઈ ભાવલિંગી સંત! કયારે એના જ્ઞાનમાં આવે, કલમ ચલાવી દયે છે. ક્રમ ક્રમ કરીને પ્રશ્ન કરતાં જાય છે ઉત્તર આપતા જાય છે.

એણે કહ્યું વ્યવહાર શા માટે આવશ્યક છે? એનો જવાબ આપ્યો. અસત્યની કલ્પનાના પરિહાર માટે અને પરમાર્થની સિદ્ધિ માટે. એ વ્યવહાર પરમાર્થની સિદ્ધિ કરે છે. સમ્યક્ રત્નત્રયથી, સમ્યક્ રત્નત્રથી આત્મજ્ઞાનથી આત્મા જણાય છે એમ કહે છે. આત્મજ્ઞાનથી, આત્મજ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે છે. છ દ્રવ્યને પ્રસિધ્ધ નથી કરતું. એમ. (એટલે એમાંય આત્મજ્ઞાન છે તે વ્યવહાર અને આત્મા છે તે નિશ્ચય) નિશ્ચય હા એ. અધ્યાત્મનો વ્યવહાર. મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર અને અક્રિય દ્રવ્ય તે નિશ્ચય ઈ. ઈ આ. પરમાર્થ વચનિકામાં છે ઈ.

ઓહો! વ્યવહાર શું કામ આવશ્યક છે? એવો પ્રશ્ન કર્યો. જો વ્યવહાર તિરોભૂત કરે છે દ્રવ્યને. એવો પ્રશ્ન એમાંથી ઉઠાવ્યો ને? તમે કહો છો વ્યવહાર તો પરમાર્થને આચ્છાદિત કરે છે. તો પછી વ્યવહારનું અમારે કામ શું છે? એમ. કે એ વ્યવહારના લક્ષવાળાને દેખાતું નથી. દ્રવ્યના લક્ષવાળાને તો વ્યવહાર પ્રગટ થાય છે. અનંતકાળથી નહીં પ્રગટ થયેલો એવો વ્યવહાર નવો વ્યવહાર પ્રગટ થાય છે, નવો વ્યવહાર. જેનું નામ મોક્ષમાર્ગ છે. તે મોક્ષનું કારણ થાય છે. જુઓ તિરોભૂત કરે છે. તો શા માટે આવશ્યક છે? સાંભળ. એક અસત્ય કલ્પનાનો પરિહાર કરે છે. નિયમસારમાં છે ને? વ્યવહારના પરિહાર અર્થે સાર શબ્દ યોજેલ છે. (વિપરીતના પરિહાર) વિપરીતના પરિહાર વિપરીત છે. એ વ્યવહાર રત્નત્રયના પરિણામ બંધ માર્ગ છે.

એ અસદ્ભૂત વ્યવહાર એ પરમાર્થને પ્રસિધ્ધ નથી કરતો વ્યવહાર, આ સદભૂત વ્યવહાર છે. સદભૂત વ્યવહાર નવો ઉત્પન્ન થાય છે. અનંતકાળથી નહીં પ્રગટ થયેલો એવો સદભૂત વ્યવહાર પ્રગટ થાય છે. એ સદભૂત વ્યવહાર પરમાર્થને પ્રસિધ્ધ કરે છે. કેમ કે કથંચિત્ અભિન્ન છે. સર્વથા ભિન્ન અને સર્વથા અભિન્ન નથી. એ હવે લેશે



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આગળ.

આહા! કળીબધ્ધ એક પછી એક ઉત્તરોત્તર ચડતી ભાંજણી ને ઉતરતી ભાંજણી આવે છે ને? આ બધી ચડતી ભાંજણી છે બધી. એટલે ચડતા પરિણામ બધા એક પછી એક પ્રશ્ન કરીને ખુલાસો કરતા જાય છે. અહીં પ્રશ્ન થાય છે કે પ્રશ્ન ઉપર પ્રશ્ન ચાલ્યા આવે છે.

**અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવસિધ્ધ છે.** સાધ્ય નહીં સ્વભાવસિધ્ધ. છે ને? દ્રવ્યસ્વભાવ જ્ઞાયક તો અનાદિઅનંત છે. એમાં એને વ્યવહારને પ્રસિધ્ધ કરે છે એ શું કામ તમે કહો છો? એ તો સ્વભાવસિધ્ધ છે. હેં બીજો પ્રસિધ્ધ કરે તો છે? એમ કહે છે કે બીજાની પ્રસિધ્ધિની શું જરૂર છે? સંધ્યાબેન તો છે, છે, છે, કે નિલમબેન પ્રસિધ્ધ કરે છે સંધ્યાબેનને? હા, એવું ન હોય. એ તો સ્વભાવસિધ્ધ પરમાત્મા તો છે. (સ્વાનુભૂતિથી પ્રકાશે છે તો એની જરૂર શું છે?) હં.... (સ્વાનુભૂતિ તો સમયસાર સ્વરૂપ જ છે) બસ. (સ્વાનુભૂતિથી પ્રકાશે છે એની જરૂર જ શું છે) એ શું જરૂર શું છે?

**અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવસિધ્ધ છે. તો રત્નત્રયથી તેની સિધ્ધિ કેવી રીતે થાય છે?** રત્નત્રય એને પ્રસિધ્ધ કરે એની જરૂર શું છે? તે તો સ્વભાવસિધ્ધ પહેલેથી જ છે અનાદિઅનંત. આહાહા! કેવો સરસ પ્રશ્ન છે. **તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને** હવે ગૂઢ વાત આવી. (ગૂઢ) ગૂઢ વાત હવે કહે છે. **તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને,** પરમાર્થને એટલે દ્રવ્યને. રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે. ભગવાનઆત્માથી સમ્યગ્દર્શનની પર્યાયને સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય. એટલે કે દ્રવ્ય વિના પર્યાય નહીં ને પર્યાય વિના દ્રવ્ય નહીં, એવું વસ્તુનું સ્વરૂપ છે. અને પર્યાયને સર્વથા ભિન્ન માનવામાં આવે તો પર્યાય વિના કોઈ દિ' દ્રવ્ય જ ન હોય. પ્રકાશ વિના કોઈ દિ' સૂર્ય જ ન હોય. પ્રકાશને સર્વથા ઉડાડી દયો તો સૂર્ય જ નહીં રહે એમ કહે છે. સ્યાદ્વાદનો અભાવ છે અને સ્યાદ્વાદથી સિધ્ધિ કરે છે. ઉલટું ઉપાદેય તત્વમાં



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્યાદ્વાદ નહોતો. આત્મામાં સ્યાદ્વાદનો અભાવ. પણ આત્મજ્ઞાનમાં તો સ્યાદ્વાદનો સદભાવ છે. (જ્ઞેયતત્ત્વની સિધ્ધિ કરે છે) હં... ઓલું ધ્યેયની હતી અને આ જ્ઞેયની છે. (જ્ઞેયમાં સ્યાદ્વાદ હોય જ) હોય જ. (સ્યાદ્વાદ વિના જ્ઞેયની સિધ્ધિ ન થાય) ન થાય. આ જૈનદર્શન, સંધ્યા! (હા, જી) તેના ઉત્તરમાં કહે છે કે જો શેનો ઉત્તર આપે છે? કે રત્નત્રયથી તેની સિધ્ધિ શા માટે કરો છો? એ તો સ્વભાવસિધ્ધ છે. એના ઉત્તરમાં જવાબ આપે છે હવે.

તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને દ્રવ્યને પર્યાયથી સર્વથા ભિન્ન માનવામાં આવે, કથંચિત્ ભિન્નનો અમને વાંધો નથી. હવે દષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન કહે અને જ્ઞાન અપેક્ષાએ કથંચિત્ ભિન્ન અભિન્ન કહે. આમાં કોઈ જીવ સમજતું જ નથી. આમાં કોઈ નથી સમજતું એનું કારણ એ કે શ્રધ્ધાના વિષયથી આમ આવે પ્રતિપાદન અને પાછું જ્ઞાનના વિષયથી કહે સર્વથા ભિન્ન નથી હો? કાલે સાહેબ આપે વ્યાખ્યાનમાં કહ્યું કે કેવળજ્ઞાનની, મોક્ષની પર્યાય પણ સર્વથા ભિન્ન છે. અને આજે કહો છો શ્રુતજ્ઞાન કથંચિત્ અભિન્ન છે. સર્વથા ભિન્ન નથી. આ રહસ્ય છે.

જ્ઞાન સવિકલ્પ છે. દષ્ટિ જ નિર્વિકલ્પ છે. એમાં સર્વથા જ હોય. સમય એક છે. આહાહા! બેય વિરોધી વાત છે. રહિતનું શ્રધ્ધાન સહિતનું જ્ઞાન. બેય સમ્યક્ પાછું. જ્ઞાન કહે કે જ્ઞાનની પર્યાયથી હું સહિત છું. શ્રધ્ધા કહે કે જ્ઞાનની પર્યાયથી હું રહિત છું. (સર્વથા રહિત છે) સર્વથા રહિત છું. આહાહા! બોલો! અહીં પ્રશ્ન થાય છે કે પરમાર્થ તો સ્વભાવસિધ્ધ છે. તેના ઉત્તરમાં કહે છે કે પરમાર્થને-દ્રવ્યને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય. દ્રવ્યનો નાશ થાય. દ્રવ્ય વિના પર્યાય નહીં અને પર્યાય વિના દ્રવ્ય નહીં. તો તો દ્રવ્ય જ રહેતું નથી. પર્યાય વિના કોઈ દ્રવ્ય ન હોય. છએ દ્રવ્ય પર્યાયથી સહિત છે.

ઉત્પાદવ્યય વિના ધ્રુવ હોય જ નહીં. 'ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્સત્' (ધ્રુવને પ્રસિધ્ધ કરવાવાળી પર્યાય જ છે) પર્યાય જ છે. **સર્વથા ભિન્ન માનવામાં આવે તો નિશ્ચયનો અભાવ થઈ જાય.** (એટલે?) એટલે દ્રવ્યનો નાશ થાય. અથવા બીજી



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રીતે વિચારીએ તો જો દ્રવ્યથી નિશ્ચય રત્નત્રય સર્વથા ભિન્ન હોય તો નિશ્ચય મોક્ષમાર્ગનોય અભાવ થાય. બે અર્થ છે આના. શું કહ્યું? (નિશ્ચય મોક્ષમાર્ગ કા અભાવ) કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ જો પ્રગટ થાય છે એ દ્રવ્ય આશ્રિત અને દ્રવ્યથી કથંચિત્ અભેદ પરિણામી છે એક.

પરિણામી આત્માને જ મોક્ષમાર્ગ કહેવાય. અભેદનયે પરિણામી આત્માને મોક્ષમાર્ગ કહેવાય. ભેદનયે પરિણામને મોક્ષમાર્ગ કહેવાય. આત્મા જ સાધ્ય છે અને આત્મા જ સાધક છે. આત્મા જ સાધ્ય, સાધ્યરૂપે પણ આત્મા પરિણમે છે. અને નિશ્ચય રત્નત્રયરૂપે પણ આત્મા પરિણમે છે. એમ. એટલે આત્માથી સર્વથા ભિન્ન માનવામાં આવે તો બે દોષ આવે. એક ત્રિકાળી દ્રવ્યનો નાશ થાય. તે જૈનમતને અસમર્થ છે.

પર્યાય વિના કોઈ દિ' દ્રવ્ય હોય જ નહીં. પર્યાય સાપેક્ષ જ દ્રવ્ય હોય, એક. અને સર્વથા ભિન્ન માનવામાં આવે તો દ્રવ્યને પર્યાય અડતી જ નથી તો મોક્ષમાર્ગ પ્રગટ ન થાય. થોડી ઘેરી વાત છે. તમને કાંઈ સમજમાં આવ્યું કે નહીં? (બિલકુલ એકદમ સમજમાં આવી ગયું) શું? (શ્રદ્ધામાં પર્યાય માત્ર છે જ નહીં) છે જ નહીં. (અને જ્ઞાનના વિષયમાં જો જ્ઞાન પ્રગટ થાય છે એમાં પર્યાય અભેદ થઈ ગઈ) અભેદ થાય છે તેનું નામ મોક્ષમાર્ગ છે. હં.... (આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદભાવ છે) હા, સદભાવ છે. (આત્મામાં અભાવ છે) અભાવ છે. (દ્રવ્ય સ્વભાવમાં કથંચિત્ નથી) નથી દ્રવ્યમાં નથી. દ્રવ્ય તો એકરૂપ છે. (અફર ફરમાન! બહુ સરસ વાત છે) પાકું થાય બધાને. બધાને પાકું થાય. દૃઢતા થાય. (દૃઢતા થાય) દૃઢતા થાય. (જ્ઞેયાકારની પર્યાયને સર્વથા ભિન્ન માને તો મોક્ષમાર્ગનો નાશ થાય છે અને દ્રવ્યનો નાશ થાય છે) સર્વથા ભિન્ન માને તો દ્રવ્ય રહેતું નથી. કેમ કે દ્રવ્ય પર્યાય વિના કોઈ કાળે એક સમય તો એવો લાવો કે પર્યાય વિનાનું દ્રવ્ય બતાવો. નહીં હોય. સમજી ગયા? માટે સર્વથા ભિન્ન માનો તો તો સાંખ્યમત થઈ ગયો. દ્રવ્ય એકલું રહ્યું, દ્રવ્ય જ નથી. એક વાત.

અને બીજું સર્વથા ભિન્ન માનો તો મોક્ષમાર્ગ પ્રગટ ન થાય. કહે મોક્ષમાર્ગ કથંચિત્ અભિન્ન છે પર્યાયથી. આહા! આત્મા જ મોક્ષમાર્ગરૂપે પરિણમે છે. મૂળમાર્ગમાં



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળો ત્રણેયની એકતા રે. દ્રવ્યની સાથે એકતા થાય છે કથંચિત્ અભિન્ન. પરિણમે છે. પર્યાયરૂપે પોતે પરિણમે છે. અભેદ થઈને પરિણમે છે. પર્યાયને અભેદ કરીને પરિણમે છે એ. (ત્રણસો વીસ ગાથામાં તો લીધું છે કે પર્યાયને અભેદ માનો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થઈ જાય. એમાં શું તફાવત?) એમાં દૃષ્ટિના વિષયની મુખ્યતા છે. આમાં મોક્ષમાર્ગની મુખ્યતા છે. આમાં મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે.

**તેના ઉત્તરમાં કહે છે કે જો પરમાર્થને રત્નત્રયથી સર્વથા ભિન્ન માનવામાં આવે,** આ સ્યાદ્વાદની સિદ્ધિ અત્યારે થાય છે. **તો નિશ્ચયનો અભાવ થઈ જાય. અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો,** સર્વથા ભિન્ન માનવામાં આવે તો પરમાર્થનો નાશ પણ સર્વથા અભિન્ન માનવામાં શું વાંધો? નિશ્ચય રત્નત્રયના પરિણામ સર્વથા દ્રવ્યથી અભિન્ન છે એમ માનવામાં કાંઈ દોષ આવે છે? તો કહે હા, દોષ આવે છે જો. સર્વથા અભિન્ન માનવામાં આવે તો ભેદરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય. કેમ કે પર્યાય દ્રવ્ય થઈ ગઈ. શું કહ્યું?

પર્યાયને દ્રવ્યથી સર્વથા અભિન્ન માનવામાં આવે તો પર્યાય જ ન રહી. એ તો દ્રવ્ય થઈ ગયું. (ધ્રુવ થઈ જાય) ધ્રુવ થઈ ગયું. ધ્રુવ થઈ ગયું, તો એને તો મોક્ષમાર્ગ ક્યાં રહ્યો? સમજાણું? સર્વથા ભિન્ન માનવામાં આવે તો દ્રવ્યનો નાશ અને સર્વથા અભિન્ન માનવામાં આવે તો પર્યાય છે મોક્ષમાર્ગની એ તો આત્મા ધ્રુવ થઈ ગઈ. તો ધ્રુવ કાંઈ મોક્ષમાર્ગ નથી. (પછી પલટે જ નહીં ને?) પછી પલટે ક્યાંથી? તો મોક્ષ ક્યાંથી થાય? તો મોક્ષનું કારણ તો ધ્રુવ નથી. મોક્ષનું કારણ તો મોક્ષમાર્ગ છે. અને એ મોક્ષમાર્ગ કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન છે આત્માથી. કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન છે. સર્વથા ભિન્ન નહીં સર્વથા અભિન્ન નહીં. ભિન્ન પણ નહીં અને અભિન્ન પણ નહીં. આહા! ભિન્નાભિન્ન છે.

હા, એમાં જુદું છે. આમાં થોડુંક જુદું છે. ફેર છે. આપણે કાઢ્યું હતું ને? એમાં ને આમાં થોડોક અનુવાદમાં ફેર છે. (કારણ કે સર્વથા ભિન્ન માનવામાં જ બે ન્યાય છે. સર્વથા ભિન્ન માનવામાં બે દોષ આવે છે) અહીંયા એમ કહ્યું કે સર્વથા ભિન્ન અને



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વથા અભિન્ન. એ બે વાત લીધી. ઓમાં જુદું છે. સંસ્કૃતમાં આ છે. અમે સંસ્કૃત મેળવ્યું એમાં. બતાવો ને ભાઈ સંસ્કૃત. જુઓ, સંસ્કૃત જોઈ લ્યો ચોપડી લ્યો. હાથમાં! (છેને? સમ્યક્ સદ્રત્નત્રયાત્, સર્વથા ભિન્ન જો પરમાર્થ, પહેલો ન્યાય તો બરાબર છે. હવે સર્વથા.......) આમાં સર્વથા અભિન્ન છે એનો અર્થ. સર્વથા અભેદ. સર્વથા અભેદ. (માને તો વ્યવહારનો નાશ થાય છે) હં...

અભિન્ન કહો કે અભેદ કહો. એક જ વાત છે. અભેદ છે ને શબ્દ? અભેદ છે ને બેન એમાં? કે નહીં? અભેદ છે ને? લાવો ને મારી પાસે. લાવો તો ખરા. આપણે ચોખ્ખું થાય એમાં શું વાંધો? સર્વથા અભેદ વ્યવહારો .............. હેં? શું કહે છે? વ્યવહાર સદ્રત્નત્રય સે પરમાર્થ છે. સર્વથા ભેદ માનવાથી નિશ્ચયનો અભાવ થાય છે. બરાબર. તથા સર્વથા ભિન્ન એમ. આમાં સર્વથા ભેદને જ માનવાથી (આ બરાબર છે) બરાબર છે? (આ બરાબર છે) હં. કારણ કે બેયમાં ભેદ ભેદ કહે છે ઈ ન હોય. કાં ભિન્ન ને કાં અભિન્ન. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એમ સ્યાદ્વાદમાં હોય. બધાયમાં બેયમાં એક શબ્દ ન હોય. એમ. ન્યાયથી વિરૂધ્ધ છે ઈ. ભિન્ન અભિન્ન બે હોય. કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન. ત્રણસો વીસમાં પણ એ જ આવે છે. આણે સંસ્કૃતનો અર્થ બરાબર કર્યો છે? (હા) એમ ને? બરાબર છે ને? સંસ્કૃત પ્રમાણે. (હા) બસ તો પછી આપણે એ જ જોઈએ. નહીંતર કોઈકની પાસે કરાવશું હજી એવું લાગે તો. ન્યાં દેવલાલીમાં તો ઘણાય આવશે સંસ્કૃતના પાઠી.

આ વાત બહુ સરસ છે. સર્વથા ભિન્નમાં પરમાર્થનો નાશ અને સર્વથા અભિન્નમાં નિશ્ચય રત્નત્રય રહેતું નથી. પર્યાય દ્રવ્ય થઈ ગઈ. પર્યાય ધ્રુવ થઈ ગઈ ને? સર્વથા અભિન્ન કહો! કથંચિત્ અભિન્ન કહો તો બરાબર. દ્રવ્ય ને પર્યાય કથંચિત્ અભિન્ન છે એ બરાબર છે. પણ સર્વથા અભિન્ન માનો જેમ ગુણો સર્વથા અભિન્ન છે એમ અનિત્ય નાશવાન પર્યાય સર્વથા અભિન્ન માનો તો પર્યાયના નાશે દ્રવ્યનો નાશ થાય. તો મોટો દોષ આવી જાય. કેમ કે એ તો પલટે છે પર્યાય તો. શુધ્ધિની વૃધ્ધિ થયા જ કરે છે. (મોક્ષમાર્ગ વ્યય થઈને તો મોક્ષ પ્રગટ થશે?) હં... (સર્વથા અભિન્ન નથી) સર્વથા



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અભિન્ન નથી. કથંચિત્ અભિન્ન છે. નહીંતર શુદ્ધિની વૃદ્ધિ જ ન થાય. શુદ્ધિની વૃદ્ધિ દ્રવ્યની ન હોય પર્યાયની હોય. અને પર્યાયની હોય માટે કથંચિત્ અભિન્ન છે. બરાબર ન્યાય સંગ છે. (એકદમ બરાબર છે) ઓલા જે ત્રણસો વીસ કરતાં આ જુદા પ્રકારનું છે. જુદા પ્રકારનું. અહીં મોક્ષમાર્ગ સિધ્ધ કરવો છે.

**વ્યવહારનો અભાવ થઈ જાય.** વ્યવહાર એટલે નિશ્ચય રત્નત્રયના પરિણામ હો, એ વ્યવહાર. અહીંયા ઓલો રાગ ને વ્યવહારની વાત લીધી નથી. શું કીધું સમજાણું? (તે તો અસત્ય કલ્પનામાં ગયું) ગયા. આ તો નિશ્ચય રત્નત્રયના પરિણામ જે પરિણામ વ્યવહારનયનો વિષય છે. એ વાત કરે છે. સદભૂત વ્યવહારનય છે. અભેદનો ભેદ અહીં લીધો છે. હં...

**વ્યવહારનો અભાવ થઈ જાય** એટલે નિશ્ચય રત્નત્રય રહે જ નહીં. એમ. **તેથી કથંચિત્ ભેદથી** કથંચિત્ ભિન્ન અભિન્ન એમ. **ભેદથી જ તેની સિદ્ધિ થાય છે એમ આગમમાં કહ્યું છે.** નિશ્ચય મોક્ષમાર્ગની સિદ્ધિ આત્માથી કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન એનાથી સિદ્ધિ થાય છે એમ આગમમાં કહ્યું છે. બરાબર છે. બેન, બરાબર છે? (હા) આગળ વધશું?

**આવી રીતે આત્મા જયાં સુધી વ્યવહાર અને નિશ્ચય દ્વારા તત્ત્વનો અનુભવ કરે છે. એટલે કે તત્ત્વને જાણે છે.** અનુભવનો અર્થ કર્યો. તત્ત્વને જાણે છે ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ છે. આ બધી નયથી જે વિવેચન કર્યું. એમ કોઈ નયથી આ સ્વરૂપને જાણશે તો એને પરોક્ષ અનુભૂતિ થશે. પ્રત્યક્ષ અનુભૂતિ નહીં થાય. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન નયથી. આ નયથી આમ અને આ નયથી આમ એમાં પરોક્ષ અનુભૂતિ છે.

**પરોક્ષ અનુભૂતિ જ છે, પ્રત્યક્ષ અનુભૂતિ નયપક્ષાતિક્રાંત છે.** જુઓ. નયને કાઢી નાખી. નયનું સ્વરૂપ ભાઈને બતાવો તો. કયાં પંચાધ્યાયીમાં લખ્યું એ. કયાં છે? લખેલું છે એ? એમાં વાંચ્યું'તું કે નય છે એ જ્ઞેયના સંગે ઉત્પન્ન થાય છે. માટે નય છે એ શુદધજ્ઞાન પણ નથી અને જ્ઞેય પણ નથી. એમ. નય છે ને નય એ વિકલ્પ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. વિકલ્પાત્મકનય છે. એ જ્ઞેયના સંગે પ્રગટ થાય છે. તેથી તે જ્ઞાન પણ નથી અને જ્ઞેય પણ નથી. જ્ઞાન તો નથી પણ સ્વજ્ઞેય નથી. એ પરજ્ઞેયમાં જાય છે નય છે એ. એમ. પાંચસો છ માં છે એ બહુ સરસ છે. કર્મચેતનામાં જાય છે. નયજ્ઞાન કર્મચેતનામાં જાય છે. જ્ઞાનચેતના નથી. કેમ કે, નયજ્ઞાનમાં પ્રત્યક્ષ અનુભવ નથી. પરોક્ષ અનુભૂતિ થાય. એ કહ્યું ને?

પ્રત્યક્ષ અનુભૂતિ નય પક્ષાતિક્રાંત છે. નયથી અનુભવ ન થાય. નિર્ણય થાય. બસ નિર્ણય સુધી લઈ જાય નય. આગળ. જો એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજ્યતાને પ્રાપ્ત થાય છે. લ્યો! આવ્યું હવે. નિશ્ચય પણ પૂજ્ય અને વ્યવહાર પણ પૂજ્ય સમાનતાને પ્રાપ્ત થાય છે. નહીં એમ નથી. ભેદ છે એમાં પૂજ્યતર અને પૂજ્યતમ કહેશે. કારણ કે વ્યવહાર પૂજ્યતર છે. વ્યવહાર એટલે શું પાંચ મહાવ્રતના પરિણામ? (નહીં નિશ્ચય)

નિશ્ચય રત્નત્રયના પરિણામ એ પૂજ્યતર છે. સમજાણું?

લોકો નિગોદના જીવની પૂજા કેમ કરતાં નથી? કેમ કે એને રત્નત્રય પ્રગટ નથી. અને સાધકના રત્નત્રય પ્રગટ થયેલ છે માટે એ પૂજ્યતર છે. દ્રવ્ય છે પોતાનું એ પૂજ્યતમ છે. બીજાનું દ્રવ્ય પૂજ્યતરેય નથી અને પૂજ્યતમેય નથી. એનામાં જે ગુણ પ્રગટ થયો રત્નત્રય તે પૂજ્યતર છે. પગે લાગવા, પૂજા કરવા યોગ્ય છે. (બહુ સરસ) ભગવાનની પૂજા થાય છે. તો કોઈ દ્રવ્યની કાંઈ પૂજા નથી કરતું. ગુણની પૂજા કરે છે. ગુણ પ્રગટ થાય એની. જો એ દ્રવ્યની પૂજા કરે તો તો કુતરાનીય પૂજા કરવી જોઈએ. કેમ કે એય ભગવાનઆત્મા છે. ના. ગુણનું પૂજન થાય. (બહુ સરસ) ત્યારે?

દ્રવ્ય ઉપાદેય છે? હા, દ્રવ્ય ઉપાદેય છે. કયુ દ્રવ્ય? નિજ દ્રવ્ય ઉપાદેય છે. બીજાનું દ્રવ્ય કાંઈ ઉપાદેય હોય? પૂજ્યતર અને પૂજ્યતમ. આહાહા! વ્યવહાર રત્નત્રય તો પૂજ્ય પણ નથી, પૂજ્યતર પણ નથી, અને પૂજ્યતમ પણ નથી. એ તો કષાય છે. (પૂજ્યનો શબ્દ જ એમાં ન આવે.) શબ્દ જ ન આવે. નિશ્ચય રત્નત્રયમાં તો પૂજ્યતર છે. પૂજ્યતર છે. તે પણ પૂજ્યતમ નથી. હેં? (પૂજ્યતમ તો ધ્યેય જ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે) પૂજ્યતમ દ્રવ્ય જ છે. ધ્યેય પર્યાય નથી. **પૂજ્યતર છે અને નિશ્ચય પૂજ્યતમ છે.** જોયું? નિશ્ચયનયનો વિષય જે દ્રવ્ય તે પૂજ્યતમ છે. આશ્રય કરવા યોગ્ય એમ.

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે** પ્રશ્ન ઉપર પ્રશ્ન ચાલ્યા આવે છે. એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે **કે વ્યવહાર નિશ્ચય તથા અનુભય** એટલે બેય. **અનુભય એટલે બન્ને. ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી?** (એટલે પ્રમાણનો વિષય અધિક છે તોય પૂજ્ય કેમ નથી) પૂજ્ય કેમ નથી? અધિક આમાં લખ્યું છે જુઓ. નિશ્ચય અને વ્યવહાર એનો અધિક વિષય થઈ ગયો ને? નિશ્ચયનય અને વ્યવહારનય બેયને ગ્રહણ કરે છે. એનો વિષય તો અધિક મોટો થઈ ગયો. તો પ્રમાણ પૂજ્ય કેમ નથી?

તમે વ્યવહારને પૂજ્યતર કહ્યો. નિશ્ચયને પૂજ્યતમ કહ્યો. તો વ્યવહાર અને નિશ્ચય બેય સાથે મળીને કેમ પૂજ્યતમ ન હોય એમ. **પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજ્ય કેમ નથી?** નિશ્ચય ને વ્યવહાર બેયને ગ્રહણ કરે છે, એવું જે દ્રવ્ય પરિણામી દ્રવ્ય. પરિણામને પૂજ્યતર કહ્યું, અપરિણામીને પૂજ્યતમ કહ્યું. તો અમારો એમ પ્રશ્ન છે કે પરિણામી દ્રવ્ય શા માટે પૂજ્ય નથી? ઉપાદેય શા માટે નહીં? આશ્રય કરવા યોગ્ય કેમ નહીં? શ્રદ્ધાનો વિષય કેમ એને ન બનાવવો? એમ. (એમાં તો બે આવી ગયા પૂજ્યતર અને પૂજ્યતમ) હા, (તો પણ તે પૂજ્ય કેમ નથી?) તો પૂજ્ય કેમ નથી? ઉપાદેય તત્ત્વ કેમ નથી? આશ્રય કરવા યોગ્ય કેમ નથી? કહે ના, આશ્રય કરવા યોગ્ય નથી. કેમ કે એ વ્યવહારનયનો વિષય થઈ ગયો. શુદ્ધનયનો વિષય રહ્યો નહીં. અને એનું પણ કારણ આપશે. કે વ્યવહારનો વ્યવચ્છેદ કરતું નથી માટે પૂજ્યતમ નથી.

આ તો, આ તો હવે વિચાર એવો આવ્યો કે ગુરુદેવની હાજરીમાં જો આ પાનું આપ્યું હોત ને તો, જેમ ત્રણસો વીસ ગાથાનું આપ્યું ને? એમ આ આપ્યું હોત તો કામ થઈ જાત. લોકોનું-આપણું કામ થાત. રહી ગયું. એક આ રહી ગયું ને એક 'દ્રવ્ય



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દષ્ટિ પ્રકાશે'ય રહી ગયું. 'દ્રવ્ય દષ્ટિ પ્રકાશ' ગુરુદેવને આપ્યું હોત, જેમ બહેનશ્રીના વચનામૃત આપ્યું એમ આપ્યું હોત ને તો બહુ કામ થઈ જાત.

**જો એમ છે તો નિશ્ચય અને વ્યવહાર બન્ને સમાન પૂજયતાને પ્રાપ્ત થાય છે. નહીં એમ નથી, કારણ કે વ્યવહાર પૂજયતર છે અને નિશ્ચય પૂજયતમ છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે** બે ભાગ પાડી નાખ્યા પૂજયતર ને પૂજયતમમાં.

**અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે વ્યવહાર, નિશ્ચય તથા અનુભય ગ્રહણ થવામાં પ્રમાણ જેનું લક્ષણ છે એવો વ્યવહાર પૂજય કેમ નથી?** એમ. પર્યાય સાપેક્ષ દ્રવ્ય પૂજય કેમ નથી? એમ. પર્યાય નિરપેક્ષ દ્રવ્ય પૂજયતમ કેમ તમે કહો છો? કહે પર્યાય સાપેક્ષ દ્રવ્ય વ્યવહારનયનો વિષય થઈ ગયો. વ્યવહારનયનો વિષય ઉપાદેય ન હોય, આશ્રય કરવા યોગ્ય ન હોય , શ્રદ્ધા કરવા યોગ્ય ન હોય. શ્રદ્ધાનો વિષય નથી.

**તેના ઉત્તરમાં કહે છે કે તે પ્રમાણ,** જોયું પ્રમાણ. આંખ ચમકી તમારી. **પ્રમાણ આત્માને નયપક્ષાતિત કરવામાં અસમર્થ છે.** વિધિ નિષેધ નથી કરતું પ્રમાણ. પ્રમાણજ્ઞાનનો વિષય અધિક છે. નિશ્ચયનેય ગ્રહણ કરે છે અને વ્યવહારનેય ગ્રહણ કરે છે, દ્રવ્ય પર્યાય બેયને. પણ પર્યાયનો નિષેધ કરવાની શકિત એનામાં નથી. નયમાં શકિત છે વિધિ નિષેધ કરવાની. **પ્રમાણ આત્માને નયપક્ષાતિત કરવામાં અસમર્થ છે.** આહાહા! પ્રમાણજ્ઞાનમાં જે અટકે છે એને આત્માનો અનુભવ થતો નથી. આમ પણ છે ને આમ પણ છે. આમ પણ છે ને આમ પણ છે. વસ્તુ બે નયનું સ્વરૂપ કહ્યું, દ્રવ્યપર્યાય સ્વરૂપ વસ્તુ છે. આહાહા! **તેથી તે પૂજયતમ નથી. તેનો ખુલાસો આ પ્રમાણે છે.** પૂજયતમ નથી હો? પૂજ્યતમ નથી એમ.

પૂજયતમ પર્યાય પરિણત દ્રવ્ય નથી. એકલું પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય અગિયારમી ગાથા. આ અગિયારમી ગાથા લખે છે. અગિયાર, બાર અને એકસો તેતાલીસનો આ છે અર્થ. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય એમ કહે છે. બહુ સારો ખુલાસો. (બહુ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સારો) **જો કે પ્રમાણ નિશ્ચયનયના વિષયને તો ગ્રહણ કરે છે. દ્રવ્યને તો ગ્રહણ કરે છે. પરંતુ અન્યનો (વ્યવહારનયના વિષયનો) વ્યવચ્છેદક (નિષેધક) નથી.** પ્રમાણમાં વિધિ નિષેધ ન હોય. હેય ઉપાદેય ન હોય. પ્રમાણમાં હેય ઉપાદેય ન હોય. નયથી હેય ઉપાદેય થાય.

**નિષેધકપણાનો અભાવ હોવાથી તે વ્યવહારરૂપ ક્રિયાને રોકી શકતો નથી. તેથી પ્રમાણ આત્માને જ્ઞાનાનુભૂતિમાં સ્થાપિત કરવાને અસમર્થ છે.** પ્રમાણજ્ઞાન. પરંતુ હવે કહે છે. **પરંતુ નિશ્ચયનય એકત્વની સમીપે લાવીને** એકત્વ વિભક્ત કહ્યું આત્માને. અનંતગુણથી એકત્વ અને પર્યાયથી વિભક્ત. **નિશ્ચયનય એકત્વને લાવીને આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે.** નિશ્ચયનય. આહાહા! નિશ્ચયનય પૂજયતમ કહ્યું એટલે નિશ્ચયનયનો વિષય પૂજયતમ છે એમ લેવું. પર્યાય પૂજયતમ નહીં.

કહે છે ને? શુદ્ધનય કહો કે આત્મા કહો કે ભૂતાર્થ કહો એક જ વાત છે. શુદ્ધનય ભૂતાર્થ છે. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, શુદ્ધનયનો વિષય. આત્મામાં જ્ઞાનચેતનાને સ્થાપિત કરીને પરમાનંદ ઉત્પન્ન કરી વીતરાગ બનાવી પોતે જ ચાલી જાય છે, **અને આ રીતે આત્માને પક્ષાતિક્રાંત કરી દે છે. એટલે કે નયપક્ષથી પાર કરી દે છે. આ કારણથી પૂજયતમ છે.** નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે. અને આત્માની પ્રાપ્તિ કરાવે છે. પ્રમાણજ્ઞાનમાં વ્યવહારનો નિષેધ કરવાની શકિત નથી. અસમર્થ છે. એટલે પ્રમાણના પક્ષવાળાને અનુભવ ન થાય. આહા!

પ્રમાણના જ્ઞાનમાંય અટકે તો ફરીથી અનુભવ નથી આવતો. ફરીથી શુદ્ધોપયોગ થાય છે, ત્યારે એ દ્રવ્ય સામાન્યમાં ચાલ્યો જાય છે. ત્યારે પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કરે છે બીજીવાર, ત્રીજીવાર, ચોથીવાર. આહાહા! આ કારણથી પૂજયતમ છે નિશ્ચયનય. વ્યવહાર પૂજયતર છે. નિશ્ચય અને વ્યવહાર બેને ઉભય પ્રગટ કરે પ્રમાણ. એ પૂજયતમ નથી. કેમ કે તે વ્યવહારનો નિષેધક નથી. આત્માનો અનુભવ કરાવવામાં



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસમર્થ છે.

નિશ્ચયનય એટલા માટે પૂજ્યતમ છે કે વ્યવહારનો નિષેધ કરાવે છે, આત્માનો અનુભવ કરાવી આનંદની પ્રાપ્તિ કરાવીને ચાલ્યો જાય છે. માટે તે પૂજ્યતમ છે. એટલા માટે હવે ટોટલ મારે છે. **એટલા માટે નિશ્ચયનય પરમાર્થનો પ્રતિપાદક હોવાથી ભૂતાર્થ પણ છે,** એક. **તેના અવલંબનથી આત્મા સમ્યક્‌દૃષ્ટિ થાય છે.** લ્યો! સમયસાર કહે છે વ્યવહાર પરમાર્થનો પ્રતિપાદક છે. આ કહે છે કે, નિશ્ચય પરમાર્થનો પ્રતિપાદક છે. નિશ્ચયનય પરમાર્થને બતાવે છે. ઉપર કહ્યું'તું ને અભેદ અને અનુપચાર. તે છેલ્લી લીટીમાં પાછું ક્લોઝીંગમાં એ કહ્યું. ઓપનીંગમાં પણ ઈ અને ક્લોઝીંગમાં પણ ઈ. ઓપનીંગમાં કહ્યું'તું ને? અભેદ અને અનુપચાર જેનું લક્ષણ છે. એમ. લ્યો! (ભાઈ આપે તો પર્યાયથી નિરપેક્ષ દ્રવ્ય પૂજયતમ છે અને પર્યાય છે તે પૂજયતર છે. પરિણામી પૂજયતમ નથી.) નથી. (તેના માટે પૂજયતર પણ ન કહ્યું ને પૂજયતમ પણ ન કહ્યું તેનું કારણ?) નથી કહ્યું. કારણ કે પર્યાય સાપેક્ષ દ્રવ્ય વ્યવહારનયનો વિષય થઈ ગયો. વ્યવહારનયનો વિષય, આહાહા! વ્યવહારનયનો વિષય પૂજયતમ નથી. વ્યવહાર પૂજયતર છે. કેમ કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડી છે અને સમ્યગ્દર્શન પ્રગટ છે. માટે પૂજયતર છે. પણ પર્યાય સાપેક્ષ દ્રવ્ય છે. એ શ્રદ્ધાનો વિષય નથી. માટે પૂજયતમ નથી. આદેય નથી. ઉપાદેય નથી. માટે તો કહ્યું વ્યવહાર સઘળોય અભૂતાર્થ અને ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન એમ કહ્યું. અગિયારમી ગાથા રાખીને આ વાત કરે છે. અગિયાર, બાર અને એકસો તેતાલીસ. ત્રણ ગાથા ઉપર તો નયચક્ર બનેલું છે આખું. કેટલો એનો જ્ઞાનનો ઉઘાડ! ત્રણ ગાથા ઉપર આખું નયચક્ર બનાવ્યું છે.

એકસો તેતાલીસમાં બે નયોને જાણે છે ને એમાં નયનો વિસ્તાર કરી નાખ્યો. એમાં તો નયો એટલી નથી. બે નયના વિષયને જાણે છે. એટલે પોતે બે નયના વિષયને જાણે છે. બેયનો વિસ્તાર કરી નાખ્યો. દ્રવ્યાર્થિકનયની દસ નય અને વ્યવહારનયની-પર્યાયાર્થિકનયની છ નય સોળ નયનું વર્ણન છે. આલાપ પદ્ધતિમાં છે. આલાપ પદ્ધતિના કર્તા અને આ કર્તા એક જ છે, દેવસેનઆચાર્ય.આહાહા!



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વથા ભિન્ન માને તો આ દોષ, સર્વથા અભિન્ન માને તો આ દોષ. હેં? દૃષ્ટિ અપેક્ષાએ સર્વથા ભિન્ન હોવા છતાં જ્ઞાન અપેક્ષાએ કથંચિત્ ભિન્ન અભિન્ન એવું વસ્તુનું સ્વરૂપ છે. સ્યાદ્વાદ જ્ઞાનમાં હોય. દૃષ્ટિના વિષયમાંય સ્યાદ્વાદ નથી અને દૃષ્ટિમાં પણ સ્યાદ્વાદ નથી. એ કથંચિત્‌ને સ્વીકારતી નથી દૃષ્ટિ. એનો વિષય સર્વથા જ છે. કાં પર અને કાં સ્વ. સર્વથા પરને પોતાનો માને તો મિથ્યાત્વ. એના ભાગલા ન પાડે. અને કાં સર્વથા પોતાનો આત્મા સ્વ સર્વથા તો સમ્યગ્દર્શન. સર્વથાને વિષય કરે છે. (દૃષ્ટિનો સ્વભાવ જ એવો છે.) સ્વભાવ જ એવો છે. અભેદગ્રાહી છે. નિર્વિકલ્પ છે. ભેદાભેદગ્રાહી નથી. ભેદગ્રાહી તો નથી પણ ભેદાભેદગ્રાહી પણ નથી. અભેદગ્રાહી છે.

એકત્વને લાવી આનંદનો અનુભવ કરાવે. એકત્વ વિભકતની વાત આવી આમાં અત્યારે. પક્ષાતિક્રાંત કરાવી ને ચાલી જાય છે. બોલો! (જ્યાં સુધી રહે છે ત્યાં સુધી પક્ષાતિક્રાંત થાતું નથી) સાપેક્ષનયા સમ્યગ્જ્ઞાન છે. સીધી વાત છે. (સાપેક્ષનય કરવા ગયો ત્યાં સ્વભાવ છૂટી ગયો) સાપેક્ષનય તો પ્રગટ ન થઈ. અને સાપેક્ષનયના પક્ષમાં રોકાણો. (કાલ વ્યાખ્યાનમાં આવ્યું હતું નયને સાચું કરવા જાય છે અને દ્રવ્ય સ્વભાવથી બહુ જ દૂર થઈ જાય છે) દૂર થઈ જાય છે. બરાબર છે. બરાબર છે એવી વાત છે.

(ભાઈએ જ લખાવ્યું છે. નયનું પ્રતિપાદન સરખું કરવા સાપેક્ષથી વાત કરવી જ જોઈએ. નહીંતર એકાંત થઈ જાય. અને સાપેક્ષ કરવા જતાં આત્માનો અનુભવ ન થાય. કારણ કે નિશ્ચયનયથી આત્મા અકર્તા છે. એમ કહેતાં કહ્યા વગર પણ વ્યવહારનયથી કર્તા છે એમ આવી જાય છે) સાપેક્ષના પક્ષમાં એ આવી જાય છે એમ.

(એટલે આમ સાપેક્ષ સિદ્ધ કરવામાં પણ નયાતિક્રાંત થતો નથી જીવ, કારણ કે ત્રિકાળી વસ્તુ સાપેક્ષ નથી એ તો નિરપેક્ષ છે. એટલે સ્વભાવગ્રાહીજ્ઞાનથી જ તેનો અનુભવ થાય. નયસાપેક્ષથી અનુભવ ન થાય પરંતુ અનુભવ થયા પછી પરસ્પર બે નયો સાપેક્ષ છે એવું જ્ઞાન જરૂર થાય. પાછળની વાત છે એને તમે પહેલાં કરવા લાગો) હા. તે ગરબડ થઈ ગઈ. બસ. અનેકાંતનો ઝંડો હાથમાં લીધો સ્યાદ્વાદનો અનુભવ



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો પછી થાય. આપણે જામનગરમાં એ જ કહ્યું ને? આત્મામાં સ્યાદ્વાદનો અભાવ પણ આત્મજ્ઞાનમાં સ્યાદ્વાદનો સદભાવ છે. પણ આત્મજ્ઞાન ક્યારે પ્રગટ થાય? કે આત્મામાં સ્યાદ્વાદ નથી એવો આત્મા દૃષ્ટિમાં લ્યે. (કેટલી ઊંચી વાત છે?) આત્મામાં સ્યાદ્વાદ નથી એવો આત્મા દૃષ્ટિમાં લ્યે ત્યારે અનુભવ થાય. અનુભવ થતાં સ્યાદ્વાદનો જન્મ થાય છે ચોક્કસ.

સ્યાદ્વાદ તો સમ્યક્જ્ઞાનમાં હોય. મિથ્યાજ્ઞાનમાં સ્યાદ્વાદ ન હોય. (તેમ સમ્યક્ શ્રદ્ધામાંય ન હોય) ન હોય. એ તો હોય જ નહીં. આહાહા! (જ્ઞાનમાં હોય અજ્ઞાનમાં ન હોય) અજ્ઞાનમાં ન હોય, જ્ઞાનમાં હોય (એ જ્ઞાન કેવી રીતે પ્રગટ થાય? પહેલાં એ વિચારવું જોઈએ) કે સ્યાદ્વાદ નથી મારામાં. એકમાં અનેક ન હોય. અનેકમાં સ્યાદ્વાદ હોય. 'એક' લક્ષણ કહ્યું છે જુઓ આજે. બેને ધ્યાન ખેંચાવ્યું મારું. એમાં નહોતું. મને કહે આ સંસ્કૃતમાં એક શબ્દ છે. એક લક્ષણ. આ બરાબર છે. એકદમ બરાબર છે. એક કરતાં વધારે હોય તો એમાં સ્યાદ્વાદ હોય. કથંચિત્ આમ, કથંચિત્ આમ. પણ જે આત્મા અનાદિ અનંત એકરૂપ છે ઉપાદેય તત્ત્વ. એમાં ક્યાં છે? આહા! માટે સ્યાદ્વાદ આત્મામાં નથી. આત્મા એટલે જ્ઞાયક પરમાત્મા. જેમાં હુંપણાની બુદ્ધિ કરવી છે એમાં બેપણું ક્યાં છે? ઈ તો 'એકોહમ'. 'એકોહમ' જો ચેદા સો અહમ્. ભાઈનો બોલ છે ઈ.

(મારો પ્રશ્ન હતો કે એકસો ઓગણીસમો કળશ જે આપને રાતમેં લીયા ના? કે, હે ભગવાન! આપની ઈન્દ્રજાળ એટલી મોટી છે તો તે શું ભાવ હતો. દ્રવ્ય તો અકર્તા છે એવું આપે લીધું. જ્ઞાનાવરણીય નહીં અને પર્યાયથી છે તો એને આપે ઈન્દ્રજાળ કહ્યું. એકસો ઓગણીસમાં કળશમાં. તો એનો ભાવ આપે કહ્યું હતું કે ઈન્દ્રજાળનું એ રહસ્ય ખ્યાલમાં આવ્યું. તો ઈન્દ્રજાળનું રહસ્ય શું છે?)

ઈન્દ્રજાળનું રહસ્ય એવું છે કે વસ્તુ એકરૂપ હોવા છતાં વસ્તુ તો અનાદિ અનંત એકરૂપ છે. એકરૂપ હોવા છતાં નય દ્વારા ઘણું વર્ણન આવે છે. કે આર્તધ્યાન આત્મામાં થાય છે, રૌદ્રધ્યાન આત્મામાં થાય છે, ધર્મધ્યાન આત્મામાં થાય છે, શુકલધ્યાન



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મામાં થાય છે. તો જો વ્યવહારનય છે તે આત્માને અનેકરૂપ જણાવે છે. બહુરૂપી જણાવે છે. આત્માનું એકરૂપ છે. ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છે સામાન્ય. એને બદલે વ્યવહારનય એમ કહે છે કે, કોઈ જીવ મિથ્યાદષ્ટિ પહેલે ગુણસ્થાને, કોઈ બીજામાં, કોઈ ત્રીજામાં, કોઈ ચોથા ગુણસ્થાનવર્તી, કોઈ પાંચમાવાળો, કોઈ છઠાવાળો, સાતમાવાળો. આવા આવા ગુણસ્થાનવાળો આત્મા છે. એ તારી ઈન્દ્રજાળ છે એવો આત્મા નથી. એકને અનેકરૂપે પ્રતિપાદન કરે એનું નામ ઈન્દ્રજાળ છે.

એનો દાખલો આવે છે કે જેવી રીતે બહુરૂપી છે ને? એક જ પુરુષ હોય. એ જ પુરુષ એક દિવસે ભીખ માંગવા આવે ભીખારી થઈને. બીજે દિવસે તારવાળો (થઈને) આવે, ત્રીજે દિવસે ટપાલવાળો (થઈને) આવે. ચોથા દિવસે ઈન્કમટેક્ષનો ઈન્સપેકટર થઈને આવે. સમજી ગયા? ઈન્સપેકટર થઈને. હેં? એટલે ઈ જે બહુરૂપી. આત્મા એક જ છે છતાં વ્યવહારનય એને બહુરૂપે વર્ણન કરે છે. અને એ સત્યાર્થ લાગ્યું છે એ મિથ્યાત્વનો દોષ છે. માટે આત્મામાં ચાર પ્રકારના ધ્યાનાવલીનો અભાવ છે. હવે ધ્યાનાવલી આત્મામાં નથી. તો આચાર્યભગવાન કહે છે આ ધ્યાનાવલી તમારી ઈન્દ્રજાળ આવી ક્યાંથી? આત્મામાં તો છે નહીં. આ કોણે કહ્યું એમ. સમજાય છે? આ કહેનાર કોણ છે કે આત્મામાં ધ્યાન થાય છે. કોણ કહે છે? અમે અંદર જઈને જોયું. અંદર બહુ તપાસ કર્યું. કે ધર્મધ્યાન તો છે કે નહીં? શુકલધ્યાન. અમને તો કાંઈ દેખાણું નહીં. તો આ કહે છે કહેનાર કોણ કહે છે? કહે વ્યવહારનય કહે છે માટે અભૂતાર્થ છે જા. તેનું રહસ્ય આ છે.

વ્યવહારનય આત્માને અનેકરૂપે પ્રતિપાદન કરે છે. નિશ્ચયનય એકરૂપે પ્રતિપાદન કરે. માટે નિશ્ચયનય સત્યાર્થ છે. ભૂતાર્થ છે. એના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય. વ્યવહારનયનું પ્રતિપાદન વિપરીત ખોટું છે. એક આત્માને અનેકરૂપે કહે છે. આહાહા! આ જીવ નારકી છે, આ જીવ મનુષ્ય છે, આ જીવ દેવ છે, આ જીવ આ ગુણસ્થાનવાળો છે, એવો જીવ જ નથી. જીવને પરિણામ ન હોય. અને વ્યવહારનય અનેક પ્રકારના પરિણામનો આરોપ આપી જીવને આવો જીવ છે, આવો જીવ છે, રાગી છે, દ્વેષી છે,



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્રોધી છે, માની છે. આહા! ચોથા ગુણસ્થાનમાં આવ્યો સમ્યગ્દષ્ટિ જીવ થઇ ગયો. જીવ સમ્યગ્દષ્ટિ થાય જ નહીં.

આ ધ્યાનાવલી આવી કયાંથી? આમ બાંય ચડાવે હો? અમે આત્મામાં અંદર તદ્રૂપ કરી અનુભવ કરીને બહાર આવીએ છીએ. અને જોયું આ તો આગમમાં એમ આવે છે કે આ શુકલધ્યાન કહેવાય. આ ધર્મધ્યાન કહેવાય. અમને તો દેખાણું નહીં ધ્યાન આત્મામાં. ધ્યેયમાં ધ્યાનનો અભાવ છે. અખંડ એક પ્રતિભાસમય, આહાહા! ધ્યેયરૂપ છે આત્મા. કાલ તમે કહ્યું'તું ને? શું કહ્યું'તું? ખંડજ્ઞાન નથી અખંડ છું. ત્રણસો વીસ ગાથામાં તમે બોલ્યા'તા કાંઈક. એમાં સરસ છે. (માટે એમ જાણવામાં આવે છે કે) માટે એમ જાણવામાં આવે છે કે (હું ધ્યેયરૂપ છું) હું ધ્યેયરૂપ છું પણ ધ્યાનરૂપ નથી. ધ્યાનરૂપ કોણ કહે છે ખબર છે? વ્યવહારનય કહે છે. તારી ઈન્દ્રજાળ છે.

વ્યવહારનય સઘળોય અભૂતાર્થ છે. દ્રવ્યમાં પર્યાય જ નથી. સમયસારમાં છેલ્લે એમ આવે છે. હે પ્રભુ! આમથી જોઉ છું તો સંસાર-સંસાર દેખાય છે. આમ જોઉં તો મુકિત-મુકિત દેખાય છે. ઈ ઈન્દ્રજાળ છે. હવે નયથી જાણવાનું છોડીને સ્વભાવથી જો તો અનુભવ થાય. આહાહા! નય પરોક્ષ છે. નિશ્ચયનય પણ પરોક્ષ છે. નય છે ને? વિકલ્પ છે ભાઈ! નિર્ણય કરાવે છે પણ અનુભવ કરાવવામાં સ્વભાવગ્રાહી જ્ઞાન જોઈએ. સ્વભાવગ્રાહી જ્ઞાન છે એ નયાતીત છે. અતીન્દ્રિયજ્ઞાન છે. ઈન્દ્રિયજ્ઞાનમાં નય હોય અને નય છે એ કર્મચેતનામાં જાય છે. વિકલ્પાત્મક નય છે ને?

જ્ઞેયના સંગે જે થાય છે ને નય. આપણે વાંચ્યું બહુ સરસ છે આજ. એ જ્ઞાન પણ નથી. શુધ્ધજ્ઞાન પણ નથી અને જ્ઞેય પણ નથી નય. સ્વજ્ઞેય નથી ને? એમ બસ્સો એકોતેર કળશમાં કહ્યું, આત્મા જ જ્ઞાન. આત્મા જ જ્ઞેય. આહાહા! એ બેથી માંડીને અનંત ધર્મ એ જ્ઞાતા છે. જ્ઞાતા પણ આત્મા, જ્ઞેય પણ આત્મા, જ્ઞાન પણ આત્મા. એવો ભેદ કરો તો છે. વસ્તુ તો એક અભેદ છે. આહાહા! એટલો ભેદેય પોષાણો નહીં. તો આત્મા જ્ઞાન ને આ મારું જ્ઞેય એમાં તો દિલ્હી બહુ દૂર છે. આહા! અસદભૂત વ્યવહારના પક્ષમાં પડયા છે જીવો. પર જણાય છે એમાં. આ જે છે ને સૂત્ર અફર છે.



Please Inform us of any errors on rajesh@AtmaDharma.com


ૐ
નમઃ સિદ્ધેભ્યઃ